उपदेशमीमांसा

(साम्प्रदायिकमन्त्रोपदेशविषयकविविधशङ्का-
निराकरणपरा)

सा च

श्रीभागवततत्त्वज्ञकृष्णसेवापरायणवादीभकेसरि
नित्यलीलास्थगोस्वामिश्री १०८ श्रीमज्जीव-
नेशाचार्यचरणैः सङ्गृहीता।

तदीयसूनुविद्यानुरागिगोस्वामिश्री १०८ श्रीरणछोडलालजीमहाराज-
प्रतिष्ठापित 'श्रीजीवनेशाचार्यपुष्टिसिद्धान्तकार्यालया'त्

मोहमयीस्थ 'कर्नाटक मुद्रणालये' मुद्रापयित्वा प्राकाश्यं नीता।

द्वितीयावृत्तिः।

निष्क्रयणं आणकाः ०—६—०

संवत् १९८७ प्रति १०००

गोस्वामी श्री १०८ श्रीरणछोडलालजी महाराज

बम्बई–पोरबन्दर.



जन्मदिन मार्गशीर्ष वदी (व्रज पौष) ७.

ઉપદેશમીમાંસા.

સુદામપુરનિવાસી નિત્યલીલાસ્થ ગોસ્વામિશ્રીવલ્લભાત્મજશ્રીજીવનાચાર્યજી
મહારાજે સાંપ્રદાયિક મંત્રોપદેશવિષયક
લેખોમાંથી સંગ્રહ કરીને
ગ્રંથના આકારમાં તૈયાર કરેલો ગ્રન્થ.

જેની અંદર

દિગ્વિજયી ગોસ્વામિશ્રીપુરૂષોત્તમજી મહારાજે

કરેલા-

ઉપદેશવિષયકશંકાનિરાસવાદનો

પ્રાયઃ અનુવાદ આવી જાય છે.

તે ગ્રંથ

મુંબઈ :કર્નાટક પ્રિન્ટીંગ પ્રેસમાં છપાવી પ્રસિદ્ધ કર્યો છે.

સંવત ૧૯૮૭ સને ૧૯૩૦ શ્રીવલ્લભાબ્દ ૪૫૨.

(ન્યોછાવર આના છ.)

श्री कृष्णाय नमः ।

प्रस्तावना ।

अधुना ह्यधिकारास्तु सर्व एव गताः कलौ ।
अतोत्रैवोद्यतं भक्त्या वैष्णवानां फलाय हि ॥

निबन्धे—श्रीमदाचार्यपादाः ।

અર્થ:—" આ કલિકાલમાં બધા અધિકારો જતા રહ્યા છે તેથી જો શ્રીકૃષ્ણની પ્રેમપૂર્વક સેવા કરાય તો કલિ ફલીભૂત થાય." એટલે કે કલિકાલમાં માનુષ્ય જન્મનું સાફલ્ય એકમાત્ર કૃષ્ણસેવા ઉપરજ અવલમ્બે છે.

भक्त्या त्वनन्यया लभ्यो हरिरन्यद्विडम्बनम् ।—श्रीमद्भागवत ।

" અનન્ય ભક્તિથીજ શ્રીહરિ લભ્ય છે બાકી બધું વિડમ્બન છે. "

પુષ્ટિમાર્ગમાં પ્રવિવિક્ષુને આપવામાં આવતા અષ્ટાક્ષર તેમજ પઞ્ચાક્ષર મન્ત્રને લગતી તમામ બાબતો ઉપર અદ્ભુત પ્રકાશ ફેંકતો આ 'ઉપદેશમીમાંસા' ગ્રન્થ, વાદીભકેસરી, શ્રીભાગવત-તત્ત્વજ્ઞ, કૃષ્ણસેવાપરાયણ, નિત્યલીલાસ્થ **ગોસ્વામીશ્રી૧૦૮શ્રીમજ્જીવનેશાચાર્યજીમહારાજે** વિદ્વત્કેસરી વાદીન્દ્ર શ્રીમત્પુરૂષોત્તમચરણપ્રણીત 'ઉપદેશશઙ્કાનિરાસવાદ' ઉપરથી ઉદ્ધૃત કરેલો છે. આ ગ્રન્થની સંજ્ઞા અન્વર્થ છે તે વાચકને જણાયા સિવાય રહેશે નહિ. મહારાજ શ્રીજીવનેશાચાર્યજીએ આવો અત્યુત્તમ ગ્રન્થ ગુર્જર ભાષામાં પ્રકટ કરીને વૈષ્ણવસૃષ્ટિ ઉપર મહાન્ ઉપકાર કરેલો છે. જો કે સંસ્કૃતજ્ઞો માટે આવું ઘણું સાહિત્ય સમ્પ્રદાયમાં પડેલું છે, પરન્તુ સર્વસાધારણ પણ અષ્ટાક્ષર તથા પઞ્ચાક્ષર મન્ત્ર જેવી મુદ્દાની બાબતોથી અનભિજ્ઞ ન રહે એટલે કે તેઓ પણ મૂલથી ખસી ન જાય તદર્થ આ પ્રયાસ મહારાજશ્રીએ કરેલો છે. અસ્તુ.

પ્રારમ્ભમાં નિર્દેશ કરેલી શ્રીમદાચાર્યશ્રીની આજ્ઞાનુસાર આ કલિમાં કૃષ્ણસેવા જ જીવના ઉદ્ધાર[1] માટે અસહાયશૂર બાકી રહી ગઈ છે. તે બાબત જ્ઞાનની પરાકાષ્ઠાએ પહોંચેલા છતાં ભગવદ્ગુણમાં રહેલા માધુર્યથી આકર્ષાઈને જેણે નિજ પિતૃચરણ વ્યાસજીથી શ્રીમદ્ભાગવતનું અધ્યયન કર્યું તેવા શ્રીશુકદેવજી પણ આજ્ઞા કરે છે કે **कलौ तद्धरिकीर्तनात् ।** 'આ કલિમાં હરિકીર્તનથીજ તે ફલ પ્રાપ્ત થાય છે. અત્ર 'કીર્તન' પદ અન્ય સ્મરણાદિ સાધન ભક્તિ તેમજ પરાભક્તિનું ઉપલક્ષક છે એટલે કે બોધક છે, તેથી આ વાકયનું તાત્પર્ય ભગવત્સેવા અને સ્મરણનાજ ઉપદેશમાં પર્યવસન્ન થાય છે. તેમજ ભગવાને શ્રીમુખથી પણ આજ્ઞા કરેલી છે કે—

तपस्विभ्योधिको योगी ज्ञानिभ्योपि मतोधिकः ।
कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन ॥
योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना ।
श्रद्धावान् भजते यो मां स मे युक्ततमो मतः ॥

'હે અર્જુન ! તપસ્વીથી, જ્ઞાનીથી, તેમજ કર્મઠથી યોગી અધિક છે, તેથી તુ યોગી થા. પરન્તુ બધા યોગીઓમાં પણ મારામાંજ એકતાન બની જે પ્રેમપૂર્વક મારી સેવા કરે છે તેને

---

(૧) પ્રપઞ્ચવિસ્મૃતિપૂર્વક ભગવાન્માં આસક્તિ થવી તે.

મેં યુક્તતમ એટલે કે અધિક યુક્ત અર્થાત્ યોગીઓ કરતાં પણ શ્રેષ્ઠ માનેલો છે.' આ વચનોમાં જ્ઞાન કર્મથી યોગને અધિક બતાવી ભક્તિને તેના કરતાં પણ શ્રેષ્ઠ આપશ્રીએ ઉપદેશેલી છે.

તે [1]દેવદુર્લભ ભગવત્સેવા કરવાનો અધિકાર જીવને પ્રાપ્ત થાય તેટલા માટે અષ્ટાક્ષર તેમજ પઞ્ચાક્ષર મન્ત્રનો ઉપદેશ પુષ્ટિમાર્ગમાં આપવામાં આવે છે. શ્રીમદ્ભાગવતના એકાદશ સ્કન્ધમાં ભગવાને આજ્ઞા કરેલી છે કે, 'वैदिकी तान्त्रिकी दीक्षा मदीयव्रतधारणं' 'વૈદિક કર્મ કરવા માટે વૈદિકી, તેમજ ભગવત્સેવા કરવા માટે 'નારદપંચરાત્ર'યુક્ત તાન્ત્રિકી દીક્ષા લેવી, અને પછીથી મારું વ્રત ધારણ કરવું' આ આજ્ઞાનુસાર, તેમજ अदीक्षितस्य वामोरु कृतं सर्वमनर्थकम् 'હે વામોરૂ અદીક્ષિતે કરેલું બધું વ્યર્થ છે' ઇત્યાદિ 'પદ્મપુરાણી'ય વચનથી પણ દીક્ષા લેવી જીવમાત્રને પરમાવશ્યક છે. ત્યારે ઉપર જણાવ્યા મુજબ सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता 'વિવિધરસભોગચતુર ભગવાન્ સાથે તે ભગવત્સેવક સર્વવિધ આનન્દનો ભોગ કરે છે' ઇત્યાદિ શ્રુતિપ્રતિપાદિત સર્વવિધ આનન્દાનુભવ કરવા માટે વૈષ્ણવી દીક્ષા લેવીજ ઉત્તમ છે. પુષ્ટિમાર્ગમાં પ્રથમ અષ્ટાક્ષર મન્ત્ર અપાય છે તે એટલા માટે કે જીવ અગણિત વર્ષો થયાં ભગવાનથી વિખૂટો પડી જઇ यूथभ्रष्टा मृगी यथा એ પ્રકારે બેબાકળો બની ગયેલો હોવાથી પોતે કયાંથી આવ્યો છે અને પોતાનો આ ભવસાગરમાંથી હાથ પકડીને ઉદ્ધાર કરી લેનાર કોણ છે તેનું પણ તેને ભાન રહ્યું નથી, તેથી ગુરૂશ્રી અષ્ટાક્ષર મન્ત્ર કર્ણમાં સંભળાવી તેનું ભાન કરાવે છે કે 'તારો રક્ષક એક માત્ર શ્રીકૃષ્ણજ છે.' જેમ સારસ્વત કલ્પમાં શ્રીઠાકોરજીએ વેણુનાદ કરી કર્ણદ્વારા ગોપિકાઓના હૃદયમાં પોતાના સ્વરૂપનું ભાન કરાવ્યું હતું, અને ત્યાર બાદ ગોપીકાઓએ તે સ્વરૂપને પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું હતું. તેજ પ્રકારે શ્રીમદ્વલ્લભાચાર્યવંશ્યો પણ જીવોને કર્ણમાં અષ્ટાક્ષરમન્ત્ર સંભળાવી પ્રથમ તે જીવને ભગવત્સન્મુખ કરે છે, અને ત્યાર બાદ જીવ બ્રહ્મસમ્બન્ધ લઇ આત્મનિવેદન કરે છે. અષ્ટાક્ષર મન્ત્રથી ભગવાનની શ્રવણથી લઈ દાસ્યપર્યન્તની સપ્તવિધ ભક્તિ કરવાનો જીવને અધિકાર પ્રાપ્ત થાય છે, સખ્ય અને આત્મનિવેદન કરવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી, તેટલા માટે દ્વિતીય પઞ્ચાક્ષરમન્ત્ર આ સમ્પ્રદાયમાં લેવાની જરૂર પડે છે. એટલે કે બ્રહ્મસમ્બન્ધ લેવાથી જીવને 'સખ્ય' અને 'આત્મનિવેદન' ભક્તિ કરવાનો પણ અધિકાર પ્રાપ્ત થાય છે.'

શ્રીમહાપ્રભુજીને આ ભૂતલ ઉપર પ્રાકટ્ય લેવાનું **મુખ્ય કારણ દૈવ જીવોનો ઉદ્ધાર કરવો, એજ છે.** કારણ કે આપશ્રીના પ્રાકટ્યની પહેલાં 'अहं ब्रह्मास्मि'નું સામ્રાજ્ય ચાલી રહ્યું હતુ, ત્યાં સેવ્ય કોણ, અને સેવક કોણ, ત્યાં તો બધા જ સેવ્ય બની બેઠા હતા. ત્યારે શ્રીમહાપ્રભુજીએ વિચાર્યું કે માયાવાદ પણ ભગવત્સેવાનો પ્રતિબન્ધક છે, માટે તેને પણ નિવૃત્ત કરવો, એટલે આપશ્રીએ કૃષ્ણદેવ રાજાની સભામાં પધારી માયાવાદને દૂર કર્યો, પરન્તુ પ્રતિબન્ધકને દૂર કરવા માત્રથી કંઈ કાર્યનિષ્પત્તિ થઈ શકતી નથી, કાર્યનિષ્પત્તિ તો પ્રતિબન્ધકાભાવવિશિષ્ટ કારણની જ અપેક્ષા રાખે છે, તેથી ભારતની દ્વિતીય પરિક્રમા પૂર્ણ કરી શ્રીમદ્ગોકુલમાં શ્રાવણ માસની શુકલ એકાદશીની રાત્રિએ દૈવજીવોદ્ધારરૂપ પોતાનું આ ભૂતલ ઉપર પ્રાકટ્ય લેવાનું પ્રયોજન કયે પ્રકારે સિદ્ધ કરવું તે બાબત વિચારતા, તેમજ ભગવત્સેવાનો ઉપદેશ કરી દૈવજીવોદ્ધારરૂપ કાર્ય સિદ્ધ કરવા જતાં 'દોષોથી ભરેલા જીવ કયાં અને કયાં નિર્દોષ પૂર્ણગુણ-

---

(૧) मुकुन्दसेवौपयिकं स्पृहा हि नः । કારણકે મુકુન્દની **સેવામાં** ઉપયોગી હોવાથી તે મનુષ્ય જન્મની અમને સ્પૃહા છે,

વિગ્રહ શ્રીઠાકોરજીનું સ્વરૂપ" એ વિચાર આપશ્રીને આડો આવતો હતો. આ પ્રકારે ચિન્તાવ્યાકુલ બની આપશ્રી ગોવિન્દઘાટ ઉપર પોઢ્યા હતા ત્યાં કરૂણાવરૂણાલય કોટિકન્દર્પલાવણ્ય સાક્ષાત્ શ્રીગોવર્ધનનાથજી યમુનાજીના પુલિંદ પરથી પ્રકટ થયા અને શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી કે "तुम चिन्ता क्यों करत हो, आप जाकों नाम देयके ब्रह्मसम्बन्ध करावोगे ताके सकल दोष दूरी होयंगे और ताकों मैं अङ्गीकार निश्चे करुंगो" આ પ્રકારે આજ્ઞા કરી આપશ્રી અન્તર્હિત થઈ ગયા. શ્રીમહાપ્રભુજીએ ભગવદાજ્ઞાનુસાર બીજે દિવસે પ્રાતઃકાલે દામોદરદાસ હરસાનીને બ્રહ્મસમ્બન્ધ કરાવ્યો. ત્યારથી આ બ્રહ્મસમ્બન્ધ મન્ત્રોપદેશ ચાલુ થયેલો છે. જો કે આ આત્મનિવેદન બ્રહ્મ-સમ્બન્ધની દીક્ષા અનાદિ કાલથી ચાલુ છે, અતએવ ભગવાને શ્રીમદ્ભાગવત એકાદશ સ્કન્ધમાં પણ ચાર ઠેકાણે આત્મનિવેદનની આજ્ઞા કરેલી છે. સારસ્વત કલ્પમાં શ્રીગોપીજનોએ પણ આત્મ-નિવેદનથીજ રસાત્મક પ્રભુને વશ કર્યા હતા. ઉપનિષદ્‌માં રાજા જનક વિદેહે પણ આત્મનિવેદન કર્યાનું 'इमे विदेहा अयमहमस्मि' આદિ વાકયથી સિદ્ધજ છે. રાજા બલિએ પણ આત્મનિવેદન કરેલું. આમ અનાદિસિદ્ધ પણ આત્મનિવેદન ભગવદિચ્છા જ્યાં સુધી બહાર પ્રકટ કરવાની ન હતી ત્યાં સુધી તે બહાર પ્રકટ ન હતું, જયારે ઇચ્છા થઈ ત્યારે શ્રીમહાપ્રભુજીદ્વારા તે પ્રકટ કરવામાં આવ્યું. માટે કલિકાલમાં સાક્ષાત્ ભગવાન્‌થી ઉપદેશ કરાયેલ 'બ્રહ્મસમ્બન્ધ' લઈ ભગવત્સેવા કરવાથીજ પુરૂષાર્થસિદ્ધિ નિશ્ચિત છે, અન્યથા સર્વથા નહિ. અતએવ શ્રીમહાપ્રભુજીએ શ્રીસુબો-ધિનીજીમાં આજ્ઞા કરી કે 'यस्मिन्नकृते न कोपि पुरुषार्थः सिध्यति, तत्सर्वात्मना कृतमात्मनिवेदनः' "આત્મનિવેદન કર્યા સિવાય કોઈ પણ પુરુષાર્થ સિદ્ધ થતો નથી માટે સર્વાત્મપણે આત્મનિવેદન કરવું."

તે આત્મનિવેદન કિંવા 'બ્રહ્મસમ્બન્ધ' લેવું, તેમાં વળી ગુરૂની શી આવશ્યકતા? ગોપીજનોએ ભગવાન્‌ને આત્માર્પણ કર્યું, તેમાં ગુરૂ કયાં વચ્ચે હતા? એવી શંકા ન કરવી. કારણ કે અવતાર-કાલમાં સાક્ષાત્‌જ સમર્પણ કરવાનું હોય છે, જેમકે ગોપીજનોએ કર્યું, પરન્તુ અનવતારકાલ એટલે કે વર્તમાન સમયમાં તો ગુરૂદ્વારાજ જીવ સમર્પણ કરી શકે. જેમ કોઈ રાજાના નોકરે રાજાનો કોઈ અપરાધ કર્યો હોય તો તે અપરાધી પોતે જઇ પોતાનો અપરાધ માફ કરાવી ન શકે પણ દિવાન કે કોઈ તેવી વ્યક્તિદ્વારાજ તે પોતાનો અપરાધ માફ કરાવી શકે, તેજ પ્રમાણે અત્ર પણ 'क्रीडार्थमा-त्मन इदं त्रिजगत् कृतं ते स्वाम्यन्तु तत्र कुधियोपर ईश कुर्युः" ઇત્યાદિ વાકયથી ભગવાનેજ સ્વક્રી-ડન માટે આ જગત્ રચેલું છે, માટે તેના ઉપર સ્વામિત્વ ભગવાનનુંજ છે. છતાં જીવાત્મા નિજ અજ્ઞાનથી તે ભગવત્સ્વામિક પદાર્થો ઉપર પોતાનું સ્વામિત્વ કલ્પે છે, તેજ જીવાત્માનો અપરાધ છે. તેથી જે સ્વયં અજ્ઞાનરહિત હોય એટલે કે જીવની માફક ખોટી અહન્તા મમતામાં ફસાય રહી ભગવાનનો અપરાધી બન્યો ન હોય તેજ વ્યકિત જીવાત્માને પ્રભુપાસે લઈ જઈ તેના અપરાધની ક્ષમા અપાવી ફરીને ભગવત્સેવા કરવાનો અધિકારી બનાવી શકે. ત્યારે તેવું સામર્થ્ય કેવલ ગુરૂનુંજ શાસ્ત્રમાં વર્ણવેલું છે. જેમ કે 'गु'शब्दस्त्वन्धकारः स्यात् 'रु'शब्दस्तन्निरोधकः। अन्धकारनिरोधित्वात् गुरुरित्यभिधीयते ॥ 'ગુરૂ'શબ્દમાંનો 'ગુ' શબ્દ અન્ધકારનો વાચક છે, અને 'રૂ' શબ્દ તેની નિવૃત્તિ કરનારનો વાચક છે, એટલે કે ગુરુ અવિદ્યારૂપી અન્ધકારના નિવર્તક હોવાથી 'ગુરૂ' કહેવાય છે. આ વચનાનુસાર ગુરૂનું અવિદ્યાનિવર્તકત્વ સ્પષ્ટ હોવાથી **ગુરૂવિના** જીવાત્માનું અજ્ઞાન કદાપિ દૂર થઈ શકેજ નહિ. અતએવ શાસ્ત્રમાં ભગવાન્ કરતાં પણ ગુરૂનો દરજ્જો ઉચ્ચ બતાવવામાં આવ્યો છે, કારણ કે પ્રભુ એ તો દાન છે અને ગુરૂશ્રી દાતા છે. ત્યારે દાન મોટું કે દાતા? દાતાજ માટે ભગવાને પણ આજ્ઞા કરેલી છે કે—**विनोद्धव गुरोर्भक्त्या मम भक्तिर्विडम्बनम्।** 'હે ઉદ્ધવ! ગુરૂભક્તિવિનાની મારી ભક્તિ ફોગટ છે.' માટે આત્મનિવેદન કરતી વખતે ગુરૂને શરણ જવું પરમાવશ્યક છે. તે ગુરૂ પણ ગમે તે ન ચાલી શકે, પણ વૈષ્ણવજ જોઇએ. કારણ કે શિષ્ય તો દુઃખનિવૃત્તિપૂર્વક પરમાનન્દપ્રાપ્તિની ઇચ્છાથી ગુરૂનો આશ્રય કરે છે, પણ ગુરૂમાંજ

ભક્તિ ન હોય તો શિષ્યમાં આવે ક્યાંથી? અને જો ભક્તિ ન આવે તો પરમાનન્દપ્રાપ્તિની વાત પણ ક્યાં રહી. માટેજ 'નારદપંચરાત્ર'માં કહ્યું છે કે—

> महाकुलप्रसूतोऽपि सर्वयज्ञेषु दीक्षितः ।
> सहस्रशाखाध्यायी च न गुरुः स्यादवैष्णवः ॥
> अवैष्णवोपदिष्टेन न मन्त्रेण परा गतिः ।

"મ્હોટા કુલમાં જન્મ પામ્યા હોય, બધા યજ્ઞો વિષે દીક્ષિત હોય, વેદની હજાર શાખાનો જાણકાર હોય છતાં અવૈષ્ણવ કદિ ગુરૂ થઈ શકે નહિ, કારણ કે અવૈષ્ણવ ગુરૂએ ઉપદેશ કરેલા મન્ત્ર વડે જીવાત્માને પરાગતિ–પરમાનન્દપ્રાપ્તિ–થઈ શકતી નથી." માટે આ ઘોર કલિકાલમાં દૈવજીવોના ઉદ્ધારમાટેજ જેઓશ્રીએ આ ભૂતલ ઉપર પ્રાકટ્ય લીધું છે તેવા શ્રીમહાપ્રભુજી તથા તદ્વંશ્ય ગોસ્વામી બાલકોની સદા સન્મુખ રહી કૃષ્ણસેવાપરાયણ બની મહાદુર્લભ એવા મનુષ્યજન્મનું સાફલ્ય કરવું. એજ અભ્યર્થના.

દીપોત્સવ. }
સંવત્ ૧૯૮૭ }

હરિકૃષ્ણ વીરજી શાસ્ત્રી.

વિષયાનુક્રમ.

પ્રશ્નાદિ.	વિષય.	પૃષ્ઠ.
૧.	ગાયત્રી મન્ત્રોપદેશ લીધા પછી બીજો ઉપદેશ લેવાય કે નહિ.	૧
૨.	ગાયત્રી મન્ત્રના ઉપદેશથીજ સર્વ સિદ્ધ થાય છે તો પછી બીજા ઉપદેશ લેવાની આવશ્યકતા શી.	૨
૩.	આપણા સમ્પ્રદાયમાં અપાતા મન્ત્રો કામ્ય છે કે કેમ.	૫
૪.	ગાયત્રી મન્ત્રોપદેશ લેવાની આવશ્યકતા શી.	૬
૫.	અન્ય દેવના મન્ત્રો છોડીને શ્રીકૃષ્ણના મન્ત્રોનો ઉપદેશ લેવામાં વિશેષતા શી.	૬
૬.	ક્ષત્રિયાદિક પાસેથી મન્ત્રોપદેશ લઈ શકાય કે.	૮
૭.	મન્ત્રોપદેશ ઉત્તમ બ્રાહ્મણ પાસેથી નહિ લેતાં આચાર્ય કુલપાસેથી લેવાનું તાત્પર્ય શું.	૮
૮.	કેવા લક્ષણવાળા ગુરૂપાસેથી મન્ત્રોપદેશ લેવો.	૧૧
૯.	તેવા લક્ષણવાળા ગુરુ ન મળે તો મન્ત્રોપદેશ કોની પાસેથી લેવો.	૧૩
૧૦.	મન્ત્રોપદેશ કયા વર્ણવાળાએ તથા આશ્રમવાળાએ લેવો.	૧૪
૧૧.	દીક્ષાનું સ્વરૂપ શું.	૨૩
૧૨.	ઉપદેશનું સ્વરૂપ શું.	૨૩
૧૩.	વૈષ્ણવમન્ત્રનો ઉપદેશ નહિ લેતાં જ્ઞાનોપદેશ લેવામાં હરકત શી....	૨૪
૧૪.	ભક્તિનું સ્વરૂપ શું.	૨૮
૧૫.	ગોપાલાદિ મન્ત્રોનો ઉપદેશ નહિ અપાતાં શરણ તથા નિવેદન મન્ત્રનોજ ઉપદેશ કેમ અપાય છે.	૨૯
૧૬.	ઉપાસનામાર્ગ તથા ભક્તિમાર્ગનો ભેદ શી રીતે સમજવો.	૨૯
૧૭.	ઉપાસનામાર્ગમાં પણ સ્મરણ અર્ચન વગેરે થાયજ છે તો તે ભક્તિ માર્ગીય કેમ નહિ.	૩૩
૧૮.	શરણનું સ્વરૂપ શું.	૩૭
૧૯.	શરણમન્ત્ર વૈદિક છે કે અવૈદિક....	૪૨
૨૦.	શરણની ભાવના શી રીતે કરવી.	૪૮
૨૧.	આત્મનિવેદનમન્ત્રોપદેશ આપવાનું તાત્પર્ય શું.	૫૦
૨૨.	આત્મનિવેદન મન્ત્રોપદેશ આપવાનું તાત્પર્ય અહન્તા મમતાની નિવૃત્તિજ છે કે કંઈ બીજું.	૫૩
૨૩.	દોષોની નિવૃત્તિ તો પ્રાયશ્ચિત્તાદિક કર્મ, જ્ઞાન અને ભાક્તથી પણ થાય છે તો પછી આત્મનિવેદનની વિશેષતા શી....	૬૦
૨૪.	આત્મનિવેદનથીજ સર્વ દોષ નિવૃત્ત થાય છે તે બાબત વિસ્તૃત વિચાર	૬૦
૨૫.	મહદ્વિમૃગ્ય ભક્તિયોગ.	૬૫
૨૬.	બ્રહ્મસમ્બન્ધ લેવાથી સેવાનો અધિકાર શી રીતે પ્રાપ્ત થાય છે.	૬૬
૨૭.	ફરીને જીવમાં દોષ ઉત્પન્ન ન થાય તેનો ઉપાય શો.	૬૯

પ્રશ્નાદિ.	વિષય.	પૃષ્ઠ.
૨૮.	બ્રહ્મસમ્બન્ધ લેતી વખતે સર્વ પદાર્થો પ્રભુને અર્પણ કરી દીધા પછી તે પદાર્થો આપણા ઉપયોગમાં લઈ શકાય કે.	૭૦
૨૯.	અનવતાર કાલમાં ભગવદ્દત્ત પ્રસાદ કેવી રીતે સમજવો.	૭૧
૩૦.	બ્રહ્મસમ્બન્ધ લેતી વખતે નિવેદિત પદાર્થો જીવથી ફરીને અર્પણ કરી શકાય કે.	૭૨
૩૧.	ઠાકોરજીને ધરવાની ચીજ ઉપર મન લલચાય તો તે અપરાધ નિવૃત્ત કેમ કરવો.	૭૩
૩૨.	વૈષ્ણવોએ લૌકિક વૈદિકનો નિર્વાહ કેમ કરવો.	૭૪
૩૩.	અસમર્પિતત્યાગ કરવામાં નડતી મુશ્કેલીઓ, તથા તેનું નિરાકરણ. ...	૭૭
૩૪.	બ્રહ્મ અને જીવના સમ્બન્ધનો વિચાર.	૭૮
૩૫.	જીવને ભૂલાવામાં નાખતી અવિદ્યાનું નિરૂપણ.	૭૯
૩૬.	નિવેદનકર્તા કોણ.	૮૦
૩૭.	આત્મનિવેદન વેદાદિ પ્રસ્થાનચતુષ્ટયીસિદ્ધ છે.	૮૧
૩૮.	બ્રહ્મસમ્બન્ધમન્ત્રની ગણના વૈદિક, પૌરાણિક, સ્માર્ત, તાન્ત્રિક, આ ચારમાંથી કેમાં કરવી.	૮૩
૩૯.	બ્રહ્મસમ્બન્ધ મન્ત્રના વૈદિકત્વમાં થોડીક યુક્તિઓ.	૮૪
૪૦.	સ્ત્રીઓએ બ્રહ્મસમ્બન્ધ લેવું જોઈએ કે.	૮૫
૪૧.	આત્મનિવેદી વૈષ્ણવોનું કર્તવ્ય શું.	૮૮
૪૨.	વાણી અને મનથી પણ પર એવા પ્રભુની સેવા જીવથી શી રીતે કરી શકાય.	૮૮
૪૩.	પુષ્ટિમાર્ગમાં સેવાતાં સ્વરૂપ સાક્ષાત્ ભગવાન છે.	૮૯
૪૪.	સેવા એટલે શું.	૮૯
૪૫.	સેવાના ત્રણ ભેદ.	૯૧
૪૬.	દ્રવ્ય આપીને સેવા કરાવવામાં આવે તે વિત્તજા ખરી કે નહિ.	૯૩
૪૭.	મુખ્ય પરિચારકોને તનુજાનું ફલ મલે કે નહિ.	૯૪
૪૮.	માનસી એટલે શું.	૯૪
૪૯.	ભગવદીયને બ્રહ્મજ્ઞાનમાટે પ્રયાસ કરવાની જરૂર નથી...	૯૬
૫૦.	આત્મનિવેદન સમ્બન્ધી વિવિધ પ્રશ્નોત્તર	૯૬
૫૧.	સ્ત્રી પુરૂષ એક ગુરૂપાસેથી મન્ત્રોપદેશ લઇ શકે કે.	૧૦૧
૫૨.	ઘરમાંના દરેકે નિવેદન કરવાની આવશ્યકતા શી.	૧૦૬
૫૩.	અજ્ઞાનથી કરેલું નિવેદન ફળે કે.	૧૦૭
૫૪.	અષ્ટક્ષરાદિ મન્ત્રોમાં ઋષિ તથા છન્દ હોતા નથી તેનું કારણ શું. ...	૧૦૮
૫૫.	લૌકિક વ્યવહાર કરતી વખતે પણ ભગવદ્ભાવના કેવી રીતે રાખવી. ...	૧૦૯
૫૬.	ચોરાશી તથા બસો બાવનને પ્રભુ સાનુભાવ જતાવતા તે આજના સમયમાં કેમ જતાવતા નથી.	૧૦૯
૫૭.	પ્રભુ, કૃપાનું વર્ણન કરવામાં અધિકાર અનધિકાર જોતા નથી.	૧૧૦



नित्यलीलास्थ-

श्रीभागवततत्त्वज्ञ-गोस्वामी श्री १०८ श्रीमज्जीवनेशाचार्य

महाराजचरणाः—पोरबन्दर.

॥ श्री ण्णाय नमः ॥

॥ श्रीगोपीजनव भाय नमः ॥

॥ श्रीम चार्यचरणकमलेभ्यो नमः ।

उप शमीमांसा.

चिन्तासन्तान न्तारो यत्पादाम्बुजरेणवः ।
स्वीयानां ता जाचार्या प्रणमामि मुहुर्मुहुः ॥ १ ॥
यद ग्रहतो जन्तुः सर्वदुःखातिगो भवेत् ।
तमहं सर्वदा वन्दे श्रीमद्व भनन्दन ॥ २ ॥
शरणागतभक्तानां रक्षणकर्ता निवेदिदासानाम् ।
उररीकृतसर्वस्वः श्रीकृष्णोऽस्मत्प्रभुः सदा जयति ॥ ३ ॥

અર્થ—હમેશાં શરણે આવેલા ભક્તોની રક્ષા કરનારા અને નિવેદિસેવકોના સર્વ પદાર્થોને અંગીકાર કરનારા અમારા પ્રભુ શ્રીકૃષ્ણ જયને પ્રાપ્ત થાય છે.

यथाधिकारं शरणभक्तिमार्गोपदेशतः ।
य उद्धार सर्वास्तं वन्दे श्रीवल्लभं प्रभुम् ॥

અર્થ—અધિકાર પ્રમાણે શરણ અને ભક્તિમાર્ગના ઉપદેશથી જેઓએ સર્વનો ઉદ્ધાર કર્યો છે તે શ્રીવલ્લભપ્રભુને હું વંદન કરૂં છું. અત્ર 'સર્વનો ઉદ્ધાર કર્યો' એટલે 'શરણે આવેલા ભક્તોનો' એમ સંકુચિત વૃત્તિથી સમજવું. દૃષ્ટાંત તરીકે "सर्वे ब्राह्मणा भोजयितव्याः" (સર્વ બ્રાહ્મણોને જમાડવા) એટલે નિમંત્રણ કરેલા સર્વ બ્રાહ્મણોને જમાડવા એમ સમજવાનું છે, નહીં કે ગામમાં જેટલા બ્રાહ્મણો રહેતા હોય તેટલા સર્વને જમાડવા. અહીં પણ શ્રીમહાપ્રભુજીએ સર્વનો ઉદ્ધાર કર્યો કહેલ છે તેનો અર્થ શરણે આવેલા સર્વનો ઉદ્ધાર કર્યો એમ સમજવું.

શિષ્ય-પ્રશ્ન—કેટલાક એમ કહેછે કે વર્ણત્રયને દ્વિજત્વ સિદ્ધ કરનાર ગાયત્રી મંત્રનો ઉપદેશ લીધા પછી અન્ય મંત્રનો ઉપદેશ ગ્રહણ કરી શકાય જ નહિ. ત્યારે ગાયત્રીમંત્રના ઉપદેશ પછી કોઇ પણ ત્રૈવર્ણિક, વૈષ્ણવ શૈવાદિમંત્રોપદેશ કેમ લઇ શકે?

ગુરૂ—ઉત્તર—ગાયત્રીમંત્રના ઉપદેશ પછી અન્ય મંત્રનું ગ્રહણ થઇ શકે નહિ, એમ જો કોઈ પણ કહેતા હોય તો તે શાસ્ત્રપ્રમાણે સત્ય વાત નથી પરંતુ કેવળ ભ્રમમાત્ર છે; કારણ કે શાસ્ત્રમાં કોઇ ઠેકાણે અન્ય મંત્રનો ઉપદેશ ગ્રહણ કરવો નહિ એમ નિષેધ નથી. પ્રત્યુત ગાયત્રીમંત્રના ઉપદેશ પછી પણ જ્યોતિષ્ટોમ યજ્ઞ કરવાનો અધિકાર પ્રાપ્ત કરવા સારૂ સૌમિક દીક્ષા લેવી જ જોઇયે તેનું વિધાન છે, અને તે દીક્ષા ગ્રહણ કર્યા પછી જ દીક્ષિત સંજ્ઞા પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે સંન્યાસ ગ્રહણ કરવા સારૂ "પ્રૈષ" મંત્રના ઉપદેશનું વિધાન છે અને તે મંત્રના ગ્રહણ પછી જ તે સંન્યાસી કહેવાય છે. આ પરથી સિદ્ધ થાય છે કે ગાયત્રી મંત્રના ઉપદેશથી દ્વિજત્વની સિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી પણ અન્ય અધિકાર સિદ્ધ કરવા માટે અન્ય મંત્રનો ઉપદેશ ગ્રહણ કરવો જ જોઇયે. એ શાસ્ત્રની મર્યાદા છે તેથી ગાયત્રીમંત્રના ઉપદેશ પછી પણ શિવ, વિષ્ણુ ઇત્યાદિ દેવોની ભક્તિ સિદ્ધ કરવા સારુ વૈષ્ણવ શૈવાદિ મંત્રોની અતીવ આવશ્યક્તા છે, અને તે તે ભક્તિ સિદ્ધ કરવાની ઇચ્છાવાળાએ તે તે મંત્રો ગ્રહણ કરવાજ જોઇયે.

શિષ્ય—પ્રશ્ન—ગાયત્રીમંત્રના ઉપદેશ પછી અન્ય મંત્ર ગ્રહણ કરી શકાય તો પણ ગાયત્રીમંત્રના જપથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે પુરૂષાર્થોની સિદ્ધિ થતી સંભળાય છે તોપછી ગાયત્રીમંત્રનો ઉપદેશ લીધા બાદ બીજા મંત્રનો ઉપદેશ લેવાની શી આવશ્યક્તા છે?

ગુરૂ—ઉત્તર—જો કેવળ ગાયત્રીમંત્રથીજ ચારે પુરૂષાર્થો સિદ્ધ થતા હોય તો ચારે પુરૂષાર્થોને સિદ્ધ કરવા સારૂ તે તે બાબતના શાસ્ત્રોમાં તે તે પુરૂષાર્થ સિદ્ધ કરવાનાં સાધનો લખેલાં છે તેની વ્યર્થતા થઇ જશે—માટે ગાયત્રીમંત્રનો શાસ્ત્રમાં જે મહિમા કહેલો છે કે ગાયત્રીમંત્રથી અધિકતર બીજો કોઇ મંત્ર નથી તે "નહિ નિંદાન્યાયથી*" ગાયત્રીની મહત્તા બતાવવા માટે છે, અને તેનો અભિપ્રાય એવો છે કે દ્વિજોને બીજા મંત્રોથી જે જે ફલની સિદ્ધિ કરવી હોય તેમાં ગાયત્રીમંત્ર સહાયક થાયછે. ગાયત્રીમંત્રનો ઉપદેશ લીધા પછી બીજા મંત્રોનો ઉપદેશ લેવાની આવશ્યકતા નથી એવો જો શાસ્ત્રનો સિદ્ધાંત હોત તો ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરૂષાર્થો યજ્ઞથી સિદ્ધ થાય છે, તેથી તે તે પુરૂષાર્થને સિદ્ધ કરવા માટે તે તે યજ્ઞની દીક્ષા લેવાનું વેદમાં વિધાન કરેલું છે તે કરત નહીં, અને મોક્ષરૂપ પુરૂષાર્થ સિદ્ધ કરવા સારૂ સંન્યાસ ગ્રહણ કરતી વખતે પ્રૈષમંત્ર

---

* એકની સ્તુતિ કરવામાં બીજાની નિંદા થાય અથવા ગૌણતા બતાવાય તેનું તાત્પર્ય બીજાની નિંદા કરવામાં કે ગૌણતા બતાવવામાં હોતું નથી; પરંતુ જે કર્તવ્યનો ઉપદેશ કરવામાં આવે છે તેની મહત્તા બતાવી તેમાં પ્રવર્તાવવામાં હોય છે. તે નહિ નિંદાન્યાય કહેવાય છે.

કેમનું પણ વિધાન કરત નહીં અને વેદમાં શ્રીનૃસિંહતાપિની, શ્રીરામતાપિની, શ્રીગોપાલતાપિની વિગેરે ઉપનિષદોમાં શ્રીનૃસિંહમંત્ર, શ્રીરામમંત્ર, શ્રીગોપાલમંત્ર વિગેરે મંત્રોનું વિધાન કરેલું છે તે પણ કરત નહીં; તેમજ ગાયત્રીમંત્રનો ઉપદેશ લીધા પછી વિશ્વામિત્રજી શ્રીરામચંદ્રજીને દશરથજી પાસેથી લક્ષ્મણજી સહિત લઇને ચાલ્યા ત્યારે સરયૂ નદીના તીર ઉપર જઇને વિશ્વામિત્રજી બોલ્યા છે તે પ્રસંગ વાલ્મીકીય રામાયણ બાલકાંડના (૨૨)મા સર્ગના (૧૩)મા શ્લોકમાં નીચે પ્રમાણે કહેલ છે કે—

मन्त्रग्रामं गृहाण त्वं बलामतिबलां तथा ।
न श्रमो न ज्वरो वा ते न रूपस्य विपर्ययः ॥ १३ ॥

અર્થ–બલા અને અતિબલારૂપ મંત્રના સમૂહને તમો ગ્રહણ કરો, તે ગ્રહણ કરવાથી તમને શ્રમ, જ્વર–તાપ–અને રૂપનો વિપર્યય–રૂપનું ફરિ જવું તે–ક્યારે પણ થશે નહિ.

એમ કહીને (૨૧)મા શ્લોક સુધી તે બલા અતિબલા વિદ્યાનું માહાત્મ્ય કહી બતાવ્યું તે ઉપરથી (૨૨)મા શ્લોકમાં વિશ્વામિત્રજી પાસેથી શ્રીરામચંદ્રજીએ તે બન્ને વિદ્યા (મંત્ર) ગ્રહણ કર્યાની હકીકત લખેલી છે. ત્યારપછી વિશ્વામિત્રની આજ્ઞાથી શ્રીરામચંદ્રજીએ તાડકાનો વધ કર્યો અને તાડકાનો વધ કરી તે રાત્રિ તાડકાના વનમાં જ નિવાસ કર્યો એ કથા બાલકાંડના (૨૬)મા સર્ગમાં છે. તે પછી (૨૭)મા સર્ગમાં વિશ્વામિત્રજીએ શ્રીરામચંદ્રજી ઉપર પ્રસન્ન થઇને કહ્યું કે 'હું તમને સર્વ અસ્ત્ર આપુંછું.' એમ બીજા શ્લોકમાં પ્રતિજ્ઞા કરીને (૨૦)મા શ્લોક સુધી અસ્ત્રોનાં નામો કહીને પછી કહ્યું છે કેઃ—

एतान् राम महाबाहो काम्यरूपान्महाबलान् ।
गृहाण परमोदारान् क्षिप्रमेव नृपात्मज ॥ २१ ॥
स्थितस्तु प्राङ्मुखो भूत्वा शुचिर्मुनिवरस्तदा ।
ददौ रामाय सुप्रीतो मन्त्रग्राममनुत्तमम् ॥ २२ ॥
टीका–मन्त्रग्रामं अस्त्राणां मन्त्रमूर्त्तित्वात् ।

અર્થ–મ્હોટી ભુજાવાળા નૃપાત્મજ હે રામ! ઇચ્છિત ફલને આપનારા મહાબળવાળા તે મંત્રોને તમે જલદી ગ્રહણ કરો એમ શ્રીરામચંદ્રજીને કહીને મુનિમાં શ્રેષ્ઠ એવા વિશ્વામિત્રજી પવિત્ર થઇ પૂર્વાભિમુખ બેસી અતિ પ્રસન્ન થઇને સર્વથી શ્રેષ્ઠ એવો અસ્ત્રો (મંત્રરૂપ હોવાથી તે મંત્રો)નો સમૂહ શ્રીરામચંદ્રજીનો આપ્યો.

તેમજ મહાભારત વનપર્વ અધ્યાય (૭૨)માં નલરાજાને ઋતુપર્ણ રાજાએ "અક્ષહૃદય" નામના મંત્રનો ઉપદેશ કરેલો છે તે શ્લોક નીચે પ્રમાણે છેઃ—

यथोक्तं त्वं गृहाणेदमक्षाणां हृदयं परम् ।
एवमुक्त्वा ददौ विद्यामृतुपर्णो नलाय वै ॥ २९ ॥

અર્થ—ઉત્તમ એવું અક્ષનું હૃદય જે પ્રમાણે મેં કહ્યું તે પ્રમાણે તું ગ્રહણ કર, એમ કહીને ઋતુપર્ણ રાજાએ અક્ષની વિદ્યા બાહુકના વેષમાં રહેલા નલરાજાને આપી. ત્યારપછી તેના આગળ વનપર્વના અધ્યાય ૭૭ના ૭૧મા શ્લોકમાં નલરાજાએ ઋતુપર્ણ રાજાને અશ્વવિદ્યાનો મંત્ર આપ્યાનું લખેલું છે.

તેમજ વનપર્વના ૩૬મા અધ્યાયના ૩૯મા શ્લોકમાં વેદવ્યાસજીએ યુધિષ્ઠિર રાજાને "પ્રતિસ્મૃતિ" વિદ્યાનો મંત્ર આપેલો છે, અને તે મંત્રનો મનથી જપ યુધિષ્ઠિર રાજા વખતો વખત કરતા હતા, તે કથા ૪૦મા શ્લોકમાં લખી છે.

युधिष्ठिरस्तु धर्मात्मा तद्ब्रह्म मनसा यतः ।
धारयामास मेधावी काले काले सदाऽभ्यसन् ॥

અર્થ—ધર્માત્મા યુધિષ્ઠિર રાજા તે મંત્રને મનવડે સમયસમયમાં સદા અભ્યાસ કરતા ધારણ કરવા લાગ્યા, કેમકે તે ઘણી ધારણાશક્તિવાળા હતા.

ઉપરના શ્લોકમાં બ્રહ્મપદ લખેલ છે તેનો અર્થ ટીકામાં નીલકંઠે મંત્ર એવો કરેલ છે.

તેમજ શ્રીમદ્‌ભાગવતમાં ચતુર્થસ્કંધના ૨૪મા અધ્યાયમાં શિવજીએ પ્રચેતાઓને મંત્રરૂપ રુદ્રગીત આપી જપ કરવાનું કહ્યું છે તથા શ્રીભાગવત પંચમસ્કંધમાં નવે ખંડમાં જુદા જુદા મંત્રોથી આરાધન કરવાનું ૧૭, ૧૮ અને ૧૯ મા અધ્યાયમાં કહેલું છે, તથા શ્રીભાગવત ષષ્ઠસ્કંધના ૮ મા અધ્યાયમાં વિશ્વરૂપે ઇન્દ્રને નારાયણકવચની વિદ્યા આપી છે તેમાં *અષ્ટાક્ષર નારાયણમંત્ર, †દ્વાદશાક્ષરમંત્ર, તથા ‡પંચાક્ષર વિષ્ણુમંત્રનો ન્યાસપૂર્વક ઉપદેશ કરેલો છે. એવી રીતે વેદ, ઇતિહાસ, પુરાણોમાં અનેક ઉદાહરણો સ્પષ્ટ રીતે પ્રસિદ્ધ જોવામાં આવે છે. આ ઉપરથી એમ સમજવાનું છે કે જો ગાયત્રીમંત્રથીજ સર્વ કાર્ય સિદ્ધ થતાં હોત તો શિવજી, વેદવ્યાસજી, વિશ્વામિત્ર, વિશ્વરૂપ વિગેરે ગાયત્રીમંત્રને છોડી બીજા મંત્રનો ઉપદેશ

---

*—ૐ નમો નારાયણાય. અષ્ટાક્ષર મંત્ર.
†—ૐ નમો ભગવતે વાસુદેવાય. દ્વાદશાક્ષર મંત્ર.
‡—ૐ વિષ્ણવે નમઃ પંચાક્ષર મંત્ર.

ફક્ત જ નહિ, પણ તે તે કાર્યો માટે ગાયત્રીમંત્રમાંજ જુદા જુદા પ્રકાર બતાવી ગાયત્રીમંત્રનોજ જપ કરવાનું કહી દેત; પણ અહીં તો તે તે કાર્યોની સિદ્ધિ માટે જુદા જુદા મંત્રોના ઉપદેશ આપ્યાનું લખેલું છે તે ઉપરથી સિદ્ધ થાય છે કે ગાયત્રીમંત્રનો ઉપદેશ લીધા પછી પણ તે તે કાર્યની સિદ્ધિ વાસ્તે બીજા મંત્રોના ઉપદેશ લેવાની પણ આવશ્યકતા છે. તેમ, ગાયત્રીમંત્ર શિવાયના જે જે બીજા મંત્રો છે તેના પણ બ્રહ્મા, વસિષ્ઠ, વિશ્વામિત્ર, અને નારદ વિગેરે ઋષિઓ છે; તે સર્વ ગાયત્રીમંત્રનું માહાત્મ્ય જાણતા ન હોય એમ તો કોઈનાથી પણ કહી શકાય તેમ નથીજ, ત્યારે ગાયત્રીમંત્રના માહાત્મ્યને પૂર્ણ રીતે જાણનાર એવા ઋષિઓએ પણ તે તે ફલની સિદ્ધિ માટે તે તે મંત્રો પ્રકટ કરેલા છે, તે ઉપરથી પણ એમ જ સિદ્ધ થાય છે કે ગાયત્રીમંત્રનો ઉપદેશ લેનારાઓએ પણ તે તે ફલની સિદ્ધિ સારૂ બીજા મંત્રોનો પણ ઉપદેશ અવશ્ય લેવોજ જોઇએ.

શિષ્ય—પ્રશ્ન-ગાયત્રીમંત્રનો ઉપદેશ ગ્રહણ કર્યા પછી પણ જુદા જુદા કાર્યો માટે જુદા જુદા મંત્રોનો ઉપદેશ ગ્રહણ કરવાનું તો ઉપર આપે સિદ્ધ કર્યું તે યુક્ત છે પરંતુ તેમાં એવી શંકા થાય છે કે જુદી જુદી કામના માટે શૈવ વૈષ્ણવાદિ બીજા મંત્રો ગ્રહણ કરાય છે એટલે શૈવ વૈષ્ણવાદિમંત્રો કામ્ય થયા ને ગાયત્રીમંત્ર નિત્ય થયો તેમ આપણા સંપ્રદાયમાં અપાતા શરણમંત્ર તથા નિવેદનમંત્ર પણ કામ્ય છે કે કેમ ?

ગુરૂ—ઉત્તર-અમે ઉપર જે ઉદાહરણો કહ્યાં તે તમામ કામ્યનાંજ છે એમ સમજવાનું નથી, કારણ કે જ્ઞાનદ્વારા મોક્ષની પ્રાપ્તિ માટે "પ્રૈષ" મંત્રનો ઉપદેશ ગ્રહણ થાય છે તે કામ્ય છે એમ કોઇથી કહી શકાય નહીં; તેવીજ રીતે આપણા સંપ્રદાયમાં અપાતા શરણમંત્ર અને આત્મનિવેદનમંત્ર. આ બન્ને મંત્રો કામ્ય નથી કારણ કે "मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये" એ શ્વેતાશ્વતર ઉપનિષદ્‌ની શ્રુતિમાં મુમુક્ષુ હોય તેજ ભગવાનને શરણે જાય એટલે મુમુક્ષુ સકામ કહેવાયજ નહીં તેથી મુમુક્ષુને ઉપદેશ કરવાનો શરણમંત્ર કામ્ય શી રીતે કહેવાય? તેમજ આત્મનિવેદન એટલે બધું ભગવાન્‌ને અર્પણ કરવું એ બૃહદારણ્યક ઉપનિષદ્‌ની મધુવિદ્યામાં सर्व एत आत्मानः समर्पिताः એમ કહી મધુવિદ્યાના ઉપદેશ રૂપે કહેલ છે તે મધુવિદ્યાનો ઉપદેશ જ્ઞાનરૂપ હોવાથી કામ્ય છે એમ નજ કહી શકાય, કારણ કે બ્રહ્માર્પણ, આત્માર્પણ કે શ્રીકૃષ્ણાર્પણ જે જે કાર્ય કરવામાં આવે છે તે સર્વ નિષ્કામ જ છે; અર્થાત્ મોક્ષની કામના માટે જે કાર્ય કરવામાં આવે તે સકામ કહેવાયજ નહીં

તે તો નિષ્કામજ છે, એમ સર્વ વેદશાસ્ત્રનો સિદ્ધાંત છે તેથી શરણ તથા આત્મનિવેદન મંત્રો સકામ નથી પણ નિષ્કામજ છે.

શિષ્ય—પ્રશ્ન—જ્યારે ગાયત્રીમંત્રનો ઉપદેશ લીધા પછી પણ દ્વિજોને બીજા મંત્રોના ઉપદેશ લેવાની આવશ્યકતા રહેછે ત્યારે ગાયત્રીમંત્રનો ઉપદેશ લેવાની શી જરૂર છે?

ગુરૂ—ઉત્તર—ત્રૈવર્ણિકને ગાયત્રીમંત્રનો ઉપદેશ લીધા વગર દ્વિજત્વ સિદ્ધ થતું નથી અને દ્વિજત્વ સિદ્ધ થયા વગર શ્રૌત સ્માર્ત કર્મ કરવાનો અધિકાર સિદ્ધ થતો નથી, અને શ્રૌત સ્માર્ત કર્મ કરવાનો અધિકાર જ્યાંસુધી પ્રાપ્ત થયો ન હોય ત્યાંસુધી ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરૂષાર્થોને સિદ્ધ કરનાર યજ્ઞો તથા મોક્ષને સિદ્ધ કરનાર ક્રમપ્રાપ્ત સંન્યાસગ્રહણ કરવાની પણ યોગ્યતા થતી નથીજ, માટે બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યોએ પોતપોતાની *ગાયત્રીમંત્રનો ઉપદેશ વેદશાસ્ત્રની યથાર્થ વિધિપ્રમાણે અવશ્ય લેવોજ જોઇએ.

શિષ્ય—પ્રશ્ન—આપના ઉપર સમજાવ્યા પ્રમાણે મને પણ તે બાબત ખરી લાગેછે કે ગાયત્રીમંત્રનો ઉપદેશ લીધા પછી પણ બીજા મંત્રોના ઉપદેશ લેવાની પરિપાટી પણ સનાતન ચાલી આવે છે; તે ઉપરથી "ગાયત્રીમંત્રનો ઉપદેશ લીધા પછી બીજા મંત્રોના ઉપદેશ લેવાની જરૂર નથી" એવી જાતની જે મારા મનમાં શંકા હતી તે નિવૃત્ત થઈ, પણ મને એવી શંકા થાય છે કે "મંત્રશાસ્ત્રમાં" શૈવ, શાક્ત, ગાણપત્ય, સૌર, વૈષ્ણવ ઇત્યાદિ મંત્રો કહેલા છે, તે તમામને છોડીને શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ લેવામાં શી વિશેષતા છે?

ગુરૂ—ઉત્તર—બ્રહ્માથી આરંભીને સ્થાવર જંગમ સુધીનું બધું ત્રણ ગુણવાળું છે આ બીના તો સામાન્ય રીતે સર્વના જાણવામાં છે; અને ત્રણ ગુણોમાં પણ તમોગુણથી રજોગુણ અને રજોગુણથી સત્ત્વગુણ એમ ઉત્તરોત્તર ઉત્તમ છે. તેજ નિયમને અનુસારે તમોગુણ અને રજોગુણના અભિમાની દેવતાઓ કરતાં સત્ત્વગુણાભિમાની દેવ ઉત્તમ છે. એમાં તો કાંઇ વાદવિવાદ કરવા જેવું છેજ નહીં તો તમોગુણી તથા રજોગુણી દેવોની ઉપાસના કરવા સારૂ તે તે દેવોના મંત્રોનો ઉપદેશ લેવા કરતાં સત્ત્વગુણી વિષ્ણુની ઉપાસના કરવા વાસ્તે વૈષ્ણવ મંત્રનો ઉપદેશ લેવો

* બ્રાહ્મણોને ગાયત્રી છંદવાળી ગાયત્રી, ક્ષત્રિયને ત્રિષ્ટુપ્ છંદવાળી ગાયત્રી અને વૈશ્યોને જગતી છંદવાળી ગાયત્રી. તેનો વિસ્તાર અમારા તરફથી "વૈષ્ણવ દ્વિજાહ્નિક" નામનો ગ્રંથ પ્રસિદ્ધ થયો છે તેમાં છે. જોવાની ઇચ્છા હોય તેણે ત્યાં જોઇને નિશ્ચય કરવો.

એ ઉત્તમ છે, અને સત્ત્વગુણાભિમાની વિષ્ણુના મંત્રનો ઉપદેશ લેવા કરતાં પણ નિર્ગુણ પરબ્રહ્મ શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ ગ્રહણ કરવો એ તેથીએ ઉત્તમ છે. એજ અભિપ્રાયથી ગૌતમીયતંત્રના પ્રથમાધ્યાયમાં કહેલ છે કે—

> **सर्वे कामाः प्रसीदन्ति कृष्णमन्त्रजपा[illegible]ज ।**
> **सर्वेषु मन्त्रवर्गेषु श्रेष्ठो वैष्णव उच्यते ॥ १० ॥**
>
> **गाणपत्येषु शैवेषु तथा शाक्तेषु सुव्रत ।**
> **वैष्णवे[illegible] च सर्वेषु कृष्णमन्त्राः फलाधिकाः ॥ ११ ॥**

અર્થ—ગૌતમ ઋષિ નારદજીને કહેછે કેઃ—શ્રીકૃષ્ણના મંત્રજપથી સર્વે મનોરથો સિદ્ધ થાય છે, માટે સર્વ મંત્રવર્ગમાં વિષ્ણુમંત્ર શ્રેષ્ઠ છે. ગાણપત્ય (ગણપતિસંબંધી), શૈવ (શિવસંબંધી), શાક્ત (શક્તિસંબંધી) મંત્રોમાં અને સર્વ વૈષ્ણવ મંત્રોમાં શ્રીકૃષ્ણના મંત્રો અધિક ફલને આપનારા છે.

એવી રીતે ગૌતમીયતંત્રના પ્રથમાધ્યાયમાં ગાણપત્ય, શૈવ, શાક્તાદિ મંત્રો કરતાં વિષ્ણુના મંત્રોની અને વિષ્ણુના સર્વ મંત્રોમાં પણ શ્રીકૃષ્ણમંત્રની સર્વ શ્રેષ્ઠતા સ્પષ્ટ જણાવી છે તેમજ શ્રીભાગવત પ્રથમસ્કંધ અ૦ ૨ શ્લોક ૨૩

> **सत्त्वं रजस्तम इति प्रकृतेर्गुणास्तैर्युक्तः परः पुरुष एक इहास्य धत्ते ।**
> **स्थित्या ये हरिविरिञ्चिहरेतिसंज्ञाः श्रेयांसि तत्र खलु सत्त्वतनोर्नृणां स्युः ॥२३॥**

અર્થ—સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ એમ ત્રણ ગુણો પ્રકૃતિના છે તે ગુણોથી યુક્ત એક પર પુરૂષ આ જગત્‌ની સ્થિતિ, ઉત્પત્તિ અને લય કરતી વખતે હરિ, બ્રહ્મા અને હર એવા નામોને ધારણ કરેછે, પરંતુ મનુષ્યોનાં કલ્યાણ તો સત્ત્વગુણી વિષ્ણુથીજ થાય છે એવો નિશ્ચય છે.

એમ ત્રણે દેવોની એકતા બતાવીને પણ સર્વ મનુષ્યોનું શ્રેય થવું એ એક વિષ્ણુથીજ કહ્યું છે. તે ઉપરથી એમ સમજવાનું છે કે ત્રણે ગુણાભિમાની દેવોમાં પણ જ્યારે વિષ્ણુથીજ મનુષ્યોને શ્રેય પ્રાપ્ત થાય છે ત્યારે જે ગુણત્રયથી મુક્ત થવાની ઇચ્છાવાળો હોય તેને તો નિર્ગુણ સચ્ચિદાનંદ શ્રીકૃષ્ણ પરબ્રહ્મનીજ ઉપાસના કરવી ઉત્તમ છે. તે અભિપ્રાયથીજ ગૌતમીયતંત્રમાં "कृष्णमन्त्राः फलाधिकाः" એમ કહ્યું છે. તેમજ બ્રહ્મવૈવર્તપુરાણના શ્રીકૃષ્ણજન્મખંડમાં કહેલ છે કેઃ—

गृहाण मम मन्त्रञ्च कृष्ण इत्यक्षरद्वयम् ।
सर्वेषामेव मन्त्राणां सारात्सारतरं परम् ॥

અર્થ—સર્વ મંત્રોના સારમાં પણ સારરૂપ, ઉત્તમ, કૃષ્ણ એવા બે અક્ષરના મંત્રને તમે ગ્રહણ કરો.

શિષ્ય—પ્રશ્ન—શ્રીકૃષ્ણમંત્રનું માહાત્મ્ય સર્વ મંત્રો કરતાં અધિક છે એ વાત તો સિદ્ધ થઈ, પણ તે બાબતમાં એવી શંકા રહેછે કે મંત્રોપદેશ બ્રાહ્મણ પાસેથીજ ગ્રહણ કરવો કે ક્ષત્રિયાદિ બીજા વર્ણવાળો વૈષ્ણવ ભણ્યો ગણ્યો સારા આચરણવાળો પુરૂષ હોય તેની પાસેથી પણ ગ્રહણ થઇ શકે ?

ગુરૂ—ઉત્તર—મંત્રોપદેશ તો બ્રાહ્મણ પાસેથીજ ગ્રહણ થઇ શકે. બીજા વર્ણ પાસેથી ગ્રહણ થઇ શકે નહિ. કારણકે "वर्णानां ब्राह्मणो गुरुः" "ब्राह्मणो जन्मना गुरुः" "मुख्योऽभूद् ब्राह्मणो गुरुः" ઇત્યાદિક વાક્યોથી બ્રાહ્મણજ ગુરૂ થઈ શકેછે. ઉપદેશ કરનાર ગુરૂ બ્રાહ્મણ અતિરિક્ત બીજો વર્ણ થઈ શકેજ નહિ. તેમજ વેદ, સ્મૃતિ અને પુરાણેતિહાસમાં પણ સર્વ ઠેકાણે બ્રાહ્મણનેજ ગુરૂ કરવાનો વિધિ છે અને બ્રાહ્મણજ ગુરૂ થવાનાં અનેકાનેક ઉદાહરણો મળે છે તેથી બ્રાહ્મણ અતિરિક્ત કોઇ ક્ષત્રિયાદિ વર્ણ પાસેથી સર્વથા મંત્રોપદેશ ગ્રહણ કરવોજ નહીં.

શિષ્ય—પ્રશ્ન—આપે જે ઉપર આજ્ઞા કરી કે મંત્રોપદેષ્ટા ગુરૂ તો બ્રાહ્મણજ થાય. ક્ષત્રિયાદિક અન્ય થઇ શકે નહિ એવો વેદશાસ્ત્રનો સિદ્ધાંત છે તે વાત ખરી પણ તે બાબતમાં એવી શંકા રહેછે કે સારા સદાચરણી વૈષ્ણવ વિદ્વાન્ બ્રાહ્મણના મુખથી મંત્રોપદેશ ન લેતાં પરંપરાગત આચાર્યોના મુખથીજ મંત્રોપદેશ લેવાનો જે રિવાજ ચાલે છે તેનું તાત્પર્ય શું હશે ?

ગુરૂ—ઉત્તર—પરંપરાપ્રાપ્ત ગુરૂ મુખથીજ મંત્રોપદેશ લેવાનો મર્મ એવો છે કે જેમ કોઇ પવિત્ર તીર્થ ક્ષેત્ર હોય છે તેમાં પણ જે સ્થલમાં મહાત્મા, ઋષિ, મુનિ, આચાર્ય, આદિના નિવાસનો સંબંધ વિશેષ હોય છે, તે આશ્રમ અતિ પવિત્ર તીર્થરૂપ ગણવામાં આવે છે અને શાસ્ત્રોમાં પણ તીર્થપણું તેનેજ કહેવાય છે કે, જ્યાં ભગવાન્ અથવા ભગવદ્ભક્ત મહાત્માઓનો સંબંધ હોય છે. તેમજ જે સ્થાનમાં કોઇ સિદ્ધ પુરૂષે કોઇ મંત્રનું અનુષ્ઠાન સિદ્ધ કરેલ હોય તે સ્થાનનું એવું ઉગ્ર માહાત્મ્ય થઇ જાય છે કે તે સ્થાન પણ સિદ્ધ પીઠ તરીકે કહેવાય છે, અને સાધકને તે સ્થાનમાં બેસીને મંત્રનો જપ કરવાથી થોડા કાળમાં અને થોડા પરિશ્રમથી મંત્રસિદ્ધિ થાય છે. એવાં પુરાણ તથા ઇતિહાસોમાં અનેક ઉદાહરણો છે. તેવીજ રીતે પરંપરાપ્રાપ્ત

સત્સાંપ્રદાયિક સદ્ગુરૂના શ્રીમુખદ્વારા મંત્રગ્રહણ કરવામાંજ અધિક માહાત્મ્ય સમાયેલું છે. વળી એક એવો અભિપ્રાય છે કે ગુરૂ મંત્રોપદેશ કરતા હોય તે વખતે ગુરૂના હૃદયમાં જેવો શ્રીહરિ વિષે એકાગ્ર પવિત્ર ભાવ હોય છે, તેનો સંબંધ ગુરૂના મનની સાથે થાય છે, અને તે પવિત્ર તથા નિર્મલભાવવાળા મનનો સંબંધ ગુરૂની વાણી સાથે થાય છે. અને તેવી વાણીથી કરાયલા ઉપદેશદ્વારા તે પવિત્ર અને નિર્મલભાવ શિષ્યના હૃદયમાં આવેછે. માટેજ પરંપરાપ્રાપ્ત સત્સાંપ્રદાયિક સદ્ગુરૂના શ્રીમુખથીજ મંત્રોપદેશ ગ્રહણ કરવો સર્વથા ઉચિત છે. તેથીજ હજારો વર્ષોથી કુલપરંપરામાં ઉપદેશકતાનીજ પરંપરા ચાલી આવે છે. કારણકે તેના શરીરનાં ઇન્દ્રિય, અંતઃકરણ અને પ્રત્યેક અવયવો ઉપદેશકતાના ભાવથીજ ભર્યાં રહે છે. તેમજ પવિત્ર આચાર તથા વેદશાસ્ત્રનું પારંપરીણ મર્મજ્ઞાન, અને તે વેદશાસ્ત્રના મર્મજ્ઞાનથી થયેલો શ્રીહરિ ઉપર શુદ્ધ સ્નેહ, તથા ભગવાન્નો દાસ્યભાવ એ બધાં તેનામાં પ્રકૃતિસિદ્ધ થઇ જાય છે. જેમ સિંહના બાલકમાં વીર્યની પરંપરાથી વીરતાનો આવિર્ભાવ થાય છે. તેને વીરતા લાવવા માટે શિક્ષા દેવી પડતી નથી તેથીજ જગન્નાથ પંડિતરાજે 'ભામિનીવિલાસ'માં કહેલ છે કે—

"धीरध्वनिभिरलं ते नीरद मे मासिको गर्भः ।
उन्मदवारणबुद्ध्या मध्येजठरं समुच्छलति ॥ १ ॥"

એમજ આચાર્યવંશમાં વીર્યપરંપરાથી અર્થાત્ કુલપરંપરાથી અથવા ઉપદેશપરંપરાના પ્રભાવથી ઉપદેશકતાના ગુણો વિશેષ આવવાનો સંભવ છે તેથી પારંપરીણ સત્સાંપ્રદાયિક સદ્ગુરૂ જે કુલપરંપરાથી ઉપદેશ કરતા આવે છે તેની પાસેજ મંત્રોપદેશ લેવો સર્વથા ઉચિત છે. તેથીજ ગૌતમીયતંત્રના ૨૯ મા અધ્યાયમાં કહેલ છે કે—

"धर्मार्थकाममोक्षाणामालयः सांप्रदायिकः ।
संप्रदायविहीना ये मन्त्रास्ते निष्फला मताः ॥"

અર્થ—સત્સંપ્રદાયની પરંપરાથી પ્રાપ્ત થયેલો મંત્ર ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થનું સ્થાન છે. અને સંપ્રદાય વગરના જે મંત્રો છે તે નિષ્ફલ છે.

તેથીજ બધા વેદશાસ્ત્રમાં ગુરૂને શરણે જવાનું કહેલું છે. જેમકે અથર્વવેદ મુંડકોપનિષદ્માં પ્રથમ મુંડકના દ્વિતીય ખંડમાં કહેલું છે કે—

"तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत्
समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम्"

અર્થ—બ્રહ્મવિદ્યા જાણવા માટે શિષ્યે સમિત્પાણિ—હાથમાં સમિધ કાષ્ટ લઈને—વેદશાસ્ત્રને જાણનાર બ્રહ્મનિષ્ટ એવા ગુરૂને—શરણે—જવું.

વિવેચન—ઉપરની શ્રુતિમાં ગુરૂના વિશેષણમાં જણાવેલું છે કે ગુરૂ શ્રોત્રિય તથા બ્રહ્મનિષ્ઠ હોવા જોઇએ તેનું કારણ એ છે કે જો ગુરૂ કેવલ બ્રહ્મનિષ્ઠ હોય તો તે ઉપદેશ કરી શકતા નથી કારણ કે સર્વકાલ બ્રહ્મમાંજ તેની નિષ્ઠા હોય છે. તેમજ કેવલ શ્રોત્રિય હોય તો તે ઉપદેશ તો કરી શકે છે પરંતુ બ્રહ્મનિષ્ઠ ન હોવાને લીધે શિષ્યની બ્રહ્મમાં શ્રદ્ધા પેદા થતી નથી માટે બ્રહ્મનિષ્ઠ અને શ્રોત્રિય એમ બે વિશેષણો ગુરૂને વાસ્તે શ્રુતિમાં આપ્યાં છે.

તેમજ સામવેદીય છાંદોગ્ય ઉપનિષદ્‌ના છઠ્ઠા પ્રપાઠકના ચૌદમા ખંડમાં કહેલ છે કે—

"आचार्यवान् पुरुषो वेद"

અર્થ—આચાર્ય—ગુરૂના આશ્રયવાળો પુરૂષ બ્રહ્મસ્વરૂપને જાણે છે.

વિવેચન—જેમ કોઇ માણસને આંખે પાટા બાંધીને જંગલમાં છોડી દીધો હોય તે માણસને પોતાના સ્થાન તરફ જવાનો રસ્તો બતાવનાર જયારે કોઈ બીજો પુરૂષ મળે ત્યારેજ તે પુરૂષ પોતાના સ્થાનને પ્રાપ્ત થઇ શકે છે, તેવી રીતે અહીં પણ મનુષ્યને બ્રહ્મનું સ્વરૂપ બતાવનાર ગુરૂ મળે તોજ તે પુરૂષ બ્રહ્મને જાણી શકે છે.

તેમજ શ્રીભાગવત સ્કંધ ૧૧ અ. ૩ શ્લોક ૨૧—૨૨માં પ્રબુદ્ધ યોગેશ્વરે નિમિરાજાને માયા તરવાના ઉપાયો કહ્યા છે ત્યાં કહ્યું છે કે—

"तस्माद्गुरुं प्रपद्येत जिज्ञासुः श्रेय उत्तमम् ।
शाब्दे परे च निष्णातं ब्रह्मण्युपशमाश्रयम् ॥ २१ ॥
तत्र भागवतान् धर्मान् शिक्षेद्गुर्वात्मदैवतः ।
अमाययाऽनुवृत्त्या यैस्तुष्येदात्मात्मदो हरिः ॥ २२ ॥"

અર્થ—ઉત્તમ કલ્યાણને જાણવાની ઇચ્છા રાખનાર શિષ્યે વેદાત્મક બ્રહ્મ અને પરબ્રહ્મ—શ્રીકૃષ્ણના સ્વરૂપને—યથાર્થ રીતે જાણનાર શાંતિયુક્ત એવા ગુરૂને શરણે જવું અને તેને શરણે જઇને ગુરૂનેજ પોતાના દૈવત સર્વસ્વ—સમજીને કપટ

કરાર તેની સેવા કરીને તેમની પાસે ભગવદ્ધર્મો શીખવા, જે ધર્મોએ કરીને સર્વના આત્મરૂપ અને પોતાના સ્વરૂપનું દાન કરનાર એવા શ્રીહરિ પ્રસન્ન થાય છે.

શિષ્ય–પ્રશ્ન–આપે પરંપરાપ્રાપ્ત સત્સાંપ્રદાયિક ભક્તિમાર્ગીય વૈષ્ણવ બ્રાહ્મણ સદ્ગુરૂ પાસેથી ભગવન્મંત્રોપદેશ ગ્રહણ કરવાની આજ્ઞા કરી તે બરાબર છે. પરંતુ કેવા લક્ષણવાળા ગુરૂદ્વારા શ્રીહરિને શરણે જવું જોઇએ તે આજ્ઞા કરો?

ગુરૂ–ઉત્તર–વૈષ્ણવ સાંપ્રદાયિક ગુરૂનાં લક્ષણો શાસ્ત્રમાં નીચે પ્રમાણે કહ્યાં છે.

"તત્ત્વદીપનિબંધ"ના સર્વનિર્ણય પ્રકરણમાં ગુરૂનાં લક્ષણો વિષે શ્રીઆચાર્યચરણે આજ્ઞા કરીછે કેઃ—

"कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम् ।
श्रीभागवततत्त्वज्ञं भजेज्जिज्ञासुरादरात् ॥"

અર્થ–શ્રીકૃષ્ણની સેવામાં પરાયણ દંભ, કામ, ક્રોધ વગેરેથી રહિત અને શ્રીભાગવતના તત્ત્વને જાણનાર એવા ગુરૂને જોઇને ઉત્તમ શ્રેયને જાણવાની ઇચ્છા રાખનાર મનુષ્યે આદરથી તેની સેવા કરવી. તેમજ 'સારસંગ્રહ' 'ભગવત્તત્ત્વવિવેક' વિગેરેમાં હારિતનું વચન છે કેઃ—

"आचार्यं संश्रयेत्पूर्वमनवद्यं वैष्णवं द्विजम् ।
शुद्धसत्त्वगुणोपेतं नवेज्याकर्मकारकम् ॥
सत्संप्रदायसंयुक्तं मन्त्ररत्नार्थकोविदम् ।
ज्ञानवैराग्यसंपन्नं वेदवेदाङ्गपारगम् ॥
शासितारं सदाचारैः सर्वधर्मविदां वरम् ।
महाभागवतं विप्रं सदाचारनिषेविणम् ॥
आलोक्य सर्वशास्त्राणि पुराणानि च वैष्णवः ।
तदर्थमाचरेद्यस्तु स आचार्य इतीरितः ॥"

કેવા આચાર્યનો આશ્રય કરવો તે બતાવે છે.

અર્થ—દોષરહિત, વૈષ્ણવ, બ્રાહ્મણ, શુદ્ધસત્ત્વગુણથી યુક્ત, નિત્ય નવીન (પ્રભુમાં પ્રીતિપૂર્વક ઉત્સાહથી) સેવાનાં કાર્યો કરનાર, સત્સંપ્રદાયયુક્ત, મંત્રરૂપી રત્નના અર્થને જાણનાર, જ્ઞાન વૈરાગ્ય સંપન્ન, વેદ અને વેદના અંગોના પારને પામેલા, સદાચારો બતાવીને શિષ્યોને શિક્ષા આપનાર, સર્વધર્મ જાણનારાઓમાં

શ્રેષ્ઠ, મહાભગવદ્ભક્ત, વિપ્ર, (શિષ્યમાં ન્યૂનતા હોય તે પૂર્ણ કરનાર) અને સદાચારનું સેવન કરનાર, એવા આચાર્યનો આશ્રય કરવો. કારણ કે સર્વ શાસ્ત્રો તથા પુરાણોને યથાર્થ જોઇને તેના અભિપ્રાય પ્રમાણે જે પોતે આચરણ કરે છે અને વૈષ્ણવ હોય તે આચાર્ય કહેવાય છે.

તેમજ સારસંગ્રહમાં પદ્મપુરાણનું વાક્ય છે કેઃ—

> "यस्तु मन्त्रद्वयं सम्यक् अध्यापयति वैष्णवः ।
> स आचार्यस्तु विज्ञेयो भवबन्धविनाशकः ॥"

અર્થ—જે વૈષ્ણવાચાર્ય શરણ તથા આત્મનિવેદન મંત્રનો સારી રીતે ઉપદેશ કરેછે તે આચાર્ય શિષ્યના સંસારરૂપી બંધનનો નાશ કરનાર જાણવા.

વળી ગૌતમીયતંત્ર અ—૫—માં કહ્યું છે કેઃ—

> "वेदवेदाङ्गसिद्धान्तवेदान्तज्ञानपारगः ।
> वाङ्मनःकायचित्तैश्च विष्णोः शुश्रूषणे रतः ॥
> विष्णुमन्त्रानुसन्धायी विष्णुविज्ञानवेदकः ।
> विष्णौ समर्पकः सम्यक् त्रिविधोपात्तकर्मणः ॥
> सम्मतः सत्सु दान्तश्च मन्त्रार्थज्ञानपारगः ।
> वैष्णवाम्नायसिद्धान्तचिन्तामणिरिवापरः ॥
> आश्रमी ज्ञानकुशलो गुरुर्भवति नापरः ।
> सुदूरमपि गन्तव्यं यत्राम्नायविदो जनाः ॥
> तेऽपि स्तुत्या नमस्याश्च सेव्याश्चाभीष्टमिच्छता ।
> एवंविधो गुरुर्ज्ञेयस्त्वन्यथा शिष्यदुःखदः ॥

અર્થ—વેદ અને વેદાંગના સિદ્ધાન્તરૂપ વેદાંતજ્ઞાનના પારને પામેલા, વાણી, મન, કાયા અને ચિત્તે કરીને પ્રભુની સેવામાં પ્રીતિવાળા, વિષ્ણુના મંત્રનું અનુસંધાન રાખનારા, વિષ્ણુનું વિજ્ઞાન બતાવનારા, કાયા, વાણી અને મન એ ત્રણથી થતાં કર્મોને પ્રભુમાં ભાવ સહિત અર્પણ કરનાર, સત્પુરૂષોમાં સારી રીતે મનાતા, ઇન્દ્રિયોનું દમન કરનાર, મંત્રના અર્થજ્ઞાનમાં સુનિપુણ, વૈષ્ણવશાસ્ત્રના સિદ્ધાંતના જાણે ચિંતામણિ, આશ્રમમાં રહેનારા (અર્થાત્ અનાશ્રમી નહિ), જ્ઞાનમાં કુશલ, એવા હોય તે ગુરૂ થઇ શકે બીજા નહિ. વૈષ્ણવસિદ્ધાંતને જાણનારા ભગવદીયો જે સ્થાનમાં રહેતા હોય તે સ્થાન અત્યંત દૂર હોય તો પણ ત્યાં જવું. પોતાને અભીષ્ટ પદાર્થની ઇચ્છા રાખનારાએ તેવા પુરૂષોની સ્તુતિ કરવી,

તેમને નમન કરવું, તેમનું સેવન કરવું. પ્રથમ કહ્યા પ્રમાણે વર્તન રાખનારજ ગુરૂ જાણવા બાકીના તો શિષ્યને દુ:ખ દેનારા કહેવાય.

શિષ્ય–પ્રશ્ન–આજના સમયમાં તો આવા લક્ષણવાળા ગુરૂ મળવા પ્રાયઃ દુર્લભ છે ત્યારે તેવા ગુરૂ મળે નહિ તો મંત્રોપદેશ કોની પાસેથી લેવો ?

ગુરૂ–ઉત્તર–ઉપર શાસ્ત્રોનાં વાક્યોથી જે ગુરૂનાં લક્ષણો કહ્યાં છે તે પુષ્ટિ-સંપ્રદાયપ્રવર્તક મૂલ આચાર્ય શ્રીમદ્વલ્લભાચાર્યચરણ તથા શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણનાં સમજવાનાં છે. તેવીજ રીતે ગુરૂનાં શાસ્ત્રોક્ત લક્ષણો શ્રીશંકરાચાર્ય, શ્રીરામાનુજા-ચાર્ય, શ્રીમધ્વાચાર્ય વિગેરેએ પ્રવર્ત્તાવેલા સંપ્રદાયોમાં પણ સંપ્રદાય પ્રવર્ત્તાવનાર મૂલ આચાર્યોનાંજ સમજવાં. કારણ કે ગુરૂનાં શાસ્ત્રોક્ત લક્ષણો તે તે સંપ્રદાય પ્રવર્તક મૂલ આચાર્યોમાંજ મળી શકે છે, વર્તમાન કાલના આચાર્યોમાં ક્વચિત્જ મળી શકે છે. કેમકે કાળનો પ્રભાવ સર્વત્ર સમાન છે. તેથી વર્તમાન સમયના આચાર્યોનું વર્તન અન્યથા જોવામાં આવતું હોય તો પણ તે દૂષણ તે તે સંપ્રદાય પ્રવર્તક મૂલ આચાર્યને કે તે તે સંપ્રદાયને લાગુ પડતું નથી (કેવલ સંપ્રદાયનું સ્વરૂપજ સમજવાનું છે) તેથીજ વર્તમાન સમયના તે તે સંપ્રદાયના આચાર્યોમાં મૂલસંપ્રદાયપ્રવર્તક આચાર્યની આજ્ઞા પ્રમાણે વર્ત્તન કરનાર જે આચાર્ય હોય તેમનુંજ અનુસરણ તે તે સંપ્રદાયનાં તત્ત્વો જાણવા સારૂ અવશ્ય કર્તવ્ય છે. અને તેમની આજ્ઞાનુસાર જેઓનું વર્તન ન હોય તેવાઓને તો કેવલ આચાર્યના દ્વારભૂત સમજી તેમની પાસેથી મંત્રોપદેશ ગ્રહણ કરવો. (કારણકે સંપ્રદાયના તત્ત્વનું સ્વરૂપ વિગેરે તેવાઓ પાસેથી જાણી શકાતું નથી). પણ તેવા આચાર્યોને ગુરૂ માની તેમનો અનાદર કે તેમની યોગ્ય આજ્ઞાનું ઉલ્લંઘન તો સર્વથા કરવું નહિ. એવાજ અભિપ્રાયથી 'આદિત્યપુરાણ'માં કહ્યું છે કે:—

"अविद्यो वा सविद्यो वा गुरुरेव जनार्दनः ।
स्वमार्गस्थोऽप्यमार्गस्थो गुरुरेव सदा गतिः ॥
हरौ रुष्टे गुरुस्त्राता गुरौ रुष्टे न कश्चन ।
तस्मात्सर्वप्रयत्नेन गुरुमेव समाश्रयेत् ॥"

અર્થ–વિદ્યારહિત અથવા વિદ્યાયુક્ત ગુરૂજ અવિદ્યાને મટાડનાર છે. પોતાના માર્ગની રીતિ પ્રમાણે વર્તન કરનાર હોય અથવા ન હોય તોપણ ગુરૂજ સદા ગતિરૂપ છે. હરિ અપ્રસન્ન થયા હોય તો ગુરૂ બચાવી લે છે, પણ ગુરૂ અપ્રસન્ન

થકી બચાવનાર કોઇ નથી. માટે સર્વ પ્રયત્ને કરીને ગુરૂ પ્રસન્ન થાય તેવી રીતે ગુરૂનોજ આશ્રય કરે. તેમજ વરાહપુરાણમાં પણ "આગિતિહાસમાં" રૂદ્રગીતાનું વાક્ય છે કેઃ—

"अविद्यो वा सविद्यो वा गुरुरेव जनार्दनः ।
मार्गस्थो वाऽप्यमार्गस्थो गुरुरेव परा गतिः ॥
प्रतिपद्य गुरुं यस्तु मोहाद्विप्रतिपद्यते ।
स कल्पकोटिनरके पच्यते पुरुषाधमः ॥

અર્થ—વિદ્વાન્ હોય અથવા વિદ્યારહિત હોય પણ ગુરૂજ અવિદ્યાને મટાડનાર છે. પોતાના માર્ગની રીતિમાં યથાર્થ રહેલા હોય અથવા ન રહેલા હોય તોપણ ગુરૂજ પરા (ઉત્તમ) ગતિરૂપ છે. જે ગુરૂને શરણે જઇને પછી મોહથી તેનાથી પ્રતિકૂલ વર્તે છે તે અધમ પુરૂષ કરોડો કલ્પ સુધી નરકમાં પડી રહે છે.

ઉપરનાં વાક્યોમાં અવિદ્વાન્ ગુરૂમાં પણ પૂજ્યભાવ રાખવાનું લખ્યું છે તે, વર્તમાન સમયના તે તે સંપ્રદાયના આચાર્યોને મૂલ સંપ્રદાયપ્રવર્તક આચાર્યોના દ્વારભૂત સમજીને તેમનામાં પૂજ્યભાવ રાખવાનું લખેલું છે. માટે વર્તમાન સમયના આચાર્યોમાં પ્રાયઃ ગુરૂનાં લક્ષણવાળા ન હોય તોપણ તેમની પાસેથી મંત્રોપદેશ તો ગ્રહણ કરવોજ જોઇએ.

શિષ્ય—પ્રશ્ન—આપે ઉપર આજ્ઞા કરી તે ઉપરથી પારંપરીણ, સત્સાંપ્રદાયિક સદ્ગુરૂની કુલપરંપરામાં જે આચાર્યો હોય તેમનાં શ્રીમુખથી મંત્રોપદેશ ગ્રહણ કરવાનું તો સિદ્ધ થયું પરંતુ તે મંત્રોપદેશ કયા કયા વર્ણે તથા કયા કયા આશ્રમીએ ગ્રહણ કરવો જોઇએ તે આજ્ઞા કરો.

ગુરૂ—ઉત્તર—ચારે વર્ણ તથા ચારે આશ્રમવાળાઓને વૈષ્ણવ સંપ્રદાયનો ઉપયોગ આવશ્યક છે. માટે શુદ્ધ અદ્વૈતજ્ઞાનસંપાદનપૂર્વક પરબ્રહ્મ પુરુષોત્તમની પ્રાપ્તિના સાક્ષાત્કારણરૂપ ભક્તિ સંપાદન કરવા સારૂ પરંપરાસિદ્ધ સત્સાંપ્રદાયિક સદ્ગુરૂદ્વારા શ્રીહરિની શરણાગતિ અવશ્ય કરવી જોઇએ તે નીચે દર્શાવવામાં આવે છે.

સર્વ વર્ણાશ્રમવાળાઓના સાધારણ ધર્મો શ્રીમદ્ભાગવતમાં નીચે પ્રમાણે લખેલા છે. સ્કંધ ૭ અધ્યાય ૧૧.

"सत्यं दया तपः शौचं तितिक्षेक्षा शमो दमः ।
अहिंसा ब्रह्मचर्यं च त्यागः स्वाध्याय आर्जवं ॥ ८ ॥
संतोषः समदृक्सेवा ग्राम्येहोपरमः शनैः ।
नृणां विपर्ययेहेक्षा मौनमात्मविमर्शनं ॥ ९ ॥
अन्नाद्यादेः संविभागो भूतेभ्यश्च यथार्हतः ।
तेष्वात्मदेवताबुद्धिः सुतरां नृषु पांडव ॥ १० ॥
श्रवणं कीर्तनं चास्य स्मरणं महतां गतेः ।
सेवेज्यावनतिर्दास्यं सख्यमात्मनिवेदनं ॥ ११ ॥
नृणामयं परो धर्मः सर्वेषां समुदाहृतः ।
त्रिंशल्लक्षणवान् राजन् सर्वात्मा येन तुष्यति ॥ १२ ॥

અર્થ—સત્ય-યથાર્થ-ભાષણ, દયા (પોતાના સ્વાર્થ વગર પારકાના દુઃખનો નાશ કરવાની ઇચ્છા), તપ (એકાદશીના ઉપવાસ કરવા વિગેરે), શૌચ (સ્નાન વિગેરેથી થતી શુદ્ધિ), તિતિક્ષા (શીતોષ્ણાદિથી થતાં દુઃખોનું સહન કરવું), ઈક્ષા (શાસ્ત્રમાં જેનું વિધાન કરેલું હોય તેનું ગ્રહણ, અને જેનો નિષેધ કરેલો હોય તેનો ત્યાગ), શમ (અંતઃકરણનો વિજય), દમ (બાહ્ય ઇન્દ્રિયોનો જય), અહિંસા (શરીર, વાણી, મનથી પરને પીડા ન કરવી), બ્રહ્મચર્ય (શાસ્ત્રમાં નિષિદ્ધ કરેલા તીર્થાદિ દેશમાં અને શાસ્ત્રમાં નિષિદ્ધ કરેલા અમાવાસ્યાદિ કાલમાં સ્ત્રીભોગાદિનો ત્યાગ), ત્યાગ (દાન કરવું), સ્વાધ્યાય, (યથા યોગ્ય મંત્રનો જપ), આર્જવ (મનનું સરલપણું), સંતોષ (દૈવયોગથી જે કાંઇ મળી આવે તેમાં સંતોષ રાખવો), સમદૃક્સેવા (સમાન દૃષ્ટિવાળા ભગવાન્‌ના ભક્તોની સેવા કરવી), ગ્રામ્યેહોપરમ (ધીરે ધીરે સાંસારિક કર્મોથી નિવૃત્તિ લેવી), સારાંશ કે સાંસારિક કર્મોનું એકદમ દૂરીકરણ થઇ શકતું નથી, તેથી શ્રીશુકદેવજીએ શનૈઃ શબ્દનો પ્રયોગ કર્યો છે. વિપર્યયેહેક્ષા (મનુષ્યોની નિષ્ફલ ક્રિયાને જોઈ પોતાને તે પ્રમાણે ન કરવું), મૌન (વૃથા વચનો ન બોલવાં), આત્મવિમર્શન (દેહાદિથી આત્મા જુદો છે એ વાત સ્મરણમાં રાખવી), અન્નથી લઈને વસ્ત્ર પર્યંત યથાયોગ્ય પ્રાણીમાત્રને આપવું, અને પ્રાણીમાત્રમાં પરમ દેવતા આત્મા (અધિદૈવરૂપ ભગવાન્) છે એવી બુદ્ધિ રાખવી. તેમાં પણ (મનુષ્યમાં જ્ઞાન વિશેષ હોવાથી આત્મા વિશેષે કરીને પ્રકટ છે એમ શ્રુતિમાં કહ્યું છે તેથી) તેમાં વિશેષ આત્મબુદ્ધિ રાખવી. શ્રવણ (ભક્તોની ગતિરૂપ ભગવાનના ગુણો તથા ચરિત્રોનું સાંભળવું), કીર્તન (સાંભળેલું

બીજાને કહેવું), સ્મરણ (ભગવત્સ્વરૂપ, તેના ગુણો, તથા વિભૂતિઓનું ચિંતન કરવું), સેવા (ભગવાનનાં ચરણારવિંદની સેવા કરવી), ઇજ્યા (અર્ઘ્યપાદ્યાદિ નિવેદનરૂપ પૂજા), અવનતિ (નમસ્કાર), દાસ્ય (દાસની માફક પોતાના કરેલા કર્મફલનું શ્રી ભગવાન્માં અર્પણ), સખ્ય (સર્વ રીતે પ્રભુને અનુકુલ આચરણ કરવું), આત્મસમર્પણ (દેહ અને દેહના સંબંધીઓમાં આ પ્રભુનાં છે એવું અનુસંધાન રાખવું), રૂષિઓએ આ ત્રીશ લક્ષણવાળા ધર્મને મનુષ્યના સર્વ ધર્મ કરતાં ઉત્તમ કહ્યો છે કે જે ધર્મને આચરવાથી સર્વના આત્મરૂપ ભગવાન્ પ્રસન્ન થાય છે.

વળી શ્રીભાગવતના અગ્યારમા સ્કંધના સત્તરમા અધ્યાયના ચોત્રીશમા શ્લોકમાં ભગવાન્ શ્રીકૃષ્ણે ઉદ્ધવજી પ્રત્યે કહ્યું છે કે—

"शौचमाचमनं स्नानं सन्ध्योपासनमार्जवम् ।
तीर्थसेवा जपोऽस्पृश्याऽभक्ष्यासंभाष्यवर्जनम् ॥ ३४ ॥
सर्वाश्रमप्रयुक्तोऽयं नियमः कुलनन्दन ।
मद्भावः सर्वभूतेषु मनोवाक्कायसंयमः ॥ ३५ ॥

અર્થ—શૌચ (પવિત્રતા), આચમન, સ્નાન, સંધ્યોપાસન, આર્જવ (સરલતા), તીર્થની સેવા, જપ (ગાયત્રી વિગેરેનો), અસ્પૃશ્ય (નહિ સ્પર્શ કરવા લાયક), અભક્ષ્ય (નહિ ભક્ષણ કરવા લાયક), અસંભાષ્ય (નહિ બોલવા લાયક એવા ચાંડાલ પતિતાદિની સાથે બોલવું), ઇત્યાદિક છોડવું. આ નિયમ, તથા સર્વ ભૂત પ્રાણીઓમાં મારો ભાવ, અને મન, વાણી તથા કાયાને અવળે માર્ગે ચાલતા અટકાવવાં, એ સર્વ આશ્રમનો ધર્મ છે. તેમજ અઢારમા અધ્યાયના બેતાલીસમા શ્લોકથી કહેલ છે કે—

भिक्षोर्धर्मः शमो हिंसा तप ईक्षा वनौकसः ।
गृहिणो भूतरक्षेज्या द्विजस्याचार्यसेवनम् ॥ ४२ ॥
ब्रह्मचर्यं तपः शौचं संतोषो भूतसौहृदम् ।
गृहस्थस्याप्यृतौ गन्तुः सर्वेषां मदुपासनम् ॥ ४३ ॥
इति मां यः स्वधर्मेण भजन्नित्यमनन्यभाक् ।
सर्वभूतेषु मद्भावो मद्भक्तिं विन्दतेऽचिरात् ॥ ४४ ॥
भक्त्योद्धवानपायिन्या सर्वलोकमहेश्वरम् ।
सर्वोत्पत्त्यप्ययं ब्रह्म कारणं मोपयाति सः ॥ ४५ ॥

इति स्वधर्मनिर्णिक्तसत्त्वो निर्ज्ञातमद्गतिः ।
ज्ञानविज्ञानसंपन्नो न चिरात्समुपैति माम् ॥ ४६ ॥
वर्णाश्रमवतां धर्म एष आचारलक्षणः ।
स एव मद्भक्तियुतो निःश्रेयसकरः परः ॥ ४७ ॥
एतत्तेऽभिहितं साधो भवान् प्रच्छति यच्च माम् ।
यथा स्वधर्मसंयुक्तो भक्तो मां समियात्परम् ॥ ४८ ॥

અર્થ—'ઇન્દ્રિય તથા અંતઃકરણનો નિગ્રહ, બીજાને પીડા થાય તેવું આચરણ ન કરવું એ સંન્યાસીનો મુખ્ય ધર્મ છે, શાસ્ત્રમાં તપ કરવામાં જે ક્લેશ સહન કરવાનું લખેલું છે તે ક્લેશને સહન કરવો અને તત્ત્વનો વિચાર કરવો એ વાનપ્રસ્થીનો મુખ્ય ધર્મ છે, પ્રાણીમાત્રની રક્ષા કરવી અને પંચમહાયજ્ઞ કરવા એ ગૃહસ્થાશ્રમીનો મુખ્ય ધર્મ છે, તથા ગુરૂની સેવા કરવી એ બ્રહ્મચારીનો મુખ્ય ધર્મ છે, એમ ચારે આશ્રમના મુખ્ય મુખ્ય ધર્મો બતાવીને તેમાંના કેટલાક વિશેષ ધર્મોનું આચરણ કરવાની ગૃહસ્થને આજ્ઞા કરે છે કે, ઋતુકાલમાં સ્ત્રી પાસે જનાર *ગૃહસ્થને બ્રહ્મચર્ય, તપ, પવિત્રતા, સંતોષ અને સર્વ પ્રાણીઓમાં મિત્રભાવ રાખવો એ ધર્મો પણ આચરણ કરવાના છે અને મારી ઉપાસના કરવી એ તો સર્વ વર્ણાશ્રમવાળાનો મુખ્ય ધર્મ છે. એવી રીતે કંઇ પણ પ્રયોજન વગર જે મારી ભક્તિ સ્વધર્મે કરીને કરે છે, અને સર્વભૂતમાં જેને મારો ભાવ છે તે થોડા સમયમાં મારી પરા ભક્તિને પ્રાપ્ત કરે છે. અને તેવી કંઈ પણ અંતરાય વગરની મારી ભક્તિ વડે સર્વની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયના કારણરૂપ સર્વ લોકના મહેશ્વર બ્રહ્મરૂપ મને પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે સ્વધર્મથી અંતઃકરણ જેનું શુદ્ધ થયેલું છે અને મારૂં તત્ત્વ યથાર્થ જેણે જાણેલું છે તેવો પુરુષ જ્ઞાન અને વિજ્ઞાનથી યુક્ત થઈને જલ્દીથી મને પ્રાપ્ત થાય છે. સર્વ વર્ણાશ્રમવાળાઓને આચરણ કરવાનો આ ધર્મ જો મારી ભક્તિથી યુક્ત હોય તો ઉત્તમ કલ્યાણ કરનારો બને છે અને તેજ સર્વથી ઉત્તમ છે. એવી રીતે સ્વધર્મથી યુક્ત ભક્ત સર્વથીપર એવા મારા સ્વરૂપને જેવી રીતે પ્રાપ્ત થાય છે તે વિષે તેં જે મને પૂછ્યું તે મેં કહ્યું' એમ શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજીને કહેલું છે.

આ ઉપરથી ચારે વર્ણ તથા ચારે આશ્રમવાળાઓને શ્રવણાદિદ્વારા ભગવદ્ભક્તિને સંપાદન કરાવનાર પારંપરિક સત્સંપ્રદાયનુ સંસેવન અતીવ આવશ્યક છે. એમ સિદ્ધ થાય છે. 'મંત્રસાર' માં લખ્યું છે કેઃ—

* ઋતુકાલમાં સ્ત્રીપાસે જનાર ગૃહસ્થ બ્રહ્મચારીજ કહેવાય છે. ગૃહસ્થને બ્રહ્મચર્ય સર્વદા રાખવાનું નથી. સ્ત્રીને ઋતુ પ્રાપ્ત થાય ત્યારે તો સ્ત્રીપાસે અવશ્ય જવુંજ જોઇએ, માટે ઋતુકાલમાં સ્ત્રીપાસે જવું એજ ગૃહસ્થનું બ્રહ્મચર્ય છે.

दीक्षिताय विशेषेण प्रसीदेन्नान्यथा हरिः ।

અર્થ–'જેણે ભગવન્મંત્રની દીક્ષા લીધી છે તેનેજ શ્રીહરિ પૂર્ણ રીતે પ્રસન્ન થાય છે બીજાને નહિ' તેથીજ ગીતાજીમાં અર્જુન પ્રત્યે શ્રીકૃષ્ણ ભગવાને આજ્ઞા કરી છે કે:—

मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ९–३२.
किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा ॥

અર્થ–સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો જે પાપયોનિવાળા છે તે પણ મારો આશ્રય કરીને ઉત્તમ ગતિને પ્રાપ્ત થાય છે, તોપછી પુણ્યરૂપ બ્રાહ્મણો તથા રાજર્ષિઓ ભક્ત હોય તે ઉત્તમ ગતિને પ્રાપ્ત થાય તેમાં તો કહેવુંજ શું?

એવીજ રીતે નારદપંચરાત્રના રાત્ર ૩ અધ્યાય ૧ શ્લોક ૧૩માં કહેલ છે કે–

सर्वेषु वर्णेषु तथाश्रमेषु नारीषु नानासु यजन्मखेषु ।
दाता फलानामभिवाञ्छितानां द्रागेव गोपालकमन्त्र एषः ॥१३॥

અર્થ–યજ્ઞ કરનાર સર્વ વર્ણાશ્રમિઓ તથા નાના પ્રકારની સ્ત્રીઓને અભિવાંછિત ફલને જલદી આપનારો આ ગોપાલમંત્ર છે. એમ જ 'મંત્રસાર' ગ્રંથમાં કહ્યું છે કે:—

दीक्षिताय विशेषेण प्रसीदेन्नान्यथा हरिः ।
ब्राह्मणः क्षत्रियो वापि वैश्यः शूद्रोऽथवा पुनः ॥
एवं स्त्रियो वा यत्नेन गुरुमेव समाश्रयेत् ।

અર્થ–શ્રીહરિ વિશેષે કરીને દીક્ષા લેનારનેજ પ્રસન્ન થાય છે, દીક્ષા સિવાય પ્રસન્ન થતા નથી માટે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને સ્ત્રીઓએ પ્રયત્નપૂર્વક ગુરૂનો આશ્રય કરવો અર્થાત્ ગુરૂને શરણે જવું. તેમજ 'અવતારવાદાવલી'માં વિષ્ણુયામલનું વાક્ય છે કે:—

ब्राह्मणान् क्षत्रियान् वैश्यान् सच्छूद्रान् स्त्रियोऽपि वा ।
विष्णुभक्तिरतान् साधून् दीक्षयेद् विधिना गुरुः ॥

અર્થ–બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, સત્ શૂદ્ર અને ધર્માચરણવાળી સ્ત્રીઓ તેમજ વિષ્ણુભક્ત સાધુપુરુષોને ગુરૂએ વિધિપૂર્વક દીક્ષા આપવી.

સર્વ વર્ણાશ્રમીઓનો ભગવદ્‌ભક્તિ કરવી એ મુખ્ય ધર્મ છે એમ પ્રથમ બતાવ્યું, તે ભગવદ્‌ભક્તિ વૈષ્ણવ ગુરૂદ્વારા ભગવન્મંત્રોપદેશ ગ્રહણ કર્યા વગર સિદ્ધ થતી નથી માટે ચારે વર્ણ તથા ચારે આશ્રમીને વૈષ્ણવગુરૂદ્વારા ભગવન્મંત્રો-

પદેશ ગ્રહણ કરવાની આવશ્યકતા છે, તેમાં પ્રત્યેક વર્ણને ભગવન્મંત્રોપદેશ ગ્રહણ કરવાની આવશ્યકતા કેવી રીતે છે તે સંક્ષેપમાં નીચે જણાવીએ છીએ, તેમાં પ્રથમ બ્રાહ્મણને ભગવન્મંત્રોપદેશ લેવો જોઇએ કે કેમ, તે બતાવીએ છીએ. શ્રીભાગવતના સપ્તમસ્કંધના અધ્યાય ૧૧ શ્લોક ૨૧માં કહ્યું છે કેઃ—

शमो दमस्तपः शौचं सन्तोषः क्षान्तिरार्जवः ।
ज्ञानं दयाऽच्युतात्मत्वं सत्यं च ब्रह्मलक्षणम् ॥ २१ ॥

અર્થ—શમ, દમ, તપ, પાવિત્ર્ય, સંતોષ, ક્ષમા, નિષ્કપટીપણું, જ્ઞાન, પ્રાણીમાત્ર ઉપર દયા, ચિત્તને પ્રભુમાં પરોવવું, સત્ય બોલવું આ બ્રાહ્મણના ધર્મો છે.

આ શ્લોકમાં બતાવેલા બ્રાહ્મણના ધર્મમાં શમદમાદિ સાધનો સાથે अच्युतात्मत्व પદથી ભક્તિનું પણ વિધાન છે તેથી બ્રાહ્મણને પણ ભક્તિ કરવાનું કહેલું છે. તેમજ શ્રીભાગવતના એકાદશસ્કંધમાં અધ્યાય ૧૭ શ્લોક ૧૫માં કહ્યું છે કેઃ—

शमो दमस्तपः शौचं सन्तोषः क्षान्तिरार्जवः ।
मद्भक्तिश्च दया सत्यं ब्रह्मप्रकृतयस्त्विमाः ॥ १५ ॥

આ શ્લોકમાં પણ मद्भक्तिश्च પદથી ભગવદ્‌ભક્તિ કરવાનું કહેલું છે તેથી બ્રાહ્મણોએ ભગવદ્‌ભક્તિ કરવી એમ સિદ્ધ થાય છે અને તે ભગવદ્‌ભક્તિ વૈષ્ણવગુરૂદ્વારા ભગવન્મંત્રોપદેશ ગ્રહણ કર્યા વગર સિદ્ધ થતી નથી માટે બ્રાહ્મણોએ પણ વૈષ્ણવગુરૂદ્વારા ભગવન્મંત્રોપદેશ અવશ્ય ગ્રહણ કરવો જોઇએ.

ક્ષત્રિયને પણ આત્મવિદ્યા શુદ્ધાદ્વૈતજ્ઞાન સંપાદનાર્થે પારંપરિક સત્સંપ્રદાયાનુસરણની આવશ્યકતા છે. જેમકે મનુ અધ્યાય ૭ શ્લોક ૪૩માં કહ્યું છે કે—

त्रैविद्येभ्यस्त्रयीं विद्यां दण्डनीतिं च शाश्वतीम् ।
आन्वीक्षिकीं चात्मविद्यां वार्तारम्भांश्च लोकतः ॥ ४३ ॥

અહિં મનુના વાક્યમાં ક્ષત્રિયને વેદત્રયી, રાજનીતિ, તર્કવિદ્યા વિગેરેનો જેમ અભ્યાસ કરવાનું કહ્યું છે તેમ આત્મવિદ્યાનો પણ અભ્યાસ કહ્યો છે અને આત્મવિદ્યા પારંપરિક સત્સંપ્રદાયાનુસરણ વિના સિદ્ધ થઇ શકતી નથી તેથી ક્ષત્રિયને પણ શુદ્ધાદ્વૈતજ્ઞાનપૂર્વક પરાભક્તિની પ્રાપ્તિ સારૂ પારંપરિક વૈષ્ણવ ગુરૂને શરણે જવું આવશ્યક છે.

વૈશ્યે પણ ભક્તિ સિદ્ધ કરવા સારૂ ભક્તિમાર્ગીય ગુરૂને શરણે જરુર જવું. આ બાબતમાં શ્રીભાગવત સ્કંધ ૭ અધ્યાય ૧૧ શ્લોક ૨૩માં લખ્યું છે કેઃ—

देवगुर्वच्युते भक्तिस्त्रिवर्गपरिपोषणम् ।
आस्तिक्यमुद्यमो नित्यं नैपुण्यं वैश्यलक्षणम् ॥ २३ ॥

અર્થ–'દેવ, ગુરુ અને પ્રભુમાં ભક્તિ, ધર્મ, અર્થ, કામ આ પુરૂષાર્થત્રયથી સંતોષ, આસ્તિકપણું, હમેશાં હુશીયારીથી દ્રવ્ય મેળવવાનો પ્રયત્ન કરવો, આ વૈશ્યનાં લક્ષણ છે.' આ લક્ષણોમાં વૈશ્યને પ્રભુભક્તિ કરવાનું લખ્યું છે માટે કૃષ્ણભક્ત્યર્થ વૈશ્યે પણ તે માર્ગના ગુરુને શરણે જવું જોઇએ.

શૂદ્રને પણ વેદાધિકાર નહિ હોવાને લીધે જોકે વેદાન્ત શ્રવણનો પણ અધિકાર નથી એટલે પુરાણેતિહાસમાં પણ જેટલો ભાગ વેદાંતનો હોય તેટલો છોડીને શૂદ્રને પુરાણેતિહાસનું શ્રવણ કરાવવું એમ "न शूद्राय मतिं दद्यात्" એ મનુવાક્ય પ્રમાણે કેટલાએક ઋષિઓ તથા આચાર્યોનું માનવું છે તથાપિ "श्रावयेच्चतुरो वर्णान् कृत्वा ब्राह्मणमग्रतः" એ મહાભારતના વાક્યાનુસાર બ્રાહ્મણને મુખ્ય શ્રોતા કલ્પીને શૂદ્રને પણ પુરાણેતિહાસ શ્રવણ કરાવવાનું વિધાન છે તેમાં વેદાન્તાર્થ પણ આવી જાય છે એમ માનીને શૂદ્રને પણ પુરાણેતિહાસદ્વારા બ્રહ્મજ્ઞાનોપદેશ લેવાનું યાજ્ઞવલ્ક્યાદિ ઋષિયોએ સ્પષ્ટ જણાવેલ છે. જેમકે યાજ્ઞવલ્ક્યસ્મૃતિ અધ્યાય ૧ ગૃહસ્થ પ્રકરણમાં શ્લોક ૨૦.

विद्याकर्मवयोबन्धुवित्तैर्मान्या यथाक्रमम् ।
एतैः प्रभूतैः शूद्रोऽपि वार्द्धके मानमर्हति ॥ २० ॥

આ શ્લોકમાં શૂદ્રને પણ વિદ્યા પ્રાપ્તકરવાનું કહ્યું છે તેનો અર્થ મિતાક્ષરા ટીકાકારે પહેલાં ગૃહસ્થ પ્રકરણના પાંચમા શ્લોકમાં આધ્યાત્મિકી વિદ્યા એમ કરેલો છે. તેથી શૂદ્રને પણ પુરાણેતિહાસશ્રવણદ્વારા આધ્યાત્મિકી વિદ્યા સંપાદન કરવાનો અધિકાર છે એમ માનવું જોઇએ.

તેમજ 'વિષ્ણુસહસ્રનામ'માં "शूद्रः सुखमवाप्नुयात्" આ શ્લોકનું શંકરાચાર્યે ભાષ્ય કરેલું છે તેમાં શૂદ્રનો શ્રવણાધિકાર સ્વીકારેલો છે. એમજ મધ્વાચાર્યે પણ પોતાના ભાષ્યમાં શૂદ્રને ગુરુમુખદ્વારા વેદાર્થ શ્રવણનો અધિકાર માનેલો છે તે એવી રીતે કે ભારતાદિ ઇતિહાસ પુરાણદ્વારા વેદાર્થનું શ્રવણ કરવું; સાક્ષાત્ વેદનું શ્રવણ કરવું નહિ. તેજ બાબત શ્રીમદ્‌ભાગવત પ્રથમ સ્કંધ અધ્યાય ૪ શ્લોક ૨૫માં કહી છે કેઃ—

"स्त्रीशूद्रद्विजबन्धूनां त्रयी न श्रुतिगोचरा ।
कर्मश्रेयसि मूढानां श्रेय एवं भवेदिह ॥ २५ ॥
इति भारतमाख्यानं कृपया मुनिना कृतम् ।

અર્થ—સ્ત્રી, શૂદ્ર અને દ્વિજબંધુઓ (વેદોક્તસંસ્કારરહિત બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય)નો વેદશ્રવણમાં અધિકાર નથી તેથી ભારત નામના ગ્રંથમાં શ્રીવ્યાસજીએ કૃપા કરીને વેદાર્થ નિરૂપણ કરી તેઓનું કલ્યાણ થાય તેવો માર્ગ બતાવ્યો છે.

તેથી શૂદ્રને પણ યથાધિકાર પુરાણેતિહાસ શ્રવણદ્વારા વેદાર્થરૂપ બ્રહ્મવિદ્યા તથા ભગવદ્ભક્તિ સંપાદનાર્થે પારંપરિક સત્સાંપ્રદાયિક ભક્તિમાર્ગીય વૈષ્ણવ-ગુરૂની ઉપસત્તિ આવશ્યક છે.

એમ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારે વર્ણને જેમ પારંપરિક સદ્-ગુરૂની ઉપસત્તિ આવશ્યક છે, તેમજ ચારે આશ્રમવાસીઓને પણ ગુરૂપસત્તિ જરુરની છે. તેમાં પ્રથમ બ્રહ્મચારીને ગુરૂપસત્તિની આવશ્યક્તા દિઙમાત્રથી બતાવીએ છીએ. શ્રીભાગવત સ્કંધ ૧૧ અધ્યાય ૧૭ શ્લોક ૩૬ માં લખ્યું છે કે—

एवं बृहद्व्रतधरो ब्राह्मणोऽग्निरिव ज्वलन् ।
मद्भक्तस्तीव्रतपसा दग्धकर्माशयोऽमलः ॥ ३६ ॥

અર્થ—આમ તીવ્ર તપવડે કર્મવાસનાઓને ભસ્મ કરીને અગ્નિની પેઠે પ્રકાશમાન વેદજ્ઞાતા નૈષ્ઠિક બ્રહ્મચારી, મારો ભક્ત થઇને જીવન્મુક્ત બને છે.' આ ભાગવત વચનમાં मद्भक्तः પદ બ્રહ્મચર્યવાળાને પણ ભક્તિ કરવાનું સૂચન કરેછે તેથી તેણે પણ ભક્તિમાર્ગીય દીક્ષા લેવી જોઇએ.

તેમજ ગૃહસ્થાશ્રમીએ પણ વૈષ્ણવી દીક્ષા લેવી જોઇએ. જુઓ શ્રીમદ્-ભાગવત સપ્તમ સ્કંધ અધ્યાય ૧૪ શ્લોક ૨.

गृहेष्ववस्थितो राजन्क्रियाः कुर्वन्यथोचिताः ।
वासुदेवार्पणं साक्षादुपासीत महामुनीन् ॥ २ ॥

અર્થ—હે રાજા ! ગૃહસ્થાશ્રમીએ પોતાના આશ્રમને ઉચિત એવાં સંધ્યો-પાસન પંચમહાયજ્ઞ વિગેરે કર્મોને તેના ફલની આશા રાખ્યા સિવાય શ્રીકૃષ્ણને અર્પણ કરી કરવાં તેમજ ભગવદ્ભક્તોની સેવા કરવી.

તેમ એકાદશ સ્કંધ અધ્યાય ૧૭ શ્લોક ૪૨

शिलोञ्छवृत्त्या परितुष्टचित्तो धर्मं महान्तं विरजं जुषाणः ।
मय्यर्पितात्मा गृह एव तिष्ठन्नातिप्रसक्तः समुपैति शान्तिम् ॥४२॥

અર્થ—"[1]શિલોંછવૃત્તિથી સંતોષ માનનારો, નિષ્કામપણે ધૈર્યપૂર્વક અતિથિ સત્કાર કરવો વિગેરે પોતાના ધર્મને સેવનારો, સ્ત્રીપુત્રાદિકમાં આસક્ત ન થઇને મારાજ ચિંતનમાં પરાયણ એવો ગૃહસ્થ વનવાસાદિકના ક્લેશનો અનુભવ કર્યા શિવાય ધરમાંજ રહીને પણ મોક્ષને પ્રાપ્ત કરે છે.' આ બન્ને શ્લોકમાં वासुदेवार्पणं साक्षात् તેમજ मय्यर्पितात्मा પદ ગૃહસ્થને સર્વ નિવેદન કરવાનો બોધ કરે છે. તેવું નિવેદન તો ભક્તિમાર્ગીય ગુરુદ્વારાજ થઇ શકે માટે ગૃહસ્થને પણ પુષ્ટિમાર્ગીય ગુરુને શરણે જવું અગત્યનું પ્રતીત થાય છે.

---

૧ બજાર વિગેરેમાં વેરાયલા દાણાને વીણીને તેથી પોતાનું ગુજરાન ચલાવવું તે શિલોંછવૃત્તિ કહેવાય.

એમજ વાનપ્રસ્થાશ્રમના ધર્મમાં પણ શ્રીકૃષ્ણ ભગવાને ભક્તિથીજ પોતાની પ્રાપ્તિ કહેલી છે. જેમકે શ્રીભાગવત સ્કંધ ૧૧ અધ્યાય ૧૮ શ્લોક ૧.

वनं विविक्षुः पुत्रेषु भार्यां न्यस्य सहैव वा ॥ १ ॥

ત્યાંથી વાનપ્રસ્થના ધર્મો આરંભીને શ્લોક ૯ માં કહ્યું છે કે—

एवं चीर्णेन तपसा मुनिर्धमनिसंततः ।
मां तपोमयमाराध्य ऋषिलोकादुपैति माम् ॥ ९ ॥

આ શ્લોકમાં "मां तपोमयमाराध्य" એમ પોતાનું આરાધન કર્યા પછી પોતાની પ્રાપ્તિ કહેલી છે તે આરાધન ભક્તિથીજ થઇ શકે છે, માટે વાનપ્રસ્થાશ્રમમાં પણ ભક્તિની દૃઢતા કરવાસારૂ ભક્તિમાર્ગીય ગુરૂશરણની જરૂર છે.

સંન્યાસીને પણ સંન્યસ્તના ધર્માચરણની સાથે ભગવદ્ભક્તિનું આચરણ કરવાનું વિધાન છે. જેમકે મહર્ષિ કાત્યાયને કહ્યું છે કે—

आत्मन्यग्नीन् समारोप्य वेदिमध्यस्थितो हरिम् ।
ध्यात्वा हृदि त्वनुज्ञातो गुरुणा प्रैषमारभेत् ॥

તેમજ શ્રીભાગવત સ્કંધ ૧૧ અધ્યાય ૧૯ શ્લોક ૨૩ તથા ૩૮.

तस्मान्नियम्य षड्वर्गं मद्भावेन चरेन्मुनिः ।
विरक्तः क्षुल्लकामेभ्यो लब्ध्वात्मनि सुखं महत् ॥ २३ ॥
दुःखोदर्केषु कामेषु जातनिर्वेद आत्मवान् ।
अजिज्ञासितमद्धर्मो गुरुं मुनिमुपाव्रजेत् ॥ ३८ ॥

એમજ અત્રિસ્મૃતિમાં સંન્યાસીના ધર્મો કહ્યા છે ત્યાં પણ કહ્યું છે કેઃ—

अहिंसा सत्यमस्तेयं ब्रह्मचर्यापरिग्रहौ ।
भावशुद्धिः परे भक्तिः सन्तोषः शौचमार्जवम् ॥
आस्तिक्यं ब्रह्मसंस्पर्शः स्वाध्यायः समदर्शनम् ।
अनौद्धत्यमदीनत्वं प्रसादस्थैर्यमार्दवम् ॥
सस्नेहं गुरुशुश्रूषा श्रद्धा क्षान्तिर्दमः शमः ।

આ શ્લોકોમાં સંન્યાસીના ધર્મો કહ્યા છે તેમાં કાત્યાયન ઋષિએ સંન્યાસ ગ્રહણ કરતી વખતે વેદિના મધ્યમાં બેસીને શ્રીહરિનું ધ્યાન કરી પ્રૈષમંત્ર ગ્રહણ કરવાનું કહ્યું છે, તેમજ ઉપર લખેલા શ્રીમદ્ભાગવતના શ્લોકોમાં કહેલા સંન્યાસીના ધર્મોમાં સર્વત્ર ભગવદ્ભાવ રાખી સંન્યાસીને પૃથ્વી પર્યટન કરવાનું કહ્યું છે અને જો ભગવદ્ધર્મ જાણેલા ન હોય તો મનનશીલ ગુરૂની ઉપસત્તિ કરવાનું કહ્યું છે.

તેમજ અત્રિસ્મૃતિના વાક્યોમાં પણ શુદ્ધભાવ, પરબ્રહ્મમાં ભક્તિ અને સ્નેહસહિત ગુરૂશુશ્રૂષા કરવાનું કહ્યું છે, તેથી સંન્યાસાશ્રમમાં પણ ભક્તિ કરવાનું તેમજ ભક્તિની દૃઢતા કરવા સારૂ પારંપરિક સત્સાંપ્રદાયિક ભક્તિમાર્ગીય વૈષ્ણવ ગુરૂની ઉપસત્તિ કરવાનું આવશ્યક જણાય છે.

શિષ્ય–પ્રશ્ન–ઉપરના પ્રમાણોથી એમ સિદ્ધ થયું કે વૈષ્ણવી દીક્ષા લીધા વગર શ્રીહરિ પ્રસન્ન થતા નથી તેથી ગુરૂપાસે જઇ ચારે વર્ણે તથા ચારે આશ્રમીએ વૈષ્ણવી દીક્ષા અવશ્ય લેવી જોઇએ ત્યારે તે દીક્ષાનું સ્વરૂપ શું તે જાણવાની આકાંક્ષા રહે છે તે આજ્ઞા કરો ?

ગુરૂ–ઉત્તર–દીક્ષા લેવાનું સ્વરૂપ તંત્રમાં એવી રીતે વર્ણવેલું છે કે "મંત્રમાર્ગને અનુસારે ગુરૂએ તે મંત્રની સિદ્ધિ મેળવેલી હોય જે સિદ્ધિને લઈને તે મંત્રના અધિષ્ઠાતા દેવ તે ગુરૂને શુભાશુભ ફલ સ્વપ્નાદિદ્વારા સૂચવતા હોય તે ગુરૂ જો પોતાને સિદ્ધ થયેલ મંત્રની દીક્ષા આપે તો તે મંત્રની દીક્ષા કહેવાય છે." તે દીક્ષા લેવાનો પ્રકાર નારદપંચરાત્રની વિજ્ઞાનોપનિષદ્ સંહિતાના સોળમા પટલમાં કહેલ છે કે 'જે શિષ્ય દીક્ષા લેવાને આવે તે શિષ્યને એક વર્ષસુધી પોતાની પાસે રાખી કરવાના અને ન કરવાના એવા ચારસો નિયમ લખ્યા છે તે નિયમોને શિખવે અને તે શિખ્યા પછી તે શિષ્યની પરીક્ષા લે ત્યારપછી માઘ, ફાલ્ગુન, વૈશાખ વગેરે જે દીક્ષા લેવાના માસ કહ્યા છે તે માસમાં મોટો મંડપ કરી ધનનો લોભ છોડી દઇ અગ્નિનો કુંડ કરી ઘી તથા તિલનો હોમ કરી દીક્ષા આપે અને દીક્ષા થયા પછી ઉત્તરાંગ હોમ કરે;' આ પ્રમાણે દીક્ષા લઇ પોતાની પાસે જેટલું ધન હોય તેમાંથી અડધું ધન ગુરૂને અર્પણ કરે એ પ્રમાણે દીક્ષાનો પ્રકાર કહેલો છે, તે પ્રકાર આજના સમયમાં બની શકે તેવો નથી તેથીજ સ્મૃત્યંતરમાં કહેલું છે કે "युगे युगे हि दीक्षा स्यादुपदेशः कलौ युगे" સત્યયુગાદિમાં દીક્ષાનું વિધાન છે પણ કલિયુગમાં તો ઉપદેશ લેવાનુંજ વિધાન છે માટે તે તે મંત્રોનો કલિયુગમાં તો ઉપદેશજ લેવો જોઇએ.

શિષ્ય–પ્રશ્ન–જ્યારે ઉપરના કહેવા પ્રમાણે દીક્ષા લેવાને ઠેકાણે ઉપદેશ લેવાનું સિદ્ધ થયું ત્યારે ઉપદેશ લેવાનું સ્વરૂપ તથા તેનો પ્રકાર શું છે તે આજ્ઞા કરો.

ગુરૂ–ઉત્તર–ઉપદેશનું સ્વરૂપ રામાર્ચનચંદ્રિકામાં રૂદ્રયામલનું વાક્ય લખીને કહ્યું છે કે—

चन्द्रसूर्यग्रहे तीर्थे सिद्धक्षेत्रे तथालये ।
मंत्रमात्रप्रकथनमुपदेशः सः कथ्यते ॥

અર્થ–ચંદ્ર સૂર્ય ગ્રહણને સમયે, તીર્થમાં, સિદ્ધક્ષેત્રમાં* તથા શ્રીહરિના સંનિધાનમાં, ગુરૂ મંત્રમાત્ર કહે તે ઉપદેશ અને તેને લેવાનું જ વિધાન હોવાથી ઉપદેશ લેવાનોજ સર્વત્ર પ્રચાર ચાલેછે અને તેવાજ અભિપ્રાયથી બ્રહ્મવૈવર્ત પુરાણમાં કહેલ છે કે—

मन्त्रोपदेशमात्रेण नरा मुक्ताश्च भारत ।
पूर्वैश्च कोटिपुरुषैः परैः सार्द्धं हरेरहो ॥ १ ॥
कोटिजन्मार्जितात्पापान्मन्त्रग्रहणमात्रतः ।
मुक्ताः शुद्ध्यन्ति यत्पूर्वं कर्म निर्मूलयन्ति च ॥ २ ॥
पुत्रान्दारांश्च शिष्यांश्च सेवकान् बान्धवांस्तथा ।
यो दर्शयति सन्मार्गं सद्गतिस्तस्य वै ध्रुवम् ॥ ३ ॥

અર્થ–હરિના મંત્રોપદેશ માત્રથી મંત્રોપદેશ લેનારા પુરૂષો તો મુક્ત થાય છે. પરંતુ તેના કરોડો પૂર્વજો તેમજ પછીથી થનારાઓ પણ મુક્ત થઇ જાય છે. તેમ કોટિ જન્મમાં સંચિત કરેલાં પાપોથી પણ મંત્રગ્રહણ કરનાર મુક્ત થઇને શુદ્ધ થાય છે. પુત્ર, સ્ત્રી, શિષ્ય, નોકર અને સંબંધિઓને જે સન્માર્ગ બતાવે છે તેની નિત્ય સદ્ગતિ છે.

શિષ્ય–પ્રશ્ન–ઉપર કહ્યા પ્રમાણે કુલપરંપરાપ્રાપ્ત સત્સાંપ્રદાયિક વૈષ્ણવ સદ્ગુરૂ પાસેથી ઉપદેશ લેવાનું તો સિદ્ધ થયું પણ ઉપર કહેલ છે કે જે સન્માર્ગ બતાવે છે તેની નિશ્ચય સદ્ગતિ થાય છે. તો તેમાં એવી શંકા થાય છે કે જ્ઞાનમાર્ગ પણ સન્માર્ગ છે અને જ્ઞાનમાર્ગથીજ મુક્તિ થવાનાં વાક્યો પણ મળે છે. જેમકે "ऋते ज्ञानान्न मुक्तिः" જ્ઞાન વિના મોક્ષ નથી. "तमेव विदित्वाऽतिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय" 'તે આત્માનેજ જાણીને મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે, મોક્ષ પ્રાપ્ત કરવાનો બીજો માર્ગ નથી.' ઇત્યાદિ વાક્યોથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે મુક્તિ એટલે મોક્ષ અને તે જ્ઞાન વગર મળતો નથી માટે જ્ઞાનમાર્ગની રીતે પ્રૈષ મંત્રનો ઉપદેશ લઇ સંન્યાસ ગ્રહણ કરી જ્ઞાનમાર્ગમાં પ્રવૃત્ત થવું એ ઉત્તમ માર્ગ છે કે કેમ?

ગુરૂ-ઉત્તર-તમે શંકા બહુ સારી કરી. જ્ઞાનમાર્ગ કર્મમાર્ગથી ઉત્તમ છે એમાં સંશય નથી પણ જ્ઞાનમાર્ગ એટલે શું? એ તમારે સમજવું જોઇએ. "ब्रह्म सत्यं जगन्मिथ्या" (બ્રહ્મ સાચું છે જગત્ ખોટું છે.) એ જ્ઞાનમાર્ગ નથી પણ "सर्वं खल्विदं ब्रह्म" (આ જેટલું દેખાય છે તે સર્વ બ્રહ્મ છે.) "पुरुष एवेदँ सर्वं यद्भूतं यच्च भाव्यम्."

---

* જ્યાં કોઇ મહાત્માએ મંત્રજપ કરી સિદ્ધિ મેળવી હોય તે સિદ્ધક્ષેત્ર કહેવાય છે.

'આ સર્વ દેખાય છે તે, જે થઇ ગયું છે તે અને જે થવાનું છે તે સર્વ પુરૂષ જ બ્રહ્મ જ છે' એવું શુદ્ધ અદ્વૈતરૂપ જ્ઞાન થાય તેનુંજ નામ જ્ઞાન છે અને તે પણ ગીતાજીના તેરમા અધ્યાયમાં લખ્યા પ્રમાણે શ્રીકૃષ્ણની અનન્ય એટલે બીજા દેવની ભક્તિનો અંશ પણ હૃદયમાં આવે નહિ તેવી રીતની અવ્યભિચરિત ભક્તિ યુક્ત હોવું જોઇએ, કેમકે ગીતાજીના તેરમા અધ્યાયના સાતમા શ્લોકથી આરંભીને અગીઆરમા શ્લોક સુધી જ્ઞાનનાં લક્ષણો કહ્યાં છે ત્યાં શ્રીકૃષ્ણમાં અવ્યભિચારિણી ભક્તિ પણ કરવાનું કહ્યું છે તે શ્લોકો નીચે પ્રમાણે:—

"अमानित्वमदम्भित्वमहिंसा क्षान्तिरार्जवम् ।
आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः ॥ ७ ॥
इन्द्रियार्थेषु वैराग्यमनहङ्कार एव च ।
जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ॥ ८ ॥
असक्तिरनभिष्वङ्गः पुत्रदारगृहादिषु ।
नित्यं च समचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ॥ ९ ॥
मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ।
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि ॥ १० ॥
अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥ ११ ॥

આ શ્લોકોમાં જ્ઞાનનાં લક્ષણો બતાવતાં 'મારામાં અનન્ય બની ઇતર દેવોનો આશ્રય લીધા સિવાય મારી ભક્તિ કરવી' આ વાક્યથી ભક્તિનું નિરુપણ છે અને ભક્તિથીજ ખરું જ્ઞાન પ્રાપ્ત થાય છે; તે સિવાયનું જ્ઞાન તે યથાર્થ જ્ઞાન નથી માટે જ્ઞાનમાં પણ ભક્તિની અપેક્ષા છે. તેમજ જ્ઞાનનાં ફલ ઉપર દૃષ્ટિપાત કરતાં પણ જ્ઞાનીઓને અક્ષર પ્રાપ્તિ માની છે. પુરુષોત્તમ—શ્રીકૃષ્ણની નહિ. આ બાબત અથર્વવેદના તૃતીય મુંડકના દ્વિતીય ખંડની શ્રુતિ છઠ્ઠીમાં કહેલ છે કે-

"वेदान्तविज्ञानसुनिश्चितार्थाः सन्न्यासयोगाद्यतयः शुद्धसत्त्वाः ।
ते ब्रह्मलोके तु परान्तकाले परामृताः परिमुच्यन्ति सर्वे ॥ ६ ॥

અર્થ—સંન્યાસના યોગે કરી વેદાંતના નિઃસન્દેહ જ્ઞાનથી સારી રીતે જેઓએ અર્થ નિશ્ચિત કરેલો છે અને અંતઃકરણ જેનું શુદ્ધ થયેલું છે એવા યતિઓ બ્રહ્મલોકમાં રહે છે અને બ્રહ્માજીનું આયુષ્ય પૂર્ણ થતાં તેના મોક્ષની સાથે પોતે પણ મોક્ષ પામે છે. સ્મૃતિ પણ કહે છે કે–

"ब्रह्मणा सह ते सर्वे संप्राप्ते प्रतिसञ्चरे ।
परस्यान्ते कृतात्मानः प्रविशन्ति परं पदम् ॥"

અર્થ—પ્રાકૃતિક લય થાય ત્યારે બ્રહ્માનો પણ લય થાય છે અને તેના લયની સાથે ભગવાન્‌માં છે અંતઃકરણ જેનું એવા બ્રહ્મલોકમાં રહેનારા જ્ઞાનીઓ પણ પરમપદ—મોક્ષમાં પ્રવેશ કરે છે.

આ બન્ને વાક્યો જ્ઞાનીઓને અક્ષરમાં લયરુપ (મોક્ષ) ફલ બતાવે છે અને તે પણ સ્વતન્ત્ર રીતે નહિં પણ બ્રહ્માજીનું આયુષ્ય પૂર્ણ થતાં તેની સાથે, આમ ફલતઃ વિચાર કરતાં, તેમ જ ભક્તિ વિના યથાર્થ જ્ઞાન સંભવતું પણ નથી તેથી, કર્મમાર્ગ કરતાં જ્ઞાનમાર્ગની ઉત્તમતા હોવા છતાં ભક્તિમાર્ગની ઉત્તમતા તો તેથીએ વિશેષ છે એમ સિદ્ધ થાય છે; ભક્તને પૂર્ણાનન્દ પુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે જ્યારે જ્ઞાનીને ગણિતાનન્દ અક્ષરજ મળે છે. આ ફલભેદ ભક્તિનો જ્ઞાન કરતાં સ્પષ્ટ ઉત્કર્ષ સૂચવે છે. તેમજ ભક્તિપ્રાપ્ય શ્રીકૃષ્ણ અક્ષરથી પર છે. મુંડકોપનિષદ્‌ના દ્વિતીય મુંડકની દ્વિતીય શ્રુતિમાં કહ્યું છે કે—

"दिव्यो ह्यमूर्तः पुरुषः स बाह्याभ्यन्तरो ह्यजः ।
अप्राणो ह्यमनाः शुभ्रो ह्यक्षरात् परतः परः ॥"

અર્થ—દિવ્ય, અમૂર્ત, (અપરિચ્છિન્ન) સર્વ વસ્તુની અંદર તથા બહાર રહેલો, અજન્મા, પ્રાણ તથા મન વગરનો, સ્વચ્છ, એવો પુરુષ સર્વ પ્રાણીમાત્રથી પર એવા અક્ષરથી પણ પર છે. વળી કઠોપનિષદ્ પ્રથમાધ્યાય તૃતીયવલ્લીમાં પણ કહેલ છે કે—

"महतः परमव्यक्तमव्यक्तात् पुरुषः परः ।
पुरुषान्न परं किञ्चित् सा काष्ठा सा परा गतिः ॥ १० ॥"

અર્થ—મહત્તત્ત્વથી પર અક્ષર બ્રહ્મ છે, અક્ષરથી પર પુરૂષ છે, પુરૂષથી પર બીજું કાંઇ નથી એટલે તે પર પુરૂષજ છેલ્લી પરમ ગતિ છે.

આ શ્રુતિઓમાં પર પુરૂષને અક્ષરથી પર કહેલ છે તે પર પુરુષ બીજા કોઇ નહીં પણ પુરુષોત્તમજ. આ વાત શ્રીકૃષ્ણે ગીતાજીના (૧૫)મા અધ્યાયના શ્લોક (૧૮)માં પણ કહી છે કે—

"यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः" ॥ १८ ॥

અર્થ—'ક્ષર સર્વભૂતપ્રાણીમાત્રથી હું પર છું, અને અક્ષરબ્રહ્મથી પણ ઉત્તમ છું. તેથી લોકમાં અને વેદમાં પુરૂષોત્તમ એવા નામથી પ્રસિદ્ધ છું.' આ શ્લોકમાં પોતાના સ્વરૂપને અક્ષરાતીત કહી પોતાનું પુરૂષોત્તમપણું પણ કહેલું છે. તે પુરૂષોત્તમરૂપ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ ગીતાજીના અધ્યાય આઠમાના બાવીશમા શ્લોકમાં લખ્યા પ્રમાણે ભક્તિથીજ થાય છે. તે શ્લોક નીચે પ્રમાણે–

"पुरुषः स परः पार्थ! भक्त्या लभ्यस्त्वनन्यया ॥"

અર્થ–હે અર્જુન! તે પર પુરૂષ અનન્ય ભક્તિથી પ્રાપ્ત થાય છે.

આવી રીતે ભક્તિ તેમજ તેનાથી પ્રાપ્ત થતું શ્રીકૃષ્ણનું સ્વરુપ જ્ઞાન તથા તેથી પ્રાપ્ય એવા અક્ષરથી ઉત્તમ છે તેમજ જ્ઞાનીને તો બ્રહ્મરૂપ થયા પછી પરાભક્તિ પ્રાપ્ત કરવી બાકી રહે છે. આ વાત પ્રભુએ ગીતાજીમાં ઉપદેશી છે કે–

"ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥ १८–५४ ॥"

અર્થ–'બ્રહ્મરૂપ થયેલો પ્રસન્ન ચિત્તવાળો, સર્વ પ્રાણીમાં સમદૃષ્ટિ રાખનાર એવો પુરૂષ શોક તથા મોહથી રહિત બની મ્હારી પરાભક્તિને પ્રાપ્ત કરે છે.' આ શ્લોકમાં બ્રહ્મરૂપ થયેલા જ્ઞાનીને પરાભક્તિની પ્રાપ્તિ કહી છે. તેમજ પછીના શ્લોકમાં

"भक्त्या मामभिजानाति यावान्यश्चास्मि तत्त्वतः ।
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ॥ ५५ ॥"

ભક્તિવડે [1]અભિજ્ઞાન થવાનું લખ્યું છે તે શ્રીકૃષ્ણે પોતાના સ્વરૂપનું જ્ઞાન કહ્યું છે. અક્ષરબ્રહ્મના સ્વરૂપનું જ્ઞાન નહિ, કેમકે અક્ષરબ્રહ્મનું જ્ઞાન કહેવાનું હોત તો "जानाति" એમ કહેત પણ અહીં "अभिजानाति" કહ્યું છે તેથી જ્ઞાનનો વિષય અક્ષરાતીત પુરૂષોત્તમજ છે. વળી આ શ્લોકના ઉત્તરાર્દ્ધમાં "ततो मां तत्त्वतो ज्ञात्वा" એમ "मां" પદ કહીને સ્પષ્ટ પોતાનુંજ સ્વરૂપ જણાવ્યું છે, તેથીજ અભિજ્ઞાનને આગળ ૬૩મા શ્લોકમાં ગુહ્યથી પણ ગુહ્ય કહ્યું છે. તાત્પર્ય કે સર્વત્ર વ્યાપક સર્વવિરૂદ્ધધર્મના આશ્રયરૂપ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ બધા જાણતા નથી તેથી તેમાં દ્વૈત અદ્વૈત વિગેરે જુદી જુદી રીતે એક બીજાથી વિરૂદ્ધ અભિપ્રાયને કહેનારા વાદો જગતમાં ચાલી રહ્યા છે ત્યારે અક્ષરબ્રહ્મનું ખરું સ્વરૂપ પણ ગુહ્ય હોવાથી કોઈના સમજવામાં આવતું નથી તો

---

૧ શાસ્ત્રોક્ત રીતે પ્રાકૃતગુણોથી રહિત, અલૌકિક ઐશ્વર્યથી યુક્ત તેમજ સંપૂર્ણ લીલા વિશિષ્ટ રસરુપે પ્રભુના સ્વરુપનું જ્ઞાન થવું તે **અભિજ્ઞાન** કહેવાય.

ગુહ્યથી પણ ગુહ્ય એવું પરબ્રહ્મ–પૂર્ણપુરૂષોત્તમ–શ્રીકૃષ્ણનું સ્વરૂપ ભક્તિશિવાય બીજા સાધનથી કેમજ જાણી શકાય! "भक्त्या माममिजानाति" એ શ્લોકમાં અક્ષરબ્રહ્મના જ્ઞાનનો ગંધ પણ આવી શકે તેમ નથી. અક્ષરબ્રહ્મનું જ્ઞાન તો પુરૂષોત્તમસ્વરૂપના અભિજ્ઞાનથી ઘણે નીચે દરજ્જે રહી જાય છે કારણ કે "ब्रह्मभूतः प्रसन्नात्मा" એ શ્લોકમાં લખ્યા પ્રમાણે જીવને અક્ષરબ્રહ્મનું જ્ઞાન થયા પછી તે જીવ બ્રહ્મભૂત થાય છે; ત્યારપછી કઠ તથા મુંડક ઉપનિષદ્‌માં "यमेवैष वृणुते तेन लभ्यः" એ શ્રુતિમાં કહ્યા પ્રમાણે એ પરમાત્મા–પરબ્રહ્મ–પૂર્ણ-પુરૂષોત્તમ–શ્રીકૃષ્ણ આ જીવ મારો છે એમ જે જીવનો સ્વીકાર કરે છે તેનાથીજ તે લભ્ય છે, તેથી જેના ઉપર શ્રીકૃષ્ણનો અનુગ્રહ થાય તેને પરા ભક્તિ પ્રાપ્ત થાય છે અને પરા ભક્તિ પ્રાપ્ત થયા પછી ઉપરની શ્રુતિના ઉત્તરાર્દ્ધમાં "तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम्" જેને શ્રીકૃષ્ણ ભગવાન્ આ જીવ મારો છે એમ સ્વીકારે છે તેને પોતાના સ્વરૂપનું દાન કરે છે. આ પ્રકારે અનુગ્રહીત જીવનેજ પૂર્ણપુરૂષોત્તમનું જ્ઞાન માન્યું છે અને તેનુંજ નામ અભિજ્ઞાન છે. એ 'अभि' ઉપસર્ગનું સ્વારસ્ય છે.

એટલે કે અક્ષરબ્રહ્મનું જ્ઞાન થયા પછી શ્રીકૃષ્ણનો અનુગ્રહ થાય ત્યારે પરાભક્તિ થાય અને પરાભક્તિથી પૂર્ણ પુરૂષોત્તમ–શ્રીકૃષ્ણનું યથાર્થ જ્ઞાન થાય છે એટલે અક્ષરબ્રહ્મના જ્ઞાન કરતાં ભક્તિ ઉત્તમ છે માટે ભક્તિમાર્ગીય મંત્રોપદેશ લેવાનું જીવમાત્રને પ્રાપ્ત થાય છે.

શિષ્ય—પ્રશ્ન–ઉપર જ્ઞાનમાર્ગ કરતાં ભક્તિમાર્ગ ઉત્તમ કહ્યો ત્યારે ભક્તિનું સ્વરૂપ શું છે? તે આજ્ઞા કરો.

ગુરૂ—ઉત્તર–પરબ્રહ્મ–શ્રીકૃષ્ણમાં અત્યંત સ્નેહ થવો તેનું નામ ભક્તિ છે જેનું લક્ષણ અથર્વવેદ ગોપાલતાપનીય ઉપનિષદ્‌માં નીચે પ્રમાણે છે—

"भक्तिरस्य भजनं तदिहामुत्रोपाधिनैराश्येनामुष्मिन्
मनःकल्पनं तदेव च नैष्कर्म्यम्" ॥

અર્થ–'આ શ્રીકૃષ્ણનું ભજન કરવું એનું નામ ભક્તિ છે. તે ભજન આલોક અને પરલોકના સ્વાર્થની આશા છોડીને શ્રીકૃષ્ણમાં પોતાનું મન લગાડી કરવું અને તેજ ભક્તિ નિષ્કામ કહેવાય છે.' તેમજ શાંડિલ્ય સૂત્રમાં કહ્યું છે કે—

"सा परानुरक्तिरीश्वरे" सूत्र–२.

અર્થઃ—'શ્રીકૃષ્ણ–ભગવાનમાં અત્યંત આસક્તિનું નામ ભક્તિ છે.' નારદ પંચરાત્રમાં પણ કહ્યું છે કેઃ—

"माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोऽधिकः।
स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथा॥"

અર્થઃ—ભગવાનનું માહાત્મ્ય સમજીને તેમનામાં અત્યંત દૃઢ કોઇ પણ કારણથી ખસે નહિ તેવો, અને સર્વથી અધિક—દેહ, પુત્ર, સ્ત્રી, ધન વિગેરેના સ્નેહથી પણ અધિક એવા સ્નેહનું નામ ભક્તિ છે.

શિષ્ય—પ્રશ્ન—ઉપર આપે જ્ઞાનમાર્ગકરતાં ભક્તિમાર્ગ ઉત્તમ છે એમ સિદ્ધ કર્યું તેમજ તે ભક્તિની સિદ્ધિ માટે કુલપરંપરાપ્રાપ્ત સત્સાંપ્રદાયિક વૈષ્ણવ સદ્ગુરૂ પાસેથી શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ લેવાનું પણ સિદ્ધ કર્યું પરંતુ તેમાં એવી શંકા થાય છે કે તંત્રોક્ત તેમજ મંત્ર શાસ્ત્રોક્ત ગોપાલાદિ મંત્રો પણ શ્રીકૃષ્ણનાજ છે છતાં તે મંત્રોનો ઉપદેશ નહીં આપતાં અષ્ટાક્ષર તથા આત્મનિવેદન મંત્રનોજ ઉપદેશ આપવાનો પ્રચાર આપણા સંપ્રદાયમાં કેમ છે?

ગુરૂ—ઉત્તર—તંત્ર તથા મંત્રશાસ્ત્રમાં જે મંત્રો લખેલા છે તે બધા ઉપાસનામાર્ગીય છે, ભક્તિમાર્ગીય નથી અને આપણો સંપ્રદાય કેવલ ભક્તિ સિદ્ધ કરવા માટેજ છે, તેથી ભક્તિના અધિકારને સિદ્ધ કરવા અષ્ટાક્ષરમંત્ર તથા નિવેદનમંત્ર આપવાનો આપણા સંપ્રદાયમાં પ્રચાર છે.

શિષ્ય—પ્રશ્ન—ત્યારે શું ઉપાસનામાર્ગ તથા ભક્તિમાર્ગ બન્ને ભિન્ન છે? અને ભિન્ન હોય તો બન્નેનો ભેદ શી રીતે સમજવો?

ગુરૂ—ઉત્તર—ઉપાસનામાર્ગ તથા ભક્તિમાર્ગ તો ભિન્નજ છે અને તેનો પ્રકાર આમ સમજવાનો છે. "तंत्राद्युक्तप्रकारेण मंत्रग्रहणपूर्वकं देवाराधनं उपासना" અર્થાત્ તંત્રાદિકમાં કહેલા પ્રકારે મંત્રગ્રહણ કરીને દેવનું આરાધન કરવું તેને ઉપાસના કહે છે અને માહાત્મ્યજ્ઞાન પૂર્વક સુદૃઢ સર્વતોધિક સ્નેહનું નામ ભક્તિ છે એટલે જે ક્રિયામાં તંત્રાદિકમાં કહેલા વિધિપ્રમાણે કરવાની મુખ્યતા રહે છે તે ઉપાસના અને જે ક્રિયામાં સ્નેહની મુખ્યતા રહે તે ભક્તિ.

તેથી તંત્ર તથા મંત્રશાસ્ત્રોમાં શ્રીરામમંત્ર તથા ગોપાલાદિ મંત્રો લખેલા છે તે બધા ઉપાસનામાર્ગીય છે, કારણ કે તે મંત્રોના અધિષ્ઠાતા વિભૂતિરૂપ છે પુરૂષોતમ નથી. વળી તે મંત્રો લેવાના વિધાનમાં લખેલું છે કે જેણે જે મંત્ર ગ્રહણ કરવો હોય તેણે પ્રથમ પોતાના નામનો આદિ અક્ષર તથા જે દેવનો મંત્ર ગ્રહણ

કરવો હોય તે દેવના મંત્રનો આદિઅક્ષર બન્ને તંત્રશાસ્ત્રમાં મિલાન કરવાના ચક્ર* પ્રમાણે મેળવવા અને મિત્ર† અરિ‡ સિદ્ધ§ અને સુસિદ્ધ|| જોવા, તેમાં જે પુરૂષને જે દેવનો મંત્ર મિત્ર સાધ્ય કે સુસિદ્ધ હોય તેણે તે દેવના મંત્રનો ઉપદેશ લેવો અને જેને અરિ હોય તેણે તે દેવના મંત્રનો ઉપદેશ લેવો નહીં કેમકે જેને જે દેવ અરિ હોય તે પુરૂષ તે દેવના મંત્રને ગ્રહણ કરે તો તેમાં તે મંત્રની ફલસિદ્ધિ થતી નથી પણ ઉલટું અનિષ્ટ ફલ થાય છે. આ ઉપરથી સિદ્ધ થયું કે મંત્રના અધિષ્ઠાતા દેવ મંત્રને અધીન હોય ત્યારેજ તેનો મંત્ર જપવાથી શુભાશુભ ફલ પ્રાપ્ત થાય પરન્તુ પરબ્રહ્મ–પૂર્ણપુરૂષોત્તમ મંત્રાધીન નથી. કેમકે વેદમાં કહ્યું છે કે "सर्वस्य वशी सर्वस्येशानः" 'સઘળું તે પરબ્રહ્મને અધીન છે તેજ બધાના નિયામક છે' ઇત્યાદિ અનેક શ્રુતિઓમાં પરબ્રહ્મ–પૂર્ણપુરૂષોત્તમ સર્વ નિયામક માન્યા છે તેને કોઇના વશ માનવામાં તો આપના નિરુપમ ઐશ્વર્યનો જબાધ થાય; તેથી તે મંત્રાદિકથી કોઇને પણ અધીન થતા નથી તેમ પૂર્ણપુરૂષોતમ–પરબ્રહ્મ–શ્રીકૃષ્ણ સર્વને સમાન છે કેમકે શ્રીમદ્ભગવદ્ગીતામાં "निर्दोषं हि समं ब्रह्म" એમ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ નિર્દોષ અને સર્વને સમ કહેલું છે ત્યાં અક્ષરબ્રહ્મથી પર પૂર્ણપુરૂષોતમ તો समोऽहं सर्वभूतेषु એ ગીતાવાક્ય પ્રમાણે સર્વને સમ છે એમ સિદ્ધજ છે માટે તેને કોઇ શત્રુ કે મિત્ર હોઇ શકેજ નહીં અને મંત્રશાસ્ત્રમાં તો મંત્રના અધિષ્ઠાતા દેવોને શત્રુ તથા મિત્ર માનેલા છે તેથી તે મંત્રો પરબ્રહ્મ–પૂર્ણપુરૂષોતમ–સાથે સંબંધ રાખનારા નથી પણ પરબ્રહ્મની વિભૂતિઓ સાથે સંબંધ રાખનારા છે એમ સમજવું છતાં શ્રીકૃષ્ણના નામથી લોકો ભ્રમમાં પડી તેને પણ અવતાર ન માની લે તે માટે શ્રી ભા. સ્કં. ૧ અ. ૩માં કહ્યું છે કે "एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम्" 'બીજા અવતારો પુરૂષના અંશકલારૂપ છે અને શ્રીકૃષ્ણ તો સાક્ષાત્ સ્વયં ભગવાન્ છે' તેમજ 'ગોપાલતાપની'માં પણ શ્રીકૃષ્ણનું પૂર્ણપુરૂષોતમ-પણું સિદ્ધ કરી સર્વ અવતારોમાં શ્રેષ્ઠ એવા અવતારી શ્રીકૃષ્ણ છે એમ કહેલું છે તેથી પરબ્રહ્મ–પૂર્ણપુરૂષોતમ–શ્રીકૃષ્ણ અંશી છે અને બીજા અવતારો અંશ છે એમ

---

* ચાર કોઠાનું ચતુરસ્ત્ર મંડલ (યંત્ર) કરી તેમાં અકારથી આરંભીને ક્ષકારપર્યંત તમામ અક્ષરો ચાર કોઠામાં અનુક્રમે સરખા લખવા; પછી પોતાના નામનો આદિ અક્ષર તથા દેવમંત્રનો આદિ અક્ષર તે ચાર કોઠામાં જોવો. તેમાં પોતાના નામનો અક્ષર જે કોઠામાં હોય ત્યાંથી સાધ્ય, સુસિદ્ધ મિત્ર, અરિ એમ દરેક કોઠામાં લખી મેળવવા તે ચક્ર કરી જોવું. † પોતાના નામથી મિત્રને સ્થાને મંત્ર આવે તે સારો. ‡ પોતાના નામથી શત્રુને સ્થાને મંત્ર આવે તે મૂલને નાશ કરનારો છે. § પોતાના નામથી સાધ્યના કોઠામાં મંત્રાક્ષર હોય તે જપ કરવાથી ફલ આપે છે. || પોતાના નામથી સુસિદ્ધના કોઠામાં મંત્રાક્ષર હોય તો શીઘ્ર ફલ આપનાર છે.

સમજવું. અંશ તથા અંશીનું સ્વરૂપ તૈત્તરીય ઉપનિષદની "यदेकमव्यक्तमनन्तमाद्यम्" એ શ્રુતિમાં તથા ભા. સ્કં. ૧૦ અ. ૨૭ विशुद्धसत्त्वं तव धाम शान्तम् " તથા અ. ૮૯ માં सत्त्वं यस्य प्रिया मूर्तिः " ઇત્યાદિ વાક્યોથી એમ સિદ્ધ કરેલું છે કે સત્ત્વનામનો એક ભગવદ્ધર્મ છે અને તે ભગવાન્‌ને અવતાર દશામાં બીરાજવાનું સ્થાન છે. એટલે જ્યારે જેવા રૂપવડે જે કાર્ય કરવાની ભગવાનને ઇચ્છા થાય છે ત્યારે તેવા રૂપવાલાજ સત્ત્વધર્મને આપ પ્રકટ કરે છે અને પછી તેમાં લોહના પિંડમાં અગ્નિની પેઠે પોતાનો આવિર્ભાવ કરીને કાર્યો કરે છે તે અવતાર અથવા અંશ કહેવાય છે. એટલે કે સત્ત્વરૂપ વિગ્રહમાં આવિર્ભૂત થયેલા ભગવત્સ્વરૂપની પ્રતીતિ થવી એ અવતાર કહેવાય છે. અને તેનુંજ નામ અંશ અથવા વિભૂતિ છે અને સત્ત્વના અધિષ્ઠાન વગર (જેમ જલની ઉપર નીલ પસરી ગયેલ હોય તેને જેટલા ભાગમાંથી ખેસવીએ તેટલા ભાગમાં તેવા આકારવાલું જલ દેખાય છે તેમ) લોકદૃષ્ટિ તથા ભગવત્સ્વરૂપની વચ્ચે રહેલી માયાને ભગવાન્ જેટલા ભાગમાંથી દૂર કરીને ભક્તોને માટેજ જે શુદ્ધ સાકાર સ્વરૂપે પ્રકટ થાય છે તે પૂર્ણ તથા અંશી કહેવાય છે. અહીં એવી શંકા થાય છે કે બીજા અવતારોમાં તો વિભૂતિપણું હોવાથી જે મંત્રોના અધિષ્ઠાતા કૃષ્ણ સિવાયના અવતારો છે તે તો વિભૂતિરૂપ થયા પરંતુ શ્રીકૃષ્ણ તો પૂર્ણબ્રહ્મ અને અંશી છે. તેમના (ગોપાલાદિ) મંત્રો તો વિભૂતિના મંત્રો થવા જોઇએ નહિ છતાં તે મંત્રોમાં પણ મિત્ર અરિ જોવાનું તો લખેલું છે તો તે સ્વરૂપને ઉપરના નિયમે વિભૂતિપણું પ્રાપ્ત થાય છે. એ શંકાનું સમાધાન એવી રીતે સમજવું કે શ્રીકૃષ્ણને શ્રીમદ્ભાગવતમાં કોઈ સ્થળે પૂર્ણ અંશી તરીકે વર્ણવેલા છે અને કોઇ કોઇ સ્થલોમાં તેનું સિતકૃષ્ણકેશ અંશ તથા કલારુપે વર્ણન કીધું છે તેથી પરસ્પર વિરોધ આવે છે તે વિરોધનો પરિહાર શ્રીસુબોધીનીજીપ્રભૃતિ ગ્રંથોમાં એવી રીતે કરેલો છે કે, શ્રીકૃષ્ણાવતાર ચતુર્વ્યૂહ તથા સિતકૃષ્ણકેશાત્મકસ્વરૂપયુક્ત જ્ઞાનક્રિયાત્મક લોકવેદપ્રસિદ્ધ પૂર્ણપુરૂષોત્તમ સ્વરુપે પ્રકટ થયા છે તેમાં ભૂભારહરણ, ધર્મરક્ષા, વંશવૃદ્ધિ અને મોક્ષદાન એ ચારે કાર્યો સંકર્ષણ, અનિરૂદ્ધ, પ્રદ્યુમ્ન, વાસુદેવ એવા અનુક્રમે ચારે વ્યૂહદ્વારા કરે છે તેમાં સિતકૃષ્ણકેશાત્મક સ્વરૂપ સંકર્ષણવ્યૂહાત્મક હોવાથી ભૂભારહરણરૂપ કાર્યજ તેનું છે અને પરબ્રહ્મ–પૂર્ણપુરૂષોતમ શ્રીકૃષ્ણનું તો કેવલ ભક્તિદાનરૂપજ કાર્ય છે માટે જે કાર્ય જે વખતે કરવાનું હોય તે વખતે તે કાર્ય તે સ્વરૂપનો આવિર્ભાવ કરી કરે છે તેથી પૂર્ણતા તથા અંશપણું તેમની લીલા ઉપરથી સમજવાનું છે તેમાં વિરોધ નથી. તેવીજ રીતે મંત્રના અધિષ્ઠાતા શ્રીકૃષ્ણને

વિભૂતિરૂપ કહેવામાં પણ કંઇ બાધ નથી. દૃષ્ટાંત તરીકે 'यावज्जीवं अग्निहोत्रं जुहुयात्' અને 'अग्निहोत्रं जुहुयात स्वर्गकामः' એ બન્ને શ્રુતિમાં अग्निहोत्रं શબ્દ તો એકજ લખેલ છે તથાપિ પ્રથમની શ્રુતિમાં કહેલ અગ્નિહોત્રને નિત્ય અને દ્વિતીય શ્રુતિમાં કહેલ અગ્નિહોત્રને કામ્ય માની બન્ને અગ્નિહોત્રને પૂર્વમીમાંસામાં જુદા જુદા માનેલ છે તેમ અહિં પણ ભૂભારહરણાદિ કાર્યકર્તા–ગોપાલાદિમંત્રાધિષ્ઠાતા શ્રીકૃષ્ણ જુદા છે અને કેવલ ભક્તિલભ્ય શ્રીકૃષ્ણ જુદા છે એમ સમજવું.

ભક્તિમાર્ગનો મહિમા શ્રી ભા. સ્કં. ૧૧ અ. ૨ ના શ્લો. ૩૫માં વર્ણવ્યો છે કે–

"यानास्थाय नरो राजन् न प्रमाद्येत कर्हिचित् ।
धावन्निमील्य वा नेत्रे न स्खलेन्न पतेदिह ॥ ३५ ॥"

અર્થ—'હે રાજા! ભગવદ્ધર્મોનું આચરણ કરતો મનુષ્ય યોગાદિકની પેઠે વિઘ્નગ્રસ્ત બની પ્રમાદને પ્રાપ્ત થતો નથી તેમજ નેત્ર મિંચીને દોડતાં છતાં ક્યાંય પણ ઠોકર ખાતો નથી તેમ પડતો નથી,' કારણ કે ભક્તિમાર્ગ એ એક એવોજ રાજમાર્ગ છે.

અને મંત્રોપાસનામાં તો ફલનો અભાવ થાય એટલુંજ નહીં પરંતુ જો અરિ હોય તો ઉલટું વિપરીત ફલ પણ મલે. તે જો ઉપાસના ને ભક્તિ બન્ને એક હોય તો તેનાથી ફલ ન થાય કે વિપરીત ફલ થાય એમ કેમજ બને. અહિં કદાચિત્ એવી શંકા થાય કે કામનાની ઈચ્છાથી જો મંત્રોપાસન કરે તો તેને મિત્ર અરિ વગેરે જોવાની આવશ્યકતા છે, પરંતુ નિષ્કામપણે મંત્રોપાસન-કરનારને મિત્ર અરિ જોવાની કાંઇપણ આવશ્યકતા નથી, તેમ તેને ફલની ઈચ્છા ન હોવાથી વિપરીત ફલ થવાનો પણ સંભવ નથી તો કામનારહિત બની ઉપાસના કરનારની ઉપાસનાને વિભૂતિપર્યવસાયિત્વ કેમ? એ શંકાનું સમાધાન એવી રીતે છે કે—સકામ કરો કે નિષ્કામ કરો પણ તેમાં ન્યાસધ્યાનાદિક બાબતો તો મંત્રોપાસનનીજ હોવાથી તેને મંત્રોપાસનપણું મટીને ભક્તિપણું થતુંજ નથી. જેમ યજ્ઞાદિક સકામ કરો કે નિષ્કામ કરો પણ તે કર્મમાર્ગીયજ કહેવાય છે, જ્ઞાનમાર્ગીય કે ભક્તિમાર્ગીય કહેવાતા નથી તેવીજ રીતે મંત્રો-પાસન ગમે તેવી રીતે કરવામાં આવે તોપણ તે ભક્તિમાર્ગીય કહી શકાય નહીં, તેમ મંત્રોપાસન કરવાનું જે મંત્રશાસ્ત્રના ગ્રંથમાં લખેલું હોય તે ગ્રંથમાં લખેલી રીત પ્રમાણેજ કરવું જોઇએ ત્યારેજ તે ફલપ્રદ થાય છે અને ભક્તિમાર્ગમાં તો શાસ્ત્રના વિધિ કે ક્રમની પ્રધાનતા નથી પણ નવ પ્રકારની સાધનભક્તિમાંથી જેને

જે ભક્તિમાં આસક્તિ હોય તે એક જ અથવા નવે પ્રકારની ભક્તિ સાથે કરે તોપણ તેને કોઇ પ્રકારનો બાધ આવતો નથી કેમકે ભક્તિમાર્ગમાં તો પ્રેમને અનુસરતીજ સર્વ ક્રિયાઓ થયા કરે છે તેથી ઉપાસનામાર્ગ અને ભક્તિમાર્ગ એક થઇ શકતાજ નથી અને જ્યારે બન્ને માર્ગ જુદા થયા ત્યારે કેવલ ભક્તિમાર્ગથીજ લભ્ય પૂર્ણપુરૂષોત્તમ પરબ્રહ્મ–શ્રીકૃષ્ણ મંત્રોપાસનથી લભ્ય નથી એ પણ સિદ્ધ થયું તેથીજ મંત્રાધિષ્ઠાતા વિભૂતિરૂપ છે પૂર્ણપુરૂષોત્તમ નથી.

તેમજ તંત્રોક્ત ગોપાલાદિમંત્રોપાસનાનું ફલ વારાંગનાવશીકરણાદિ લખ્યું છે તે પણ પૂર્ણપુરૂષોત્તમ શ્રીકૃષ્ણની ભક્તિનું ન હોય શકે કેમકે તે અનર્થરૂપ છે અને શ્રીકૃષ્ણની ભક્તિ તો અનર્થનિવારક છે. શ્રી ભા. સ્કં. ૧ અધ્યાય ૭ માં કહેલ છે કે,

अनर्थोपशमं साक्षा[illegible]क्तियोगमधोक्षजे ।
लोकस्याजानतो विद्वांश्चक्रे सात्वतसंहिता[illegible] ॥

અર્થ—‘ અધોક્ષજ (જેને ઇન્દ્રિયો નિજ સામર્થ્યથી પ્રત્યક્ષ કરી શકતી નથી) પ્રભુમાં કરવામાં આવતો ભક્તિયોગ અનર્થને નાશ કરે છે એવું સમાધિમાં અનુભવીને વ્યાસજીએ અજ્ઞલોકોના હિતમાટે શ્રીમદ્ ભાગવત રચ્યું.’ આ વાક્ય ભક્તિને અનર્થ નિવારક ઉપદેશે છે અને તંત્રોક્ત ગોપાલાદિમન્ત્રોપાસનનું ફલ તો અનર્થરુપ વારાંગનાવશીકરણાદિ લખે છે. તો અનર્થનિવારક ભક્તિનો અનર્થપ્રાપક ગોપાલાદિમન્ત્રોપાસન સાથે અભેદ કેમ કરી શકાય? તેથી ગોપાલાદિમન્ત્રોપાસનને કોઇપણ રીતે ભક્તિ કહી શકાય નહિ.

શિષ્ય–પ્રશ્ન–ઉપર કહ્યા પ્રમાણે ઉપાસનામાર્ગ તથા ભક્તિમાર્ગનો ભેદ તો સમજવામાં આવ્યો પણ તેમાં એવી શંકા થાય છે કે શ્રવણાદિક નવપ્રકારની ભક્તિમાં ત્રીજી ભક્તિ સ્મરણ તથા પાંચમી ભક્તિ અર્ચન છે, એનીએજ ઉપાસનામાર્ગમાં પણ મંત્રદ્વારા સ્મરણ તથા મૂર્તિદ્વારા અર્ચન થતું હોવાથી વિદ્યમાન છે છતાં તેને ભક્તિમાર્ગીયપણું કેમ નહી?

ગુરૂ–ઉત્તર–શ્રવણાદિ નવપ્રકારની ભક્તિ પણ અધિકારીના ભેદે કર્મમાર્ગીય, ઉપાસનામાર્ગીય, જ્ઞાનમાર્ગીય, અને ભક્તિમાર્ગીય, એવા ભેદથી અનેક પ્રકારની છે જેમકે શ્રીમદ્ભાગવત, વિષ્ણુસહસ્રનામ આદિના શ્રવણ તથા કીર્તન કરવાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થ સિદ્ધ થવાનું લખેલું છે તેમાં ધર્મ, અર્થ, અને કામને માટે તેનું શ્રવણાદિક કરવામાં આવે તો તે ભક્તિ કર્મમાર્ગીય જ છે. શ્રવણાદિકવડે ચિત્ત શુદ્ધ થવાથી જ્ઞાનનો ઉદય થશે અને તે જ્ઞાનથી મોક્ષ થશે એમ સમજીને જે શ્રવણાદિક કરાય છે તે જ્ઞાનમાર્ગીય છે.

૫

અને કેવલ આજીવિકાનેજ માટે કરાતું શ્રવણાદિક ખેડની માફક લૌકિકજ છે. નારદપંચરાત્રમાં કહેલ દીક્ષાપૂર્વક પોતાનું કર્ત્તવ્ય જાણીને જે શ્રવણાદિક કરે છે તે ઉપાસનામાર્ગીય છે. ભક્તિમાર્ગીય ભક્તવડે ભક્તિ સંપ્રદાયની દીક્ષાપૂર્વક મોક્ષના સાધનપણાથી કરાયેલી શ્રવણાદિ ભક્તિ પ્રાવાહિકી છે. શાસ્ત્રમાં શ્રવણાદિક નવપ્રકારની ભક્તિ છે તે પ્રેમાત્મક ભક્તિનું સાધન છે એમ સમજીને જે શ્રવણાદિક કરવામાં આવે તે મર્યાદાભક્તિનું સ્વરૂપ છે, અને ભગવાનમાં સ્નેહની ઉત્પત્તિ થયા પછી વ્યસનરુપે સ્વતંત્ર પુરુષાર્થરૂપ સમજીને કરાતી શ્રવણાદિક ભક્તિ પુષ્ટિભક્તિ છે. ઉપર કહેલી ભક્તિના ઉદાહરણો નીચે પ્રમાણે સમજવાં.

કર્મની પૂર્ત્તિ કરવાસારૂ જે વિષ્ણુસ્મરણાદિ કરાય છે તે કર્મમાર્ગીય છે જેમકે,

" यस्य स्मृत्या च नामोक्त्या तपोयज्ञक्रियादिषु ।
न्यूनं संपूर्णतां याति सद्यो वन्दे तमच्युतम् ॥
प्रमादात् कुर्वतां कर्म प्रच्यवत्यध्वरेषु यत् ।
स्मरणादेव तद्विष्णोः संपूर्णं स्यादिति श्रुतिः ॥
मन्त्रहीनं क्रियाहीनं भक्तिहीनं जनार्दन! ।
यत् कृतं तु मया देव! परिपूर्णं तदस्तु मे ॥"

અર્થ–'જેનું સ્મરણ અને નામોચ્ચારણ કર્યાથી તપ, યજ્ઞ અને ક્રિયાદિકમાં રહેલી ન્યૂનતા સંપૂર્ણ થાય છે. કર્મ કરતાં યજ્ઞમાં જે ભૂલથી રહી ગયું હોય તે વિષ્ણુના સ્મરણથીજ સંપૂર્ણ થાય છે એમ વેદમાં કહ્યું છે. મંત્રહીન, ક્રિયાહીન, કે ભક્તિહીન જે મ્હારાથી કર્મ થયું હોય તે હે જનાર્દન પરિપૂર્ણ થાઓ'. આ શ્લોકોમાં બતાવ્યા પ્રમાણે કર્મપૂર્ત્યર્થે કરાતાં સ્મરણાદિક કર્મમાર્ગીય છે.

ચિત્તની શુદ્ધિ થવા સારૂ સંન્યાસાશ્રમમાં જ્ઞાનનો ઉદય થવામાટે જે શ્રવણાદિક કરાય છે તે જ્ઞાનમાર્ગીય છે જેમકે શ્રી. ભા. સ્કં. ૧૧ અ. ૧૪.

यथा यथाऽऽत्मा परिमृज्यतेऽसौ मत्पुण्यगाथाश्रवणाभिधानैः ।
तथा तथा पश्यति वस्तु सूक्ष्मं चक्षुर्यथैवाञ्जनसंप्रयुक्तम् ॥ २६ ॥

અર્થ:–' જેમ જેમ પુણ્યરૂપ મ્હારી કથાનું શ્રવણ તથા ઉચ્ચારણ કરવાથી અંતઃકરણ શુદ્ધ થતું જાય છે તેમ તેમ તે પુરુષ સૂક્ષ્મ વસ્તુને દેખેછે. જેમ દોષ યુક્ત નેત્રમાં સારૂં અંજન આંજવાથી તે નેત્ર અતિસૂક્ષ્મ પદાર્થને પણ દેખે છે, તેમ ભગવત્કથાના શ્રવણાદિકથી અંતઃકરણ શુદ્ધ થયે મનુષ્યને જ્ઞાન પ્રાપ્ત થાય છે.' આવું શ્રવણાદિ જ્ઞાનમાર્ગીય છે.

સાક્ષાત્ મોક્ષના સાધન રૂપે શાસ્ત્રમાં શ્રવણાદિક કરવા કહેલું છે તેથી તાંત્રિક દીક્ષાપૂર્વક જે શ્રવણાદિક કરાય છે તે ઉપાસનામાર્ગીય છે તેમાં સર્વત્ર ભગવદ્દભાવ હોતો નથી પરંતુ કેવલ મૂર્તિમાંજ હોય છે. જેમકે શ્રી ભા. સ્કં. ૧૧ અ. ૨.

अ र्चायामेव हरये पूजां यः श्रद्धयेहते ।
न तद्भक्तेषु चान्येषु स भक्तः प्राकृतः स्मृतः ॥ ४७ ॥

અર્થ—'ભગવાનની મૂર્તિમાંજ શ્રદ્ધા વડે જે પૂજા કરે છે અને અન્યમાં તેમજ ભગવાન્‌ના ભક્તોમાં કરતો નથી તે ભક્ત પ્રાકૃત કહેલો છે.'

ભક્તિ સંપ્રદાયની દીક્ષાપૂર્વક શ્રવણાદિકને મોક્ષનું સાધન સમજીને જે શ્રવણાદિક કરાય છે તે પ્રાવાહિકભક્તિમાર્ગીય છે જેમકે શ્રી ભા—સ્કં—૩ અ. ૨૫.

"न युज्यमानया भक्त्या भगवत्यखिलात्मनि ।
सदृशोऽस्ति शिवः पन्था योगिनां ब्रह्मसिद्धये ॥"

અર્થ—'સર્વના આત્મારૂપ ભગવાનમાં જોડાયેલી ભક્તિની સદૃશ બીજો કલ્યાણકારક માર્ગ યોગીઓને માટે બ્રહ્મ પ્રાપ્તિનો નથી' એ પ્રમાણે ઉપક્રમ કરીને સત્પુરુષોનાં લક્ષણ તથા સત્પુરુષોનો સંગ કરવાનું કહીને સત્સંગનું ફલ બતાવે છે.

"सतां प्रसङ्गान्मम वीर्यसंविदो भवन्ति हृत्कर्णरसायनाः कथाः ।
तज्जोषणादाश्वपवर्गवर्त्मनि श्रद्धा रतिर्भक्तिरनुक्रमिष्यति ॥"

અર્થ—'સત્પુરુષોના સંગથી મારા ચરિત્રોની બોધક એવી કથા હૃદય તથા કાનને પ્રિય લાગવા માંડે છે અને તેના સેવનથી મોક્ષના માર્ગરૂપ ભગવાનમાં શીઘ્રજ શ્રદ્ધા, પ્રીતિ અને ભક્તિ આ અનુક્રમે થાય છે.'

આમાં મોક્ષના માર્ગમાં શ્રદ્ધા વિગેરે થવાનું લખ્યું છે તેથી તેવા શ્રવણાદિકનું પ્રાવાહિક ભક્તિમાર્ગીયપણું સમજવું.

શ્રવણાદિક કરવાથી પ્રેમાત્મક ભક્તિ થશે એમ સમજીને જે શ્રવણાદિક કરાય છે તે શ્રવણાદિક મર્યાદાભક્તિમાર્ગીય છે. જેમકે શ્રી ભા. સ્કં. ૧૧. અ. ૧૯માં श्रद्धाऽमृतकथायां मे ત્યાંથી પ્રારંભીને કહેલ છે કે—

"एवं धर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनाम् ।
मयि संजायते भक्तिः कोऽन्योऽर्थोऽस्यावशिष्यते ॥"

અર્થ—હે ઉદ્ધવ ! આત્મનિવેદી મનુષ્યોની ઉપર કહેલા ધર્મોનાં અનુષ્ઠાનથી મારામાં ભક્તિ ઉત્પન્ન થાય છે. પછી તેને કોઈ પુરુષાર્થ બાકી રહેતો નથી. આવા શ્રવણાદિકને મર્યાદાભક્તિમાર્ગીય કહી શકાય.

પ્રભુમાં સ્નેહની ઉત્પત્તિ થયા પછી વ્યસન અવસ્થામાં જે શ્રવણાદિક કરાય છે તે પુષ્ટિભક્તિરૂપ છે. જેમકે શ્રી ભા. સ્કં ૯. અ. ૪.

" मत्सेवया प्रतीतं च सालोक्यादिचतुष्टयम् ।
नेच्छन्ति सेवया पूर्णाः कुतोऽन्यत्कालविप्लुतम् " ॥ ६७ ॥

અર્થ—'મ્હારી સેવાથી સાક્ષાત્ પ્રાપ્ત થયેલ ચાર પ્રકારની મુક્તિને સેવાથી પૂર્ણ મ્હારા ભક્તો ચાહતા નથી. તો કાળથી જેનો નાશ થાય છે એવાં ચક્રવર્તી રાજ્યાદિક કે ઇંદ્રાસનાદિકની ઇચ્છા તો તે શું કરવાજ રાખે.'

આ ઉપરથી એમ સમજવાનું છે કે ભક્તિશબ્દનો અર્થ શ્રીહરિમાં સ્નેહ કરવો એજ છે. અથર્વવેદની ગોપાલતાપનીમાં કહેલ છે કે—

" भक्तिरस्य भजनं तदिहामुत्रोपाधिनैराश्येनामुष्मिन्
मनःकल्पनं, तदेव च नैष्कर्म्यम् "

અર્થ—આ લોક તથા પરલોકની કાંઇ પણ કામના રાખ્યા સિવાય ભગવાનમાં મન લગાવી તેનું ભજન કરવું તેનું નામ ભક્તિ છે તેજ કર્મબંધનને છોડાવનાર છે.

શાંડિલ્ય મહર્ષિ બીજા સૂત્રમાં ભક્તિનું સ્વરૂપ ઉપદેશે છે કે—

" सा परानुरक्तिरीश्वरे "

અર્થઃ—ઇશ્વર (શ્રીકૃષ્ણ)માં સર્વથી અધિક આસક્તિ કરવી તેનું નામ ભક્તિ છે. નારદપંચરાત્રમાં પણ કહેલ છે કેઃ—

" माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोऽधिकः ।
स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथा ॥"

અર્થ—માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સર્વથી અધિક પ્રભુમાં સ્નેહ થવો તેનું નામ ભક્તિ છે. તે ભક્તિવડેજ મુક્તિ થાય છે. બીજી રીતિથી નહિ.

તેમજ શ્રીમદ્ભાગવત સ્કં. ૩ અ. ૨૯.

"मद्गुणश्रुतिमात्रेण मयि सर्वगुहाशये ।
मनोगतिरविच्छिन्ना यथा गङ्गाम्भसोऽम्बुधौ ॥ ११ ॥
लक्षणं भक्तियोगस्य निर्गुणस्य ह्युदाहृतम् ।
अहैतुक्यव्यवहिता या भक्तिः पुरुषोत्तमे ॥ १२ ॥
सालोक्यसार्ष्टिसामीप्यसारूप्यैकत्वमप्युत ।
दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः ॥ १३ ॥
स एव भक्तियोगाख्य आत्यन्तिक उदाहृतः ।
येनातिव्रज्य त्रिगुणं मद्भावायोपपद्यते" ॥ १४ ॥

અર્થઃ—મ્હારા ગુણોના શ્રવણમાત્રથી સર્વમાં વ્યાપ્ત રહેલ એવા મારામાં મનની ગતિ, જેમ ગંગાજીનો પ્રવાહ સમુદ્રમાં અવિચ્છિન્ન ચાલ્યાજ કરે છે તેવી રીતે નિરન્તર લાગી જાયછે તેનું નામ નિર્ગુણ ભક્તિયોગ છે. જેને નિષ્કામ, લૌકિક વૈદિક પ્રતિબન્ધોથી ન અટકનારી એવી ભક્તિ સિદ્ધ થાય છે તેવા ભગવદીયો સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય સાયુજ્ય આ ચતુર્વિધ મોક્ષને હું આપુંછું તોપણ લેતા નથી કેવલ મારૂં સેવન જ ઇચ્છે છે. એજ આત્યન્તિક ભક્તિયોગ છે કે જેનાથી ત્રણે ગુણોનું ઉલ્લંઘન કરીને ભગવત્પણા માટે યોગ્ય બને છે.

ઉપર લખ્યા પ્રમાણે પ્રભુમાં સ્નેહનું નામ ભક્તિ અને તે અનેક પ્રકારની છે તેમાં ગંગાજીનો પ્રવાહ જેમ સમુદ્રમાં સતત વહ્યા કરે છે તેમ મનની ગતિ શ્રીહરિમાં અવિચ્છિન્ન લાગી રહે એ નિર્ગુણ ભક્તિને આપણા સંપ્રદાયમાં પુષ્ટિભક્તિ કહે છે તે પુષ્ટિભક્તિ સિદ્ધ થવા માટે પુષ્ટિમાર્ગીય શ્રીઆચાર્યકુલદ્વારા* ભક્તિમાર્ગીય શરણમંત્ર તથા આત્મનિવેદનમંત્રનો ઉપદેશ ગ્રહણ કરવાની અત્યાવશ્યકતા છે.

શિષ્ય–પ્રશ્ન—આપે અધિકારીના ભેદથી ભક્તિના ભેદ સમજાવ્યા તે યથાર્થ છે પરંતુ તે અનેક પ્રકારની ભક્તિમાંથી આપણા સંપ્રદાયની પુષ્ટિભક્તિ સિદ્ધ થવામાટે શરણમંત્રનો ઉપદેશ લેવાની આપે આવશ્યકતા બતાવી તે શરણનું સ્વરૂપ શું છે? તે આજ્ઞા કરો.

"શરણ."

ગુરૂ–ઉત્તર—શરણ એટલે કોઇપણ પ્રકારનું દુઃખ અથવા ભય કોઇપણ પુરૂષ ઉપર ઉપસ્થિત થાય ત્યારે તે દૂર કરવા માટે પોતાથી વધારે સમર્થ પુરૂષની

* आचार्यवान् पुरुषो वेद ।

પાસે જવું અર્થાત્ તેની રક્ષા હેઠલ જવું. જેમકે કોઇને ત્યાં મ્હોટી ચોરી થઇ હોય તો તે વખતે તે માણસ પોલિસને જાહેર કરી તે દ્વારા રાજાની શરણે જાય છે. તેમજ કોઈ સાધારણ વેપારી પોતે દ્રવ્યની ખેંચને લીધે બહુ દુઃખી થતો હોય તે વખતે તે પોતાથી કોઇ પૈસાદાર મ્હોટા શેઠિયાની શરણે જાયછે, ત્યારે તે પૈસાદાર તેને જોઇતા પૈસા આપી તેનું દુઃખ દૂર કરે છે. તેજ પ્રમાણે કોઇ પુરૂષ રોગગ્રસ્ત થવાથી પોતાનું દુઃખ દૂર કરવા માટે કોઇ સારા વૈદ્ય કે ડાક્ટરની શરણે જાય છે ત્યારે તે વૈદ્ય કે ડાક્ટર ઔષધાદિકથી તેનું દુઃખ દૂર કરે છે. આ પ્રમાણે આ લોકમાં દરેક માણસ પોતાના દુઃખના સમયમાં તેને દૂર કરવા માટે દુઃખ દૂર કરી શકનારના શરણે જાય છે. અને જે જેની શરણે ગયો હોય તે તેનું દુઃખ મટાડે છે. એ સર્વના અનુભવની બાબત છે. તે ઉપરથી વિચાર કરીશું તો જણાશે કે આ લોકમાં ચાર પ્રકારનાં મુખ્ય સુખ છે. તેમાં શરીર-સંપત્તિ એ પ્રથમ સુખ છે કેમકે તે વિના બીજાં તમામ સુખ સુખરૂપે ભાસતાં નથી. બીજું સુખ દ્રવ્યની પૂર્ણતાનું છે. દ્રવ્યથી આ લોકનાં ઇચ્છિત સર્વ પદાર્થો સિદ્ધ થઈ શકે છે, તેમજ પરલોકનું સ્વર્ગાદિક સુખ સંપાદન કરવું હોય તો તે પણ દ્રવ્યથી જ્યોતિષ્ટોમાદિ યજ્ઞ દ્વારા થઇ શકે છે. ત્રીજું સુખ સ્ત્રીનું છે કેમકે દેહ સારો હોય, દ્રવ્ય પણ હોય, છતાં જો સ્ત્રી સુશીલા રૂપવતી ચતુર ન હોય તો દેહ તથા દ્રવ્ય પણ સુખ આપનાર થતાં નથી. અને એ ત્રણે સુખ બરાબર પ્રાપ્ત થયેલ હોય છતાં પુત્રપૌત્રાદિક સંપત્તિ ન હોય તોયે જીવને તે સંબંધિ દુઃખ માલુમ પડે છે, તેથી ચોથું સુખ પુત્રપૌત્રાદિક સંપત્તિ છે. આમ આ લોકમાં ચાર પ્રકારનાં સુખ મુખ્ય માનેલાં છે. તે શિવાયનાં જેટલાં સુખ લોકમાં ગણાય છે, તે તમામ આ ચાર સુખથી પ્રાપ્ત થાય તેવાં હોવાથી તેનો આ ચાર સુખમાંજ અંતર્ભાવ થઇ જાય છે. હવે આપણે વિચાર કરિયે તો ઉપર લખેલાં ચારે સુખ એક માણસને ઘણે ભાગે જોવામાં આવતાં નથી તે છતાં કદાચિત્ પૂર્વજન્મના પૂર્ણ પુણ્યથી એક માણસને તે ચારે સુખ પ્રાપ્ત થાય, જેમકે એક ચક્રવર્તી રાજા હોય તો તેને દ્રવ્યની પરિપૂર્ણતામાં તો કહેવુંજ શું ? વળી તે પૂરૂષની શરીરસંપત્તિ પણ સારી હોય, સ્ત્રીસુખ પણ પૂર્ણ હોય, પુત્રપૌત્રાદિ પણ હોય, આવી રીતે માનો કે એક પુરૂષને ચારે સુખ પ્રાપ્ત થયાં હોય છતાં મરણનું દુઃખ એવું તો ભારી છે કે તે ચારે સુખને અંહીના અહી છોડીને બલા-ત્કારથી તેને શરણ થવું પડે છે. એ વાત પામરથી લઇને જ્ઞાની પર્યંત સર્વના જાણવામાં છે. તેમ શાસ્ત્રનો પણ એવો નિશ્ચય છે કે, જેનો જન્મ તેનું મરણ અને જેનું મરણ તેનો પાછો જન્મ. જેમકે ગીતા અધ્યાય બીજામાં કહ્યું છે કેઃ—

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।

અર્થઃ—'ઉત્પન્ન થયેલાનું મરણ નિશ્ચિત છે અને મરણ પામનારનું જન્મ નિશ્ચિત છે.' તેથી દુઃખોનો વિચાર કરતાં સર્વથી અધિક અને કોઇ પણ ઉપાયથી ન ટળી શકે તેવું જન્મમરણનું દુઃખ છે કે જે દુઃખ ચક્રવર્ત્તિ રાજાથી રંકસુધી તમામને સમાન હોવાથી લોકમાં કોઇની પણ શરણે જવાથી મટી શકે તેમ નથી. કદાચિત્ બ્રહ્માદિ તથા ઇંદ્રાદિ દેવતાઓની શરણે જઇ જન્મમરણથી થતું દુઃખ મટાડવાનો વિચાર કરિયે તો તેઓની ઉપર પણ તે દુઃખ તો રહેલુંજ છે. જેમકે પદ્મપુરાણમાં કહ્યું છે:—

ब्राह्मसंवत्सरशतादेकाहः शैव उच्यते ।
शैववर्षशतादेकं निमेषं वैष्णवं विदुः ॥

અર્થઃ—'બ્રહ્માનાં સો વર્ષ તે શિવનો એક દિવસ' કહેવાય છે. શિવનાં સો વર્ષ તે વિષ્ણુનું એક નિમેષ એમ ઋષિયો જાણે છે.' અર્થાત્ બ્રહ્માદિ સર્વ દેવતાઓને પણ કાલગ્રસ્ત કહેલાછે એટલે કાલે કરીને સર્વ દેવતા ઉપર પણ તે દુઃખ પ્રાપ્ત થાય છે, તે દુઃખ આપણને શા કારણથી પ્રાપ્ત થયેલું છે એ ઉપર વિચાર કરતાં સમજવાનું છે કે હું અનેક થાઉં, ઉચ્ચ થાઉં, નીચ થાઉં, એવી બ્રહ્મે ભાવના કરી ત્યારે તેની ઇચ્છા માત્રથી બ્રહ્મમાંથીજ જેમ અગ્નિમાંથી તણખા નિકળે છે તેમ અણુપરિમાણવાલા અસંખ્ય જીવોનું સૃષ્ટિના પ્રારંભમાં નિર્ગમન થાય છે અને પછીથી સ્વરૂપભોગ તેમજ જીવભોગ કરવાની તે બ્રહ્મની ઇચ્છા થતાં જીવોમાં આનન્દાંશ તિરોહિત થાય છે અને તેમ થતાં પ્રભુના ઐશ્વર્યાદિ છ ધર્મો પણ તેમાં તિરોભૂત થાય છે. ઐશ્વર્યના તિરોધાન થવાથી દીનપણું, પરાધીનપણું, વીર્યના તિરોભાવથી સર્વ દુઃખ સહન, યશના તિરોભાવથી સર્વ હીનત્વ, શ્રીના તિરોભાવથી સર્વ આપત્તિઓના વિષયપણું, જ્ઞાન તિરોભાવથી દેહાદિમાં હુંપણું, તેમજ અપસ્મારના રોગીને જેમ ઉલટું જ્ઞાન તેમ ઉલટી સમજણ, અને વૈરાગ્યના તિરોભાવથી લૌકિક વિષયોમાં આસક્તિ, આ સઘળું ઐશ્વર્યાદિ ભગવદ્ધર્મોના તિરોભાવથી જીવમાં ઉદ્ભવે છે. તેમાં પ્રથમ ચારના તિરોધાનથી જીવને બંધ અને છેલ્લા બે વડે વિપર્યય થયો. બંધ એ જીવાવસ્થામાંજ સમજવાનો છે. બ્રહ્મ સ્વરૂપમાં સર્વથા નહિજ. આ વિષય 'पराभिध्यानात्तु तिरोहितं ततो ह्यस्य बन्धविपर्ययौ' વ્યાસસૂત્ર—૩—૩—૫ માં વર્ણવેલો છે.

તે પ્રમાણે જીવોમાંથી ભગવદ્ધર્મો તિરોહિત થયા ત્યારથી જીવો અહંતા મમાતાત્મક અવિદ્યાનાં કાર્યરૂપ સંસારમાં બંધાઇ રહેલા છે. અને જન્મ મરણનાં

દુઃખો ભોગવે છે તેમાંથી છૂટવાના અનેક યત્ન કરે છે, છતાં ખરો રસ્તો ન મળવાથી છૂટી શકતો નથી. પરંતુ ઉલટો લૌકિક વૈદિક સુખ દુઃખમાં બંધાઇ રહે છે. તે જન્મમરણનું દુઃખ કયા ઉપાયથી મટે? એ વિષે વિચાર કરતાં અવિદ્યાના સંબંધથી એ દુઃખ થયું છે; તેથી જ્યારે અવિદ્યાનો સંબંધ છૂટે ત્યારે તે દુઃખ મટે એવો નિશ્ચય થાય છે. અવિદ્યાનો સંબંધ કેમ છૂટે? એવો વિચાર કરતાં અવિદ્યા માયાએ કરેલી હોવાથી જે માયાને દૂર કરી શકે તેની શરણે જવાથી અવિદ્યા પણ દૂર થઇ શકે તે માટે ગીતા અધ્યાય ૭ શ્લોક ૧૪માં લખ્યું છે કેઃ—मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ।

અર્થ–(શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે) જે જીવો મારી શરણે આવે છે તેઓ મ્હારી માયાને તરે છે.

એમ શ્રીકૃષ્ણ ભગવાને પોતાની શરણાગતિજ માયા તરવાનો ઉપાય કહેલ છે. બીજા કોઇ દેવની શરણે ગયે માયા તરી શકાતી નથી એમ બતાવવા માટે "माम् एव" એમ એવકાર કર્યો છે. છેવટે પણ सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।

'સર્વ ધર્મોનો પરિત્યાગ કરી મને એકને શરણે પ્રાપ્ત થા.'

એમ કહી પોતાની શરણે આવવાનોજ ઉપદેશ કર્યો છે–અર્થાત્ ગીતાજીના પ્રારંભમાં "शाधि मां त्वां प्रपन्नम्" 'હું આપની શરણે પ્રાપ્ત થયો છું માટે મને ઉપદેશ કરો' એમ અર્જુને શ્રીકૃષ્ણની શરણે આવી સંદેહ મટાડવા માટે પ્રાર્થના કરી હતી; તેમાં સાંખ્ય, યોગ, કર્મ, જ્ઞાન, અને ભક્તિ એ સર્વમાં જે જે અર્જુનને સંદેહો હતા, તે તે દૂર કરીને છેવટે ભગવાને આજ્ઞા કરી છે કે,—

"सर्वगुह्यतमं भूयः शृणु मे परमं वचः ।
इष्टोऽसि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम् ॥ ६४ ॥

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे" ॥ ६५ ॥

અર્થ–હે અર્જુન! મ્હારાં અત્યંત ગોપનીય શ્રેષ્ઠ વચનને ફરીથી તું સાંભળ. કારણ કે તું મને અત્યંત પ્રિય છો. તેથી ત્હારા કલ્યાણની વાત હું કહું છું. કે તું મ્હારામાં મન રાખનારો, મ્હારી ભક્તિ કરનારો, મ્હારૂં યજન કરનારો અને મને નમસ્કાર કરનારો થા. અને તેમ કરવાથી તું મનેજ પ્રાપ્ત થઇશ એમ હું સત્ય પ્રતિજ્ઞાથી કહું છું. કારણ કે તું મને પ્રિય છો.

એમ બે શ્લોકો કહી તેમાં પોતાની શરણે આવવારૂપ "सर्वधर्मान् परित्यज्य" એ શ્લોક કહ્યો છે તેથી ગીતાજીનો ઉપક્રમોપસંહાર જોતાં શ્રીકૃષ્ણની શરણે જવાનોજ અભિપ્રાય સિદ્ધ થાય છે.

જીવ શ્રીકૃષ્ણની શરણે જવાથી સર્વ દુઃખના કારણરૂપ અવિદ્યાને પેદા કરનાર માયાને તરીને જન્મમરણથી નિવૃત્તિરૂપ અપુનર્ભવ–મોક્ષ–પ્રાપ્ત કરી પરમાનંદનો અનુભવ કરે છે, એમ વેદ, ગીતા, શ્રીમદ્ભાગવતાદિ પુરાણો ડિંડિમ ઘોષથી પુકારે છે. જેમકે શ્વેતાશ્વતરોપનિષદ્ અધ્યાય ૬ મંત્ર ૧૮.

" यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्च प्रहिणोति तस्मै ।
तं ह देवमात्म बुद्धिप्रकाशं मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये ॥ "

અર્થ–જે પરમાત્મા પ્રથમ બ્રહ્માને ઉત્પન્ન કરે છે, અને જે ઇશ્વર બ્રહ્માને વેદોનો ઉપદેશ કરે છે તે આત્મા અને બુદ્ધિને પ્રકાશ કરનાર દેવને મોક્ષની ઇચ્છા રાખનાર હું–સ્થૂલસૂક્ષ્મદેહવિશિષ્ટ જીવાત્મા–શરણે પ્રાપ્ત થાઉં છું.

એમજ ગોપાલતાપિની ઉપનિષદ્માં પણ નીચે પ્રમાણે શ્રુતિ કહે છે કેઃ—

" यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै विद्यास्तस्मै गोपायति कृष्णः ।
यस्तं देवमात्म वृत्तिप्रकाशं मुमुक्षुर्वै शरणमनुव्रजेत् ॥ "

અર્થ–જે પરમાત્મા બ્રહ્માને ઉત્પન્ન કરે છે અને જે શ્રીકૃષ્ણ બ્રહ્માને વિદ્યાનો ઉપદેશ કરી તેની (વિદ્યાની) રક્ષા કરે છે તે આત્માની વૃત્તિના પ્રકાશ કરનારા પરમેશ્વર શ્રીકૃષ્ણને મોક્ષની ઇચ્છા રાખનારો પુરુષ શરણે પ્રાપ્ત થાય. તેજ રીતે ગીતાજીના અધ્યાય ૭–શ્લોક ૧૪માં લખ્યું છે કેઃ—

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥ १४ ॥

અર્થ–જેને પાર કરવી ઘણી મુશ્કેલ છે એવી, ગુણવાળી, દૈવી, આ મારી માયા છે, માટે મનેજ જેઓ શરણે આવે છે તેઓ આ મારી માયાને તરે છે. ૧૪.

તેમજ અધ્યાય નવમાના શ્લોક બત્રીસમાં ભગવાન્ શ્રીકૃષ્ણ અર્જુનને ઉપદેશ કરે છે કેઃ—

मां हि पार्थ ! व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥ ३२ ॥

અર્થ–હે પાર્થ ! જે કોઇપણ પાપયોનિવાળાઓ [1]સ્ત્રિયો, [2]વૈશ્યો, અને [3]શૂદ્રો પણ મ્હારોજ આશ્રય કરીને ઉત્તમ ગતિને પ્રાપ્ત થાય છે. ૩૨

(૧) પૂતનાદિક. (૨) તુલાધારાદિક. (૩) વિદુરાદિક.

વળી શ્રીભાગવત સ્કંધ ૧૧ અધ્યાય ૫ શ્લોક ૪૧માં લખવામાં આવ્યું છે કેઃ—

देवर्षिभूताप्तनृणां पितृणां न किंकरो नायमृणी च राजन् ।
सर्वात्मना यः शरणं शरण्यं गतो मुकुंदं परिहृत्य कर्तम् ॥ ४१ ॥

'હે રાજા! જે મનુષ્ય સર્વ રીતે સર્વ કર્તવ્યોનો ત્યાગ કરી દઇને શરણાગત-રક્ષક ભગવાન્ મુકુન્દને શરણ જાય છે તે, દેવતા, ઋષિ, ભૂત, આપ્તજન, પિતૃગણ એમાંથી કોઇનો ઋણી તેમજ કિંકર રહેતો નથી.'

તેથીજ શ્રીભાગવત સ્કંધ ૧૧માના અધ્યાય ૧૨માના શ્લોકમાં લખ્યું છે કેઃ—

तस्मात्त्वमुद्धवोत्सृज्य चोदनां प्रतिचोदनाम् ।
प्रवृत्तं च निवृत्तं च श्रोतव्यं श्रुतमेव च ॥ १४ ॥
मामेकमेव शरणमात्मानं सर्वदेहिनाम् ।
याहि सर्वात्मभावेन यास्यसे ह्यकुतोभयम् ॥ १५ ॥

'તેથી હે ઉદ્ધવ! તું વિધિ, નિષેધ, પ્રવૃત્ત નિવૃત્ત કર્મ, સાંભળેલું સાંભળવાનું, આ બધું છોડી દઇને સર્વાત્મભાવથી સર્વ પ્રાણીઓના આત્મારૂપ એવા અદ્વિતીય મારેજ શરણે આવ. તેમ કરવાથી તું નિશ્ચય નિર્ભયપણાને પ્રાપ્ત થઇશ.

એમજ વિષ્ણુપુરાણના અંશ ૯માના પ્રથમાધ્યાયના શ્લોક ૫૮માં કહ્યું છે કેઃ—

तावदार्तिस्तथा वाञ्छा तावन्मोहस्तथाऽसुखम् ।
यावन्नयाति शरणं त्वामशेषाघमोचनम् ॥ ५८ ॥

અર્થ—ત્યાંસુધી પીડા, તૃષ્ણા, મોહ, તેમજ વિષયસુખરૂપ દુઃખ છે કે જ્યાં સુધી જીવ સમસ્ત પાપોથી મુકાવનાર આપને (પરમાત્માને) શરણે પ્રાપ્ત થતો નથી.

अष्टाक्षरमन्त्र वेदसिद्ध છે.

શિષ્ય—પ્રશ્ન—આપે શ્રીકૃષ્ણની શરણે જવાની આવશ્યકતા વેદાદિનાં પ્રમાણો બતાવીને સિદ્ધ કરી તે બરાબર છે પરંતુ આપણા સંપ્રદાયમાં શરણમંત્રના નામથી "श्रीकृष्ण: शरणं मम" એ મંત્રનો ઉપદેશ અપાય છે તે મંત્ર વૈદિક છે કે અવૈદિક?

ગુરુ—ઉત્તર—આપણા સંપ્રદાયમાં શરણમંત્રના નામથી જે श्रीकृष्ण: शरणं मम એ મંત્રનો ઉપદેશ થાય છે તે વૈદિક છે.

"यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वि[illegible]स्तस्मै [illegible]पायति कृष्णः ।
यस्तं देवमात्मवृत्तिप्रकाशं मुमुक्षुर्वै शरणमनुव्रजेत् ॥

એ શ્રુતિમાં શ્રીકૃષ્ણની શરણે જવાનું કહેલું છે અને પૂર્વતાપિનીના પ્રારંભમાંજ "कृष्णो वै परमं दैवतम्" 'શ્રીકૃષ્ણજ પરમદૈવત છે' એમ શ્રીકૃષ્ણનું પરબ્રહ્મપણું જણાવી શ્રીકૃષ્ણનીજ શરણે જવાની આવશ્યકતા બતાવી છે. આપણા અંતઃકરણમાં શ્રીકૃષ્ણ મ્હારા રક્ષક છે, એવું અનુસંધાન કરવું તેનું નામ શરણભાવના છે. તે પ્રમાણે અનુસંધાન કરવામાં શ્રીકૃષ્ણપદની પ્રથમા વિભક્તિનું એક વચન "श्रीकृष्णः" એમ પ્રાપ્ત થાય છે અને તે સર્વ પ્રકારે મ્હારા રક્ષક છે એવા અનુસંધાનમાં શરણ પદ. અને તે પદ શ્રીકૃષ્ણનું વિશેષણ હોવાને લીધે પ્રથમાવિભક્તિના એક વચનમાં આવવું જોઇએ એટલે "श्रीकृष्णः शरणं" એ બે પદ સિદ્ધ થયાં. તેનો અર્થ 'શ્રીકૃષ્ણ રક્ષક છે' એટલો થાય છે અને અહિં તો શ્રીકૃષ્ણ મ્હારા રક્ષક છે એવું અનુસંધાન કરવાનું શ્રુતિ ઉપદેશે છે તેથી પોતાને કેહેનાર અસ્મદ્ શબ્દની ષષ્ઠીવિભક્તિનું એકવચન "मम" પદ અવશ્ય આવવું જોઇએ એટલે "श्रीकृष्णः शरणं मम" એવું મંત્રનું સ્વરૂપ થયું. જોકે શ્રુતિમાં અસ્મદ્ શબ્દને કેહેનાર કોઇ પદ નથી તોપણ अनुव्रजेत् એ ક્રિયાપદ વિધિલિંગનું હોવાથી શ્રીકૃષ્ણની શરણે જવાનો વિધિ સર્વને માટે બતાવેલો છે. તેથી સર્વ મનુષ્યો પોતાના અંતઃકરણમાં શ્રીકૃષ્ણના શરણનું અનુસંધાન કરે ત્યારે શ્રીકૃષ્ણ મ્હારા રક્ષક છે એમ અનુસંધાન થાય તેમાં 'મ્હારા' એમ કેહેનાર અસ્મદ્ શબ્દની ષષ્ઠી વિભક્તિનું મમ સ્વતઃ આવી જાય છે.

તેજ અભિપ્રાયને શ્વેતાશ્વતર ઉપનિષદ્‌ના ૬ ઠા અધ્યાયની ૧૮ મી શ્રુતિમાં કહેલ છે કેઃ—

यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्च प्र[illegible]णोति तस्मै ।
तं ह देवमात्म[illegible]द्धिप्रकाशं मुमुक्षुर्वै शरणम[illegible] प्रपद्ये ॥

આ શ્રુતિમાં અસ્મદ્ શબ્દની પ્રથમા વિભક્તિ 'अहं' પદનો પ્રયોગ સ્પષ્ટ કરેલો છે. અહિં એટલું સમજવાનું છે કે શ્રીકૃષ્ણ જ્યાં પ્રત્યક્ષ હોય ત્યાં હું તમારી શરણે પ્રાપ્ત થાઉં છું એમ કેહેવાનો, અને જ્યાં પરોક્ષ હોય ત્યાં હું તેની શરણે પ્રાપ્ત થાઉં છું એમ કેહેવાનો નિયમ છે તે નિયમાનુસાર અહિં બન્ને શ્રુતિમાં 'तद्' શબ્દનો પ્રયોગ કરેલો હોવાથી પરોક્ષતા માનેલી જણાય છે. શ્રીકૃષ્ણની પરોક્ષતા માનીને 'હું તેમની શરણે પ્રાપ્ત થાઉં છું' એવું અનુસંધાન કરવા કરતાં 'શ્રીકૃષ્ણ સર્વ પ્રકારે મ્હારા રક્ષક છે' એવા પ્રકારના અનુસંધાનમાં

સ્વારસ્ય વિશેષ છે. તેથી "श्रीकृष्णः शरणं मम" એ મંત્રમાં વિભક્તિનું વિપરિણામ કરી શ્રુતિમાં કહેલા अहं પદને બદલે मम પદ મુકવામાં આવ્યું છે.

શિષ્ય—પ્રશ્ન-શ્વેતાશ્વતર શ્રુતિમાં "शरणमहं प्रपद्ये" એમ લખેલું છે અને ગોપાલપૂર્વતાપિનીમાં "शरणम् व्रजेत्" એમ લખેલું છે. એટલે કે બન્ને શ્રુતિમાં શરણે જનાર પ્રથમા વિભક્તિના એકવચનમાં છે અને જેની શરણે જવાનું છે તે દ્વિતીયા વિભક્તિના એકવચનમાં છે તેને બદલીને શરણે જનારનું ષષ્ઠી વિભક્તિનું એકવચન અને જેની શરણે જાય છે તેને પ્રથમા વિભક્તિનું એકવચન "श्रीकृष्णः शरणं मम" એ મંત્રમાં કરવામાં આવેલું છે એટલે એ મંત્રને શ્રુતિસિદ્ધ શી રીતે કહી શકાય?

ગુરુ—ઉત્તર—[1]વિભક્તિનો વિપરિણામ કરવાથી મંત્રનું વૈદિકત્વ મટીને અવૈદિકત્વ પ્રાપ્ત થતું નથી, કેમકે પૂર્વમીમાંસાકાર જૈમિનિ ઋષિએ પણ પૂર્વમીમાંસાના ૯ મા અધ્યાયના પ્રથમ પાદમાં વિકૃતિમાં [2]ઊહ કરવાનુ અધિકરણ છે તેમાં "अग्नये जुष्टं निर्वपामि" એમ શ્રુતિમાં લખ્યું છે તેને બદલે "सूर्याय जुष्टं निर्वपामि" એવો ઊહ કરે તો પણ તેમાં દોષ નથી અને તે વૈદિકજ ગણાય એમ સિદ્ધ કરેલું છે. અર્થાત્ શ્રુતિમાં અગ્નિને માટે જુષ્ટનો નિર્વાપ કહ્યો એટલે જુષ્ટ કરીને નિર્વાપ કરવાનું કહ્યું છે તે ઉપલક્ષણના પ્રકારથી કહ્યું છે; માટે સૂર્યાદિકને વાસ્તે પણ નિર્વાપે કરીને જુષ્ટ કરવાનું શ્રુતિજ સૂચન કરે છે તેથી શ્રૌત છે. જેમ ઊહમાં અગ્નિને બદલે સૂર્ય લેવામાં પણ શ્રૌતપણું જતું નથી, તેમ અહિં શરણમંત્રમાં વિભક્તિનો વિપરિણામ કરવાથી શ્રૌતત્વ મટી જતું નથી. તેવીજ રીતે પૂર્વમીમાંસાના ૯મા અધ્યાયના ૪૧મા સૂત્રમાં કહેલ છે કે "विकारस्तत्प्रधाने स्यात्" 'તેના પ્રધાન પદમાં વિકાર થાય' એ સૂત્રના વ્યાખ્યાનમાં "अयं यजमान आयुराशास्ते" 'આ યજમાન આયુષ્યને ઇચ્છે છે.' આ ફલને પ્રકાશ કરનાર મંત્રમાં "सत्रिणामेते यजमाना आशासते" 'સત્રિયોના મધ્યમાં આ યજમાનો આશા રાખે છે' આમાં યજમાન શબ્દને પ્રથમા વિભક્તિના બહુવચનમાં મૂકેલો છે અને ક્રિયાપદને પણ બહુવચનમાં મુકવામાં આવ્યું છે. મતલબ કે પૂર્વ શ્રુતિમાં "यजमानः" અને "आशास्ते" એ જે એકવચનના પ્રયોગો લખવામાં આવ્યા છે તેનો વિપરિણામ કરી પ્રધાન પદ—કર્તા પદ—ની ક્રિયાનું પણ બહુવચન કરી

(૧) अर्थबलाद्विभक्तिलिङ्गवचनानां विपरिणामः અર્થના બલથી વિભક્તિ, લિઙ્ અને વચનનું બદલવું યુક્ત છે. (૨) 'प्रस्तुतासिद्ध्यर्थः पदपदैकदेशाविप्रक्षेप ऊहः' પ્રસ્તુત કાર્યની સિદ્ધિ માટે પદ અથવા પદના એક ભાગનો ઉમેરો કરવો તેનું નામ ऊह છે.

દેખડાવ્યું છે. એટલે ઉપર પ્રમાણે વિભક્તિવિપરિણામ કરવાનો અભિપ્રાય સૂચિત કર્યો છે. ત્યાં શ્રુતિમાં જે વિભક્તિ હોય તેને બદલે મંત્રમાં બીજી વિભક્તિનો ઊહ કરવો એમ સ્વીકારેલ છે. તે ઊહ વિપરિણામજ કહેવાય છે. વિપરિણામ શબ્દનો અર્થ નીચે પ્રમાણે સુપ્રસિદ્ધ છેઃ—

"प्रतीयमानेऽर्थे तात्पर्यनिर्वाहाय पदैकदेशान्यथाकल्पनं विपरिणामः"

'પ્રતીયમાન અર્થમાં તાત્પર્યની સિદ્ધિ માટે પદના એક ભાગનું અન્યથાકલ્પન કરવું તેનું નામ વિપરિણામ.'

આ વિપરિણામના લક્ષણાનુસાર "अयं यजमानः" એ મંત્રને બદલે "एते यजमानाः" એ પ્રમાણે વિપરિણામ કરવાનો અભિપ્રાય જૈમિનિ ઋષિએ સૂચવેલો છે. માટે ઉપર કહેલી ગોપાલતાપિનીય તથા શ્વેતાશ્વતરીય બન્ને શ્રુતિમાં કહેલ શબ્દની વિભક્તિનો વિપરિણામ "श्रीकृष्णः शरणं मम" એ શરણમંત્રમાં કરેલો છે તે યુક્તજ છે. તેથી વિપરિણામ કરવાથી તે મંત્રનું શ્રૌતપણું તદવસ્થજ રહે છે એ પણ શાસ્ત્રસિદ્ધ થયું.

ગીતામાં અષ્ટાક્ષર મન્ત્ર.

"श्रीकृष्णः शरणं मम" આ મંત્રનો ઉદ્ધાર ગીતાજીના ૧૮મા અધ્યાયની સમાપ્તિના શ્લોકથી પણ થયેલો છે.

"यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥

यत्र—જે ઠેકાણે અર્થાત્ જે મંત્રમાં योगेश्वरः योगे—अन्वये—ईश्वरः—प्रधानः અન્વયમાં પ્રધાન પદ—શ્રીકૃષ્ણ છે અને यत्र જે ઠેકાણે "पार्थो धनुर्धरः" पार्थः रक्षणार्थक'पा'धात्वर्थद्योतको धनुर्धरः धरतीति धरं धनुः धरं यस्य असौ धनुर्धरः—शर इति यावत्। स च स्वप्रकृतिभूतात्'शॄ'धातोः 'ल्यु'ट्येव रक्षणार्थको भवतीत्येतेन 'शरण'-पदोद्धारोऽवसेयः। तथा च 'कृष्णः शरणं' इत्येतावदुद्धृतं ज्ञेयम्। આ ઠેકાણે ધનુર્ધર શબ્દનો અર્થ એવો થાય છે કે ધનુષ જેને ધારણ કરે અર્થાત્ ધનુષ તીર—શરને ધારણ કરે છે. पार्थ શબ્દનો અર્થ રક્ષણરૂપ થાય છે. રક્ષણાર્થ ત્યારે સિદ્ધ થાય છે કે જ્યારે शर શબ્દની પ્રકૃતિ 'शॄ' ધાતુથી 'ल्युट्' પ્રત્યય કરીને શરણ શબ્દ બનાવ્યો જાય તેથી शरणं આ શબ્દનો ઉદ્ધાર થયો તો "कृष्णः शरणं" એટલું સિદ્ધ થયું "तत्र श्रीः" અર્થાત્ ત્યાં શ્રી શબ્દ થાય એટલે તાત્પર્ય એ છે કે શ્રી શબ્દ શ્રીસ્વામિનીજીનો વાચક છે. આ ઉપરથી શ્રી શબ્દનું પ્રથમોપાદાન પ્રકૃતિસિદ્ધ છે. જેમ બ્રહ્મવૈવર્તપુરાણમાં શ્રીકૃષ્ણજન્મખંડ અધ્યાય પર માં કહ્યું છે કે—

"ज[illegible]न्माता च प्रकृतिः पुरुषश्च जगत्पिता ।
ग[illegible]यसो त्रिजगतां माता शतगुणा पितुः ॥

અર્થ—'પ્રકૃતિ જગત્‌ની મા છે અને પુરૂષ જગત્‌નો પિતા છે પરંતુ પિતા કરતાં માતા ત્રણે જગત્ (ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્લોક)માં સોગણી મ્હોટી છે; તેથી સ્વામિનીવાચક श्री શબ્દને અભ્યર્હિત થવા સારૂ દ્વંદ્વ સમાસમાં પૂર્વનિપાત થયા કરે છે; માટે અહિં પણ श्री શબ્દનો પ્રથમ પ્રયોગ કર્યો છે. તેથી श्रीकृष्णः शरणं, આમ અર્ધો મંત્ર સિદ્ધ થયો. मम પદ અર્થાત્ પ્રાપ્ત થાય છે. એટલે શ્રીકૃષ્ણ કોનું શરણ? એટલે કહે છે કે મ્હારૂં અર્થાત્ मम એ શબ્દ સિદ્ધ થયો તો "श्रीकृष्णः शरणं मम" એ મંત્ર સંપૂર્ણ રીતે यत्र योगेश्वरः આ ગીતા પદ્યમાંથી પ્રકટ થયો.

હવે ઉત્તરાર્ધનો અર્થ—જે માર્ગમાં "श्रीकृष्णः शरणं मम" આ મંત્રનો ઉપદેશ થાય છે તે માર્ગમાં "विजयः भूतिः नीतिः मतिः ध्रुवा" જય, સમૃદ્ધિ, નીતિ, બુદ્ધિ ઇત્યાદિ સ્થિર થઇ રહે છે. આ કથનથી આ શ્લોકમાં અષ્ટાક્ષર મંત્રનું ગૌણ ફલ પણ કહ્યું છે.

"श्रीकृष्णः शरणं मम" આ મંત્ર સર્વ ફલદાયક તેમજ સર્વોદ્ધારક હોઇ સર્વોત્કૃષ્ટ છે. આ વાત નારદપંચરાત્રાદિ ભાગવતશાસ્ત્રોમાં સારી રીતે વર્ણવી છે જેમકે:—

किं मन्त्रैर्ब[illegible]भिर्विनश्वरफलैरायाससाध्यैर्मखैः ।
किञ्चिल्लोपविधानमात्रविफलैः संसारदुःखावहैः ।
एकः सन्नपि सर्वमन्त्रफलदो लोपादिदोषोज्झितः ।
श्रीकृष्णः शरणं ममेति परमो मन्त्रोऽयमष्टाक्षरः ॥

અર્થ—અતીવ પરિશ્રમથી સાધી શકાય છતાં અનિત્ય ફલવાળા, ક્રિયામાં કે ઉચ્ચારમાં જરા ફરક પડી જાય તો ઉલટુંજ ફલ આપનારા અહન્તા મમતાત્મક સંસારના દુઃખનેજ ફલનારા એવા યજ્ઞોથી શું? જ્યારે એક હોવા છતાં સર્વ મન્ત્રના ફલનો દાતા, ઉલટું સુલટું બોલી જવાય તોપણ જેમાં દુર્ગતિ તો થતીજ નથી એવો श्रीकृष्णः शरणं मम આ અષ્ટાક્ષર મંત્ર સર્વથી શ્રેષ્ઠ છે.

श्रीकृष्णः शरणं मम એ મંત્રમાં श्रीकृष्णः એટલો નામમંત્ર છે. અને शरणं मम એ શરણોપદેશ છે. તેથીજ આપણા સંપ્રદાયમાં નામ આપ્યું આ નામધારી છે એવી પ્રસિદ્ધિ છે. શ્રીકૃષ્ણનું નામ સર્વને સમાન હોવાથી તેનો ઉપદેશ લેવાનો

સર્વને અધિકાર છે. અને નામને મંત્રપણું તો સર્વ શાસ્ત્રમાં કહ્યું છે. 'प्रायश्चित्त-मयूख'માં 'સ્કંદપુરાણ'ના પ્રભાસખંડમાં ભગવદ્‌વાક્ય છે કેઃ—

नाम्नां मुख्यतरं नाम कृष्णाख्यं यत्परं तपः ।
प्रायश्चित्तमशेषाणां पापानां मोचकं परम् ॥

અર્થ—સર્વ નામોમાં શ્રીકૃષ્ણનામ એ ઉત્તમ તપરૂપ છે અને સમગ્ર પાપોથી મુકાવનારૂં ઉત્તમ પ્રાયશ્ચિત્તરૂપ છે.

તેથી ગૌતમીયતંત્રમાં "कृष्णेति द्वयक्षरो मन्त्रः" એમ કહેલ છે. પદ્મપુરાણમાં પણ

कृष्णेति वैष्णवं मन्त्रं श्रुत्वा मुक्तो भवेन्नरः ।

અર્થ—कृष्ण આ વૈષ્ણવ મંત્રને શ્રવણ કરીને પુરૂષ પાપથી મુક્ત થઇ જાય છે. 'બ્રહ્મવૈવર્તપુરાણ'ના શ્રીકૃષ્ણજન્મખંડમાં પણ કહેલ છે કેઃ—

गृहाण मम मन्त्रं च कृष्ण इत्यक्षरद्वयम् ।
सर्वेषामेव मन्त्राणां सारात्सारतरं परम् ॥

અર્થ—कृष्ण આ બે અક્ષરવાળા મ્હારા મંત્રને તું ગ્રહણ કર, જે, સર્વ મંત્રોના સારનો પણ ઉત્તમ સારરૂપ છે. કાશીખંડ અધ્યાય એકવીસમાંઃ—

गच्छता तिष्ठता वाऽपि स्वपता जाग्रता तथा ।
शयानेनोपविष्टेन जप्यो नारायणः सदा ॥

અર્થ—ચાલતાં, ઉભા રહેતાં, નિદ્રા કરતાં, જાગતાં, શયન કરતાં તેમજ બેસતાં પુરુષોએ नारायण નામ સદા જપ કરવા લાયક છે.

ઇત્યાદિ પ્રમાણોથી કેવલ નામને પણ મંત્રપણું સિદ્ધ છે. અને ભગવદ્‌-ભજનના જે અધિકારિ તે સર્વ નામમંત્રનો ઉપદેશ લેવાના અધિકારિ છે એમ સ્પષ્ટ સમજાયું. ભગવદ્‌ભજનના અધિકારિ બધા છે એમ શ્રીભાગવત સ્કંધ ૭, અધ્યાય ૭ માં પ્રહ્‌લાદજીએ દૈત્યના બાલકોપ્રતિ કહ્યું છે કેઃ—

देवोऽसुरो मनुष्यो वा यक्षो गंधर्व एव वा ।
भजन्मुकुन्दचरणं स्वस्तिमान् स्याद्यथा वयम् ॥

અર્થ—આપણની માફક દેવ, અસુર, મનુષ્ય, યક્ષ અથવા તો ગંધર્વ મુકુંદના ચરણનું ભજન કરતાં કલ્યાણયુક્ત થાય છે. તેમજ શ્રીભાગવત સ્કંધ ૧૧, અધ્યાય ૨–શ્લોક ૨ માં શ્રી શુકદેવજી કહે છે કેઃ—

को नु राजन्निन्द्रियवान् मुकुन्दचरणाम्बुजं ।
न भजेत्सर्वतोमृत्युरुपास्यममरोत्तमैः ॥

અર્થ—રાજન્! બ્રહ્મા વિગેરે દેવોને પણ ઉપાસના કરવા લાયક ભગવાનના ચરણારવિંદને સર્વ ઠેકાણેથી મરણના ભયવાળો એવો કોણ ઇન્દ્રિયવાળો પુરુષ હશે કે જે ન ભજે!

ઇત્યાદિક પ્રમાણોથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે ઇન્દ્રિયવાળા સર્વ પ્રાણીઓ ભગવાનના ભજનના અધિકારી છે. તેજ સર્વ નામમંત્રના પણ અધિકારિ છે માટે તેમાં કંઇ શંકા કરવાનો અવકાશ રહેતો નથી.

ઉપર પ્રમાણે શરણમંત્રનો ઉપદેશ ગ્રહણ કરવાની સર્વ (મુમુક્ષુ) ને આવશ્યકતા છે એમ સિદ્ધ થયું. તે શરણમંત્રનો ઉપદેશ ગ્રહણ કરવાથી શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન અને દાસ્ય એ સાત પ્રકારની ભક્તિ કરવાનો અધિકાર જીવને પ્રાપ્ત થાય છે.

શિષ્ય—પ્રશ્ન—આપે શરણનું સ્વરૂપ તથા શરણમંત્રોપદેશ ગ્રહણ કરવાની આવશ્યક્તા સિદ્ધ કરી. પરંતુ શરણમંત્રોપદેશ ગ્રહણ કર્યા પછી ભક્તે શરણની ભાવના કેવી રીતે કરવી? તે આજ્ઞા કરો.

ગુરુ—ઉત્તર—શરણમંત્રોપદેશ ગ્રહણ કર્યા પછી ભગવદ્ભક્તે આલોક તથા પરલોકસંબંધી યાવત્કાર્યોમાં શ્રીહરિનીજ શરણભાવના કરવી. તે એવી રીતે કે પોતાને કોઇ પણ પ્રકારનું દુઃખ પ્રાપ્ત થાય તો તેમાં, શરણમંત્રોપદેશ ગ્રહણ કર્યા પહેલાં થયેલાં પાપોમાં, અને શરણમંત્રોપદેશ ગ્રહણ કર્યા પછી પોતાના અજ્ઞાનથી કોઈ પ્રકારનું કંઇ પણ પાપ થઇ જાય તો તેમાં, તેમજ હવે પછી કોઇ પણ પ્રકારનું મ્હારાથી પાપ ન થાય તે બાબતમાં શ્રીહરિની શરણભાવના કરવી—કે હે પ્રભો! હવે પછી કોઇ પણ પ્રકારની મ્હારી પાપબુદ્ધિ ન થાય એવી શ્રીપ્રભુને વિજ્ઞપ્તિ કરવી. અને દેહ તથા ઇન્દ્રિયોથી કોઇ પણ પ્રકારના ભગવદપરાધરૂપ પાપ થઇ જાય તો તેમાં, પોતાને રાજ્યસંબંધી, કુટુંબસંબંધી, જ્ઞાતિસંબંધી, ચૌરાદિકસંબંધી અથવા તો ભગવદપરાધસંબંધી એ પ્રકારોમાંથી કોઇ પણ પ્રકારનો ભય ઉપસ્થિત થાય તેમાં, ઐહિક (દેહ તથા ઇન્દ્રિયસંબંધી) તથા પારલૌકિક (ભગવત્સંબંધી જે જે કામનાઓ આપણા મનમાં હોય તે) પૂર્ણ ન થાય ત્યાં, કોઇ ભગવદ્ભક્તનો દ્રોહ થઇ ગયો હોય તેનો પાછળથી પશ્ચાત્તાપ થાય કે મારાથી ભક્તનો અપરાધ થયો તે અપરાધ

કોઇનાથી પણ દૂર થઇ શકે તેમ ન હોવાથી તે બાબતમાં પણ શ્રીહરિની શરણ-ભાવના જ કરવી. શ્રવણાદિરૂપ ભગવદ્ભક્તિમાં પોતાનું ચિત્ત લાગતું ન હોય ત્યારે પણ શ્રીહરિની શરણભાવના જ કરવી. કોઈ ભગવદ્ભક્ત પોતાનું અપમાન કરે ત્યારે પણ એવું અનુસંધાન કરવું કે કારણ વગર કોઇનો પણ અતિક્રમ કરવાનો ભગવદ્ભક્તનો સ્વભાવ હોતો નથી. તેથી મારામાં જ કંઈ દોષ હશે તેથી ભક્તે મારો અતિક્રમ કર્યો છે; એમ વિચારી ફરીથી ભક્ત પોતાનો અતિક્રમ કરે એવો દોષ પોતાનામાં પ્રાપ્ત ન થાય તે માટે પણ શ્રીહરિની શરણભાવના જ કરવી. તેમ જ જે જે કાર્યો પોતાથી થઇ શકે તેવાં ના હોય અથવા સુખેથી કરી શકાય તેવાં હોય તે બધાંમાં શ્રીહરિની જ શરણભાવના કરવી. પોતાથી થઇ શકે તેવાં કાર્યોમાં પણ પોતે કર્યાનું અભિમાન કરીએ તો શરણધર્મ જતો રહે. માટે સુશક્ય કાર્યોમાં પણ 'આ કાર્ય શ્રીહરિએ જ સિદ્ધ કરાવ્યું છે' એવી ભાવના કરવી. જો શ્રીહરિની ઇચ્છા ના હોત તો તેમાં વિઘ્ન થાત. વળી; લૌકિક તથા અલૌકિક કાર્યોમાં પોતાને એવું અભિમાન થાય કે આ કાર્ય મેં મારા પ્રયત્નથી કર્યું છે, તો તે આસુરાવેશ કહેવાય. તે આસુરાવેશની નિવૃત્તિ માટે પણ શ્રીહરિની શરણભાવના જ કર્તવ્ય છે. પોતાને પોષણ કરવા યોગ્ય સ્ત્રી, પુત્ર, સેવકાદિનું પોષણ તથા રક્ષણ હું કરું છું એવું પણ અભિમાન કરવું નહિં, પણ આ બધાંનું પોષણ તથા રક્ષણ શ્રીહરિ જ કરે છે, એવી ભાવના કરવી. કોઇ વખતે સ્ત્રી, પુત્ર, દાસાદિ તથા શિષ્યો પોતાનો અતિક્રમ કરે ત્યારે પણ તેઓના ઉપર ક્રોધાદિક નહિં કરતાં શ્રીહરિની શરણભાવના જ કરવી. કારણ કે ક્રોધાદિક કરવાથી પોતામાં આસુરાવેશ થવાનો સંભવ રહે છે. તેમ જ ગુરુ પોતાના શિષ્ય ઉપર ક્રોધ કરે તો શિષ્યનું અનિષ્ટ જ થાય. તો કોઇનું પણ અનિષ્ટ કરવું એવો મહાપુરુષનો સ્વભાવ હોતો નથી; માટે તે બાબતમાં પણ શ્રીહરિની શરણભાવના જ કરવી. દેહ, ઈંદ્રિયો અને મન વિગેરેમાં પણ પ્રાકૃતાંશ રહેલ છે તેથી દેહ, ઈંદ્રિય, મન વિગેરેની પ્રવૃત્તિ લૌકિક કાર્યોમાં જ થાય છે. તે બધામાંથી પ્રાકૃતાંશની નિવૃત્તિ થઇ મન વગેરે અલૌકિક થઈ જાય તે માટે પણ શ્રીહરિની શરણભાવનાજ કરવી. અને અલૌકિક સર્વ પદાર્થની સંપત્તિ થવા માટે પણ શ્રીહરિની શરણભાવના જ કરવી. તાત્પર્ય કે શરણાગત જીવને લૌકિકા-લૌકિક સકલ કાર્યોમાં શ્રીહરિની શરણભાવના જ રક્ષણીય છે.

શિષ્ય—પ્રશ્ન (૧) શરણનું સ્વરૂપ, શરણમંત્રોપદેશ ગ્રહણ કરવાની આવશ્યકતા અને શરણમંત્રોપદેશ ગ્રહણ કર્યા પછી ભક્તે શરણની ભાવના કેવી રીતે કરવી, તે સર્વ વિસ્તારથી આપે સમજાવ્યું, તે યથાર્થ છે. અને તે ઉપરથી મારા મનમાં એવો પણ નિશ્ચય થયો છે કે શ્રીહરિને શરણે ગયા વગર આ મહાભયંકર

સંસારના ભયથી મુક્ત થવાનો બીજો કોઈ પણ ઉપાય નથી. માટે શ્રીહરિને શરણે અવશ્ય જવું. પરંતુ આપણા સંપ્રદાયમાં બીજો ઉપદેશ આત્મનિવેદનાત્મક બ્રહ્મસંબંધમંત્રનો આપવામાં આવે છે. તેનું તાત્પર્ય શું હશે? તે કૃપા કરી આજ્ઞા કરો.

आत्मनिवेदन.

गुरु-उत्तर—સર્વશાસ્ત્રોનો એવો અભિપ્રાય છે કે, જીવો ભગવાન્‌માંથી ઉત્પન્ન થયા ત્યારે તેને અવિદ્યાનો સમ્બન્ધ થવાથી પોતાના સ્વરૂપની વિસ્મૃતિ થઈ એટલે કે 'હું ભગવાન્‌નો અંશ છું' એ ભૂલાઈ જવાયું. એટલે તેને બંધ થયો. આ ઉપરથી સમજી શકાય છે કે અવિદ્યા લાગ્યા પહેલાં જીવ શુદ્ધ હતો પણ અવિદ્યાએ જ તેને બંધ કર્યો. તેથી તે બંધનું કારણ અવિદ્યા જ્યારે નિવૃત્ત થાય ત્યારે જીવને મોક્ષ મળે. પરન્તુ તે અવિદ્યા શી રીતે દૂર કરવી તે બાબતમાં મતવૈવિધ્ય રહેલું છે, જેમ કે માયાવાદી તથા સાંખ્યમતવાદી કહે છે કે 'અવિદ્યાનો સમૂલ નાશ કરવો જોઇએ' અવિદ્યાનો સમૂલ નાશ થાય ત્યારે જ મોક્ષ થાય. પરંતુ તેઓની માન્યતા પ્રમાણે દેહાદિકની સ્થિતિ રહે ત્યાં પર્યન્ત અવિદ્યાનો નાશ થવો અતીવ કઠિન છે. કારણ કે અવિદ્યા જેની દૂર થયેલી છે તેવા જીવન્મુક્ત પુરુષની દશાનું વર્ણન નીચેના શ્લોકમાં કરેલું છે કે:

> **देहं च नश्वरमवस्थितमुत्थितं वा**
> **सिद्धो न पश्यति यतोध्यगमत्स्वरूपम् ।**
> **दैवादपेतमुत दैववशादुपेतम्**
> **वासो यथा परिकृतं मदिरामदान्धः भा. ॥ ११–३–३६.**

'મદિરામદાન્ધ પુરુષને વસ્ત્ર પેહેરેલું છે, યા શરીર ઉપરથી પડી ગયેલું છે તેનું જેમ ભાન રહેતું નથી તે પ્રમાણે આત્મનિષ્ઠ પુરુષને પણ પોતાનો દેહ બેઠેલો છે, યા ઉભો છે, બહાર ગયો છે, યા બહારથી પાછો આવેલો છે, તેનું અનુસન્ધાન રહેતું નથી.

આ શ્લોકમાં કહ્યા પ્રમાણેની દશા (સ્થિતિ) જ્યારે થાય ત્યારે જ અવિદ્યાનો સમૂલ નાશ થયો કહેવાય, પરન્તુ તેવી દશા થવી માયાવાદીમતમાં અત્યન્ત દુર્લભ છે. કારણ કે માયાવાદી તો દેહને અવિદ્યાનું કાર્ય અને જીવને અવિદ્યામાં પડેલું બ્રહ્મનું પ્રતિબિંબ માને છે. તેથી દેહ તથા જીવ જ્યાં સુધી રહે ત્યાં સુધી તેમના મત પ્રમાણે અવિદ્યાનો નાશ ઘટી શકતો જ નથી. તેથી જ જીવન્મુક્ત દશા પણ તેમના મત પ્રમાણે સિદ્ધ થઈ શકતી નથી. કારણ કે અવિદ્યાના નાશ થયા પછી અવિદ્યાનું કાર્ય દેહ કે અવિદ્યામાં પડેલો પ્રતિબિંબરૂપ જીવ એ બન્ને રહી શકે જ નહિ.

તેમ જ સાંખ્ય મત પ્રમાણે તત્ત્વના વિચારથી પણ અવિદ્યાનો સમૂલ નાશ થવો અત્યન્ત કઠિન છે. આપણે માનીએ કે જ્ઞાનાદિકના દૃઢ અભ્યાસથી અથવા સાંખ્યમાં કહેલા તત્ત્વવિચારના દૃઢ અભ્યાસથી અવિદ્યાનું સ્વરૂપ જાણવામાં આવે કે 'અવિદ્યા દુઃખપ્રદ છે' પણ દેહયાત્રાનિર્વાહાર્થ અવિદ્યાનો અંશ તો તે સમયમાં પણ રહે જ છે; સમૂલ નાશ થતો નથી. કારણ કે અવિદ્યાનો અધ્યાસ જન્મજન્માંતરના સંસ્કારથી દૃઢ બંધાઇ રહેલો છે. તેથી તેનું છૂટવું અત્યન્ત કઠિન છે. વિચાર કરીએ તો એક સાધારણ અધ્યાસનો પણ નિઃશેષ નાશ કરવો બહુ કઠિન પડે છે, તો પછી અસંખ્ય જન્મના સંસ્કારથી દૃઢ બંધાયેલો અધ્યાસ છૂટવો તો ભારે કઠિન પડે તેમાં કહેવું શું ! પરંતુ તે અવિદ્યાની કાર્યભૂત અહન્તા મમતાને એક તરફથી છોડાવીને બીજી તરફ લગાડી શકાય છે. જેમ કે એક પુરુષ અફીણનો બંધાણી હોય, તેને આપણે કહીએ કે 'તું અફીણ ખાવું તદ્દન છોડી દે' તો તે વાત એ અફીણ ખાવાવાળા પુરુષથી એકદમ બની નહિ શકે, પણ ધીરે ધીરે એ પુરુષને ઝેરકોચલું અથવા જાયફળ વિગેરે અન્ય ઔષધોના સાધનથી અફીણ ખાવાનું દુર્વ્યસન છોડાવી શકાય છે. તેજ પ્રમાણે વેદાદિ સર્વ શાસ્ત્રોમાં, દેહાદિકની સર્વ ક્રિયાઓ ભગવદર્પણ, આત્માર્પણ કે બ્રહ્માર્પણ કરવી, એમ ભિન્ન ભિન્ન શબ્દથી અવિદ્યાના અધ્યાસને છોડવાનો સુગમ ઉપાય બતાવેલ છે. તે આ પ્રકારે સમજવો. અવિદ્યા બે પ્રકારની છે. એક ઈશ્વરકૃત અને બીજી જીવકૃત. વેદમાં કહ્યું છે કે "स नैव रेमे, स एकाकी न रमते, स द्वितीयमैच्छत्, स हैतावानास" 'તે પરમાત્માએ રમણ ના કર્યું, તે પરમાત્મા એકલા રમતા નથી, તે પરમાત્માએ બીજાની ઇચ્છા કરી, તે જ પરમાત્મા નિશ્ચય આ જગત્રૂપ થયા' ઇત્યાદિ શ્રુતિના અભિપ્રાય પ્રમાણે બાહ્ય રમણ કરવાની ઇચ્છાથી પરબ્રહ્મ પરમાત્મા આ જગતરૂપ થયા છે એમ વેદમાં કહેલું છે, તદનુસાર પરબ્રહ્મ પરમાત્મા જ્યારે આ દૃશ્યમાન પ્રપંચરૂપ થાય છે ત્યારે નીચેના શ્લોકમાં દર્શાવેલ પોતાની દ્વાદશ (બાર) શક્તિઓનો આવિર્ભાવ જગતમાં કરે છે.

श्रिया पुष्ट्या गिरा कान्त्या कीर्त्या तुष्ट्येलयोर्जया ॥
विद्ययाऽविद्यया शक्त्या मायया च निषेवितम् ॥ भा. १०-३४-५५.

'શ્રી, પુષ્ટિ, વાણી, કાન્તિ, કીર્તિ, તુષ્ટિ, ઇલા, સર્વસામર્થ્યરૂપ ઊર્જા, વિદ્યા, અવિદ્યા, શક્તિ(સર્વપ્રધાનભૂત ઇચ્છાશક્તિ) અને માયા આ બાર શક્તિથી નિષેવાયેલું બ્રહ્મ છે' આમાં અવિદ્યા પણ એક શક્તિ કહેલી છે. તે ભગવત્કૃત છે. તેનો નાશ તો જ્યારે ભગવાન્ પોતે કરે ત્યારે જ થઈ શકે છે, બીજા કોઈ પ્રકારે થઈ શકે નહિ. બીજી અવિદ્યા જીવે કરેલી છે કે જે અવિદ્યાનું કાર્ય અહંતા તથા મમતા છે; દેહાદિકમાં

અહંતા, અને દેહાદિના સંબંધી સ્રીપુત્રાદિમાં મમતા દૃઢ બંધાઈ જવાથી જીવને બંધ થાય છે, તે અહંતામમતા જ્યારે છૂટે ત્યારે મોક્ષ થાય. પણ દેહ રહે ત્યાં સુધી તે અહંતા મમતાનું નિઃશેષ છુટવું ઘણું જ કઠિન છે, એમ પહેલાં બતલાવ્યું છે. તેથી જ ભક્તિમાર્ગમાં આત્મનિવેદનદ્વારા અહંતામમતાનું પરિવર્તન કરાય છે. અર્થાત્ પોતાના અજ્ઞાનથી અનુક્રમે દેહ તથા જગતના વૈષયિક પદાર્થમાં માની રાખેલી અહંતા તથા મમતાનું પરિવર્તન કરી તે અહન્તામમતાને ભગવાનમાં લગાડવી. અને 'હું આ સ્થૂલસૂક્ષ્મ દેહાદિરૂપ નથી, પણ પરબ્રહ્મનો અંશ છું,' આ પ્રકારે નિશ્ચય કરવો તે અહંતાનું પરિવર્તન છે. અને દેહાદિકના સંબંધી સ્રી, પુત્ર, ધન અને રાજ્યાદિકમાં પોતાના અજ્ઞાનથી માની રાખેલી મમતાનું પરિવર્તન કરી એમ સમજવું કે 'આ બધું જગત ભગવાને સ્વક્રીડાર્થ બનાવેલું છે તેથી ભગવાનનું હોવાથી મેં મારાં માની રાખેલાં આ સ્રી, પુત્ર, ધન, રાજ્યાદિ પણ મારાં નથી પણ ભગવાનનાં જ છે, મારા તો એક ભગવાન જ છે' એ પ્રકારે નિશ્ચય કરવો તે મમતાનું પરિવર્તન છે. અહંતા તથા મમતાનું આવું પરિવર્તન અભ્યાસથી બની શકે છે. દૃષ્ટાંત તરીકે ગંગા નદીના મોટા પ્રવાહને તદ્દન બંધ કરવો હોય તો થઈ શકે નહિ, પણ તેને આડો બંધ બાંધીને બીજી તરફ લઈ જવો હોય તો પ્રયાસથી લઈ જઈ શકાય છે. તે જ પ્રમાણે પોતાના અજ્ઞાનથી જીવે દેહગેહાદિ વૈષયિક પદાર્થોમાં અહંતામમતા માની રાખેલી છે, તેનું આત્મનિવેદનદ્વારા પરિવર્તન કરી ભગવાનમાં લગાડવાથી દેહગેહાદિમાં ભગવદીયપણાનો—આ ભગવાન્નાં છે એવા ભાવનો—નિશ્ચય કરી શકાય છે. આવા પ્રકારની અહંતામમતા મોક્ષમાં પ્રતિબંધક ન થતાં સહાયક થાય છે. જેમ કેવલાદ્વૈતવાદમાં જીવોને બંધ કરનારી જ અહંતા अहं ब्रह्मास्मि એ અનુસંધાનમાં પણ રહે છે, છતાં તે અહંતા દેહાદિમાંથી છૂટી બ્રહ્મમાં લાગેલી હોવાથી મોક્ષને સિદ્ધ કરનારી થાય છે. તેથી ઉપનિષદોમાં અહંગ્રહની[1] ઉપાસના કહેલી છે. તેવી જ રીતે અહંતા તથા મમતાને આત્મનિવેદનદ્વારા દેહગેહાદિમાંથી છોડાવી ભગવાનમાં લગાડવાથી મોક્ષને સિદ્ધ કરી શકે છે.

જે પદાર્થમાં જે ગુણ હોય તેનું પરિવર્તન કરવાથી તે પદાર્થમાં બીજો ગુણ લાવી શકાય છે. જેમકે સોમલ મહાવિષ છે પરન્તુ ઉત્તમ વૈદ્યો પોતાની વિદ્યાના પ્રભાવથી સોમલને જુદાં જુદાં દ્રવ્યોની ભાવના આપી દાહાદિક ક્રિયા કરી તેનામાં રહેલા પ્રાણત્યાજક ગુણને હઠાવી જીવિતની વૃદ્ધિ કરે તેવો ગુણ

૧ "अहं ब्रह्मास्मि" એવો સર્વદા અભ્યાસ રાખવો તે અહંગ્રહોપાસના કહેવાય છે. કેટલાએક अहं सः सः अहं એમ શ્વાસોચ્છ્વાસ થયા કરે છે, તે (અજપા—નામની ગાયત્રી)ની ઉપાસનાને અહંગ્રહોપાસના કહે છે.

તેમાં પ્રાપ્ત કરી આપે છે. એટલે કે સોમલમાં એવો સહજ ગુણ રહેલો છે કે તે પેટમાં જતાં જ રુધિર સાથે મળીને સર્વાંગમાં વ્યાપ્ત થઈ જાય છે તે ગુણ તેનો આબાદ રહેવાથી તેને દ્રવ્યોની ભાવના આપીને જીવિતને વૃદ્ધિ કરનાર ગુણ જે વૈદ્યે કરેલો છે એ ગુણ પણ સોમલ પેટમાં જતાં જ રુધિરમાં મળી સમગ્ર શરીરમાં વ્યાપ્ત થઈ શરીરને તરત આરોગ્યવાળું કરી આપે છે. તેવી જ રીતે જે 'અહંતા' 'મમતા' વૈષયિક પદાર્થોમાં લાગેલી હોવાથી વિષની માફક દુઃખ આપી અંતે બંધ કરનારી છે, તેને આત્મનિવેદનદ્વારા પરિવર્તન કરી ભગવાન્‌માં લગાડવાથી તે જ અહંતામમતા સુખ આપનારી થઇને અંતે મોક્ષ દેનારી થાય છે. વળી, જેમ સોમલમાં જીવિતને હરવારૂપ દોષનિવૃત્ત કરી જીવનવર્ધક ગુણ લાવવા માટે અનેક દ્રવ્યોની ભાવના દેવારૂપ સંસ્કાર વૈદ્યો કરે છે ત્યાં સુધી તેને મહેનત પડે છે. જીવિતવર્ધક ગુણ તેનામાં આવી ગયે તે સોમલ સર્વ પ્રકારે સુખ દેનારું થાય છે. તેવીજ રીતે વૈષયિક પદાર્થોમાં લાગી રહેલી અહંતામમતાને તેમાંથી કાઢી ભગવાનમાં લગાડવી ત્યાં સુધીજ તેમાં પરિશ્રમ છે. પરન્તુ અભ્યાસ કરતાં કરતાં ભગવાનમાં લાગી ગયે તે અહંતામમતા આનંદરૂપ લાગે છે. તે અહંતામમતાના વિષયનું પરિવર્તન કરવામાં કંઈ તેવો મોટો પરિશ્રમ થતો હોય તેવું પણ કંઈ નથી. કેવલ ક્રિયાનો ઉદ્દેશ જ ફેરવવો પડે છે તે નીચેના વાકયથી સમજવામાં આવશે.

"आमयो यश्च भूतानां जायते येन सुव्रत ! ।
तदेव ह्यामयं द्रव्यं न पुनाति ? चिकित्सितम् ॥
एवं नृणां [illegible]ः सर्वे संसृतिहेतवः ।
त [illegible]वात्मविनाशाय कल्पन्ते कल्पिताः परे ॥ भा. १-५-३३-३४. ॥

અર્થઃ—'હે સુવ્રત! જે પદાર્થથી પ્રાણીઓને રોગ પેદા થાય છે તે જ[1] પદાર્થ બીજા પદાર્થની ભાવનાવાળો કરી આપવામાં આવે તો શું રોગ દૂર ન કરે'? એમ જ મનુષ્યોના સંસારના કારણરૂપ બનેલા ક્રિયાયોગો પરમાત્મામાં જોડવામાં આવે તો તે સંસારના વિનાશ માટે કલ્પાય છે.'

આટલાપરથી સમજાયું હશે કે અહંતામમતાનું પરિવર્તન કરવા માટે આત્મનિવેદનાત્મક બ્રહ્મસંબંધમંત્રનો ઉપદેશ કરવામાં આવે છે.

શિષ્ય—પ્રશ્ન (૨) આત્મનિવેદનાત્મક બ્રહ્મસંબંધમંત્રનો ઉપદેશ લેવાનું પ્રયોજન અહંતામમતાનું પરિવર્તન કરવું એ જ છે કે બીજું પણ કંઇ છે? તે આજ્ઞા કરો.

---

૧ જગતમાં પ્રસિદ્ધ છે કે જે બાલકને કેળાં ખાવાથી ભાર રહ્યો હોય તે બાલકને કેળાં બાળી પાવાથી ભાર નાશ પામે છે.

ગુરુ—ઉત્તર—અહંતામમતાનું પરિવર્તન કરવું એટલું જ માત્ર બ્રહ્મસંબંધમંત્રોપદેશ લેવાનું પ્રયોજન નથી પણ બ્રહ્મસમ્બન્ધ લેવાથી જીવોને લાગેલા દોષોની નિવૃત્તિ થાય છે, અને દોષનિવૃત્ત થવાથી શુદ્ધ બનેલા જીવને ભગવત્સેવા કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. કેમકે ભગવાન્ પોતે નિર્દોષ છે. તેમની સેવા દોષથી ભરેલા જીવથી થઈ શકે નહિ. તેટલા માટે તે દોષોની નિવૃત્તિ કરવી આવશ્યક છે. તે નિવૃત્તિ આત્મનિવેદનાત્મક બ્રહ્મસંબંધમંત્રોપદેશ લેવાથી થાય છે. પ્રથમ કહી આવ્યા તે પ્રમાણે સૃષ્ટિના આરંભમાં વ્યુચ્ચરણ પામેલા જીવોને ભગવાનની આવિર્ભૂત થયેલી દ્વાદશ શક્તિમાંહેની અવિદ્યાશક્તિનો સંબંધ થવાથી પોતાનું સ્વરૂપ ભૂલાયું, અને સૂક્ષ્મ તથા સ્થૂલ દેહનો સંબંધ થવાથી તે બન્ને દેહસંબંધી દોષો જીવોએ પોતાની કલ્પિત અવિદ્યાથી માની લીધા છે, તે દોષોની નિવૃત્તિ કરવી એ આત્મનિવેદનાત્મક બ્રહ્મસંબંધ કરવાનું મુખ્ય પ્રયોજન છે. તે બાબતમાં શ્રીઆચાર્યચરણોએ 'સિદ્ધાંતરહસ્ય' નામના ગ્રંથમાં નીચે પ્રમાણે આજ્ઞા કરેલી છે.

> "ब्रह्मसम्बन्धकरणात् सर्वेषां देहजीवयोः ।
> सर्वदोषनिवृत्तिर्हि दोषाः पञ्चविधास्स्मृताः ॥ २ ॥
> सहजा देशकालोत्था लोकवेदनिरूपिताः ।
> संयोगजास्स्पर्शजाश्च न मन्तव्याः कथञ्चन ॥ ३ ॥
> अन्यथा सर्वदोषाणां न निवृत्तिः कथञ्चन ।
> असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत् ॥ ४ ॥"

અર્થ:—બ્રહ્મસંબંધ કરવાથી સર્વના દેહ અને જીવના સર્વ દોષોની નિવૃત્તિ થાય છે, એ નિશ્ચય છે. તે દોષો પાંચ પ્રકારના કહ્યા છે. લોક તથા વેદે નિરૂપણ કરેલા એવા સહજ, દેશોત્થ, કાલોત્થ, સંયોગજ અને સ્પર્શજ એ પાંચ દોષો સેવાના[1] પ્રતિબંધકરૂપે કોઇ રીતે પણ વિચારવા નહિં. બ્રહ્મસંબંધ કર્યા સિવાય બીજાં પ્રાયશ્ચિત્તાદિકથી કોઇ પણ પ્રકારે સર્વ દોષોની નિવૃત્તિ થતી નથી. માટે બ્રહ્મસંબંધમંત્રોપદેશ લીધા પછી ભગવાનને જે વસ્તુ અર્પણ કરેલી નથી તેવી વસ્તુનો સંસર્ગ પણ છોડી દેવો. (૪)

---

૧ બ્રહ્મ જોડે સમ્બન્ધ કરવાથી દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ અને જીવ આ બધામાં, તેમજ તે બધાના ધર્મોમાં ભગવદીયપણાનું અનુસન્ધાન થવાથી, તેમજ દેહાદિક સર્વના સ્વામી તથા પ્રેરક ભગવાન છે, એવી સ્ફુરણા થતી રહેતી હોવાથી ભગવદીય ઉપર સહજાદિ દોષોની કશી સત્તા ચાલતી નથી. ભગવત્સેવામાં પ્રતિબન્ધ કરવાનું સામર્થ્ય દોષોમાં રહ્યું નહિ, તેથી સ્વરૂપતઃ દોષો આપણામાં સ્થિતિ કરે છે છતાં ભગવત્સેવામાં કશી અડચણ કરી શકતા નથી. તે સ્વરૂપથી સ્થિતિ કરતા દોષોની નિઃશેષનિવૃત્તિ ભગવત્સેવા કરતાં કરતાં થવાની, અન્ય કોઇ સાધનથી નહિ એમ સમજવું.

વિવેચન—બ્રહ્મસંબંધ કરવાથી સર્વે દોષોની નિવૃત્તિ થાય છે એમ જે ઉપર શ્લોકમાં કહ્યું છે તેનો અભિપ્રાય એવો છે કે બ્રહ્મસંબંધ એટલે ब्रह्मणा सह सम्यक् बन्धः ब्रह्म[illegible]: ભગવાન્ સાથે સારી રીતે—કદિ ન છૂટે તેવો—બન્ધ ગાંઠ વાળવી તેનું નામ બ્રહ્મસમ્બન્ધ. સૃષ્ટિકાલમાં ભગવાનને બાહ્યરમણ કરવાની ઇચ્છા થઇ ત્યારે "બૃહદારણ્યક"ના પુરુષવિધ બ્રાહ્મણમાં "स हैतावानास" તેજ ભગવાન્ આ જગતરૂપે થયા, ઇત્યાદિક શ્રુતિમાં સર્વ પ્રપંચરૂપ પરબ્રહ્મ પરમાત્મા પોતે જ થયા છે એમ નિરૂપણ કરેલ છે, અને શ્રીભાગવત અષ્ટમ સ્કંધ અધ્યાય ૨૨, શ્લોક ૨૦ માં વિંધ્યાવલિ (બલિ રાજાની સ્ત્રી)એ ભગવાન્‌ની સ્તુતિ કરતાં પણ કહ્યું છે કે—

"क्रीडार्थमात्मन इदं त्रिजगत् कृतं ते
स्वाम्यन्तु तत्र कुधियोऽपर ईश ! कुर्युः ॥

અર્થ—હે ઇશ ! આ ત્રિભુવનને આપે ક્રીડા કરવા માટે રચેલું છે, તેમાં આપને ભૂલીને પોતાનું સ્વામિપણું માનનારા દુષ્ટબુદ્ધિવાળા પુરુષો છે, બાકી સ્વામી તો આપ જ છો. એવું બતાવવા માટે ઈશ સંબોધન આપ્યું છે.

ઇત્યાદિક વાક્યોથી ખરી રીતે તો સર્વના સ્વામી ભગવાન જ છે છતાં જીવોએ દેહાદિકમાં સ્વત્વ (પોતાપણું) અને દેહના સંબંધીઓમાં સ્વીયત્વ મમતાપણું) બાંધી રાખેલ છે તેનો પરિત્યાગ કરીને આ ભગવાનનું છે એવું વિજ્ઞાપન કરવાની શ્રી-આચાર્યચરણને ભગવાને આજ્ઞા કરેલી છે. તે પ્રમાણે ભગવાનને અર્પણ કરેલા આત્મા વિગેરે સર્વ ભગવાનના છે એવું નિવેદન કરવાથી સ્થૂલ શરીર તથા લિંગ શરીરયુક્ત ચેતનાત્મક જીવને લાગેલા સર્વ દોષોની નિવૃત્તિ થાય છે. કેમકે ગીતા-જીમાં ભગવાને જ આજ્ઞા કરેલી છે કે:—

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय ! तत्कुरुष्व मदर्पणम् ॥
शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः ॥ अ. ९-१७॥

અર્થ—"હે કુંતીપુત્ર ! જે તું કરે છે, જે તું ખાય છે, જે તું અગ્નિમાં હોમ કરે છે, જે તું દાન આપે છે, જે તું તપ કરે છે, તે મને અર્પણ કર. એ પ્રમાણે કરવાથી શુભાશુભ ફળને આપનારાં કર્મબંધનોથી તું મુક્ત થઇ જઇશ." આ પ્રકારે ક્રિયા માત્ર ભગવાન્‌ને અર્પણ કરી દેવાથી તેના શુભાશુભ ફલથી મુક્ત થવાનું ભગવાને ઉપદેશેલું છે.

તે જ પ્રમાણે એકાદશ સ્કંધના બીજા અધ્યાયમાં નિમિરાજાને કવિ નામના યોગેશ્વરે પણ કહેલું છે કે:

"ધાનાસ્થાય નરો રાજન્ ! ન પ્રમાદ્યેત કર્હિચિત્ ।
ધાવન્નિમીલ્ય વા નેત્રે ન સ્ખલેન્ન પતેદિહ ॥ ૧૧-૨-૩૫ ॥

અર્થ—'હે રાજન્! જે પુરુષ ભગવદ્ધર્મોનો આશ્રય કરે છે તે પુરુષ વિઘ્નને પ્રાપ્ત થતો નથી. (વિઘ્નોથી નાશ પામતો નથી) આંખો મીંચીને દોડે તોપણ ભગવદ્ધર્મનો આશ્રય કરનાર આ જગતમાં ક્યાંય ઠોકર ખાતો નથી તેમ પડી જતો પણ નથી.' આ શ્લોકમાં કાયા, વાણી, અને મનવડે ભગવદીયપણાનું સર્વદા અનુસંધાન રાખવાનું ફલ તેમાં કોઈ વખત પ્રમાદ ન થાય એવું કહ્યું છે. માટે બ્રહ્મસંબંધ કરવાથી 'હું' અને મારા સંબંધવાળા સર્વ ભગવાનના છે એવું અનુસંધાન રહેવાથી પ્રાકૃત ગુણથી થતા દોષની નિવૃત્તિ થાય છે. આથી સમજાયું હશે કે નિવેદનાત્મક બ્રહ્મસંબંધ કરવાથી દોષનિવૃત્તિપૂર્વક ભગવત્સેવાનો અધિકાર સિદ્ધ થાય છે.

જે દોષોની નિવૃત્તિ થવાથી જીવને ભગવત્સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે તે દોષો ૧—સહજ, ૨—દેશોત્થ, ૩—કાલોત્થ, ૪—સંયોગજ, ૫—સ્પર્શજ એમ પાંચ પ્રકારના છે. આ પાંચ પ્રકારના દોષોમાં તમામ પ્રકારના દોષોનો સમાવેશ થઇ જાય છે. તે પાંચ પ્રકારના દોષોનું વિવરણ નીચે પ્રમાણે સમજવું.

સહજ—એટલે સ્વાભાવિક, જીવને અવિદ્યાનો સંબંધ થયો તે જીવનો સ્વાભાવિક દોષ છે. અવિદ્યાના સંબંધથી અહંતા મમતારૂપ અભિમાન થયું તે દ્વિતીય દોષ જીવને લાગેલો છે. ત્રીજો દોષ અવિદ્યાના સંબંધથી પ્રાણધારણ કરવાનો છે. એમ ત્રણ પ્રકારના સહજ દોષ જીવને લાગેલા છે. લિંગશરીરના સહજ દોષ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ક્ષુધા, તૃષા, વિગેરે છે. અને સ્થૂલશરીરના સહજ દોષ માતાપિતાના કફ, વાત, તથા પિત્તના વિકારથી તેમનાં શરીરમાં ઉત્પન્ન થયેલ કુષ્ઠ, વાત, રક્ત, ઉપદંશ, આદિ મહારોગના પ્રભાવથી તેમની સંતતિના શરીરમાં પણ તે દોષો પ્રાપ્ત થાય છે. તેમ જ માતાપિતાનું શરીર સ્થૂલ, કૃશ, શ્યામ, ગૌર, પિંગ, કાળાદાંતવાળું, કુનખી વગેરે જેવા વિકારવાળું હોય તેવા વિકારવાળું જ તેમની સંતતિનું શરીર થાય છે. તેથી તે દોષની ગણના પણ સ્થૂલદેહના સહજ દોષમાં થાય છે.

દેશોત્થ—મગધ, મરુ, સિન્ધ, કલિંગ વગેરે દેશોમાં જન્મવાથી અથવા ત્યાં જવાથી લાગનારા દોષ દેશોત્થ કહેવાય છે. માટે જ મિતાક્ષરા વગેરેમાં કહેલ છે કે:

અઙ્ગવઙ્ગકલિઙ્ગેષુ સૌરાષ્ટ્રમગધેષુ ચ ।
તીર્થયાત્રાં વિના ગત્વા પુનઃ સંસ્કારમર્હતિ ॥

'અઙ્ગ, વઙ્ગ, કલિઙ્ગ, સૌરાષ્ટ્ર અને મગધ આ દેશોમાં તીર્થયાત્રા વિના જનાર પુનઃસંસ્કારને લાયક થાય છે. એટલે કે ઉપર કહેલા દેશોમાં જવાથી તે દેશનાં ભૂમિ,

વાયુ અને જલાદિકના કારણથી તે દેશના સ્વભાવાનુસાર દ્રવ્યાદિક વ્યવહારમાં અવશ્ય પ્રાપ્ત થાય છે, એટલુંજ નહિ, પણ તે તે દેશને લાયક સ્વભાવ પણ થઈ જાય છે, આ દેશોત્થ દોષ કહેવાય છે. આ દોષ કેવલ [1]લિંગશરીર તથા સ્થૂલ શરીરનેજ પ્રાપ્ત થાય છે, જીવને નહિં. લિંગ શરીરના દેશોત્થ દોષો જેવા કે ગરમ દેશમાં તૃષા અધિક લાગવી, ઠંડા દેશમાં ક્ષુધા અધિક લાગવી વગેરે. સ્થૂલ શરીરના દેશોત્થ દોષો જેવા કે તૈલંગ દેશમાં અત્યન્ત શ્યામપણું, અને કાશ્મીર આદિ શીત દેશમાં અત્યન્ત ગૌરપણું વગેરે.

कालोत्थ—કાલના પ્રભાવથી થનારા દોષો કાલોત્થ કહેવાય છે. તેમાં કલિકાલના પ્રભાવથી, ગ્રીષ્મકાલ કે શીતકાલના પ્રભાવથી, બાલ્ય, યૌવન કે વાર્ધક્યના પ્રભાવથી, જન્મવખતે રહેલા દુર્મુહૂર્તના પ્રભાવથી, પ્રાતઃકાલ, મધ્યાહ્નકાલ, સાયંકાલ કે રાત્રિકાલમાં પ્રકૃતિ ભેદના પ્રભાવથી થનારા દોષોનો સમાવેશ થાય છે. તાત્પર્ય કે ઉપર જણાવ્યા મુજબ ઉત્પન્ન થનારા દોષો કાલોત્થ કહેવાય છે. તેમજ તેવા સમયમાં નિદ્રા, જાગરણ, કે આલસ્યાદિક પ્રાપ્ત થાય તે પણ કાલોત્થ દોષ સમજવા. આ કાલોત્થ દોષ પણ દેશોત્થ દોષની પેઠે સ્થૂલ તથા લિંગશરીરનેજ લાગુ પડે છે, જીવને નહિ. તેનો વિભાગ આ પ્રકારે છે. ભય, આલસ્ય, નિદ્રા, કાર્ય કરવામાં ઉત્સાહ ઇત્યાદિ લિંગ શરીરના કાલોત્થ દોષ છે. જ્યારે શીતકાલમાં શરીરમાં સ્ફૂર્તિ રહેવી, ઉષ્ણકાલમાં પસીનો થવો, કામ કરવામાં મંદતા રહેવી વગેરે સ્થૂલ શરીરના કાલોત્થ દોષ કહેવાય છે.

संयोगज—સંયોગથી ઉત્પન્ન થતા દોષ સંયોગજ કહેવાય છે. બુદ્ધિ તથા ઇચ્છાપૂર્વક મનના સંયોગથી ઉત્પન્ન થતા દોષ સંયોગજ છે. આ દોષ પણ લિંગશરીર તથા સ્થૂલ શરીરનાજ છે, જીવના નહિ. તેમજ લિંગશરીરમાં થતાં જ્ઞાન, ઇચ્છા, સંકલ્પ, વિકલ્પ આ બધાને અનુસરીને ચાલવું, જોવું, ખાવું, સાંભળવું ઇત્યાદિકમાં જે સ્થૂલ શરીરની પ્રવૃત્તિ થાય છે તે સ્થૂલ શરીરના સંયોગજ દોષ છે.

स्पर्शज—જ્ઞાન તથા ઇચ્છા ન હોવા છતાં કોઈ પદાર્થના સ્પર્શથી ઉત્પન્ન થનાર દોષ સ્પર્શજ દોષ કહેવાય છે. આ પણ સ્થૂલ તેમજ લિંગ શરીરના દોષો છે. વનમાં ચાલ્યા જતાં અચાનક સિંહાદિ ઘાતક પ્રાણી નજરે પડતાં ભય ઉત્પન્ન થાય છે, આ લિંગ શરીરનો સ્પર્શજ દોષ છે. કારણકે ઉપર જણાવ્યા મુજબ જ્ઞાન તથા ઇચ્છા ન હોવા છતાં સિંહાદિ ક્રૂર પ્રાણી સમીપ આવી જવાથી

---

૧. સ્પર્શ, શબ્દ, રૂપ, રસ, ગન્ધ આ પાંચ તન્માત્રા, ચક્ષુઃ, શ્રોત્ર, ઘ્રાણ, રસના, ત્વચા આ પાંચ જ્ઞાનેન્દ્રિય, વાણી, હાથ, ચરણ, પાયુ, ઉપસ્થ આ પાંચ કર્મેન્દ્રિય અને મન આ ષોડશ પદાર્થના સમૂહનું નામ લિંગદેહ છે.

ભય ઉત્પન્ન થયું છે. તેમજ સિંહાદિકને દેખવાથી થતો કંપ, અગ્નિપાસે આવવાથી થતો દાહ, આશ્ચર્યકારક પદાર્થ નિહાળવાથી થતાં રોમાંચાદિક, વગેરે સ્પર્શજ દોષ સ્થૂલ શરીરના કહેવાય છે. આ સહજ આદિ પાંચે દોષોનું નિરૂપણ લોક તથા વેદમાં કરાયેલું છે. [1]સૂક્ષ્મદેહવિશિષ્ટ જીવે દેહ[2], પ્રાણ[3], [4]ઇન્દ્રિય, [5]અન્તઃકરણ અને તેના[6] ધર્મો પોતાની સાથે ભગવાનને બ્રહ્મસમ્બન્ધ દ્વારા નિવેદન કરી દીધા પછી સહજ આદિ દોષો જીવને ભગવત્સેવામાં પ્રતિબન્ધ કરી શકે એવો પ્રકાર વેદમાં કે લોકમાં—સ્મૃતિમાં—અથવા લૌકિક વ્યવહારમાં—ક્યાંય પણ છે નહિ. તેથી બ્રહ્મસમ્બન્ધ લીધા પછી તે દોષો ભગવત્સેવામાં પ્રતિબન્ધક થશે એમ માનવું નહિ. આ બાબતમાં વિશેષ ખુલાસો એમ સમજવાનો છે કે, બ્રહ્મસમ્બન્ધ થવાથી દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ તથા તેના ધર્મોમાં, અને પોતાને વિષે 'આ બધાં ભગવત્સમ્બન્ધી છે, અને ભગવાને પોતાની સેવા કરાવવા માટે મને આપેલાં છે' એવું અનુસન્ધાન થવા લાગે છે. એટલે કે આ બધાના સ્વામી તથા પ્રેરક પ્રભુજ છે એવું અનુસન્ધાન થતું રહેતું હોવાથી બ્રહ્મસમ્બન્ધ લેતી વખતે ભગવદર્પિત અને ત્યાર પછી પ્રતિદિન ભગવત્સેવામાં ઉપયુક્ત થતા દેહાદિક ઉપર સહજ આદિ દોષોની કશી સત્તા ચાલતી નથી. તેથી તે દોષો, અગ્નિથી ભસ્મીભૂત વસ્ત્ર જેમ સ્વરૂપતઃ—આકારતઃ—હોવા છતાં તેનાથી કશું કાર્ય થઈ શકતું નથી, તેમ, સ્વરૂપતઃ હોવા છતાં પ્રતિબન્ધ કરવાનું પોતાનું કાર્ય કરી શકતા નથી. આ પ્રકારે ભગવત્સેવામાં પ્રતિબન્ધ કરવાનું જે સામર્થ્ય દોષોમાં હતું તે સામર્થ્ય નિવૃત્ત થઈ ગયું એજ અત્રે सर्वदोषनिवृत्ति પદથી વક્તવ્ય છે. તે દોષો સ્વરૂપતઃ પણ નિવૃત્ત થઈ ગયા એવું તાત્પર્ય નથી. જો દોષ નિવૃત્તિ એ રીતની થઈ જતી હોય તો પછી સાયુજ્યાદિ ફલપ્રાપ્તિ પણ બ્રહ્મસમ્બન્ધ લેનારને તત્ક્ષણ થઈ જવી જોઈએ. જે થતી આપણે જોતા નથી. આમ પ્રત્યક્ષનો વિરોધ પણ ન થાય તેટલા માટે 'બ્રહ્મસમ્બન્ધ કરવાથી સર્વ દોષોની નિવૃત્તિ થાય' એ શ્રીમદાચાર્યશ્રીની આજ્ઞાનો અભિપ્રાય 'નિર્દોષ પ્રભુની સેવામાં સદોષ જીવનો અધિકાર કેમ સંભવે!' એ શંકાની નિવૃત્તિ કરવામાંજ રહેલો છે. અર્થાત્ [7]અહન્તામમતાનાં પાત્રો ભગવાનને અર્પણ કરી દીધાથી તે ઉપરની પોતે માની રાખેલી સત્તા નિવૃત્ત થઈ જવાથી, તેમ

---

(૧) લિંગશરીર, જે પહેલા પાનામાં ટિપ્પણમાં બતલાવેલ છે તેનુંજ નામ સૂક્ષ્મ દેહ છે. (૨) પંચમહાભૂતથી બનેલો સ્થૂલ દેહ. (૩) પ્રાણ અપાનાદિ દશ પ્રાણ. (૪) પાંચ જ્ઞાનેન્દ્રિય તથા પાંચ કર્મેન્દ્રિય એ દશ ઇન્દ્રિય. (૫) મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ અન્તઃકરણ. (૬) ચાલવું તે દેહધર્મ, નેત્રથી જોવું વગેરે ઇન્દ્રિયોની પ્રવૃત્તિ તે ઇન્દ્રિયધર્મ, તેજ પ્રકારે પ્રાણોની તથા અન્તઃકરણની પ્રવૃત્તિ તેના તેના ધર્મ કહેવાય છે. (૭) અહન્તાનું પાત્ર દેહ, મમતાનાં પાત્ર સ્ત્રી, પુત્ર, ધન વગેરે.

પોતે પણ ભગવત્સમ્બન્ધી બન્યો, એટલે ભગવાન્‌ની સેવા સિવાય પોતા માટે પણ કશું કર્તવ્ય બાકી રહ્યું ન હોવાથી, સેવામાં પ્રતિબન્ધ કરવાનું સામર્થ્ય દોષોનું ચાલી ગયેલું હોવાથી, જીવે કરેલી સેવાનો પ્રભુ અંગીકાર કરે છે, તેમાં કશી શંકા રહેતી નથી. એજ અભિપ્રાય ‘ब्रह्मसम्बन्धकरणात्’ ‘सर्वदोषनिवृत्तिर्हि’ આ ચરણદ્વયીનો છે. આ પ્રમાણે પ્રથમ, પ્રતિજ્ઞારૂપ આત્મનિવેદન કરવાથી સામાન્ય રીતે સર્વ દોષોની નિવૃત્તિ થાય છે એમ સિદ્ધ થયું. ત્યાર પછી નીચે પ્રમાણે તે નિવેદનનો અભ્યાસ કરવાથી તે દોષોની સ્વરૂપતઃ પણ નિવૃત્તિ થઈ જાય છે.

તે અભ્યાસઃ—‘આ સર્વ પદાર્થ ભગવાન્‌ના છે, કોઈ પદાર્થમાં મારૂં સ્વત્વ લેશમાત્ર પણ નથી’ એવું અનુસન્ધાન રાખી કરવો. જો કે મંત્રોપદેશ લેવામાત્રથી જન્મ જન્માંતરથી બંધાયેલી અહન્તા તથા મમતાની પરાવૃત્તિ—દેહગેહમાંથી નિકળી પ્રભુતરફ લાગી જવી—તેજ ક્ષણમાં થઈ શકતી નથી તેથી તે થઈ શકશે નહિ એમ સમજી ઉપર જણાવ્યા મુજબનું અનુસન્ધાન કરવામાં શિથિલ બનવું નહિ, પણ મંત્રોપદેશ લીધાના સમયથીજ ‘સર્વ પદાર્થ ભગવાન્‌ના છે’ એવી રીતનો અંતઃકરણમાં દૃઢ નિશ્ચય થાય તેટલા માટે કાયિક, વાચિક, તથા માનસિક નિવેદનનો અભ્યાસ ચાલુ રાખવો.

कायिकः—કોઈ પણ પદાર્થ પોતાને ગમે તેવો પ્રિય હોય પરન્તુ ભગવાન્‌ને અર્પણ કર્યા પછીજ ભગવાન્‌ના પ્રસાદ તરીકે તે પદાર્થ પોતાના ઉપયોગમાં લેવો, જે અન્ન કે ફલાદિક પ્રભુને ભોગ ધરવાના પદાર્થો હોય તે બધા પોતે જાતેજ અતિપવિત્રતાપૂર્વક સિદ્ધ કરી પ્રભુને અર્પણ કરવા, પોતે જાતે જઈને સર્વ સામગ્રી લાવવી, ઉત્તમ સારી જોઈને લાવવી, વગેરે પોતાની કાયાથી જેટલી સેવા બને તેટલી કરવી એ કાયિક નિવેદનનો અભ્યાસ કહેવાય છે.

वाचनिकः—જે જે રીતિથી જે જે પદાર્થનું નિવેદન પ્રભુને કરી શકાતું હોય તે તે નિવેદનની બાબતમાં નિઃસાધન થઈ અત્યંત દીનતા રાખી તે તે પદાર્થ અંગીકાર કરવાની પ્રભુને પ્રાર્થના કરવી, તેમજ, સેવા કરતી વખતે અષ્ટાક્ષરમંત્ર, અથવા સેવાપદ્ધતિના શ્લોક તથા અષ્ટછાપનાં કીર્તનાદિનો ઉચ્ચાર કરવો, સર્વ પદાર્થ ભગવાન્‌ના છે સ્વપ્નમાં પણ કોઈ પદાર્થ સાથે મારો સંબંધ નથી એમ મુખથી કહેવું, નિવેદન મંત્રનો ઉચ્ચારણ કરતા રહેવું, સ્તોત્ર પાઠાદિકથી પ્રભુની સ્તુતિ કરવી, વગેરે વાણીથી જે જે કાર્ય થઈ શકતું હોય તે કરવું એ વાચનિક નિવેદનનો અભ્યાસ કહેવાય છે.

मानसिकः—કાયિક તથા વાચનિક જેટલું નિવેદન કરવામાં આવે તે સર્વની સાથે મનથી, શુદ્ધ સ્નેહ તથા અત્યંત દીનતાપૂર્વક પ્રભુ પાસે

અંગીકાર કરાવવાની ભાવના કરવી, નિવેદન મંત્રની અર્થાનુસંધાનપૂર્વક ભાવના કરવી, આ બધો માનસિક નિવેદનના અભ્યાસનો પ્રકાર છે. આ પ્રકારે કાયિક, વાચનિક તથા માનસિક ત્રણેય નિવેદનનો નિરંતર અભ્યાસ કરવાથી, તથા સાંપ્રદાયિક ગુરૂના મુખારવિંદથી સાંપ્રદાયિક ગ્રંથોનું શ્રવણ, તથા તેનું મનન નિદિધ્યાસન કરવાથી, શ્રવણાદિ દાસ્યપર્યન્તની સાત પ્રકારની ભક્તિનું સતત અનુષ્ઠાન કરવાથી, તેમજ '(1)મન, વચન અને કર્મ એ ત્રણેથી ભગવત્પરાયણ બનેલા વૈષ્ણવો સાથે નિવેદનનું સ્મરણ કરતા રહેવું' આ પ્રકારે નવરત્નમાં કરેલી શ્રીમદ્ વલ્લભાધીશની આજ્ઞા પ્રમાણે તાદૃશીજનોના સંગપૂર્વક નિવેદનનું સ્મરણ કરતાં રહેવાથી ક્રમે ક્રમે નિવેદન પૂર્ણ રીતિથી સિદ્ધ થાય છે. એટલે અહન્તા મમતારૂપ ચિત્તની વૃત્તિઓ વૈષયિક પદાર્થોમાંથી પરાવૃત્ત થઈને ભગવાન્‌માં લાગી જાય છે.

शिष्य–प्रश्न—આવી દોષની નિવૃત્તિ તો પ્રાયશ્ચિત્તાદિ કર્મ, જ્ઞાન, અને ભક્તિથી પણ થવા સંભવ છે ત્યારે आत्मनिवेदनની વિશેષતા શી?

गुरु–उत्तर—'अन्यथा सर्वदोषाणां न निवृत्तिः कथञ्चन' બીજા કોઈ પણ પ્રકારે સર્વ દોષોની નિવૃત્તિ સંભવતીજ નથી. કેમકે દોષના કારણરૂપ કર્મ, દેશ, કાલ વિદ્યમાન હોવાથી તેની સાથે સંયોગ અને સ્પર્શ થતો રહેવાથી संयोगज અને स्पर्शज દોષોની ઉત્પત્તિ તો અવશ્ય થતીજ રહેવાની. પરન્તુ જો आत्मनिवेदन કરે તો દોષયુક્ત જીવ, દેહ, આદિમાં 'આ ભગવાન્‌ના છે' એવું અનુસન્ધાન થતું રહેવાથી તે દેહાદિ ઉપર ભગવાન્‌ની સત્તા થઈ જાય છે, એટલે તે ભગવાન્‌ની માલેકી નીચે ચાલી ગયેલા દેહાદિ ઉપરથી પોતાની સત્તા નિવૃત્ત થઈ જવાથી संयोगज કિંવા स्पर्शज દોષો કંઈ કરી શકતા નથી. માટે आत्मनिवेदन કરવું એજ એકમાત્ર દોષનિવૃત્તિનું સાધન છે.

આત્મનિવેદનથીજ સર્વ દોષ નિવૃત્ત થાય છે તે બાબત વિસ્તૃત વિચાર.

શ્રીમદ્‌ભાગવતમાં ભગવાને ઉદ્ધવજીને કલ્યાણના ઉપાયો ઉપદેશતાં આજ્ઞા કરી છે કે 'હે ઉદ્ધવ! (1)મનુષ્યોનાં કલ્યાણ કરવાની ઇચ્છાથી જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ત્રણ ઉપાયો મેં કહેલા છે, ક્યાંયપણ આ ત્રણ સિવાય બીજો ઉપાય કલ્યાણમાટેનો નથી' તેજ પ્રમાણે રાજા પ્રાચીનબર્હિષ્‌ને નારદજીએ કલ્યાણનું સ્વરૂપ અને તે શા ઉપાયથી પ્રાપ્ત થાય તે સમજાવતાં ચતુર્થ સ્કન્ધમાં કહ્યું

---

(१) निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः। न. र.

(१) योगास्त्रयो मया प्रोक्ता नृणां श्रेयोविधित्सया।
ज्ञानं कर्म च भक्तिश्च नोपायोऽन्योऽस्ति कुत्रचित्॥ भा. ११-२०-६॥

છે કે—દુઃખના અભાવપૂર્વક સુખની પ્રાપ્તિ થવી તે શ્રેયસ્ કહેવાય છે. પરન્તુ તે કર્મમાર્ગથી પ્રાપ્ત કરી શકાતું નથી. કારણકે દુઃખની પ્રાપ્તિ પૂર્વમાં કરેલાં પાપકર્મોથીજ થાય છે. તેથી તે કર્મો નિવૃત્ત કરવામાં આવે ત્યારે દુઃખ નિવૃત્ત થાય, પરન્તુ '(1)કર્મથી કર્મની આત્યન્તિક નિવૃત્તિ ક્યારે પણ થતી નથી, કારણકે કર્મના અધિકારી અવિદ્યાયુક્ત હોવાથી ધર્મશાસ્ત્રમાં અવિદ્વાન્ અધિકારી માટે પ્રાયશ્ચિત્ત વિચારવામાં આવેલું છે. તાત્પર્ય કે દુઃખનું કારણ પણ પૂર્વનાં કર્મ, અને તેને નિવૃત્ત કરવાનું સાધન ચાન્દ્રાયણાદિ પ્રાયશ્ચિત્તાદિક પણ કર્મ. ત્યારે કીચડથી કીચડ શી રીતે પ્રક્ષાલન કરી શકાય? નજ કરી શકાય. આ પ્રકારે પ્રાયશ્ચિત્તાદિક કર્મો દોષોની આત્યન્તિકી નિવૃત્તિ કરી શકતાં નથી એમ સિદ્ધ થયું.

હવે જ્ઞાનથી દોષ નિવૃત્તિ થઈ શકે છે કે નહિ તે તપાસીએ. ગીતામાં અર્જુનના પ્રતિ ભગવાન્ આજ્ઞા કરે છે કે—'હે (2)અર્જુન! સારી રીતે પ્રજ્વલિત થયેલો અગ્નિ જેમ કાષ્ઠોને ભસ્મ કરી નાખે છે, તેમ જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોને ભસ્મ કરી નાખે છે.' 'नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते' 'જ્ઞાનના સરખું પવિત્ર આ દુનીયામાં કશું પણ નથી' આદિ વાક્યોથી જણાય છે કે જ્ઞાનથી દોષોની નિવૃત્તિ થાય છે. પરંતુ જ્ઞાનથી થતી દોષનિવૃત્તિ आत्मनिवेदनથી થતી દોષનિવૃત્તિ જેવી નથી. તેમજ જ્ઞાન સંપાદન કરવામાં રહેલું કાઠિન્ય અને आत्मनिवेदन થી સિદ્ધ થતી નિર્ગુણ ભક્તિ કરવામાં રહેલું સારલ્ય તપાસતાં आत्मनिवेदन કરી દોષ નિવૃત્તિ કરવામાંજ શ્રેય સમાયેલું છે. તે આ પ્રકારે. ભાગવતના ૬ઠ્ઠ સ્કન્ધમાં શ્રીશુકજી રાજા પરીક્ષિતૂને બોધ કરે છે કે હે રાજન્! "જે વ્યક્તિ કેવલ પથ્ય આહાર કરે છે તેને રોગાદિક દબાવી શકતા નથી, અર્થાત્ પથ્ય આહારાદિક સેવનાર જેમ આરોગ્યનો અધિકારી બને છે, તેજ પ્રમાણે હમેશાં નિયમ પાલન કરનાર વ્યક્તિ ધીરે ધીરે તત્ત્વજ્ઞાનનો અધિકારી બને છે. ૧૧ અગ્નિ જેમ વાંસના સમૂહને ભસ્મ કરી નાખે છે તેજ પ્રમાણે ધર્મજ્ઞ ધીર પુરૂષ શ્રદ્ધાન્વિત થઈને તપસ્યા, બ્રહ્મચર્ય, શમ, દમ, દાન, સત્ય, શૌચ, યમ તથા નિયમનું પાલન કરીને કાયિક, વાચિક તથા માનસિક પાપને પણ દૂર કરી શકે છે. ૧૨–૧૩." અહીં અગ્યારમા શ્લોકમાં પથ્ય ખાનારનું દૃષ્ટાન્ત આપીને નિયમથી રહેનારને ધીરે ધીરે જ્ઞાનપ્રાપ્તિ બતાવી છે. ત્યાર પછી બારમા શ્લોકમાં

---

(१) कर्मणा कर्मनिर्हारो न ह्यात्यन्तिक इष्यते ।
अविद्वदधिकारित्वात् प्रायश्चित्तं विमर्शनम् ॥ भा. ६-१-११ ॥

(२) यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात् कुरुतेऽर्जुन ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुते तथा ।

જ્ઞાન પ્રાપ્તિ માટે તપસ્યાદિ સાધનોનો ઉપદેશ કરી તેરમા શ્લોકમાં પાપ નાશ થવાનું લખ્યું છે. અને શ્રીધરસ્વામી તપ આદિની વ્યાખ્યા કરતાં કહે છે કે "મન અને ઇન્દ્રિયની એકાગ્રતા એ પરમ તપ છે" એ સ્મૃતિ વાક્યથી એકાગ્રતાનું નામ તપ છે. સ્ત્રીનું સ્મરણ કરવું, તેની વાતો કરવી, તેની સાથે ક્રીડા કરવી, તેની સામું જોવું, એકાન્તમાં તેની સાથે વાતો કરવી, તેને મળવાનો નિશ્ચય કરવો, અને કામની નિવૃત્તિ કરવી આ અષ્ટાંગમૈથુ નથી વિપરીત તે **બ્રહ્મચર્ય**, મનોનિગ્રહ તે **શમ**, બાહ્ય ઇન્દ્રિયોનો નિગ્રહ તે **દમ**, દાન દેવું તે **ત્યાગ**, સત્ય ભાષણ કરવું તે **સત્ય**, દેહાદિકની અશુદ્ધિ નિવૃત્ત કરનાર આચાર તે **શૌચ**, અહિંસાદિક તે **યમ** અને જપાદિક તે **નિયમ**." આ પ્રકારે બહુ કાલપયન્ત તપ આદિ સાધનોનું અનુષ્ઠાન કરવામાં આવે ત્યારે જ્ઞાનથી દોષ નિવૃત્ત થાય, પરંતુ આજ કાલના સમયમાં ઉપર્યુક્ત સાધનો થવાં ઘણાંજ કઠિન છે એટલે કે સાધનોજ ન બની શકે ત્યારે તે સાધનોથી સિદ્ધ થનારૂં જ્ઞાન તો ક્યાંથીજ મળી શકે, ત્યારે જ્ઞાનથી દોષનિવૃત્ત કરવાની વાત પણ ક્યાં રહી ! આમ જ્ઞાનથી પણ દોષોની નિવૃત્તિ થઈ શકતી નથી એ બતાવ્યું. વળી, જ્ઞાન માટે ક્લેશ ઉઠાવનારને જ્ઞાન મલતું યે નથી ક્લેશ જ મળે છે, એ બાબત બ્રહ્મ-સ્તુતિમાં કહેલું છે કે—

श्रेयःस्रुतिं भक्तिमुदस्य ते विभो क्लिश्यन्ति ये केवलबोधलब्धये ।
तेषामसौ क्लेशल एव शिष्यते नान्यद्यथा स्थूलतुषावघातिनाम् ॥ भा. १०-१४-४ ॥

અર્થ—'હે વિભો ! જે લોકો કલ્યાણકારિણી આપની ભક્તિને છોડીને કેવલ જ્ઞાન પ્રાપ્તિ માટે ક્લેશ સહન કરે છે તેના હાથમાં ક્લેશજ આવે છે, બીજું કશું પણ નહિ. જેમ કમોદનાં જાડાં ફોતરાં (ચોખા કાઢી લીધેલા હોવાથી) ખાંડનારને ખાંડવાની મહેનત સિવાય બીજું કશું હાથ લાગતું નથી તેમ.' તે છતાં ઘણાજ કષ્ટથી જ્ઞાન પ્રાપ્ત કરે તો પણ તે શુષ્ક જ્ઞાનીને ભગવાનના ભજનાદિક સાથે કંઈ સંબંધ ન હોવાથી જ્ઞાનપ્રભાવથી પ્રાપ્ત કરેલા ઉચ્ચ સ્થાનથી પણ તે પાછો નીચે પડે છે. તે બાબત ગર્ભસ્તુતિમાં બ્રહ્માદિક દેવતાઓએ ભગવાનની સ્તુતિ કરતાં કહેલ છે કે—

येऽन्येऽरविन्दाक्ष विमुक्तमानिनस्त्वय्यस्तभावादविशुद्धबुद्धयः ।
आरुह्य कृच्छ्रेण परं पदं ततः पतन्त्यधोऽनादृतयुष्मदङ्घ्रयः ॥ भा. १०-२-३२॥

અર્થ:—ભક્તિમાર્ગીયથી અન્ય જે શુષ્કજ્ઞાનીઓ 'અમો મુક્ત છીએ' એમ માનનારા પણ વસ્તુતઃ મુક્ત થયા નથી, અને આપમાં ભાવરહિત હોવાથી જેઓની બુદ્ધિ પણ વિશુદ્ધ બની નથી તેવાઓ મહા મુશીબતે પરમ પદ ઉપર ચઢીને પણ

પાછા નીચે પડે છે, કારણ કે આપના ચરણકમલનો તેઓએ આદર કરેલો નથી.' આ બધા સંદર્ભથી પણ સિદ્ધ થાય છે કે કેવલ જ્ઞાન પણ શ્રેયને દુઃખાભાવપૂર્વક સુખને સિદ્ધ કરી શકતું નથી, એટલે જ્ઞાનમાર્ગથી પણ દોષોની આત્યન્તિકી નિવૃત્તિ થઇ શકતી નથી.તેથી સુખસાધ્ય ભક્તિમાર્ગ જ શ્રેષ્ઠ છે. અને આજના સમયમાં વિશેષે કરીને તેજ અવલમ્બન કરવા યોગ્ય છે. કારણ કે જેને પૂર્ણ વૈરાગ્ય હોય તેજ જ્ઞાનનો અધિકારી બની શકે છે. અને જેને પૂર્ણ વૈરાગ્ય નથી તેમજ સંસારમાં અતિ આસક્તિ પણ નથી, તેવો પુરૂષ ભક્તિમાર્ગનો અધિકારી બને છે. આ પ્રકારે જ્ઞાન-માર્ગ તેમજ ભક્તિમાર્ગના અધિકારીનું સ્વરૂપ સમજાયા પછી પણ વિચાર કરવાથી જણાશે કે આજના સમયમાં તેવા જીવો ઘણા છે કે જેઓને અત્યન્ત વૈરાગ્ય પણ પ્રાપ્ત થયેલું નથી તેમ સંસારમાં ઘણા રચ્યા પચ્યા પણ રહેતા નથી. માટે કલિકાલમાં જીવોના કલ્યાણ માટે એક ભક્તિમાર્ગજ આશ્રયણીય છે જ્ઞાનાદિ માર્ગો નહિ.

જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ, તથા ભક્તિમાર્ગ કેવાઓને ફળે છે તે બાબત એકાદશ સ્કન્ધમાં જ્ઞાની ભક્ત ઉદ્ધવજીને ભગવાન્ આજ્ઞા કરે છે કે 'હે ઉદ્ધવ! [1]કર્મનું ફળ દુઃખરૂપ છે એમ માનીને કર્મથી વિરાગ પામેલા, અને તેથીજ કર્મોનો ત્યાગ કરીને–તેના ફળનો ત્યાગ કરીને–નિષ્કામ કર્મ કરનારા એવા પુરૂષોને જ્ઞાનમાર્ગ ફલપ્રદ થાય છે, અને કર્મના ફળને સુખરૂપ માનીને કર્મથી વિરાગ ન પામેલા કામનાયુક્ત એવા પુરૂષોને કર્મમાર્ગ ફલપ્રદ બને છે, અને જેને ભગવદિચ્છાથી મ્હારી કથા વગેરેમાં શ્રદ્ધા ઉત્પન્ન થઈ ચૂકી છે, અને કર્માદિક ન કરવાં એવા વિચારવાળા પણ નથી તેમ કર્મના ફળમાં આસક્તિવાળા પણ નથી તેવા પુરૂષને ભક્તિમાર્ગ ફલપ્રદ થાય છે.' આ ભગવદ્વાક્યથી પણ કલિમાં ભક્તિમાર્ગજ સર્વથા આશ્રણીય છે એમ સિદ્ધ થાય છે. તે ભક્તિમાર્ગથી સર્વ દોષોની નિવૃત્તિ થઈ જાય છે તે બાબત પ્રથમ કહી આવ્યા છીએ છતાં તે બાબતમાં શ્રીમદ્ ભાગવત વચન પણ આપીએ છીએ—

केचित्केवलया भक्त्या वासुदेवपरायणाः ।
अघं धुन्वन्ति कार्त्स्न्येन नीहारमिव भास्करः ॥ भा. ६-१-१५ ॥

"હે રાજન્! વાસુદેવપરાયણ—શ્રીકૃષ્ણનેજ સાધન તથા ફળ માનનારા—કોઈ વિરલા ભગવદીયો, સૂર્ય જેમ ઝાકળનો સર્વાંશે નાશ કરી નાખે છે તેમ પોતાનાં

---

(૧) निर्विण्णानां ज्ञानयोगो न्यासिनामिह कर्मसु ।
तेष्वनिर्विण्णचित्तानां कर्मयोगस्तु कामिनाम् ॥
यदृच्छया मत्कथादौ जातश्रद्धस्तु यः पुमान् ।
न निर्विण्णो नातिसक्तो भक्तियोगोऽस्य सिद्धिदः ॥ भा. ११-२०-७-८ ॥

પાપોને સંપૂર્ણપણે નાશ કરી નાખે છે. પરંતુ આવા ભગવાન્ ઉપરજ ભરોસો રાખનારા ભગવદીયો દુનીયામાં થોડા હોય છે તેથી શ્લોકમાં क्वचित् એ પદ મૂકવામાં આવ્યું છે. જ્ઞાન વડે પાપ નાશ કરવામાં તપ વગેરે નવ સાધનોની આવશ્યકતા પડે છે તેમ ભક્તિ વડે પાપ નાશ કરવામાં ભક્તિથી ઈતર કોઈ સાધનની આવશ્યકતા પડતી નથી એવું જણાવવા ભક્તિનું વિશેષણ केवलया એવું આપ્યું છે. અત્ર જ્ઞાનથી થતા પાપનાશમાં (1)અગ્નિ અને વાંસની ઝાડીનું દષ્ટાંત આપ્યું છે, અને ભક્તિથી થતા પાપ નાશમાં (2)સૂર્ય અને ઝાકળનું દષ્ટાન્ત આપેલું છે તેનું તાત્પર્ય એવું છે કે અગ્નિથી આખું વાંસનું જંગલ ભસ્મ થઈ જાય છે છતાં જેમ તેની ભસ્મ—કોયલા વગેરે—તો બાકી રહેજ છે, તેથી ફરીને ઉગવાનો તેનો સંભવ પણ રહે છે, તેજ પ્રકારે જ્ઞાનથી થતા પાપ નાશમાં પણ ફરીને પાપને ઉદય થવાનો સંભવ છેજ. પરંતુ સૂર્યના પ્રકાશ આગળ ઝાકળનું જેમ નામનિશાન પણ રહેતું નથી તેમ ભક્તિથી પાપનાશ થયા પછી ફરીને પાપ ઉદય સંભવતો નથી. ભક્તિથી પાપની—દોષની—નિવત્તિ જે પ્રકારે થાય છે તે પ્રકારની પાપનિવૃત્તિ તપ આદિ કોઈ પણ સાધનોથી થતી નથી. તે બાબતમાં શ્રીમદ્ભાગવતમાં શ્રી શુકાચાર્યે રાજા પરીક્ષિત્‌ને બહુ સારી રીતે સમજાવ્યું છે, તે આ પ્રકારે—

न तथा ह्यघवान् राजन् पूयेत तप आदिभिः ।
यथा कृष्णार्पितप्राणस्तत्पूरुषनिषेवया ॥

'હે રાજા ! શ્રીકૃષ્ણમાં જેણે પોતાનાં પ્રાણ અર્પણ કરેલાં છે તેવો ભક્ત ભગવદીયોની સેવા કરવાથી જે પ્રકારે પવિત્ર થાય છે તે પ્રકારે પાપી મનુષ્ય તપ આદિ સાધનોથી પવિત્ર થઈ શકતો નથી'

सध्रीचीनो ह्ययं लोके पन्थाः क्षेमोकुतोभयः ।
सुशीलाः साधवो यत्र नारायणपरायणाः ॥

દુનિયામાં આ ભક્તિમાર્ગજ અત્યન્ત સારો છે. કારણકે તે અકુતોભય છે. એટલેકે તેમાં ક્યાંયથીપણ ભય આવવાનો સંભવ નથી, તેમ આનન્દરૂપ છે. એટલામાટેજ સદાચરણી સાધુપુરૂષો નારાયણપરાયણ બનીને આ ભક્તિમાર્ગમાં સ્થિતિ કરે છે.

प्रायश्चित्तानि चीर्णानि नारायणपराङ्मुखम् ।
न निष्पुनन्ति राजेन्द्र सुराकुम्भमिवापगाः ॥

---

(१) क्षिपन्त्यघं महदपि वेणुगुल्ममिवानलः ॥ भा ६-१-१४॥
(२) अघं धुन्वन्ति कार्त्स्न्येन नीहारमिव भास्करः ॥ भा. ६-१-१३. ॥

અર્થઃ—હે રાજેન્દ્ર ! જેમ મદિરાના ઘડાને કોઈ પણ નદી—પછી તે ગંગા હોય કે નર્મદા—પવિત્ર કરી શકતી નથી તેમ ગમે તેટલાં પ્રાયશ્ચિત્તો કરવામાં આવે પણ નારાયણથી પરાઙ્મુખ પુરૂષને તે પવિત્ર કરી શકતાં નથી"

स[illegible]न्मनः कृष्णप[illegible]रविन्द[illegible]र्निवेशितं तद्गुणरागि यैरिह ।
न ते यमं पाशभृतश्च तद्भटान् स्वप्नेपि पश्यन्ति हि चीर्णनि[illegible]ताः ।

અર્થઃ—જે મનુષ્યોએ આ લોકમાં શ્રીકૃષ્ણના ગુણોમાં પ્રેમ રાખતું એવું પોતાનું મન એક વખત પણ શ્રીકૃષ્ણના ચરણકમલમાં લગાવી દીધું છે તેવા પુરૂષો સ્વપ્નમાં પણ યમરાજ અથવા તેના દૂતોને જોતા નથી, કારણ કે શ્રીકૃષ્ણના ચરણકમલમાં મન લગાડવાથી તેનાં બધાં પ્રાયશ્ચિત્ત થઈ ચૂક્યાં છે.'

આ સંપૂર્ણ કથનનો અભિપ્રાય એવો છે કે ભક્તિથીજ સર્વ દોષોની નિવૃત્તિ બરોબર થાય છે, અન્યથી નહિ. માટે શ્રીશુકદેવજીના મતાનુસાર પણ આ કલિમાં ભક્તિમાર્ગજ અવલંબનીય છે. તે ભક્તિ, શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વન્દન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન એમ નવ પ્રકારની છે. આ નવેય પ્રકારની ભક્તિ પ્રભુમાં આપણો સ્નેહ ન થયો હોય તે દરમ્યાન કરવામાં આવતી સાધનરૂપ કહેવાય છે. અને સ્નેહ ઉદય થયા પછી કરવામાં આવતી ફલરૂપ કહેવાય છે.

મહદ્વિમૃગ્ય ભક્તિયોગ.

ભક્તિમાર્ગમાં એક મહદ્વિમૃગ્ય ભક્તિયોગ કહેવાય છે, જે માટેનો પ્રશ્ન એકાદશ સ્કન્ધના ઓગણીશમા અધ્યાયમાં ઉદ્ધવજીએ ભગવાન્ પ્રતિ કરેલો છે કે 'હે વિશ્વેશ્વર'! બ્રહ્માદિ મહાન્ પણ જે ભક્તિની શોધ કર્યા કરે છે તે આપનો ભક્તિયોગ કૃપા કરીને મને કહો' તેનો ઉત્તર આપશ્રી આપે છે કે 'હે 'ઉદ્ધવ ! હું તુંને ભક્તિયોગ પહેલાંજ કહી ચૂક્યો છું પરંતુ તૂં શ્રદ્ધાપૂર્વક તેની શ્રવણ કરવાની પ્રીતિ રાખે છે તેથી ફરીને મારી મહદ્વિમૃગ્ય ભક્તિના કારણને વિશેષરૂપે કહું છું.' અત્ર શ્રીઠાકોરજીએ પોતાની મહદ્વિમૃગ્ય—બ્રહ્માદિક મ્હોટા પણ જેની હજી સુધી ખોજજ કરે છે તેવી—પ્રેમલક્ષણા ભક્તિના કારણ તરીકે આત્મનિવેદનનેજ બતાવેલ છે, જેમ કે " एवं धर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनाम् । मयि संजायते भक्तिः कोन्योर्थोस्यावशिष्यते ॥ "હે ઉદ્ધવ ! આ પ્રકારે **આત્મનિવેદન કર્યા પછી** મારી કથા શ્રવણ કરવી, નિરંતર મારૂં કીર્તન કરવું આદિ ભગવદ્ધર્મોનું આચરણ કરવાથી મ્હારામાં ભક્તિ ઉત્પન્ન થાય છે કે જે ઉત્પન્ન થયા પછી તેને કોઈ પુરૂષાર્થ બાકી રહેતો નથી"

---

(૧) आख्याहि विश्वेश्वर विश्वमूर्ते त्व[illegible]क्तियोगं च महद्विमृग्यम् ।
(२) भक्तियोगः पुरैवोक्तः प्रीयमाणाय तेऽनघ ।
पुनश्च कथयिष्यामि मद्भक्तेः कारणं परम् ॥

માટે આત્મનિવેદન કર્યા પછીજ કરવામાં આવતી શ્રવણાદિક ભક્તિ બ્રહ્માદિ દુર્લભ એવી ભક્તિની સાધિકા હોવાથી, તેમજ આત્મનિવેદન કર્યા સિવાય શ્રવણાદિ ભક્તિ કરવાનો અધિકાર પણ પ્રાપ્ત ન થતો હોવાથી ભક્તિમાર્ગના અધિકાર રૂપ બ્રહ્મસમ્બન્ધ લઈ સ્વકીય દોષોની નિવૃત્તિ કરવી.

શિષ્ય–પ્રશ્ન–કૃપાનાથ ! કેવલ નિવેદનાત્મક બ્રહ્મસમ્બન્ધ મન્ત્રોપદેશ લેવાથી સર્વ જીવોના સર્વ દોષોની નિવૃત્તિ થઈ નિર્દોષ પ્રભુની સેવા કરવાનો અધિકાર જીવને શી રીતે પ્રાપ્ત થાય તે કૃપા કરી આજ્ઞા કરો.

ગુરુ–ઉત્તર–ગાયત્રીમન્ત્રનો ઉપદેશ લેવા માત્રથી અજ્ઞાની બાલકને જેમ સર્વ વૈદિક કર્મ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે તેવી રીતે બ્રહ્મસમ્બન્ધ મંત્રોપદેશ ગ્રહણ કરવા માત્રથી જીવને ભગવત્સેવા કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. અર્થાત્ ગાયત્રીમન્ત્રોપદેશ ગ્રહણ કર્યા પહેલાં વૈદિક કર્મ કરવામાં પ્રતિબન્ધરૂપ જે દોષો હતા તે બધા ગાયત્રીમન્ત્રના ગ્રહણ કરવાથી નિવૃત્ત થઈ ગયા એટલે તે ગાયત્રીમન્ત્રોપદેશ ગ્રહણ કરનારની બધાં વૈદિક કર્મ કરવામાં અધિકારરૂપ સ્વરૂપયોગ્યતા સિદ્ધ થાય છે, તેજ પ્રમાણે બ્રહ્મસમ્બન્ધ મન્ત્રોપદેશ ગ્રહણ કર્યા પહેલાં ભગવત્સેવામાં પ્રતિબન્ધરૂપ જે દોષો હતા તે બધા બ્રહ્મસમ્બન્ધ મન્ત્રોપદેશ ગ્રહણ કરવાથી નિવૃત્ત થઈ ગયા; એટલે ભગવત્સેવામાં અધિકારરૂપ સ્વરૂપયોગ્યતા તે જીવની સિદ્ધ થાય છે. અહીં આ વાતનું પુનઃ અનુસન્ધાન કરાવવું યોગ્ય થઈ પડશે કે બ્રહ્મસમ્બન્ધ લેવા માત્રથી દોષોની નિઃશેષ નિવૃત્તિ થતી નથી. પરંતુ તેમાં પણ એમ સમજવાનું છે કે પૂર્વજન્મમાં જેઓ ભગવત્સેવક હતા, પણ કોઈ કારણને લઈને ફરીને આ ભૂતલ ઉપર જન્મ પામ્યા છે તેવાઓની બ્રહ્મસમ્બન્ધ લેવા માત્રથી [1]દોષોની

દરેક પદાર્થની દોષનિવૃત્તિ રૂપ શુદ્ધિ ત્રણ પ્રકારની છે. (૧) આધિદૈવિકી (૨) આધ્યાત્મિકી (૩) આધિભૌતિકી. પંચાક્ષરમન્ત્ર ગ્રહણ કરતી વખતે બ્રહ્મનો સમ્બન્ધ થવાથી દરેક પદાર્થોની થયેલી શુદ્ધિ તે આધિદૈવિકી. તેમજ તેતે પદાર્થ પ્રભુને ધરાવતી વખતે શંખોદક, તુલસીસમર્પણ, શરણમન્ત્રોચ્ચાર આદિથી થતી શુદ્ધિ તે આધ્યાત્મિકી. અસ્પર્શવાળાને કોઈ સ્પર્શ કરી જાય ત્યારે કરવામાં આવતી સ્નાનથી શુદ્ધિ, કોઇ પાત્રને સ્પર્શાસ્પર્શ થઇ ગયો હોય ત્યારે પ્રક્ષાલન, લુંણ ખટાઇ કરી કરવામાં આવતી શુદ્ધિ, સુતક પિણ્ડરૂ વગેરેમાં કરવામાં આવતી શુદ્ધિ અર્થાત્ સ્મૃતિ પુરાણ તથા ધર્મશાસ્ત્રથી પ્રાપ્ત તમામ શુદ્ધિ તે આધિભૌતિકી. આ ત્રણેય શુદ્ધિ, યથાનિયમ કરવાનીજ છે. તે કંઈ બ્રહ્મસંબંધ લેવામાત્રથી થઇ જતી નથી. તેથી આચાર્યચરણોએ 'સિદ્ધાંતરહસ્ય' ગ્રંથમાં સમર્પણથી થતી દોષનિવૃત્તિ જે નિરૂપણ કરેલી છે તે વિશેષ રૂપ સમજવી. અર્થાત્ સમર્પણજન્ય શુદ્ધિ અન્ય કોઈ પ્રકારે થતી નથી. પરન્તુ તે સિવાયની આધ્યાત્મિક્યાદિ શુદ્ધિ પણ થઈ ચૂકી એમ ન સમજતાં તે તે શુદ્ધિ તત્તચ્છાસ્ત્રાનુસાર કરવીજ. અતએવ વૃદ્ધિસૂતકમાં દેહશુદ્ધિને લઇને શ્રીનાં ચરણસ્પર્શ થઈ શકતાં નથી. જો આધિભૌતિક્યાદિ શુદ્ધિની આવશ્યકતા ન હોય તો દેહદોષ તો બ્રહ્મસંબંધથી નિવૃત્ત થઈજ ચૂકયાછે, પછી ચરણસ્પર્શ કરવામાં વાંધો શો ? માટે ત્રણેય શુદ્ધિથી પદાર્થગત દોષોની નિવૃત્તિ થાય છે એમ સમજવું.

નિઃશેષ નિવૃત્તિ થઈ જાય છે. તે બાબત શ્રીમદાચાર્યચરણ ષષ્ઠસ્કન્ધ નિબન્ધમાં આજ્ઞા કરે છે કેઃ—

भगवत्सेवका ये तु कथञ्चिद् भिन्नतां गताः ।
सर्वात्मना [illegible] भवेद्ध्रुवम् ॥

અર્થઃ—" જે ભગવત્સેવકો કોઈ કારણને લઈને ભગવાનથી વિખુટા પડી આ ભૂતલ ઉપર આવ્યા હોય તેવાઓનોજ પાપનાશ–દોષનિવૃત્તિ–નિઃશેષપણે થાય છે. આ વાત નિશ્ચિત છે " તેમજ નિબન્ધના પ્રારમ્ભમાં પણ આજ્ઞા કરેલીછે કેઃ—

सात्विका भगवद्भक्ता ये [illegible]क्तावधिकारिणः ।
भवान्तसम्भवा [illegible]वास्तेषामर्थे निरूप्यते ॥

અર્થઃ—" જે ભગવદ્ભક્તો સાત્વિક છે અને મુક્તિના અધિકારી છે તથા જેઓનો જન્મ અન્તિમ છે તેઓના માટે આ નિરૂપાય છે. "

તેથી આ માર્ગના મુખ્ય અધિકારી તો ઉપર જણાવ્યા મુજબના કોઈ કારણને લઈને ભગવાનથી વિખૂટા પડેલા જીવો સમજવા. એટલે કે યથાર્થ ફળ પ્રાપ્ત થાય તેવો મુખ્ય અધિકાર ઉપર દર્શાવેલા અધિકારીઓનોજ છે. જો કે ' सर्वेऽधिकारिणो ह्यत्र विष्णुभक्तौ यथा नृप ' આ માઘસ્નાનવિષયક વાક્યમાં દૃષ્ટાન્ત આપતાં કહ્યું છે કે ' જેમ વિષ્ણુભક્તિમાં બધા અધિકારી હોય છે તેમ ' તેથી, તેમજ,

देवोऽसुरो मनुष्यो वा यक्षो गन्धर्व एव वा ।
भजन्मुकुन्दचरणं स्वस्तिमान् स्याद्यथा वयम् ॥ भा० ७-७-५० ॥

અર્થઃ—"દેવ, દાનવ, મનુષ્ય, યક્ષ, ગન્ધર્વ કોઈપણ યોનિમાં જન્મ પામીને પણ મુકુન્દના ચરણનું સેવન કરે, અને કલ્યાણ પ્રાપ્ત કરે જેમ[1] અમે" આ પ્રહ્લાદજીના વાક્યથી પણ ભગવદ્ભક્તિ કરવાનો અધિકાર જીવમાત્રને છે, તો પણ શીઘ્ર ફળે તેવો અધિકાર તો ઉપર કહેલા અધિકારીઓનોજ છે એમ સમજવું. બ્રહ્મસમ્બન્ધ ગ્રહણ કરવા માટે આ અધિકારી ઉત્તમ છે કે મધ્યમ તેનો નિર્ણય ભજનમાં ઉત્કટ આદર, તેને ઉત્પન્ન કરનાર ગુરુની સેવા, સેવામાં અનુકૂલ થાય તેવા પ્રશ્ન, માર્ગ ઉપર રૂચિ, વેષ, ભાષા, આચાર વિચાર આદિથી કરવો જોઇએ. કોઈ પ્રથમ પાપાચારવાળો હોય અને પાછળથી ભગવન્માર્ગમાં ઉત્કણ્ઠા રાખતો હોય તો તેને પણ ઉપદેશ આપવોજ. કારણકે ગીતામાં અર્જુનના પ્રતિ ભગવાને આજ્ઞા કરેલી છે કેઃ—

---

(૧) પ્રહ્લાદજી કહે કે જેમ મેં દાનવ હોવા છતાં ભગવદ્ભજન કરીને કલ્યાણપ્રાપ્તિ કરી તેમ દરેકે કરવી. તેમાં નિકૃષ્ટ યોનિમાં જન્મેલો હોવાથી ભગવદ્ભજનમાં મારો અધિકાર છે કે નહી તેનો વિચાર કરવો નહિ. કારણ કે ભગવદ્ભજનમાં બધા અધિકારીજ છે.

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥

અર્થ—'પ્રથમ અત્યન્ત દુરાચરણવાળો હોય છતાં પાછળથી અનન્ય થઈ મ્હારૂં ભજન કરતો હોય તો તે સાધુજ જાણવો; કારણ કે તેણે ભગવત્સેવા કરવાનો નિશ્ચય કર્યો છે.' આમાં પ્રથમ પાપાચારીને પણ ઉત્તમ માનવાનું કહેલું છે.

તેનું કારણ એ છે કે પ્રથમ ભલે તે દુરાચારી હોય પરન્તુ પાછળથી ભગવત્સેવાનો અનુરાગી બનવાથી ધીરે ધીરે તે ધર્માત્મા બનવાનો સંભવ છે. તે બાબત ભગવાન્ ગીતામાં આ પ્રકારે આજ્ઞા કરે છે કે—

क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति ।
कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ॥

અર્થ:—'પ્રથમ પાપાચરણવાળો પણ મ્હારી ભક્તિ કરતાં કરતાં શીઘ્ર ધર્માત્મા બને છે અને મને પ્રાપ્ત થઈ કાયમની શાન્તિ પ્રાપ્ત કરે છે. હે અર્જુન ! તું પ્રતિજ્ઞા કર કે 'મારો ભક્ત નાશ પામતો નથી' આ ભગવદ્વાક્યથી સિદ્ધ થાય છે કે મનુષ્ય પ્રથમ ગમે તેવો હોય તો પણ અનન્યભક્તિથી તે ધર્માત્મા બને છે અને ભગવત્પ્રાપ્તિ કરે છે. માટે પ્રથમ પાપાચરણી પણ ભગવન્માર્ગમાં ઉત્કણ્ઠા રાખતો હોય તો તે મન્ત્રોપદેશ આપવા યોગ્યજ છે. વળી, જે પ્રથમથી પોતે ભક્તિમાર્ગમાં ઉત્કંઠાવાળો નથી પણ સત્સંગથી કિંવા બાપદાદાનો ધર્મ સમજી ઉપદેશ ગ્રહણ કરવા આવે તો તેને પણ ઉપદેશ આપવો. પરન્તુ તેના ઉપર ભગવત્કૃપા છે કે નહિ તેનો નિશ્ચય ન હોવાથી તેણે ગ્રહણ કરેલો મન્ત્રોપદેશ ફળશે કે કેમ તેનો નિશ્ચય થઈ શકતો નથી. તોપણ તેવાઓને ઉપદેશ તો આપવામાં આવે છે તેથી ઉપદેશ કરનારાઓ ઉપર દોષ પ્રાપ્ત થતો નથી, કારણ કે સત્સંગ વગેરેથી તેને પણ ફલપ્રાપ્તિ થવાના સંભવને લઈને તેને ઉપદેશ આપવામાં આવે છે. પણ માર્ગનાં તત્ત્વોનો બોધ કરવામાં તેની પરીક્ષા કરવી. અને પાછળથી જો તેનો ભગવદ્ધર્મમાં આગ્રહ દેખાય તોઃ—

यथा यथा हरिः कृष्णो मनस्याविशते निजे ।
तथा तथा साधनेषु परिनिष्ठा विवर्धते ॥

અર્થ:—'જેમ જેમ હરિ કૃષ્ણ મનમાં પ્રવેશ કરે છે તેમ તેમ ભગવદ્ધર્મોમાં આગ્રહ વધતો જાય છે' આ શ્રીમદાચાર્યવચનાનુસાર તેના ઉપર ભગવત્કૃપા સમજી માર્ગની રીતિ પ્રમાણે માર્ગનાં તત્વોનો તેને બોધ કરવો. પરન્તુ ઔદાસીન્ય

(૧) ન આગ્રહ ન નિન્દા.

રાખતો હોય તો તેને બોધ કરવો નહિ. અને જો બહિર્મુખતા જોવામાં આવે તો તેની ઉપેક્ષા કરવી. આ બાબત એકાદશસ્કન્ધમાં યોગેશ્વરના વાક્યોમાં ભગવદીયનાં લક્ષણમાં કહ્યું છે કેઃ—

ईश्वरे तदधीनेषु बालिशेषु द्विषत्सु च ।
प्रेममत्री पोपेक्षा यः करोति स मध्यमः ॥

અર્થઃ—'જે ઈશ્વર ઉપર પ્રેમ કરે, ભગવદીયો સાથે મૈત્રી કરે, અજ્ઞાની ઉપર કૃપા રાખે, અને દ્વેષ કરનારની ઉપેક્ષા કરે તે મધ્યમ ભક્ત સમજવો.' શ્રીગુસાંઈજી પણ વિજ્ઞપ્તિમાં કહે છે કે 'જેઓએ નિવેદન કર્યું નથી તેમની સાથે સદા ઉદાસીનતાથી રહેવું, અને જેઓએ નિવેદન કર્યું હોય છતાં પ્રાવાહિક હોય તો સદા તેમની ઉપેક્ષા કરવી, આ સમ્પૂર્ણ કથનનું તાત્પર્ય એવું નિકળે છે કે ઉપર જણાવ્યા પ્રમાણે જેઓ બ્રહ્મસમ્બન્ધ મન્ત્રોપદેશના મુખ્ય અધિકારી છે, તેઓની મન્ત્રોપદેશ ગ્રહણ કરવા માત્રથીજ દોષોની નિવૃત્તિ નિઃશેષરૂપે થઈ જાય છે. જ્યારે બીજાઓને મન્ત્રોપદેશ લેવા માત્રથી તો તેઓના અધિકારના પ્રમાણમાં દોષનિવૃત્તિ થાય છે, પણ ભગવત્સેવાના નૈરન્તર્યથી નિઃશેષ દોષનિવૃત્તિનો સંભવ છે.

शिष्य—प्रश्न—કૃપાનાથ! બ્રહ્મસમ્બન્ધ મન્ત્રોપદેશ લેવાથી સર્વ દોષોની નિવૃત્તિ થાય છે એ તો હવે હું આપની કૃપાથી સમજ્યો, પરન્તુ તે દોષો ફરીને જીવમાં ઉત્પન્ન ન થાય તેવો કોઈ ઉપાય હોય તો તે આજ્ઞા કરો, કારણકે દોષને ઉત્પન્ન કરનાર દેશ, કાલ, કર્મ આદિ વિદ્યમાન હોવાથી તેઓની સાથે સંયોગ તથા સ્પર્શ થવાનો પણ સંભવ હોવાથી संयोगज તથા स्पर्शज દોષો તો ફરીને ઉત્પન્ન થવાનાજ.

गुरु—उत्तर—જે પદાર્થો દેખવામાં આવતા હોય તેવા પદાર્થોનો સંયોગ તથા સ્પર્શ થવા સંભવ છે, અદૃષ્ટ પદાર્થોનો સંયોગ તથા સ્પર્શ થવા સંભવ નથી એ તો ખુલ્લુંજ છે. જ્યારે એમ છે ત્યારે संयोगज તથા स्पर्शज દોષોનાં ઉત્પાદક પ્રારબ્ધકર્મ, દેશ, કિંવા કાલ ઉપલા બે દોષોને ઉત્પન્ન કરશે તે પણ દૃષ્ટ સામગ્રી પ્રાપ્ત કરાવીનેજ કરશે. કારણ કે ઉપર આપણે સમજી ગયા તેમ સંયોગ તથા સ્પર્શ દૃશ્ય પદાર્થોનોજ થવા સંભવ છે, ત્યારે ઉપલા બે દોષો પણ ઉત્પન્ન ન થઇ શકે તેનો ઉપાય પણ સ્પષ્ટ થઈ ગયો અને તે એ કે, જે દેશમાં તથા જે કાલમાં આપણાં પ્રારબ્ધ આપણને જે પણ કંઇ પદાર્થ મેળવી આપે તે પદાર્થ પ્રથમ

---

(૧) પ્રભુમાં આસક્તિ ન રાખતાં ઇન્દ્રિયસુખમાં આસક્તિ રાખવી, તે બહિર્મુખતા. તેનાથી ઉલટી તે અન્તર્મુખતા.

ભગવાનને અર્પણ કર્યા પછીજ આપણા ઉપયોગમાં લેવો. જેમ કરવાથી પદાર્થગત દોષ નિવૃત્ત થઈ તે પદાર્થ શુદ્ધ સ્વરૂપે આપણા ઉપયોગમાં આવશે અને શુદ્ધ સ્વરૂપે આપણા ઉપયોગમાં આવશે ત્યારે દોષ પણ ઉત્પન્ન નહી કરી શકે, સદોષ વસ્તુનો ઉપયોગજ આપણામાં દોષ ઉત્પન્ન કરી શકે. માટે દરેક પદાર્થને પોતાના ઉપયોગમાં લેતાં પહેલાં તેમાં રહેલા દોષની નિવૃત્તિ કરવા સારૂ નિર્દોષ સ્વરૂપ પ્રભુને તે પદાર્થ અર્પવો. એમ કરવાથી જીવોમાં ફરીને દોષ ઉત્પન્ન થશે નહિ. માટેજ શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કેઃ—

असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत् ।

અર્થઃ—" કારણકે ભગવાન્‌ને અર્પિત થયા સિવાય દોષોની નિવૃત્તિ થતી નથી માટે અણપ્રસાદી વસ્તુઓનો વૈષ્ણવોએ હમેશાં ત્યાગ કરવો."

શિષ્ય-પ્રશ્ન—બ્રહ્મસમ્બન્ધ મન્ત્રોપદેશ ગ્રહણ કર્યા પછી કર્મ, દેશ, કાલ, આદિથી ફરીને દોષ ઉત્પન્ન ન થાય તે માટે આપશ્રીએ 'અણપ્રસાદી ચીજનો ઉપયોગ જીવે ન કરવો' એવી આજ્ઞા કરી તે યથાર્થ છે, પરંતુ તેમાં એક બીજી શંકાને સ્થાન મળે છે કે, જે પદાર્થો બ્રહ્મસમ્બન્ધ લેતી વખતે આપણે શ્રીઠાકોરજીને નિવેદન કરી દીધાં તે પદાર્થો (જેવા કે દેહ, ધન, ઘર, સ્ત્રી, પુત્ર વગેરે) ઉપર તો ત્યારથી શ્રીઠાકોરજીની સત્તા થઈ ત્યારે તે ઠાકોરજીની સત્તાવાળા પદાર્થો આપણા ઉપયોગમાં પછીથી કેમ લઈ શકાય ? પ્રારબ્ધવશાત્ વિદ્યમાન દેહાદિનો નિર્વાહ તો ભગવદીય અન્નાદિથી આપણે કરીએજ છીએ, ત્યારે તેવો ઉપયોગ ભગવત્સેવામાં પ્રતિબન્ધક નહિ થાય ?

गुरु-उत्तर—निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादिति स्थितिः ।

અર્થઃ—" બ્રહ્મસમ્બન્ધ મન્ત્રોપદેશ લેતી વખતે ભગવાન્‌ને નિવેદન કરાયેલ પદાર્થો વડે લૌકિક વૈદિક બધું કરવું પરંતુ પ્રભુને સમર્પણ કર્યા પછીજ, એવી ભક્તિમાર્ગની દોષરહિત મર્યાદા છે " અત્ર निवेदिभिः એ કરણમાં તૃતીયા છે તેથી દેહાદિના નિર્વાહમાં કારણભૂત—અસાધારણ—કારણભૂત—એવા પદાર્થોથી, ભગવાન્‌ને ભાવપૂર્વક અર્પણ કરીનેજ જીવે પોતાનો બધો વ્યવહાર કરવો. તેમ કરવાથી

---

(૧) શાસ્ત્રમાં નિવેદન, દાન, અને અર્પણ એમ ત્રણ પ્રકાર માનવામાં આવેલા છે. કોઈ પણ વસ્તુ સ્વામીને જણાવી આપવી તે **નિવેદન.** પોતાની સત્તાની વસ્તુ ઉપરથી तुभ्यमहं संप्रददे न मम એમ કહી પોતાની સત્તા ઉઠાવી લઈ જેને તે વસ્તુ આપવાની છે તેની સત્તા કાયમ કરવી તે **દાન.** સ્વામિભોગ્ય વસ્તુનું સ્વામીને જણાવવું કે 'આ વસ્તુ આપ લાયક છે એનો અંગીકાર કરો' તે **અર્પણ.** (૨) અત્ર મૂલમાં 'અર્પણ' શબ્દને બદલે 'સમર્પણ' શબ્દ યોજેલો છે તેનું તાત્પર્ય **ભાવપૂર્વક** અર્પણ કરવું એવું છે.

ભગવદીય પદાર્થોને પોતાના ઉપયોગમાં લીધાનો દોષ પ્રાપ્ત થશે નહિ. માટેજ ઉદ્ધવજીએ આ બાબતમાં શ્રીકૃષ્ણના પ્રતિ વિનતિ કરતાં કહ્યું છે કે—

त्वयोपभुक्तस्रग्गन्धवासोऽलङ्कारचर्चिताः ।
उच्छिष्टभोजिनो दासास्तव मायां जयेम हि ॥

અર્થ:—'આપનાં પ્રસાદી પુષ્પમાલા, ગન્ધ, વસ્ત્ર અને અલંકારથી અલંકૃત, તથા આપના ઉચ્છિષ્ટનું ભોજન કરનારા અમે દાસો આપની માયાનો જય કરી લઈએ છીએ આ વાત નિશ્ચિત છે' આ ઉદ્ધવ વાક્યથી સિદ્ધ થાય છે કે ભગવાને આરોગેલ અન્નાદિક ભગવાને આપેલો મહાપ્રસાદ છે એમ સમજી દાસોએ પોતાના ઉપયોગમાં લેવાં. વળી, નિવેદન કર્યાથી અન્નાદિક પદાર્થો જેમ ભગવાન્‌નાં બને છે, તેમ તેનો દેહ પણ ભગવાન્‌નીજ માલેકીનો બને છે, એટલે કે નિવેદન કરવાથી અન્નાદિક પદાર્થો ભગવાન્‌ના બને છે અને દેહ ભગવાન્‌નો બનતો નથી એમ તો થતુંજ નથી, ત્યારે, પોષ્ય—દેહ—અને પોષક—અન્નાદિક પદાર્થો—બન્ને ભગવાન્‌ના થયેલા હોવાથી ભગવત્સ્વામિક દેહને ભગવત્સ્વામિક પદાર્થોથી પોષવામાં કંઈ પણ દોષ હોઈ શકે નહિ. સ્ત્રીપુત્રાદિક ચેતનનો ભગવત્સેવામાં યોજીને, ગૃહ, દ્રવ્ય વગેરે અચેતનનો ભગવદર્થ ઉપયોગ કરીને, અન્ન વગેરેનો નૈવેદ્યરૂપે, વસ્ત્ર અલંકાર આદિનો સમયાનુસાર તેમજ ઋત્વનુસાર ભગવાનને ધરાવીને વિનિયોગ કરાવવો. આ પ્રમાણે દરેક પદાર્થનો યથાયોગ્ય વિનિયોગ કરીનેજ તે પદાર્થ પોતાના ઉપયોગમાં લેવો, કે જેથી કોઈ પણ પ્રકારની દોષોત્પત્તિ પુનઃ જીવમાં થાય નહિ.

શિષ્ય–પ્રશ્ન—ગુરૂદેવ! જે વખતે પ્રભુનો અવતારકાલ હોય તે વખતે તો આ પ્રકાર સંભવે છે, કેમ કે પ્રભુ સાક્ષાત્ દર્શન આપીને ભક્તોને પોતાનો પ્રસાદ આપી શકે. જેમ કે કૃષ્ણાવતારમાં આપ ભક્તોને પોતાનો પ્રસાદ આપતા. અને તેથીજ '**त्वयोपभुक्त**' એ ઉદ્ધવજીનું વાક્ય પણ પ્રભુના અવતારકાલનું છે. એટલે કે પ્રભુ પ્રત્યક્ષ બિરાજી રહ્યા છે તે વખતે આ વાક્ય ઉદ્ધવજીએ કહેલું છે. પરંતુ અનવતારકાલ—અવતાર ન હોય તે સમયમાં અર્થાત્ વર્તમાન સમયમાં ભગવદ્દત્ત પ્રસાદ કેવી રીતે સમજવો.

ગુરુ–ઉત્તર:—અનવતાર કાલમાં તેજ પ્રભુનું સ્વરૂપ શ્રીગુરૂદેવે આપણી ઉપર પધરાવી આપેલું હોય છે, તેથી તે સ્વરૂપને ધરીને લેવામાં આવે તે પ્રભુએ આપેલો પ્રસાદજ છે એમ સમજવું. દૈવી સૃષ્ટિને ઘેર ઘેર પોતાની સ્વરૂપસેવાનો પ્રકાર ચાલે એટલા માટે પ્રભુએ ભૂતલ ઉપર સારસ્વતકલ્પમાં અવતાર લીધો હતો અને ફરીને શ્રીમદ્-

ચાર્યસ્વરૂપે પ્રકટ થઈને તે સેવામાર્ગનો ઉપદેશ કર્યો. તેથી શ્રીગુસાંઈજીએ શ્રીમદ્વલ્લભાષ્ટકમાં આજ્ઞા કરી કે:—यत्कथमपि किमपि का[illegible]मिच्छत्यद्धा तद्गोपिकेशः स्ववदनकमले चारुहासे करोति' 'ભક્તો જે પ્રકારે, જે કંઈ, જ્યાં પણ અંગીકાર કરાવવાની ઇચ્છા કરે છે, તે, શ્રીગોપીજનવલ્લભ પ્રભુ પ્રસન્ન વદને સાક્ષાત્ અંગીકાર કરે છે. માટે પ્રભુને ધરીને લેવામાં આવતી વસ્તુ ભગવદ્દત્ત પ્રસાદજ છે એમ સમજવું.

બ્રહ્મસમ્બન્ધ લેતી વખતે નિવેદિત પદાર્થો જીવથી ફરીને અર્પણ કરી શકાય કે ?

પંચાક્ષરમંત્ર ગ્રહણ કરતી વખતે તમામ પદાર્થો પ્રભુને નિવેદિત થઇ ચુક્યા છે, તો ફરીને અન્નાદિ પદાર્થોને ભોગરૂપે પ્રભુને સમર્પણ કરવાની આવશ્યકતા શી ? તેમજ, જીવની તે પદાર્થો ઉપર સત્તાજ ક્યાં રહી કે જેથી જીવ સમર્પણ કરી શકે ? આ શંકાનો ખુલાસો આ પ્રકારે છે કે—પ્રથમ પઞ્ચાક્ષરમન્ત્ર લેતી વખતનું નિવેદન એ સામાન્ય સમર્પણ છે, અને ફરીને કરવામાં આવતું સેવાંગભૂત સમર્પણ એટલે કે તે તે પદાર્થને ભગવાનના વિનિયોગમાં લાવવા રૂપ સમર્પણ તે વિશેષ સમર્પણ છે. જેમ કોઈ સેવક પોતાના ગુરૂદેવને એક બગીચો ભેટ કરે તો ભેટ કર્યા પછી પણ ગુરૂદેવને માટે તેજ પોતે ભેટ કરી દીધેલ બગીચાનાં ફુલ વીણી, માલા બનાવી, ગુરૂને અર્પણ કરી શકે છે, તથા તે બગીચાનાં નાના પ્રકારનાં ફળો તોડી ડાલીમાં ભરી અર્પણ કરી શકે છે; તેજ પ્રકારે, પ્રથમ મન્ત્રોપદેશ સમયમાં બધા પદાર્થો જીવ પ્રભુને નિવેદન કરી દે છે અને ફરીને તેજ પદાર્થોથી પ્રભુની સેવા સિદ્ધ કરી શકે છે. ફરક એટલોજ કે, પ્રથમ નિવેદન કરતી વખતે દરેક પદાર્થોને જીવ પોતાના અજ્ઞાનથી પોતાનાં માની પ્રભુને અર્પણ કરે છે, જ્યારે સેવાંગભૂત અર્પણ કરતી વખતે દરેક પદાર્થોમાં 'આ ભગવાન્નાં છે અને હું ભગવાન્ને અર્પણ કરૂં છું' એવું અનુસંધાન રાખીને ભગવાન્ને અર્પણ કરે છે.

ભગવાન્ને ધરવાની વસ્તુમાંથી અલ્પ પણ ભાગ પોતાના ઉપયોગમાં લેવો નહિ.

શ્રીમદાચાર્યચરણ 'સિદ્ધાન્તરહસ્ય' માં આજ્ઞા કરે છે કે—

न मतं देवदेवस्य सामिभुक्तसमर्पणम् ।

અર્થ:—'દેવના દેવ એવા શ્રીઠાકોરજીને અર્ધ ભોગવેલી વસ્તુઓનું સમર્પણ ઇષ્ટ નથી' સુખદુ:ખ આ બેમાંથી એકનો અનુભવ કરવો તેનું નામ ભોગ, અને તે ભોગનો જે વિષય બને તે ભુક્ત કહેવાય. અર્થાત્ ભોગવેલું. જે પદાર્થ થોડે પણ અંશે પોતાના ઉપયોગમાં લેવામાં આવે તે, બાકી રહેલો ભુક્તશેષ અથવા

સામિભુક્ત કિંવા અર્ધભુક્ત કહેવાય. તેવો સામિભુક્ત પદાર્થ દેવાધિદેવ પ્રભુને ધરવો નહિ. વસ્તુ સારી છે કે નહિ, તેની પરીક્ષા માટે તેમાંથી લઈને મુખ વગેરેમાં મુકવામાં, સુંઘવામાં, હાથ લગાડવામાં બાકીની વસ્તુ અર્ધભુક્ત થઈ જતી નથી. કારણ કે બાકીનીમાં ભુક્તશેષત્વનો વ્યવહાર દુનિયામાં થતો નથી. તેનો હેતુ તે પદાર્થને જોયા પછી પોતામાં **તેના ભોગની ઇચ્છાનો અભાવજ છે.** જેમ કે, બદામ કડવી છે કે નહિ તેની પરીક્ષા સારૂ તે ચખાડવામાં આવે છે, તથા આંબાં ખાટાં છે કે મીઠાં તેની પરીક્ષા સારૂ તે સુંઘી તથા ચાખી જોવાય છે, તેમજ તુરીયાં વગેરે શાકાદિક પણ ચખાડાય છે છતાં આ બધામાં અર્ધભુક્તત્વનો વ્યવહાર થતો નથી. તેનું કારણ જીવની તે પદાર્થના ભોગની ઇચ્છાનો અભાવજ. કદાચિત્ તે પદાર્થની પરીક્ષા કરતાં ભોગ કરવાની ઇચ્છા થાય તો પણ તે પદાર્થ અર્ધભુક્ત થતો નથી, પણ જીવ અપરાધી બને છે. જેમ માનસિક વ્યભિચારમાં તે વ્યભિચારનો કર્તા દોષપાત્ર બને છે, ન કે વ્યભિચારનો વિષય સ્ત્રી, તેજ પ્રમાણે અત્ર પણ પદાર્થ દૂષિત થતો નથી પણ માત્ર જીવનો માનસિક અપરાધ થાય છે. ત્યારે જીવે વજ્ર તથા અંકુશયુક્ત ભગવચ્ચરણારવિન્દનું ધ્યાન કરવું. કે જેથી આયન્દે તેવો માનસિક અપરાધ પણ થાય નહિ. વજ્રાંકુશયુક્ત ભગવચ્ચરણારવિન્દનું ધ્યાન કરવાથી જીવનો માનસિક અપરાધ દૂર થાય છે તે બાબત ભગવાન્ કપિલદેવજી તૃતીયસ્કન્ધમાં આજ્ઞા કરે છે કે—

ध्यातुर्मनःशमलशैलनिसृष्टवज्रं ध्यायेच्चिरं भगवतश्चरणारविन्द[illegible] ।

અર્થ:—'ધ્યાન કરનારના મનના પાપરૂપી પર્વત ઉપર મુકેલું છે વજ્ર જેણે એવું ભગવાન્‌ના ચરણારવિન્દનું ચિરકાલ ધ્યાન કરવું.' તાત્પર્ય કે ભક્તિ એ પાપનાશક હોવાથી ધ્યાનાત્મક સ્મરણથી પાપનાશ થાય એ ઉચિત છે. તેમજ પદ્મપુરાણમાં પણ વચન છે કે—

अङ्कुशो [illegible]शिक्षायै याव[illegible]ते पुत्रक ।
तादृशं तद्भवेच्चिह्न[illegible] ।

અર્થ:—'હે પુત્રક ! હાથીની શિક્ષા માટે જેમ અંકુશ છે તેજ પ્રકારે ભક્તોના મન રૂપી હાથીની શિક્ષા માટે ભગવચ્ચરણારવિંદમાં ચિન્હ રૂપે અંકુશ રહેલું છે.' માટે માનસિક અપરાધ પણ ન થાય તે માટે અંકુશયુક્ત ભગવચ્ચરણારવિન્દનું ધ્યાન કરવું.

જે વસ્તુના ઉપભોગની ઇચ્છા થતાં ઇન્દ્રિયવ્યાપાર થાય તો વસ્તુ પણ દોષપાત્ર બને છે, તેથી તેવી વસ્તુનું સમર્પણ ક્રિયાદૂષક હોવાથી—સમર્પણની ક્રિયાને દોષિત

કરનાર હોવાથી—સંમત નથી. તેમજ પોતાના ઉપયોગ માટે લાવેલા વસ્ત્રાદિકમાંથી સેજસાજ પોતાના ઉપભોગમાં લઈ બાકીનું પ્રભુના વિનિયોગમાં લાવવું તે પણ નિષિદ્ધ છે, તેમાં "આ મારા ઉપભોગ માટે છે" એવું અનુસંધાન દોષનું બીજ છે. આ પ્રકારે અસમર્પિત પદાર્થોનો ત્યાગ કરવો એટલુંજ નહિ, પરંતુ 'वजनमाचरेत्' એમાં वृज् ધાતુ હોવાથી અસમર્પિત પદાર્થના સંસર્ગનો પણ ત્યાગ કરવો. અત એવ વિવાહ થયા પછી તૂર્ત વર વધૂને શ્રીઠાકોરજીને પગે લગાડવાનો રિવાજ વૈષ્ણવ સમાજમાં પ્રચલિત છે અને ત્યાં એવી ભાવના કરવામાં આવે છે કે 'હે પ્રભો ! આપની આજ્ઞાનુસાર આપનાં દાસદાસીઓમાં એક દાસીની વૃદ્ધિ કરી લેવામાં આવી છે, આપ એને સ્વીકારો.' તેમજ બ્રહ્મસમ્બન્ધરહિત નવપરિણીતાના હાથથી જલ સુદ્ધાં લેવાનો પણ નિષેધ છે. આ બધું તાત્પર્ય वृजी ધાતુના અર્થમાં સમાયેલું છે. માટે વૈદિક, સ્માર્ત તથા લૌકિક કાર્યમાં જે જે પદાર્થો અપેક્ષિત હોય તે બધા તે તે કાર્યના આરંભમાંજ શ્રીહરિને સમર્પણ કરવા. અને ત્યાર બાદ તે તે લૌકિક વૈદિક કાર્ય કરવાં. તેથીજ શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે—

तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् ।

અર્થ:—"અસમર્પિત વસ્તુનો સંસર્ગ, તેમજ સાન્નિભુક્તનું સમર્પણ નિષિદ્ધ છે માટે, લૌકિક વૈદિક કાર્યો આરંભતાં પહેલાં બધા પદાર્થો ભગવાન્‌ને સમર્પવા." તેમજ, સન્ધ્યાવન્દનાદિ નિત્ય કર્મો કરતી વખતે, તથા શ્રાદ્ધાદિ નૈમિત્તિક કર્મો કરતી વખતે પણ તેમાં ભગવદાજ્ઞાનું અનુસન્ધાન રાખવું. તે માટે 'ગરૂડ પુરાણ'માં આ પ્રકારે કહેલું છે કે—

जगद्धातुर्महेशस्य दिव्याज्ञाकरणा वयम् ।
इह नित्यक्रियां कुर्मः स्निग्धास्ते वैष्णवाः ते ॥

અર્થ:—"જગન્નિર્માતા તથા સર્વ લોકપાલોને પોતાની આજ્ઞામાં રાખનારા એવા પ્રભુની દિવ્ય આજ્ઞા એટલે કે શ્રુતિસ્મૃત્યુક્ત આજ્ઞા પ્રમાણે આચરણ કરનારા અમે અહીં નિત્ય કર્મ કરીએ છીએ, એવું અનુસન્ધાન રાખી જેઓ પ્રભુમાં સ્નેહ રાખનારા છે તેઓ વૈષ્ણવ કહેવાય છે." તેમજ

सन्ध्योपास्त्यादिकर्माणि विधिना नाथ तानि मे ।

અર્થ:—"સન્ધ્યોપાસનાદિ કર્મો વેદદ્વારા મેં જ આજ્ઞા કરેલાં છે." તેમજ વિષ્ણુધર્મોત્તરમાં પણ કહ્યું છે કે—

अपृष्ट्वा यस्तु यां कांचित् क्रियां नारमते हरिम् ।
असंभिन्नार्यमर्यादस्तस्य तुष्यति केशवः ॥

અર્થ:—"જે ભક્ત શ્રીહરિની આજ્ઞા લીધા વિના કોઈપણ લૌકિકી કિંવા વૈદિકી ક્રિયા આરંભતો નથી તેવા આર્યમર્યાદાને ન તોડનાર ભક્ત ઉપર પ્રભુ પ્રસન્ન થાય છે" ઇત્યાદિ વાક્યોથી ભગવદાજ્ઞાકારિત્વ જ દાસનો ધર્મ હોવાથી લૌકિક વૈદિક જે કંઈ કાર્ય કરવું તે શ્રીપ્રભુની આજ્ઞા માંગીનેજ કરવું. તેનો વિસ્તૃત ખુલાસો આ પ્રમાણે છે. ગર્ભાધાન સંસ્કારથી પ્રારંભીને પુત્રાદિકના વિવાહ પર્યન્તનાં વૈદિક કાર્ય કરવાનો સમય જ્યારે જ્યારે પ્રાપ્ત થાય ત્યારે ત્યારે પ્રથમ ગુરુશ્રીની તથા શ્રીપ્રભુની આજ્ઞા માંગી તે તે વૈદિક કાર્યનો આરંભ કરવો. આજ્ઞા માગવાનો પ્રકાર આ પ્રમાણે છે—જો પોતાના નિવેદન મન્ત્રોપદેષ્ટા ગુરુદેવ ગામમાં બિરાજતા હોય તો તેઓશ્રીની સન્મુખ જઈ યથાશક્તિ ભેટ ધરી આજ્ઞા માંગવી કે "મારે ત્યાં પુત્રાદિકનો અમુક કાર્ય કરવાનો અવસર પ્રાપ્ત થયો છે, તેમાં અમુક ખર્ચ થશે, તે કાર્ય કરવાની આપશ્રી મને આજ્ઞા આપો" તે ઉપરથી ગુરુદેવ આજ્ઞા આપે એટલે ઘેરે આવી જેવું કાર્ય હોય તેના અનુસાર શ્રીગુરુદેવને ત્યાં સામગ્રી પહોંચાડવી. જો ગુરુદેવ અન્યત્ર બિરાજતા હોય તો વિનતિપત્ર લખી યથાશક્તિ ભેટ મોકલાવી તે તે કાર્ય માટે પત્રદ્વારા આજ્ઞા મંગાવવી. તેમજ પોતાના ગામમાં કોઈ પણ ગોસ્વામી બાલક બિરાજતા ન હોય પણ કોઈ શ્રીવલ્લભ-કુળના બાલકનું મન્દિર હોય તો ત્યાં પણ પુત્રાદિકના વિવાહાદિ કાર્યોના પ્રારંભ-માં યથાશક્તિ સામગ્રી પહોંચાડવી. ત્યાર પછી પોતાને માથે સ્વરૂપસેવા કે ચિત્રસેવા બિરાજતી હોય તો તેમને [1]ભેટ ધરી પોતાને ત્યાં પ્રાપ્ત થયેલ તે તે કાર્યની પ્રભુ પાસે પ્રાર્થના કરી આજ્ઞા માંગવી. જેમકે, પુત્રનો વિવાહ હોય તો શ્રીઠાકોરજીની સમીપ જઈ દણ્ડવત્પ્રણામ કરી હાથ જોડી અત્યન્ત દીનતા તથા વિનયપૂર્વક પ્રાર્થના કરવી કે 'નાથ ! આપના પુત્રનો વિવાહ છે, આપની આજ્ઞાની તેમાં અપેક્ષા છે માટે વિવાહની આજ્ઞા આપો' જો પોતાને માથે સ્વરૂપસેવા અથવા ચિત્રસેવા બિરાજતી ન હોય તો શ્રીવલ્લભવંશ્યની માલેકીના મંદિરમાં યથા-શક્તિ સામગ્રી પહોંચાડી શ્રીપ્રભુની તે તે કાર્ય કરવા માટે આજ્ઞા માંગવી. પોતાને ત્યાં શ્રીઠાકોરજી બિરાજતા હોય તો સામગ્રી અરોગાવી ભગવદીયોને મહાપ્રસાદ લેવરાવવો. ત્યારબાદ યથાશક્તિ શ્રીજી તથા સાત સ્વરૂપની ભેટ કાઢી તે તે કાર્ય આરંભવું.

---

(૧) પોતાના ઘરમાં બિરાજતા સ્વરૂપ અથવા ચિત્રજીના આગળ ધરાતી ભેટ પોતાના ગુરુદેવને ત્યાં મોકલાવી આપવી, એવો સદાચાર છે.

પોતામાં ભગવદાજ્ઞાકારિત્વનું તથા 'શ્રૌત સ્માર્ત[1] કર્મોમાં વેદદ્વારા કરેલી ભગવદાજ્ઞાપ્રાપ્તત્વનું અનુસંધાન રાખી સર્વ શ્રૌત સ્માર્ત કાર્યો કરવાં. અને તે તે કર્મમાં અંગરૂપે કરવાં પડતાં ગણપતિસ્થાપન, ગ્રહશાંત્યાદિ કર્મોમાં જે જે દેવતા પૂજ્ય હોય તેમાં જે જે વસ્તુઓ અપેક્ષિત હોય તે બાબત પણ પ્રથમથીજ શ્રીપ્રભુ પાસે પ્રાર્થના કરી લેવી કે "અમુક કાર્યમાં અમુક અમુક કર્માંગ દેવતા આપશ્રીના અવયવરૂપે મારે પૂજવાના છે, તેમાં જે જે વસ્તુ જોઇશે તે મારે ઉપયોગમાં લેવી પડશે" એમ આજ્ઞા માંગી પૂજનમાં, હોમમાં, અથવા જ્યાં અપેક્ષિત હોય ત્યાં વસ્તુ ઉપયોગમાં લેવી. એવીજ રીતે ઉપનયન સંસ્કારમાં બટુકને ભિક્ષા આપવામાં, તથા વિવાહમાં કુલદેવતા વગેરેને ભોગ ધરવામાં, અન્નાદિ સિદ્ધ સામગ્રી ઉપયોગમાં લેવી તે પણ, શ્રીપ્રભુને ભોગ[2] ધરીનેજ લેવી. પ્રભુને અસમર્પિત સર્વથા ઉપયોગમાં લેવી નહિ. તેમજ ગર્ભાધાનાદિ સંસ્કારોમાં જે જે દાનો કરવાનાં હોય તેમાં પણ વેદદ્વારા ભગવદાજ્ઞાપ્રાપ્તત્વનું અનુસન્ધાન રાખી તે દાન શ્રીકૃષ્ણાર્પણ કરવાં. તેમજ જે જે કર્મમાં કર્માંગભૂત બ્રાહ્મણ-ભોજન કરાવવું હોય અને તે સ્વલ્પપાકાદિ સાધ્ય હોય તો પ્રભુને અર્પણ કરી ભગવત્પ્રસાદથીજ કરાવવું. પરંતુ જો મહાપાકસાધ્ય હોય તો પ્રભુને અર્પણ કરવાનું બની શકે નહિ, તેથી ભગવત્સમર્પિત તુલસીદલ તેમાં પધરાવી મન તથા વચનથી ભગવાન્‌ને અર્પણ કરી બ્રાહ્મણ ભોજન કરાવવું. તેજ પ્રમાણે યજ્ઞોપવીત તેમજ વિવાહાદિ પ્રસંગોમાં સગાંસમ્બન્ધિ તથા જ્ઞાતિ-ભોજન કરાવવામાં પણ સમજવું. યજ્ઞોપવીત વિવાહાદિ પ્રસ્તાવોમાં સગાંસમ્બન્ધિને તથા જ્ઞાતિ-જનોને તથા નોકર ચાકરને જે કંઈ પહેરામણીમાં વસ્ત્રાલંકારાદિ આપવાનાં હોય તે પણ બધાં તૈયાર કરી છાબોમાં સાજી પોતાને ત્યાં સ્વરૂપસેવા અથવા ચિત્રસેવા બિરાજતી હોય તેના સન્મુખ બધી છાબો રાખી, પ્રાર્થના કરી, આજ્ઞા માંગી પહે-રામણી કરવી.

તેમજ પુત્રાદિકના વિવાહાદિ કાર્યોમાં માંડવો બંધાવવો, ચિત્રો કઢાવવાં આદિ વિવાહોપયોગી તૈયારી કરવામાં પણ આવશ્યક હોય તેટલોજ ખર્ચ કરવો,

---

(૧) श्रुतिस्मृती ममैवाज्ञे यस्ते उल्लङ्घ्य वर्तते ।
आज्ञाच्छेदी मम द्वेषी मद्भक्तोपि न मे प्रियः ।

(૨) નિત્ય નૈમિત્તિક કર્મમાં કર્માંગભૂત દેવોને જે અન્ન દેવું તે પણ ભગવાન્‌ને સમર્પીને જ દેવું. અત એવ ' विष्णोर्निवेदितान्नेन यष्टव्यं देवतान्तरम् । पितृभ्यश्चापि तद्देयं तदानन्त्याय कल्पते । "વિષ્ણુ શ્રીઠાકોરજી—ને ધરેલ અન્નથી બીજા દેવનું યજન કરવું, પિતૃઓને પણ પ્રસાદી અન્ન આપવું તે આનન્ત્યને માટે કલ્પાય છે" આવાં વચનોનું સાર્થક્ય છે. આ વાત યુક્ત પણ છે, કારણ કે ' देवोऽसुरो मनुष्यो वा यक्षो गन्धर्व एव वा ' આ પ્રહ્‌લાદવાક્યથી બધા દેવો પણ ભગવદ્ભક્ત છે અને તેથી તેઓ ભગવત્પ્રસાદથીજ પ્રસન્ન થાય એ સ્વાભાવિક છે.

કૃપણજી બનવું નહિ. કારણ કે આપણી પાસે જે કંઈ દ્રવ્ય છે તે પ્રભુની સેવામાં વિનિયોગ કરવા માટે છે, આમ તેમ ઉરાડી નાંખવા માટે નથી. તેથી તે [1]દૈવી દ્રવ્યનો દુરૂપયોગ ન થાય તેનું પણ અનુસન્ધાન હમેશાં રાખવું.

અસમર્પિત ત્યાગ કરવામાં નડતી મુશ્કેલીઓ તથા તેનું નિરાકરણ.

શિષ્ય-પ્રશ્ન–'કૃપાનાથ ! સર્વ કાર્યના પ્રારંભમાં સર્વ વસ્તુ શ્રીહરિને સમર્પવાનું, તથા અસમર્પિત વસ્તુનો સંસર્ગ છોડવાનું આપશ્રીએ જે નિરૂપણ કર્યું તે યોગ્ય છે. પરન્તુ મારી દૃષ્ટિએ લૌકિક વ્યવહારમાં આ બધું નભવું ઘણું મુશ્કેલી-ભર્યું લાગે છે. કારણ કે વ્યવહારનાં બધાં કાર્યો કંઈ પ્રથમથી જાણી શકાતાં નથી. દૃષ્ટાન્ત તરીકે, (૧) જ્વરાદિ કોઈ રોગ ઉત્પન્ન થયો, અને તેનું પથ્ય તેજ વખતે વૈદ્યે બતાવ્યું ત્યારે તેવા પ્રસંગમાં પ્રથમથી તો આપણે ખબર હોય નહિ કે પ્રભુને અર્પણ કરી રાખીએ ? તેમજ, (૨) કોઈ પોતાનો મુરબ્બી હોય કે જેનું વચન ઉલ્લંઘન કરી શકાતું ન હોય તેણે, અથવા પોતાના કોઈ નજદીકના સમ્બન્ધીએ, વા પોતાના કોઈ પ્રિય શિષ્યે, સવિનય પોતાને ઘેર ભોજન કરવાનો આગ્રહ કર્યો, અથવા વસ્ત્રાલંકાર પહેરાવ્યાં તેવા સંયોગોમાં, તેમજ (૩) પોતે કોઈ શેઠ યા રાજાને ત્યાં નોકર હોય અને નોકરીને અંગે પોતાના માલેકને ત્યાં ગયો હોય અને તે અત્યાગ્રહપૂર્વક યા હઠપૂર્વક પોતાને ત્યાં જમવા બેસાડે, અથવા વસ્ત્રાલંકાર પહેરાવે તે સમયે તેમને નિષેધ તો કરી શકાય નહિ, એટલે ભોજન કરવું પડે, અને વસ્ત્રાલંકાર પણ પહેરવા પડે, ત્યારે તેવા સંયોગોમાં અસમાર્પિત વસ્તુનો સંસર્ગ છોડવાનું શી રીતે નભાવવું તે આજ્ઞા કરો.

ગુરુ-ઉત્તર—ઉપર જણાવ્યા મુજબના સંયોગોમાં અસમર્પિત વસ્તુનો સંસર્ગ થાય ખરો, પરન્તુ તેવા સંયોગોમાં ભોજન કરવું પડે, અથવા વસ્ત્રાલંકાર પહેરવા પડે તો ઘેરે આવીને શ્રીપ્રભુ પાસે દીનતાપૂર્વક વિજ્ઞપ્તિ કરવી કે 'આવી રીતે પરાધીનપણાને લઈને મારે અમુકને ત્યાં અસમર્પિત પદાર્થ લેવો

---

(૧) દ્રવ્ય બે પ્રકારનું હોય છે. (૧) દૈવ. (૨) આસુર. પ્રભુને માટે ખર્ચવામાં આવતું તે દૈવ, અને દુનીયામાં ફસવનારૂં દ્રવ્ય તે આસુર. यस्यानुग्रहमिच्छामि हरिष्ये तद्धनं शनैः । 'જેના ઉપર હું અનુગ્રહ ઇચ્છું છું તેનું ધન ધીરે ધીરે હરણ કરૂં છું,' આ ધન દૈવ નહિ, પણ આસુર સમજવું. કારણ કે ભગવાનજ એકાદશસ્કન્ધમાં આજ્ઞા કરે છે કે पृथक्सत्रेण वा मह्यं पर्वयात्रामहोत्सवान् । कारयेद्गीतनृत्याद्यैर्महाराजविभूतिभिः ॥ તાત્પર્ય કે–'ચક્રવર્તી મહારાજાધિરાજની સમાન વિભૂતિથી મારા ઉત્સવો કરવા.' હવે જો જેના ઉપર ભગવદનુગ્રહ થાય તેની દૈવ આસુર બધી સમ્પત્તિ પ્રભુ હરી લેતા હોય તો તે અનુગ્રહીત જીવ ઠાકોરજીના મહારાજાધિરાજની સમાન ઉત્સવો કયાંથી કરી શકે ? માટે અનુગ્રહભાજન જીવની સમ્પત્તિ નાશ પામવાનું વચન છે તે આસુરીસમ્પત્તિવિષયક સમજવું.

પડ્યો, અથવા વસ્ત્રાલંકાર પહેરવા પડ્યા.' આવી રીતે ઉપલા સંયોગોમાં પાછળથી પણ શ્રીપ્રભુને વિજ્ઞપ્તિ કરી દેવામાં આવે તો અસમર્પિત વસ્તુનો સંસર્ગ કરવામાં જે દોષ પ્રાપ્ત થાય છે તે તેમના ઉપર લાગુ પડતો નથી. દૃષ્ટાન્ત તરીકે જેમ કોઈ રાજાનો યા શેઠનો નોકર હોય તેણે બધાં કાર્યો પોતાના માલેકની આજ્ઞા મેળવીનેજ કરવાં જોઈએ, અને તે પ્રમાણે તે કરતો પણ હોય, પરન્તુ કોઈ સમય પોતાના માલેકને પુછવાનો સમય તેને ન મળ્યો, અથવા પુછવા જાય તેટલાં તે કાર્ય બગડી જતું હોય તો તેવા સંયોગમાં તે કાર્ય કરીને પણ પોતાના માલેકને જાહેર કરે, તો પણ તે અપરાધી ગણાતો નથી, પ્રત્યુત માલેકની આજ્ઞાનુસારજ કાર્ય કરનારો ગણાય છે, તેમ અત્ર પણ સમજવું. અર્થાત્ નિષ્કપટ સેવક જેમ કાર્યની પહેલાં અથવા પછીથી પોતાના માલેકને તે કાર્યની જાણ કરે તેમાં તે દોષિત ઠરતો નથી, તેજ પ્રમાણે અસમર્પિત વસ્તુ કદાપિ નજ લેનાર ભક્તને કદાચિત્ પરાધીનપણાને લઈને અસમર્પિત લેવાનો પ્રસંગ આવે તો પણ પાછળથી શ્રીઠાકોરજી આગળ વિજ્ઞપ્તિ કરી દેવાથી તે દોષિત ઠરતો નથી. એજ અભિપ્રાયથી શ્રીમદાચાર્યચરણ 'સિદ્ધાન્તરહસ્ય' ગ્રન્થમાં આજ્ઞા કરે છે કે—

सेवकानां यथा लोके व्यवहारः प्रसिद्ध्यति ।
तथा कार्यं समर्प्यैव सर्वेषां ब्रह्मता ततः ॥

અર્થઃ—'નિષ્કપટરીતે સેવા કરનારા સેવકો પોતાના ગુરુને અથવા પોતાના ધણીને કાર્ય કરતાં પહેલાં અથવા પછી, અથવા બન્ને સમયે વિજ્ઞાપના કરે છે તેમ, સમર્પણ કરીને બધો વ્યવહાર કરવો. તેથી સર્વની—દેહ, ઇન્દ્રિય, પ્રાણાદિકની–બ્રહ્મરૂપતા સિદ્ધ થાય છે.'

બ્રહ્મ અને જીવના સમ્બન્ધનો વિચાર.

शिष्य–प्रश्न—'કૃપાનાથ! જીવ અને બ્રહ્મનો અંશાંશિભાવરૂપ સમ્બન્ધ તો પ્રથમથી છેજ, તો પછી 'બ્રહ્મસમ્બન્ધ' લેવાથી જીવનો કયો સમ્બન્ધ બ્રહ્મની સાથે થાય છે તે કૃપા કરી આજ્ઞા કરો.

गुरु–उत्तर—'બ્રહ્મસમ્બન્ધ'થી જીવનો બ્રહ્મની સાથે કોઈ નવીન સમ્બન્ધ થતો નથી, પણ ભગવચ્છક્તિ અવિદ્યાએ જીવને પોતાનો ભગવાન્ સાથેનો અંશાંશિભાવસમ્બન્ધ જે ભૂલાવી દીધેલો છે, તેનું પુનઃ સ્મરણ કરાવવામાં આવે છે. અતએવ શ્રીહરિરાયચરણોએ શ્રીયમુનાષ્ટકના ટિપ્પણમાં આજ્ઞા કરી છે કે—

अस्मदाचार्यवर्यास्तु ब्रह्मसम्बन्धकारणात् ।
तापक्लेशप्रदानेन निजानां भाववर्धकाः ॥

અર્થ:—'આપણા શ્રીમદ્વલ્લભાચાર્યશ્રી તો બ્રહ્મસમ્બન્ધ કરાવીને તાપક્લેશનું પ્રદાન કરી નિજજનોના ભાવને વધારે છે.' અર્થાત્ અગણિત વર્ષો થયાં જીવ ભગવાન્થી વિખુટો પડ્યો છે, પણ અવિદ્યાએ કરી તે પોતાનું સ્વરૂપ–ભગવદ્દાસ તરીકેનું–ભૂલે ગયેલો હોવાથી પોતાને ભગવદ્વિયોગથી થવો જોઈતો તાપક્લેશાનન્દ થતો નથી, તેથી ગુરુદેવ, બ્રહ્મ એટલે કે ભગવાન્ સાથેનો જીવનો સમ્બન્ધ–સ્વસ્વામિભાવ–વા અંશાંશિભાવ–ભગવાન્ની સમક્ષ લઈ જઈ સ્મરણ કરાવી આપે છે. તે એટલામાટે કે તે સમ્બન્ધ જો તેને સ્મરણ કરાવી આપવામાં આવે તો તાપક્લેશાનન્દ પણ સ્ફુરે, અને તાપક્લેશાનન્દ સ્ફુરે તો તે પ્રભુ–કે જેની સાથે પોતાનો સમ્બન્ધ પ્રથમથીજ છે તે–ને મળવાનો પ્રયત્ન પણ કરે, અને સાંસારિક પદાર્થોમાંથી પોતાનો સમ્બન્ધ–કે જે પાછળથી પોતાના અજ્ઞાનથી કલ્પેલો છે–તે હટાવી લે.

જીવને ભૂલાવામાં નાખતી અવિદ્યાનું નિરૂપણ.

તે અવિદ્યા કે જેનાથી કરી જીવ પોતાના સ્વરૂપને ભૂલી સંસાર કલ્પે છે તે ભગવાન્નીજ શક્તિ છે, અને તેનાં પાંચ પર્વ છે. તે વિષે શ્રીમદાચાર્યચરણ 'તત્ત્વદીપ' નિબન્ધમાં આજ્ઞા કરે છે કે—

> **स्वरूपाज्ञानमेकं हि पर्व देहेन्द्रियासवः ।**
> **अन्तःकरणमेषां हि चतुर्थाध्यास उच्यते ॥**
> **पञ्चपर्वा त्वविद्येयं यद्बद्धो याति संसृतिम् ।**

અર્થ:—'અન્તઃકરણાધ્યાસ, પ્રાણાધ્યાસ, ઇન્દ્રિયાધ્યાસ, દેહાધ્યાસ, સ્વરૂપવિસ્મૃતિ આ પાંચ પર્વવાળી અવિદ્યા છે, કે જેથી બંધાયેલો જીવ સંસારને કલ્પે છે. આ અવિદ્યાનું (૧) પ્રથમ પર્વ અન્તઃકરણાધ્યાસ છે. કારણ કે ત્રિગુણાત્મિકા માયાથી મહત્તત્વ ઉત્પન્ન થાય છે, અને મહત્તત્વથી અહંકારની ઉત્પત્તિ થાય છે. તથા તે મહત્તત્વ તથા અહંકાર એ અન્તઃકરણરૂપ હોવાથી પ્રથમ અન્તઃકરણાધ્યાસ એટલે કે અન્તઃકરણને આત્મા સમજવો એવું અયથાર્થ જ્ઞાન થાય છે. તેથી કરીને 'હું સન્દેહવાળો છું' 'હું ભ્રાન્ત છું' 'હું અજાણ્યો છું' વગેરે માન્યતા જીવની બને છે. (૨) દ્વિતીય પર્વ પ્રાણાધ્યાસ છે. કારણ કે પ્રાણ એ અન્તઃકરણનુંજ રૂપાન્તર છે. તે અધ્યાસને લઈને 'હું પ્રાણવાયુ છું, પ્રાણની સત્તાથીજ મારી સત્તા છે, હું ભૂખ્યો છું, હું તરસ્યો છું' વગેરે પ્રાણનેજ આત્મા મનાય છે. (૩) તૃતીય પર્વ ઇન્દ્રિયાધ્યાસ છે, કારણ કે ઇન્દ્રિયો પ્રાણની સમીપ છે. તેથી કરીને હું કાણો છું, હું અન્ધ છું, હું બહેરો છું, હું મૂંગો છું, હું દેખું છું,

હું સાંભળું છું વગેરે ઇન્દ્રિયોનેજ આત્મા સમજાય છે. (૪) ચતુર્થ પર્વ દેહાધ્યાસ છે. કારણ કે ઇન્દ્રિયોથી પંચમહાભૂતનો સમ્બન્ધ અતિ નિકટ છે. તે અધ્યાસને લઈને 'હું સ્થૂલ છું,' 'હું કૃશ છું,' 'હું કાળો છું, "હું ગૌર છું' વગેરે દેહને જ આત્મા માનવા લગાય છે. (૫) પંચમ પર્વ સ્વરૂપાજ્ઞાન છે. સમૂળગું પોતાના સ્વરૂપનેજ ભૂલી જવું એટલે કે હું બ્રહ્મનો અંશ છું, દાસ છું વગેરે ભુલી જઈ 'હું સુખી છું, હું દુઃખી છું, હું પરાધીન છું, હું જન્મમરણાદિગ્રસ્ત છું' ઇત્યાદિ માન્યતા સ્વરૂપવિસ્મૃતિને લઈને જીવાત્મામાં થાય છે. આ પંચપર્વાત્મિકા અવિદ્યા જીવને લાગુ પડી ત્યારથીજ જીવ ભગવાન્ સાથેના પોતાના સમ્બન્ધને ભૂલી જઈ દેહાદિમાં અહન્તા તથા દેહાદિને અનુકૂલ એવા સ્ત્રી, પુત્ર, ગૃહ, વસ્ત્ર, આભરણ વગેરેમાં મમતા બાંધે છે. પરન્તુ ખરી રીતે જોવા જતાં જીવાત્મા જેને પોતાનાં કરી માને છે તે તેનાં પોતાનાં નથી, પણ પ્રભુનાંજ છે. કારણ કે 'स एकाकी न रमते' 'स द्वितीयमैच्छत्' 'स हैतावानास' 'તે પ્રભુ એકલા રમતા નથી, તેણે બીજાની ઇચ્છા કરી, તે પોતેજ આ જગદ્રૂપે થઈ ગયા' क्रीडाभाण्डमिदं विश्वम् 'આ જગત્ ક્રીડાભાન્ડ છે' 'क्रीडार्थमात्मन इदं त्रिजगत्कृतं ते' 'આ ત્રણ જગત્ પોતાની ક્રીડા માટે આપે કરેલું છે' ઇત્યાદિ શ્રુતિ સ્મૃતિ પુરાણવાક્યોથી આ બધું જગત્ પ્રભુનુંજ છે એમ સિદ્ધ થાય છે, ત્યારે તે પ્રભુના પદાર્થો ઉપર પોતાનું મમત્વ બાંધવું એ અજ્ઞાન નહિ તો બીજું શું ? તે અજ્ઞાનજ જીવને ભુલાવવામાં નાખે છે તેથી બ્રહ્મસમ્બન્ધ કરાવી ગુરુદેવ જીવને પ્રભુસાથેનો સમ્બન્ધ યાદ અપાવી ખોટી અહન્તા મમતામાંથી છોડાવે છે. તાત્પર્ય કે અંશાંશિભાવરૂપ સનાતન જે સમ્બન્ધ જીવ અને બ્રહ્મનો છે તેનું સ્મરણ કરાવી આપવું એજ બ્રહ્મસમ્બન્ધનું તાત્પર્ય છે. કોઈ નવીન સમ્બન્ધ બ્રહ્મસમ્બન્ધથી ઉત્પન્ન થતો નથી.

નિવેદનકર્તા કોણ ?

शिष्य–प्रश्न–'કૃપાનાથ ! નિવેદન કોણ કરે છે તે કૃપા કરી આજ્ઞા કરો.

गुरु–उत्तर–સ્થૂલ સૂક્ષ્મ દેહવિશિષ્ટ જીવ નિવેદન કરે છે. અર્થાત્ જે જીવે અવિદ્યાને લઇને અહન્તામમતા દેહ ગેહાદિમાં માની રાખેલી છે તે અહન્તા મમતા [1]પ્રભુવિષયક કરી દે છે. કારણ કે જીવ સ્વરૂપતઃ દુષ્ટ નથી, પણ [2]સ્વભાવતઃ દુષ્ટ છે. એટલે અવિદ્યાસમ્બન્ધરહિત જીવ તો શુદ્ધજ છે, તેને કશું નિવેદવાનું

(૧) પોતામાં સ્વતંત્રપણે 'હું' એમ નહિ માનતાં 'હું પ્રભુનો દાસ છું' એ અહંતાનું, તથા સ્ત્રી, પુત્રાદિકને 'મારાં' ન માનતાં—પ્રભુને 'મારા' માનવા એ મમતાનું પરિવર્તન છે. (૨) जीवः स्वभावतो दुष्टः ।

હોય નહિ, તેથી સ્થૂલ સૂક્ષ્મ દેહવિશિષ્ટ અવિદ્યાસમ્બન્ધવાન્ જ જીવ નિવેદન કરે છે.

આત્મનિવેદન વેદાદિ પ્રસ્થાનચતુષ્ટયીસિદ્ધ છે.

શિષ્ય–પ્રશ્ન–'કૃપાનાથ! આત્મનિવેદન કરવાથી જીવાત્મા, જે [1]પ્રયોજન માટે પોતાનો જન્મ થયેલો છે, તે પ્રયોજનનું સાર્થક્ય યથાવત્ કરી શકે છે એ હું સમજ્યો, પરંતુ 'આત્મનિવેદન કરવું જોઈએ' એવું વેદાદિ શાસ્ત્રોમાં ક્યાંય લખેલું છે? જો હોય તો કૃપા કરી આજ્ઞા કરો.

ગુરુ–ઉત્તર—'આત્મનિવેદન કરવું જાઈએ' એમ વેદ, ગીતા, ભક્તિ-સૂત્ર, શ્રીમદ્‌ભાગવત, વિષ્ણુપુરાણાદિ શાસ્ત્રોમાં સુચારૂરૂપથી લખાયેલું છે. તે સાંભળો. બૃહદારણ્યકોપનિષદ્‌ના અધ્યાય ૪ થાના બ્રાહ્મણ ૫ મામાં 'મધુવિદ્યા'નું નિરૂપણ છે ત્યાં લખેલું છે કે—

सवा अयमात्मा सर्वेषां भूतानामधिपतिः, सर्वेषां भूतानाᳬ राजा, तद्यथा रथनाभौ रथनेमौ चाराः समर्पिता, एवमस्मिन्नात्मनि सर्वाणि भूतानि सर्वे देवाः सर्वे लोकाः सर्वे प्राणाः सर्व एत आत्मानः समर्पिताः।

અર્થઃ–"જે આ પ્રસિદ્ધ પરમાત્મા છે તે સર્વ પ્રાણીના અધિપતિ છે, સર્વ પ્રાણીના રાજા છે, તેથી જેમ, રથના ચક્રની નાભિ, (પૈડાંનું મધ્ય, જેમાં ધરી રહે છે તે.) અને નેમિને વિષે બધા આરાઓ સમર્પેલા રહે છે, તેજ પ્રમાણે આ પરમાત્માને વિષે બધાં ભુત, બધા દેવ, બધા લોક, બધા પ્રાણ, અને બધા આ જીવાત્માઓ સમર્પિત છે." અત્ર પૈડાના આરાનું દષ્ટાન્ત આપીને આરા જેમ અન્દરની નાઈમાં અને ઉપરનાં પાટીઆમાં લાગીને રહેલા હોય છે, તેજ પ્રમાણે દેહથી લઈને આત્માપર્યંત બધું પરમાત્મામાં લગાડવું એમ કહ્યું છે. એનુંજ નામ **આત્મનિવેદન છે**. વળી પણ જુઓ—

नू मर्तो दयते सनिष्यन् यो विष्णव उरुगाय दाशत्।

અર્થઃ–"यः જે मर्तः મનુષ્ય सनिष्यन् સર્વોત્કૃષ્ટ ફલની આકાંક્ષા રાખીને उरुगाय અનેક ભક્તોથી સ્તુતિ કરાતા विष्णवे ભગવાન્ કૃષ્ણને दाशत् બધું સમર્પણ કરે (તે) नू શીઘ્ર दयते ફલને પ્રાપ્ત થાય છે." બીજી પણ શ્રુતિ આ પ્રકારે છે—

यः पूर्व्याय वेधसे नवीयसे सुमज्जानये विष्णवे ददाशति।
यो जातमस्य महतो महि ब्रवत्सेदु श्रवोभिर्युज्यं चिदभ्यसत्॥

---

(१) भगवद्रूपसेवार्थं तत्सृष्टिः। ભગવાનની રૂપ–સેવામાટે પુષ્ટિ જીવ સર્જાયેલા છે.

અર્થ:—यः જે પુરૂષ पूर्व्याय वेधसे જગતુના આદિ કર્તા नवीयसे नित्यनूतनरूप सुमज्जानये લક્ષ્મીપતિ विष्णवे ભગવાન્ કૃષ્ણને ददाशति (अविशेषात् सर्वं देहेन्द्रियप्राणान्तः करणादि) ખાસ કંઈ કહેલું ન હોવાથી દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણાદિ બધું અર્પણ કરે છે, અને यः જે પુરૂષ महतः વ્યાપક अस्य શ્રીકૃષ્ણના महि સર્વ શ્રેષ્ઠ जातं (गुणकर्मणामुपलक्षणमेतत्) પ્રાકટ્યલીલા, ગુણ અને ચરિત્રોનું श्रवत् કીર્તન કરે सः તે પુરૂષ इत् उ નિશ્ચય युज्यं ભગવત્સાયુજ્યને अभ्यसत् પ્રાપ્ત થાય. તેમજ श्रवोभिः ભગવત્પ્રાકટ્ય, ગુણ અને લીલાઓનું શ્રવણ કરવાથી चित् સચ્ચિદાનન્દરૂપ પ્રભુને अभ्यसत् પ્રાપ્ત થાય." આ પ્રકારે વેદમાં આત્મનિવેદનનું સ્વરૂપ બતાવીને હવે ગીતાનાં પ્રમાણો પણ તે વિષે આપીએ છીએ. ભગવાન્ અર્જુનના પ્રતિ ઉપદેશ કરે છે કે—

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् गी० ॥ ९–२१ ॥
शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः ॥

અર્થ—'હે અર્જુન ! જે તું કરે છે, જે ભોજન કરે છે, જે હોમ કરે છે, જે દાન કરે છે, જે તપ કરે છે તે મને અર્પણ કર, એમ કરવાથી શુભાશુભ ફલવાળાં કર્મનાં બન્ધનોથી તું મુક્ત થઈશ.' આગળ પણ પોતાને કેવો ભક્ત પ્રિય છે તે બતાવતાં આજ્ઞા કરેલી છે કે—

मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः ।

અર્થ—'મારામાં જેણે પોતાનું મન તથા બુદ્ધિ અર્પણ કરેલાં છે તેવો ભક્ત મને પ્રિય છે.' 'નારદપંચરાત્ર'માં નારદજીને ભગવાને, પોતાને કોણ કેવો પ્રિય છે તે બાબત આજ્ઞા કરેલી છે કે—

न मे लक्ष्मीः प्रिया तादृग् वैकुण्ठाख्यं न धाम च ।
यथा निवेदितप्राणः प्रियो मे मुनिसत्तम ॥

અર્થ:—'હે નારદ ! **આત્મનિવેદી** જેવો મને પ્રિય છે તેવી લક્ષ્મી પણ મને વ્હાલી નથી, અને વૈકુણ્ઠ પણ મને વ્હાલું નથી. વળી પણ આજ્ઞા કરેલી છે કે—

यो वा नरो वा नारी वा म्लेच्छो वा पुष्कसोपि वा ।
निवेदयेत्स्वमात्मानं क्रीतोहं तेन सुव्रत ॥

અર્થ:—'હે નારદ ! જે કોઈ પુરુષ અથવા સ્ત્રી, મ્લેચ્છ અથવા ચાણ્ડાલ આત્મનિવેદન કરે, તે, મૂલ્ય આપી જેમ કોઈ ચીજ ખરીદે છે તેમ મને ખરીદી લ્યે છે' અર્થાત્ તેને હું વશ થઇ જાઉં છું. વળી પણ—

यत्र यत्र निरीक्षेथा निवेदिततनुं नरम् ।
अविचा ण तस्य त्वं पादयोः पत नारद ॥

અર્થ:—'હે નારદ ! જ્યાં જ્યાં તમે આત્મનિવેદીનાં દર્શન કરો ત્યાં ત્યાં દર્શન કરતાં માત્રમાં તેને અભિવન્દન કરો.'

આત્મનિવેદન વિષે ભાગવતનાં પ્રમાણો નીચે મુજબ છે—

मयि संजायते भक्तिरुद्धवात्मनिवेदिनाम् । भा. ११–१९ ॥

અર્થ:–'હે ઉદ્ધવ ! આત્મનિવેદન કરનારાઓની મ્હારામાં ભક્તિ થાય છે'

दारान् सुतान् गृहान् प्राणान् यत्परस्मै निवेदनम् ।

અર્થ:–'સ્ત્રી, પુત્ર, ઘર, પ્રાણ આ બધાં પરમાત્માને નિવેદન કરવાં.'

પ્રહ્લાદજી દૈત્ય બાલકોના પ્રતિ કહે છે કે—

मन्ये तदेतदखिलं निगमस्य सत्यं स्वात्मार्पणं स्वसुहृदः परमस्य पुंसः ।

અર્થ–'આ બધું વેદમાં કહેલું હું સત્ય માનું છું કે પોતાના સુહૃદ્ એવા પુરૂષોત્તમને પોતાનો આત્મા અર્પણ કરવો. 'નારદભક્તિસૂત્ર'માં પણ આત્મનિવેદન વિષે નિરૂપણ કરાયેલું છે કે—

लोकहानौ चिन्ता न कार्या निवेदितात्मलोकवेदशीलत्वात् ।

અર્થ:—'લોકહાનિ થયે ચિન્તા ન કરવી, કારણકે લોક વેદ બધું આત્મનિવેદન સાથે ભગવાનને નિવેદાય ગયું છે.' આ બધાં પ્રમાણોથી સિદ્ધ થાય છે કે आत्मनिवेदन એ વેદ, ગીતા, નારદપઞ્ચરાત્ર, શ્રીમદ્ભાગવત, નારદસૂત્ર આદિ સર્વ પ્રમાણોથી સિદ્ધ છે.

शिष्य–प्रश्न–'કૃપાનાથ ! બ્રહ્મસમ્બન્ધ મન્ત્રવિષે આપશ્રીએ વેદાદિ શાસ્ત્રોનાં પ્રમાણો આપ્યાં તે ઉપરથી સમજી શકાયું કે પુષ્ટિમાર્ગમાં અપાતો બ્રહ્મસમ્બન્ધ મન્ત્ર વેદાદિ પ્રમાણસિદ્ધ છે, પરન્તુ એટલું સમજાયા પછી એક શંકા ઉપસ્થિત થાય છે કે એ મન્ત્રની ગણના વૈદિક, પૌરાણિક, સ્માર્ત કે તાન્ત્રિક આ ચારમાંથી કેમાં કરવી. કારણકે આપશ્રીએ ચારેનાં પ્રમાણો આપેલાં છે.

गुरु–उत्तर–બ્રહ્મસમ્બન્ધમન્ત્ર [1]અધિકારિભેદે વૈદિક, પૌરાણિક, સ્માર્ત તથા તાન્ત્રિક એમ ચારે પ્રકારે થાય છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય આ દ્વિજમાંથી કોઇ બ્રહ્મસમ્બન્ધ મન્ત્રોપદેશ ગ્રહણ કરવા આવે ત્યારે ઉપદેશકર્તા ગુરુશ્રી વૈદિક પ્રમાણોના અર્થનું અનુસન્ધાન રાખી ઉપદેશ કરે છે તેથી તે વૈદિક કહેવાય છે.

---

(१) "एतस्य च गुरुणा श्रौतत्वेनोपदेशे श्रौतत्वम्, आगमोक्तत्वेनोपदेशे च तान्त्रिकत्वम्, 'एवंधर्मैर्मनुष्याणा'मित्यादिभगवदुक्तत्वेनोपदेशे च भक्तिमार्गीयत्वम्"। इति उपदेशशङ्कानिरासवादे—श्रीपुरुषोत्तमचरणाः ।

વેદાનધિકારી સ્ત્રી, શૂદ્ર, વા વ્રાત્ય, મન્ત્રોપદેશ ગ્રહણ કરવા આવે ત્યારે ઉપદેષ્ટા સ્મૃતિ પુરાણ કે તન્ત્રનાં પ્રમાણોના અર્થનું અનુસન્ધાન રાખી ઉપદેશ કરે છે તેથી તે સ્માર્ત, પૌરાણિક, કિંવા તાન્ત્રિક કહેવાય છે. ઉપદેશ એકજ પ્રકારનો હોવા છતાં શિષ્યના અધિકારાનુસાર ગુરુશ્રીના અન્તઃકરણની ભાવનાના ભેદથી ઉપદેશ વૈદિક, તાન્ત્રિક, પૌરાણિક આદિ ભેદથી વ્યવહરાય છે. દૃષ્ટાન્ત તરીકે શાંકર-સિદ્ધાન્તમાં 'तत्त्वमसि' તથા 'अहं ब्रह्मास्मि' એવો ઉપદેશ આપવામાં આવે છે. આ ઉપદેશ વેદના અનધિકારીએ રચેલા 'વૃત્તિપ્રભાકર' તથા 'વિચારસાગર' નામક ગ્રન્થોમાં પણ સ્પષ્ટ જોવામાં આવે છે. અને તે ગ્રન્થો બ્રાહ્મણાદિ દ્વિજ, શૂદ્ર, તથા સ્ત્રી પણ વાંચે છે. શાંકર સિદ્ધાન્તના પણ્ડિતો પણ ઉપલા બન્ને ગ્રન્થોને ઘણી માનની દૃષ્ટિથી જુએ છે. આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે શાંકર સિદ્ધાન્તમાં અપાતો ઉપર્યુક્ત ઉપદેશ જ્યારે કોઈ વેદાધિકારી લેવા આવે છે ત્યારે ઉપદેષ્ટા વેદપ્રતિપાદિત અર્થનું અનુસન્ધાન રાખી તે ઉપદેશ કરે છે, અને વેદના અનધિકારી સ્ત્રી શૂદ્રાદિ લેવા આવે ત્યારે ઉપદેષ્ટા ઇતિહાસપુરાણાદિપ્રતિપાદિત અર્થનું અનુસન્ધાન કરી ઉપદેશ કરે છે તેથી તે આધ્યાત્મિકી વિદ્યાનું સ્વરૂપ એક હોવા છતાં શિષ્યના અધિકારભેદથી તે વૈદિક, તથા પૌરાણિક બને છે, તેજ પ્રમાણે આત્મનિવેદનમન્ત્રમાં પણ સમજવું.

બ્રહ્મસમ્બન્ધ મન્ત્રના વૈદિકત્વમાં થોડીક યુક્તિઓ.

અમુક મંત્ર અમુકમાં છે કે કેમ ? તે ત્રણ પ્રકારે તપાસી શકાય છે. (૧) શબ્દતઃ (૨) અર્થતઃ (૩) તાત્પર્યતઃ—અમુક મંત્ર શબ્દશઃ વેદમાં મલી આવે, અથવા શબ્દશઃ ન હોવા છતાં તેનો અર્થ વેદમાં મલી આવે, અર્થપણ ન હોવા છતાં તેનું તાત્પર્યપણ વેદમાં મલી આવે તો તે મંત્ર વૈદિકજ ગણાય. જો આ પ્રકાર આદરવામાં ન આવે તો ગીતા શબ્દશઃ વેદમાં કયાં મલી આવે છે ? મનુસ્મૃતિ શબ્દશઃ વેદમાં ક્યાં મલી આવેછે? તેથી શું તે ગ્રંથોને અવૈદિક કહેવા ? કોઇપણ આસ્તિક આ વાતમાં સંમત થશે નહિં. એટલે કે આ બે ગ્રન્થો અર્થતઃ તેમજ તાત્પર્યતઃ વેદમાં હોવાથી વૈદિક ગણાય છે. તેજ પ્રકારે બ્રહ્મસમ્બન્ધમન્ત્ર અર્થતઃ તેમજ તાત્પર્યતઃ વેદમાં હોવાથી તે વૈદિક કહેવાય છે. અત્રે બ્રહ્મસંબંધ મંત્રનું શકલીકરણ ઉપયુક્ત થઈ પડશે. આ મન્ત્ર પાંચ અક્ષરનો છે. તેના પૂર્વમાં બોલવામાં આવતું ગદ્ય એ મંત્રનુંજ વિવરણ છે, એટલે કે ટીકા છે. જેમ કે મંત્રમાં રહેલા ઉત્તમ પુરૂષનુંજ વિવરણ ગદ્યમાં રહેલ પ્રથમ 'હું' પદપર્યંત છે, ત્યાર બાદ ગદ્યમાં પરિકરસહિત જીવનું ભગવદીયત્વ, તથા તેનુંજ ભગવાનથી વિયોગ વગેરે

(૧) अस्मि (૨) ગદ્યમાં બે વખત 'अहं' પદ આવે છે તેમાંથી પ્રથમ.

નું વર્ણન છે, તે, મંત્રમાં રહેલા ષષ્ઠયન્તપદવાચ્ય ભગવાન્‌ના 'સ્વામિત્વ'રૂપ સમ્બન્ધનું વિવરણ છે. ત્યારબાદ ગદ્યમાં ચતુર્થી વિભક્તિ જેને લગાડવામાં આવી છે તે પદ મંત્રમાંના સમ્બુદ્ધિયુક્ત પદનું વિવરણ છે. ત્યારે તે પદને ચતુર્થી લગાડવાનું તાત્પર્ય શું ! તે એટલામાટે કે તે ચતુર્થી તાદર્થ્યમાં છે, એટલે કે તે ચતુર્થી સમર્પણનું ફલ બતાવે છે. અર્થાત્ કૃષ્ણપ્રાપ્ત્યર્થ સમર્પણ છે એમ બોધ કરે છે. આ પ્રકારે સમજાયું હશે કે ગદ્યમંત્રમાં ગદ્ય એ પઞ્ચાક્ષરમન્ત્રનુંજ વિવરણ છે.

હવે તેનું વૈદિકત્વ તપાસીએ. ગદ્યનો પ્રથમ ભાગ જીવનો ભગવાન્‌થી વિયોગ બતાવે છે, તો તે વાતને 'यथाग्नेः क्षुद्रा विस्फुलिङ्गाः' ઇત્યાદિ શ્રુતિ સ્પષ્ટ પ્રતિપાદન કરે છે કે ભગવાન્‌થી જીવ વિખુટા પડ્યા. દ્વિતીયભાગ ભગવાનનું આ જગત ઉપર સ્વામિત્વ બતાવે છે, તો તે વાતને ईशावास्यमिदं सर्वं यत्किञ्च जगत्यां जगत् ' ઇત્યાદિ શ્રુતિ સ્પષ્ટપણે પ્રતિપાદન કરે છે. તૃતીય ભાગ ભગવાન્‌ને બધું અર્પણ કરવાનું કહે છે, તો તે વાત यःपूर्व्याय वेधसे नवीयसे सुमज्जानये विष्णवे ददाशति ઇત્યાદિ શ્રુતિ સ્પષ્ટ કરે છે. આ પ્રકારે ब्रह्मसम्बन्धનો મન્ત્ર સમગ્ર વૈદિક છે એમ સિદ્ધ થઈ રહે છે. હવે શબ્દશઃ બ્રહ્મસમ્બન્ધ મન્ત્ર વેદમાં છે કે નહિ ? એ શંકા અવશિષ્ટ રહે છે. તો તેનો સ્ફોટ આ પ્રકારે છે કે, અતિગોપ્ય મન્ત્રો શાસ્ત્રોમાંથી આનુપૂર્વીરૂપે ઉદ્ધૃત કરવામાં આવે છે, પ્રકટરૂપે કહેલા હોતા નથી. જેમ કે વ્યંજનોમાંથી સોલમો, એકવીશમો અક્ષર એમ કહેવાથી ' તપ 'નો ઉપદેશ કર્યો, પણ ' તપ ' એમ ન લખ્યું, પણ તેજ સાધન ઉદ્ધૃત કરવામાં આવ્યું. તેજપ્રકારે પંચાક્ષરમન્ત્ર પણ નિતાન્ત ગોપ્ય હોવાથી તત્પ્રતિપાદક ગ્રંથનું નામ પણ શ્રીમહાપ્રભુજીએ 'રહસ્ય' પદવિશિષ્ટજ રાખ્યું, જ્યારે પોતાના કોઈ ગ્રંથ સાથે રહસ્ય પદ જોડ્યું નથી. તેથી આ મન્ત્ર નિતાન્ત ગોપ્ય હોવાથી, વેદમાંથી ઉદ્ધૃત કરવામાં આવતો હોવાથી શબ્દશઃ વેદમાં ન હોય તેથી તેનું વૈદિકત્વ લેશતઃ પણ દૂર થતું નથી. આ બધું બ્રહ્મસમ્બન્ધમન્ત્રમાં વૈદિકત્વ હોવુંજ જોઈએ એવો આગ્રહ રાખનારાઓ માટેજ લખાયેલું છે. બાકી વસ્તુતઃ તો જે મન્ત્રને સાક્ષાત્ શ્રીઠાકોરજી સ્વયં પ્રકટ થઈને આજ્ઞા કરે તેમાં વૈદિકત્વાવૈદિકત્વની ભાંજગડજ નકામી છે. કારણ કે વેદ તો નિઃશ્વાસરૂપ હોવાથી ચાલ્યાજ કરે છે તેમાં બ્રહ્મસમ્બન્ધમન્ત્રના અસ્તિત્વ કરતાં વેદ જેનો નિઃશ્વાસ છે તે પોતે પ્રભુજ સાક્ષાત્ પ્રકટ થઈ જે કંઈ આજ્ઞા કરે તેમાં વધારે વજન ગણાય. અને તેથીજ એટલે કે—સાક્ષાત્ ભગવાને પ્રકટ થઈને આ મન્ત્ર ઉપદેશ કરેલો છે તેથી—આ મન્ત્ર ગ્રહણ કરવામાં સર્વનો અધિકાર છે. કારણ કે ભગવાન્‌ની દૃષ્ટિમાં સમવિષમભાવ સંભવે નહિ.

સ્ત્રીઓએ બ્રહ્મસમ્બન્ધ લેવું જોઇએ કે ?

શિષ્ય–પ્રશ્ન–' કૃપાનાથ ! આ માર્ગમાં તો સ્ત્રીઓને પણ બ્રહ્મસમ્બન્ધ

મન્ત્રોપદેશ આપવામાં આવેછે. પરંતુ 'पतिरेव गुरुःस्त्रीणाम्' સ્ત્રીઓનો તો ગુરૂ પતિજ છે, એવું વાક્ય મેં સાંભળેલું છે, તેમજ 'બૃહન્નારદીય' પુરાણાન્તર્ગત પુરૂષોત્તમમાહાત્મ્યના અધ્યાય ત્રીશમાના શ્લોક ૭૯ માં પણ કહ્યું છે કે—

भर्ता देवो गुरुर्भर्ता धर्मतीर्थव्रतानि च ।
तस्मात्सर्वं पा त्यज्य पतिमेकं समर्चये ॥

અર્થ:—"સ્ત્રીઓ માટે દેવ, ગુરુ, ધર્મ, તીર્થ, વ્રત આ બધું પતિજ હોવાથી બધું છોડીને એક પતિની સમ્યક્ અર્ચા કરવી." આ વાક્યથી પણ સ્ત્રીઓનો ગુરુ તો પતિજ છે તો પછી સ્ત્રીઓથી બ્રહ્મસમ્બન્ધ લઈ બીજા ગુરુ કેમ કરી શકાય ?

गुरु—उत्तर—'पतिरेव गुरुः स्त्रीणाम्' આ વાક્ય કોઈ શાસ્ત્રનું નથી પણ સામાન્ય નીતિનું છે. તેમજ પુરૂષોત્તમમાહાત્મ્યનું વચન તમોએ ટાંક્યું તેનું પણ તાત્પર્ય સ્ત્રીએ પોતાના પતિ પાસે મન્ત્રોપદેશ લેવો એવું નથી પરંતુ પતિનો મહિમા વર્ણન કરીને 'સ્ત્રીએ સર્વથી ઉત્કૃષ્ટ ભાવ નિજપતિમાં રાખવો' એવું તેનું તાત્પર્ય છે. એટલે કે સ્ત્રીને પાતિવ્રત્ય વ્રતમાં દૃઢ રાખવા ઉપલું વચન છે. જો તેમ ન હોય તો 'रुद्रयामल'માં 'न पत्नीं दीक्षयेत्' 'પત્નીને પતિએ દીક્ષા આપવી નહિ' એવો સ્પષ્ટ નિષેધ કેમ કરત. અતએવ આચાર્યકુલમાં પણ પોતે મન્ત્રોપદેષ્ટા હોવા છતાં પોતાની સહધર્મિણીને પોતે ઉપદેશ ન આપતાં સામ્પ્રદાયિક અન્ય આચાર્યશ્રી પાસે મન્ત્રોપદેશ અપાવાય છે. તેમજ મન્ત્રોપદેષ્ટા ગુરુ સંસારના ભયથી મુક્ત કરાવનાર હોવાથી પણ પતિ મન્ત્રોપદેશક હોઈ શકે નહિ. ગુરુનું સંસારના ભયથી મોચકપણું 'બ્રહ્મવૈવર્ત' પુરાણમાં સુસ્પષ્ટ રીતે કહેલું છે તેથી, 'पतिरेव गुरुः स्त्रीणाम्' ઇત્યાદિ વાક્યો સ્ત્રીએ પતિ ઉપર સર્વોત્કૃષ્ટ ભાવ રાખવો, એટલોજ બોધ કરે છે, **દીક્ષાદાતૃત્વરૂપ ગુરૂત્વ** પતિમાં છે એમ નહિ. તેમજ રામાયણ ભારતાદિ ગ્રન્થોમાં દ્રૌપદી, કુન્તીજી, અહલ્યા વગેરેના દાખલાઓ પણ જોવામાં આવે છે કે તેઓએ ભક્તિથી દુ:ખનિવૃત્તિપૂર્વક પરમાનન્દની પ્રાપ્તિ કરેલી છે. **અને આત્મનિવેદીએ કરેલીજ ભકિત** પરમાનન્દપ્રાપિકા છે એમ આપણે પૂર્વમાં સિદ્ધ કરી ગયા છીએ, તેથી દ્રૌપદી પ્રભૃતિ આદર્શ પતિવ્રતાઓએ પણ આત્મનિવેદન કર્યાનું [1]અર્થાપત્તિથી સિદ્ધ થાય છે. તેથીજ સ્ત્રીઓને પણ

(૧) पीनोयं देवदत्तो दिवा न भुङ्क्ते 'શરીરે સ્થૂલ પણ આ દેવદત્ત દિવસે ભોજન કરતો નથી' એમ સાંભળી બુદ્ધિમાન્ મનુષ્ય કલ્પના કરી લેશે કે ભોજન કર્યા સિવાય સ્થૂલત્વ સંભવે નહિ, અને આ દેવદત્ત દિવસે ભોજન કરતો નથી છતાં સ્થૂલ છે તો અર્થાત્ રાત્રિએ ભોજન કરતો હશે. (આનું નામ **અર્થાપત્તિ** કહેવાય છે. અને તે એક પ્રમાણ છે.) તેજ પ્રમાણે 'तरति शोकमात्मवित्'

ભગવાન્‌ને શરણે જવાનાં, તથા સદ્‌ગુરુનો સમાશ્રય કરવાનાં અને ગુરુએ સ્ત્રીઓને દીક્ષા આપ્યાનાં પ્રમાણો શાસ્ત્રોમાં મળે છે. સ્ત્રીઓને ભગવાન્‌ને શરણે જવા બાબત પ્રમાણ—

मां हि पार्थ व्यपाश्रित्य येपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेपि यान्ति परां गतिम् ॥ गी.९-३२॥

અર્થ—'હે અર્જુન! મારેજ શરણે આવીને જે પણ પાપજન્મા હોય તે હુણ, યવન, ભીલ વગેરે બધા, **સ્ત્રીઓ**, વૈશ્યો તથા શૂદ્રો પણ પરમાગતિને પ્રાપ્ત થાય છે' આમાં સ્ત્રીઓને પણ ભગવદાશ્રય કરવાથી ઉત્તમ ગતિની પ્રાપ્તિ કહેલી છે.

સ્ત્રીઓએ ગુરૂનો સમાશ્રય કરવો જોઈએ તેમાં પ્રમાણ—

ब्राह्मणः क्षत्रियो वापि वैश्यःशूद्रोऽथवा पुनः ।
एवं स्त्रियो वा यत्नेन गुरुमेव समाश्रयेत्—तन्त्रसारे

અર્થ—'બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અથવા શૂદ્ર તેમજ સ્ત્રીઓએ યત્નવડે ગુરૂનો સમાશ્રય કરવો.

ગુરૂએ સ્ત્રીઓને દીક્ષા આપવી જોઈએ તેમાં પ્રમાણ—

ब्राह्मणान् क्षत्रियान् वैश्यान् सच्छूद्रान् सत्स्त्रियोपि वा ।
विष्णुभक्तिरतान् साधून् दीक्षयेद्विधिना गुरुः । विष्णुयामले ॥

અર્થ—'બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, સત્‌શૂદ્ર, સત્સ્ત્રિઓ તેમજ વિષ્ણુભક્તિપરાયણ સાધુપુરૂષોને ગુરૂએ વિધિપૂર્વક દીક્ષા આપવી.' સ્ત્રીઓએ દીક્ષા લેવીજ જોઈએ તે વિષયમાં આવાં અનેક વચનો શાસ્ત્રમાં પ્રાપ્ત થાય છે તેથી તે વિષયમાં મતિભ્રમ ન કરતાં સ્ત્રીઓએ ભાગવતી દીક્ષા અવશ્ય લેવી.

તેમજ 'સ્ત્રીઓએ દીક્ષા ન લેવી' તેવાં નિષેધવચનો શાસ્ત્રમાં ક્યાં પણ ઉપલબ્ધ થતાં નથી. સ્ત્રીઓએ મન્ત્રોપદેશ ન લીધો હોય ત્યાંપર્યંત તેના હાથનો પાક બ્રાહ્મણો જમતા નથી, એ રીવાજ દક્ષિણ વગેરે દેશોમાં માઈસોર તરફ આજપર્યંત

'આત્મજ્ઞાની શોકને તરે છે' આદિવાક્યોથી જ્ઞાનનું ફળ માત્ર દુઃખનિવૃત્તિમાં પર્યવસન્ન થાય છે, પરન્તુ જીવાત્માને માત્ર દુઃખનિવૃત્તિજ અભીષ્ટ નથી પણ સાથે સુખપ્રાપ્તિ–પરમાનન્દાવાપ્તિ—પણ અપેક્ષિત છે. અને તે તો 'रसं ह्येवायं लब्ध्वाऽऽनन्दी भवति 'રસસ્વરૂપ પ્રભુને પ્રાપ્ત થઇનેજ આનન્દવાન્ થાયછે' આદિ શ્રુતિથી રસ સ્વરૂપને પ્રાપ્ત કર્યેજ થઈ શકે, અને रसो वै सः આદિશ્રુતિથી તે એક કૃષ્ણજ રસરૂપ છે. માટે તે રસરૂપ કૃષ્ણની પ્રાપ્તિ માટેજ જીવે પ્રયાસ કરવો જોઇએ અને તે પ્રયાસ भक्त्याहमेकया ग्राह्यः આદિવાક્યોથી ભક્તિજ છે, અને તેવી ભક્તિ આત્મનિવેદન કર્યાં સિવાય સિદ્ધ થતી. આ ઉપરથી અર્થાત્ સિદ્ધ થયું કે દ્રૌપદીઆદિ આદર્શ પતિવ્રતાઓએ પણ આત્મનિવેદન કરેલુંજ, અન્યથા પરમાનન્દ પ્રાપ્તિ તેઓને સંભવે નહિ, અને તેઓને પરમાનંદપ્રાપ્તિ થયેલી છે એ વાત શાસ્ત્રસિદ્ધ છે.

લેવામાં આવે છે, મૈથિલ દેશમાં પણ સ્ત્રીઓને દીક્ષા લેવાનો રીવાજ પ્રચલિત છે. માટે સ્ત્રીએ પણ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા અવશ્ય લેવી જોઈએ.

આત્મનિવેદી વૈષ્ણવોનું કર્તવ્ય શું ?

શિષ્ય–પ્રશ્ન–'કૃપાનાથ ! આત્મનિવેદન કર્યા પછી જીવોએ શું કરવું જોઈએ તે કૃપા કરી આજ્ઞા કરો.

આત્મનિવેદીઓનું મુખ્ય કર્તવ્ય ભગવત્સેવા છે.

गुरु–उत्तर–सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः ।
स्वस्यायमेव धर्मो हि नान्यः क्वापि कदाचन ॥

અર્થ:—'સર્વભાવથી વ્રજના અધિપતિ શ્રીકૃષ્ણની **સેવા** હમેશાં કરવી, એજ જીવનો ધર્મ છે, કોઇપણ દેશમાં અથવા કોઇપણ કાલમાં અન્ય ધર્મ નથી.' જીવમાત્ર બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલા હોવાથી બ્રહ્મના ગર્ભદાસ છે, અને તેથીજ જીવમાં ભગવત્સેવકત્વરૂપ ધર્મ આગન્તુક નથી, પણ સહજ છે. તેમજ 'यो यदंशः स तं भजेत्' જે જેનો અંશ હોય તે પોતાના અંશીનું સેવન કરે' એ ન્યાયે ભગવદંશ જીવે બ્રહ્મસમ્બન્ધગ્રહણાનન્તર પોતાના અંશી એવા પ્રભુની સેવા કરવી એ યુક્તજ છે. અતએવ શ્રીમત્પ્રભુચરણોએ 'સિદ્ધાન્તમુક્તાવલી' ઉપરની સ્વકૃત ટીકામાં આજ્ઞા કરેલી છે કે तदकरणे प्रत्यवायी भवति 'બ્રહ્મસમ્બન્ધ લીધા પછી જીવ જો ભગવત્સેવા ન કરે તો પાતકી બને છે' એટલુંજ નહિ પણ બ્રહ્મસમ્બન્ધ લેવુંજ તેનું વ્યર્થ થઇ જાય છે. કારણકે સેવાના અભાવમાં તેને પુષ્ટિમાર્ગીય ફળપ્રાપ્તિ તો થશે નહિ, ત્યારે બ્રહ્મસમ્બન્ધ લેવાનું ફળ શું ? વળી, ભગવદાવેશને શિથિલ કરનાર અસમર્પિત વસ્તુનો સંસર્ગ પણ ભગવત્સેવાના અભાવમાં જીવને પ્રાપ્ત થશે, તેથી બ્રહ્મસમ્બન્ધ લીધા પછી જીવનું મુખ્ય કર્ત્તવ્ય છે કે તેણે ભગવત્સેવા અવશ્ય કરવી.

શિષ્ય–પ્રશ્ન—'કૃપાનાથ ! 'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह' જેને પહોંચ્યા સિવાય જ વાણી મનની સાથે પાછી ફરે છે' આદિ વાક્યોથી ભગવાનનું સ્વરૂપ તો વાણી અને મનનું પણ અવિષય છે તો તેવા સ્વરૂપની સેવા જીવથી શીરીતે કરી શકાય, તે કૃપા કરી આજ્ઞા કરો.

गुरु–उत्तर—"यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम्' 'આ પરમાત્મા જેને પોતાનો કરી માને છે તેના આગળ પોતાના સ્વરૂપનો પ્રકાશ કરે છે' આ શ્રુતિથી એમ સિદ્ધ થાય છે કે વાણી અને મન પણ જે સ્વરૂપને ન જાણી શકે તે સ્વરૂપ જેનું વરણ કરે તે જીવની આગળ પ્રકાશે છે,

અને જ્યારે બ્રહ્મસમ્બન્ધદ્વારા ભગવાને જેનું વરણ કરેલું છે એવા જીવને ભગવત્સ્વરૂપ પ્રકાશશે, એટલે તેવો ભગવદ્વૃત જીવ ભગવત્સેવા પણ કરી શકશે. અને જેને વાણી તથા મન પહોંચી શકતું નથી એવી શ્રુતિ છે તેનું તાત્પર્ય પણ લૌકિક વાણી તથા અશુદ્ધ મન તે સ્વરૂપને પહોંચી શકતું નથી એવું છે. તેથી આત્મનિવેદીને ભગવત્સેવા કરવામાં કંઇ પણ અનુપપત્તિ રહેતી નથી.

પુષ્ટિમાર્ગમાં સેવા કરાતાં સ્વરૂપો સાક્ષાત્ ભગવાન્ છે.

શિષ્ય–પ્રશ્ન–' કૃપાનાથ ! ત્યારે જે સ્વરૂપ આપણા માર્ગમાં સેવાય છે તે સાક્ષાત્ શ્રીઠાકોરજીજ છે ?

ગુરુ–ઉત્તર–હા. કારણ કે બધા પદાર્થો જ્યારે ભગવદ્રૂપ છે તો તે સેવ્યસ્વરૂપ ભગવાન્ કાં ન હોય. તેથી સર્વ પદાર્થની ભગવદ્રૂપતા હોવાથી સેવ્યસ્વરૂપ પણ ભગવાનજ છે. મૂર્તિમાં વિશેષતા એટલી કે પ્રહ્લાદ આદિ ભક્તો માટે જેમ પ્રભુ સર્વવ્યાપક હોવા છતાં સ્તમ્ભાદિમાંથી પ્રકટ થયા, રાજા ઇન્દ્રદ્યુમ્નનો ઉદ્ધાર કરવા માટે દારુબ્રહ્મરૂપ–શ્રીજગન્નાથરાય–સ્વરૂપે પ્રકટ થયા, એટલુંજ નહિ પણ સુતારદ્વારા પણ જેવી પોતાની ઇચ્છા હતી તેવોજ આકાર તે ભગવદાવિષ્ટ ચન્દનના કાષ્ઠનો થયો, તેજ પ્રકારે સેવા કરનારાઓના ઉદ્ધારાર્થ આપ [1]મૃત્તિકા આદિથી જીવવ્યાપારદ્વારા (મૂર્તિ બનાવનારાઓનો નિર્માણરૂપ વ્યાપાર) જેવા સ્વરૂપે પ્રકટ થવાની ઇચ્છા કરે તેવા સ્વરૂપે પ્રાદુર્ભાવ પામે છે. તેથી, સેવ્ય સ્વરૂપોમાંથી ગૌર, શ્યામ, દ્વિભુજ, ચતુર્ભુજ, બાલ, કિશોર આદિ જેવા સ્વરૂપમાં પોતાની વિશેષ આસક્તિ હોય તેવું સ્વરૂપ પધરાવી તેની સેવા કરવી. શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી, શ્રીગિરિધરજી, શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજી આદિ મહાનુભાવો, તેમજ ચોર્યાસી તેમજ બસોબાવન વૈષ્ણવો સાથે પ્રભુ વાર્તાલાપ કરતા તથા સ્વસુખ તથા પરિશ્રમ જતાવતા એ બધું સેવ્યસ્વરૂપો સાક્ષાત્ ઠાકોરજીજ છે એ વાતને સુપુષ્ટ કરે છે.

સેવા એટલે શું ?

શિષ્ય–પ્રશ્ન–' કૃપાનાથ સેવા એટલે શું ?

---

(૧) शैली दारुमयी लौही लेप्या लेख्या च सैकती ।
मनोमयी मणिमयी प्रतिमाष्टविधा स्मृता ॥

અર્થ:—શિલાની, ચન્દનાદિ કાષ્ઠની, સુવર્ણ આદિ ધાતુઓની, મૃત્તિકા અથવા ચન્દનની, રેતીની, હીરા વગેરેની, મનમાં કલ્પેલી, તથા ચિત્રજી પુસ્તકજીરૂપે એમ આઠ પ્રકારે પ્રભુ ભક્તોદ્ધારાર્થ પ્રકટ થાય છે.

गुरु—उत्तर—स्वस्मिन् दासत्वानुसन्धानपूर्वकं स्वतन्त्रपुरुषार्थत्वेन क्रियमाणा सेव्यसन्तोषजनिका क्रिया **सेवा.**

અર્થ—પોતામાં દાસપણાનું અનુસન્ધાન રાખીને (સેવાને) સ્વતન્ત્ર પુરુષાર્થ સમજીને કરવામાં આવતી સેવ્યસન્તોષજનક જે ક્રિયા, તે સેવા. અર્થાત્ સર્વમાંથી અહન્તા મમતા દૂર કરીને 'હું પ્રભુનો દાસ છું, અને પ્રભુ મારા સ્વામી છે' એમ સમજી પ્રભુ પ્રસન્ન થાય તે પ્રકારે દેહેન્દ્રિયાદિનો વ્યાપાર કરવો તે **સેવા.** આજ વાત શ્રીમહાપ્રભુજીએ 'સિદ્ધાંતમુક્તાવલી' નામક ગ્રન્થમાં આજ્ઞા કરી છે કે—'चेतस्तत्प्रवणं सेवा' ચિત્તનું તે પ્રભુમાં પરોવવું તે સેવા. ચિત્ત પ્રભુમાં લાગ્યું કે દેહેન્દ્રિયાદિ આપોઆપ પ્રભુ તરફ લાગવાનાંજ, કારણ કે મન એ મુખ્ય હોવાથી એ જ્યાં લાગે ત્યાં ઇન્દ્રિય દેહ વગેરે લાગ્યા સિવાય રહેજ નહિ.

સેવા એ પોતેજ ફલરૂપ છે.

અત્ર વિશેષ સમજવાનું કે દુનીયામાં સાધન જુદું અને ફલ જુદું હોય છે તેમ અત્ર સેવાના વિષયમાં નથી, પણ સેવાજ ફલ અને સેવાજ સાધન છે. કારણ કે સાધન અને ફલ જ્યાં જુદાં હોય છે ત્યાં ફલ સિદ્ધ થયે સાધનનો ત્યાગ કરી દેવામાં આવે છે, પરંતુ અત્ર તેમ કરવામાં આવતું નથી, પણ અલૌકિકસામર્થ્યાદિ ફલ પ્રાપ્ત થયે પણ સેવા તો ચાલુજ રહેછે. માટેજ શ્રીમહાપ્રભુજીએ 'સેવાફલ'ના વિવરણમાં 'सेवायां फलत्रयम्' એમ સપ્તમી વિભક્તિનો પ્રયોગ કરી આજ્ઞા કરી કે સેવા તો ચાલુજ રહેવાની અને અલૌકિકસામર્થ્યાદિમાંથી યથાધિકાર ફલપ્રાપ્તિ થવાની. જો ફલ પ્રાપ્ત થયે સેવાનો ત્યાગ ઉપદેશવો હોત તો 'सेवायाः फलत्रयम्' એમ ષષ્ઠી વિભક્તિ આજ્ઞા કરત. અત્ર દૃષ્ટાન્ત. જેમ 'आत्मा वाऽरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यश्च' 'આત્માનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરી દર્શન કરવું' આ શ્રુતિમાં શ્રવણ, મનન અને નિદિધ્યાસન એ ત્રણેય આત્મસાક્ષાત્કારનાં સાધન ઉપદેશ્યાં છે છતાં द्रष्टव्यः એ ફલનિર્દેશ પહેલાં કરી श्रोतव्यः આદિથી સાધનનિર્દેશ પાછળથી કરવામાં આવ્યો છે, એ એમ સૂચન કરે છે કે આત્મદર્શનરૂપ ફલ પ્રાપ્ત થઈ ગયે પણ શ્રવણ, મનન, નિદિધ્યાસન તો કર્તવ્યજ છે. જો તેમ ન હોય તો द्रष्टव्यः પછી श्रोतव्यः આદિ સાધનનિર્દેશ શા માટે કરવો. કારણ કે દર્શનરૂપ ફલ તો મલી ચક્યું. અથવા, પહેલાંજ श्रोतव्यः આદિથી સાધન નિર્દેશ કરી પછીથી द्रष्टव्यः એમ ફલનિર્દેશ કરતે, પરન્તુ તેમ પણ નથી કર્યું, તેનું કારણ શ્રવણ, મનન આદિ, આત્મદર્શનથી પહેલાં તેમ પછીથી પણ કર્તવ્યજ છે. એટલે કે શ્રવણ મનન એ સાધન પણ છે અને ફલ પણ છે. દર્શનાત્પ્રાક્ ક્રિયમાણ સાધનરૂપ છે, અને તત્પશ્ચાત્ ક્રિયમાણ ફલરૂપ છે. તેમ અત્ર પણ પ્રભુમાં સ્નેહોદય થયા પહેલાં કરવામાં આવતી સેવા એ સાધનરૂપ છે,

અને સ્નેહોદય થયા પછીથી કરવામાં આવતી ફલરૂપ છે. પરન્તુ સેવાનું ફલ સેવાજ છે. અન્ય કંઈ નહિ.

વળી, કૃષ્ણસેવાપરાયણ ભગવદીયો સેવાસુખ આગળ ચતુર્વિધ મોક્ષના સુખને પણ તુચ્છ ગણી ચાહતા નથી, એથી પણ સેવાનું સ્વતઃફલત્વ સિદ્ધ થઈ રહે છે. ભગવદીયો સેવારસમાં છક્યા રહી મોક્ષપર્યન્તને પણ ચાહતા નથી એ બાબત શ્રીમદ્ભાગવતસ્કન્ધ ત્રીજાના અધ્યાય ઓગણત્રીશના શ્લોક તેરમામાં શ્રીકપિલદેવજીએ નિજમાતૃચરણ દેવહૂતિજીને કહેલું છે કે—

सालोक्यसार्ष्टिसामीप्यसारूप्यैकत्वमप्युत ।
दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः ॥

અર્થ:—સાલોક્ય—વૈકુણ્ઠમાં વાસ, સાર્ષ્ટિ—સમાન ઐશ્વર્ય, સામીપ્ય—ભગવત્સન્નિધિમાં સ્થિતિ, સારૂપ્ય—ભગવાન્‌ના સમું રૂપ, એટલે કે ભગવાન્‌ના સમો ચતુર્ભુજાકાર પ્રાપ્ત થવો, એકત્વ—ભગવાન્‌માં મલી જવું આ બધી મુક્તિઓ ભગવાન્ નિજ સેવકોને આપે છે તો પણ ગ્રહણ કરતા નથી કારણ કે તેઓને સેવા રસ આગળ મુક્તિનો આનન્દ ફીકો લાગે છે.' વળી પણ, 'सेवानुरक्तमनसामभवोपि फल्गुः' 'સેવામાં જેઓનું મન આસક્ત થયેલું છે તેવા ભગવદીયોને મોક્ષ પણ [1]તુચ્છ લાગે છે, તો બીજા લૌકિક સુખની તો વાતજ શી ! આ બધાં પ્રમાણોથી સિદ્ધ થાય છે કે સેવા એ સ્વતઃજ પુરુષાર્થરૂપા છે. બીજા કોઈ પણ ફલની સાધનરૂપા કદાપિ પણ નથી.

સેવાના ત્રણ ભેદ.

આ સેવા તનુજા, વિત્તજા અને માનસી એવા ભેદથી ત્રણ પ્રકારની છે. શરીરથી કરવામાં આવતી સેવા તે તનુજા, વિત્તથી કરવામાં આવતી તે વિત્તજા, અને મનઃપૂર્વક કરવામાં આવતી તે માનસી. આમાંની પહેલી બે માનસી સેવાના સાધનરૂપે છે, અને માનસી એ ફલરૂપા છે. એટલે કે તનુજા વિત્તજાદ્વારા માનસી સાધી શકાય છે. તેમાં પણ સમજવાનું કે તનુજા સેવા માનસીનું સાક્ષાત્ સાધન છે, જ્યારે વિત્તજા માનસીનું સાક્ષાત્ સાધન ન હોતાં તનુજાદ્વારા સાધન છે. એટલે જો તનુજા ન કરતાં વિત્ત આપીને કેવલ નોકર ચાકર દ્વારા સેવા કરાવામાં આવે તો તેવી વિત્તજા માનસી સિદ્ધ કરી શકતી નથી. કારણ કે નોકર ચાકરદ્વારા સેવા કરાવનાર વ્યક્તિનું મન તો અન્યત્ર ભટકતું હોય ત્યારે પરિચારકો તનુજા કરે તેમાં પોતાનું મન પ્રભુમાં ક્યાંથી એકતાન થાય, અને મન

---

(૧) રીઝે રાબડી થકી ગરીબ લોક રે, ભોગીને ન ભાવે રે,
અમો છું, રાજના ખાસા ખવાસ રે, મુક્તિ મન ન આવે રે.—**ભક્ત દયારામભાઈ.**

જ્યારે એકતાન ન થાય ત્યારે માનસી પણ શી રીતે સિદ્ધ થાય. માટે તનુજા એટલે કે પોતાનાં દેહ ઇન્દ્રિયાદિને ભગવદર્થ યોજીને બધી સેવા જાતેજ પહોંચવા જતાં પ્રભુને શ્રમ પડે, તેટલા માટે સહાયકરૂપે પરિચારકાદિની નિયુક્તિ કરી સેવા કરાવવી તેવી તનુજા વિત્તજા માનસીની સાધિકા છે. આવું રહસ્ય સૂચન કરવા માટે 'સિદ્ધાન્તમુક્તાવલી'માં तनुवित्तजा એવું સમસ્ત પદ શ્રીમહાપ્રભુજીએ ધર્યું છે. તાત્પર્ય કે तनुजा તથા वित्तजा નો કર્તા એકજ હોવો જોઈએ ત્યારે તેનાથી માનસી ફલે.

शिष्य–प्रश्न—'કૃપાનાથ! તનુજા તથા વિત્તજા સેવા કોને કહેવી તે કૃપા કરી સમજાવો.

गुरु–उत्तर—તનુ એટલે શરીર, તેનાથી જેટલી સેવા કરવામાં આવે તે તનુજા કહેવાય. તેનો પ્રકાર ઉદ્ધવજીને સાક્ષાત્ પ્રભુજ એકાદશ સ્કન્ધમાં ઉપદેશે છે કે—

सम्मार्जनोपलेपाभ्यां सेकमण्डलवर्तनैः ।
गृहशुश्रूषणं मह्यं दासवद्यदमायया ॥

अर्थः—'મન્દિરમાં સોહની કરવી, માટીનું મન્દિર હોય તો તેને લિંપવું, તથા ગુલાલ વગેરેથી મંડલ કરી શણગારવું, બીલકુલ કાચી જમીન હોય તો છંટકાવ કરવો, પાકી જમીન હોય તો મન્દિરવસ્ત્ર કરવું' ઇત્યાદિ પ્રકારે કપટ-રહિત દાસની પેઠે મારા મન્દિરની સેવા કરવી' તેમજ मदर्थेष्वङ्गचेष्टा च 'મારા માટે અંગની ચેષ્ટા કરવી' આદિવાક્યોમાં तनुजा સેવાનો પ્રકાર ઉપદિષ્ટ છે તદનુસાર દેહને ભગવદર્થ ઉપયોગમાં લાવવો તે तनुजा. તેજ પ્રકારે ઇન્દ્રિયોનો પણ પ્રભુમાંજ વિનિયોગ કરવો. જેમકે ભાગવતના નવમ સ્કન્ધમાં ભક્તરાજ અમ્બરીષના પ્રસંગમાં કહ્યું છે કે—'તે[1] રાજા પોતાના મનને પ્રભુના ચરણારવિન્દમાં, વાણીને ભગદ્ગુણગાન કરવામાં, હાથને ભગવન્મન્દિરની બુહારી વગેરે કરવામાં, કાનને ભગવત્કથા શ્રવણ કરવામાં, નેત્રને પ્રભુ તેમજ તેના મન્દિરોનાં દર્શન કરવામાં, અંગસંગને ભગવદીયો સાથે ભગવત્સ્મરણ કરતી વખતે ભેટવામાં,

(૧) "स वै मनः कृष्णपदारविन्दयोर्वचांसि वैकुण्ठगुणानुवर्णने ।
करौ हरेर्मन्दिरमार्जनादिषु श्रुतिं चकाराच्युतसत्कथोदये ॥ १८ ॥
मुकुन्दलिङ्गालयदर्शने दृशो तद्भृत्यगात्रस्पर्शेऽङ्गसङ्गमम् ।
घ्राणं च तत्पादसरोजसौरभे श्रीमत्तुलस्या रसनां तदर्पिते ॥ १९ ॥
पादौ हरेः क्षेत्रपदानुसर्पणे शिरो हृषीकेशपदाभिवन्दने ।
कामं च दास्ये न तु कामकाम्यया यथोत्तमश्लोकजनाश्रया रतिः ॥ २० ॥

નાસિકેન્દ્રિયને ભગવચ્ચરણારવિન્દમાં સમર્પિત એવાં તુલસીને સુંઘવામાં, જીહ્વેન્દ્રિયને ભગવત્પ્રસાદ લેવામાં, ચરણને ભગવત્સ્થલ મથુરા આદિ તીર્થોમાં જવામાં, મસ્તકને પ્રભુને અભિવન્દન કરવામાં, સંકલ્પને ભગવદ્દાસ્ય કરવામાં આ પ્રકારે ભગવદીયોની જેવી પ્રીતિ પ્રભુમાં હોય છે તેવી પોતાને પણ પ્રાપ્ત થાય તદર્થ રાજા અમ્બરીષ પોતાની તમામ ઇન્દ્રિયોનો ઉપયોગ જેમ પ્રભુમાટે જ કરતો, વિષયી જનોની પેઠે વિષયભોગમાં નહિ તેમ બધી ઇન્દ્રિયોને ભગત્સેવામાં યોજવી તે પણ તનુજા સેવા કહેવાય છે.

હવે રહી વિત્તજાની વાત. વિત્ત એટલે કે દ્રવ્ય-સાધ્ય સેવા તે વિત્તજા સમજવી. ભગવદિચ્છાથી જે કંઈ વૈભવ આપણને પ્રાપ્ત થયો હોય તેના પ્રમાણમાં વૈભવથી પ્રભુની સેવા કરવી, અર્થાત્ પ્રભુનું મન્દિર બંધાવવું, આભરણ, પાત્ર, સાજ બનાવવા, ભોગ રાગ આદિ માટે પ્રબન્ધ રાખવો વગેરે વિત્તજાનો પ્રકાર છે. તે બાબત પણ એકાદશ સ્કન્ધમાં પ્રભુની આજ્ઞા છે કે—

'सर्वलाभोपहरणम्' 'પોતાને જે કંઈ લાભ થાય તે પ્રભુને અર્પવું' તેમજ पृथक्सत्रेण वा मह्यं पर्वयात्रामहोत्सवान्। कारयेन्नृत्यगीताद्यैर्महाराजविभूतिभिः। સ્વતન્ત્રપણે અથવા મલીને એકાદશ્યાદિ પર્વના ઉત્સવો, રથયાત્રાદિ મ્હોટા ઉત્સવો મારા માટે કરવા કરાવવા, તેમજ મહારાજાની સમાન વૈભવથી નૃત્ય, ગીત, આદિ પણ મદર્થ કરવું કરાવવું.' આ બધું દ્રવ્યસાધ્ય હોવાથી આ બધાનો સમાવેશ વિત્તજા સેવામાં થાય છે.

દ્રવ્ય આપીને સેવા કરાવવામાં આવે તે વિત્તજા ખરી કે નહિ.

જો કે પરિચારકોને—મુખ્યા ભીતરીયા વગેરેને—દ્રવ્ય આપી કરાવવામાં આવતી સેવા વિત્તજા ખરી, પણ તત્ર આ અવશ્ય અનુસન્ધેય છે કે—જ્યારે કોઈ વિશેષ કારણથી—એટલે કે (૧) રોગાદિથી ગ્રસ્ત થવાથી, (૨) વૃદ્ધાવસ્થાને લઈને, અથવા (૩) સૂતકાદિને લઈને પોતે સેવા કરવામાં અસમર્થ બને, કિંવા (૪) સેવા-કાર્ય ઘણું હોવાને લઈને અનેક સહાયક મનુષ્યોની આવશ્યકતા દેખાતી હોય તો તેવાં કારણોને લઈને વિત્ત આપી કરાવવામાં આવતી સેવા વિત્તજા કહી શકાય. કારણ કે ઉપલાં ચારપૈકી ત્રણ કારણો એવાં છે કે જેમાં તે વિત્ત આપનારનું મન તો પ્રભુસેવામાંજ લાગેલું રહે છતાં તે પરવશ હોવાથી સેવા કરી શકતો નથી. અને ચતુર્થ કારણ એવું છે કે જો વિત્ત આપી પરિચારકોની નિયુક્તિ ન કરે તો પ્રભુને શ્રમ પડે તેથી તેવાં કારણોને લઈને વિત્ત આપી કરાવવામાં આવતી સેવા વિત્તજા ખરી, એટલે કે તેવી વિત્તજા માનસીનું સાધન ગણાય, પરન્તુ લૌકિક કાર્યોમાં

સેવાને લઈને અડચણ પડતી હોય તેટલા માટે પરિચારકો ગોઠવી પોતે લૌકિક કાર્ય કરવામાં સુખ માને તો તે વિત્તજા સેવા ગૌણ—એટલે કે અમુખ્ય કહેવાય.

મુખ્ય પરિચારકોને તનુજાનું ફલ મલે કે નહિ.

મુખ્ય પરિચારકો, કે જેને શ્રીનાં ચરણસ્પર્શ થતાં હોય અથવા ભગવત્સાન્નિધ્યમાં સ્થિતિ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હોય તેના અન્તઃકરણમાં જો એવો ભાવ રહે કે "આચાર્યકુલ ઉપર અથવા વૈષ્ણવ ઉપર જે પ્રભુ બિરાજે છે તેઓએ મ્હારી ઉપર અનુગ્રહ કરીને આ આનન્દઘન પ્રભુની સેવા મને સોંપેલી છે, તે મ્હારાં અહોભાગ્ય છે, અને તેને લઈને મને જે કંઈ પ્રભુપ્રસાદ મળે છે તે મહા ફલરૂપ છે, તેમજ દ્રવ્યાદિક મળે છે તે પણ મ્હારી પાછળ લૌકિકમાં રહેલાં સ્ત્રી, પુત્ર વગેરેના નિર્વાહ માટે પ્રભુની પ્રેરણાથીજ મને મલે છે, તેથી પ્રભુ મને સર્વદા પોતાની સેવાનો આનન્દાસ્વાદ કરાવે તો સારૂં" એવી ભાવના રાખીને જો સેવા કરે તો ભગવાન્‌ના ચરણસ્પર્શના પ્રતાપથી યથાધિકાર શીઘ્રતાથી અથવા વિલમ્બથી ભગવાન્‌માં તેનો અનુરાગ ઉત્પન્ન થાય. એટલે કે મુખ્ય પરિચારકો ઉપર્યુક્ત ભાવના રાખીને જો સેવા કરે તો તેમને પણ માનસી અવશ્ય સિદ્ધ થાય, પરન્તુ સેવા કરનાર પાપાચરણ કરે, અથવા કેવલ ચાકરી સમજીને મજુરની માફક સેવા કરી દ્રવ્ય લે, તો તેને સેવાનું અલૌકિક ફળ કંઈપણ થતું નથી, પણ શૌચ જવામાં ગંગાજળનો ઉપયોગ કરનારની જેમ પાપાચરણની નિષ્ઠાથી દ્રવ્ય લઈ સેવા કરતો હોવાથી ઉલટો પાપનો ભાગી બને છે. આ બધાનું તાત્પર્ય ટુંકમાં એટલુંજ છે કે ભગવત્સુખનો વિચાર કરી કરવામાં આવતી તનુજા વિત્તજા માનસીની સાધિકા છે. જ્યારે તેનો વિચાર કર્યા વિના કરવામાં આવતી તનુજા વિત્તજા માનસી સિદ્ધ કરી શકતી નથી.

માનસી એટલે શું ?

लौकिकानुसन्धानरहितभगवदेकतानचित्तता **માનસી**, અર્થાત્ લૌકિકનું અનુસન્ધાન રહ્યા વિના ભગવાન્‌માંજ ચિત્ત લાગી રહેવું તેનું નામ **માનસી**. તે માટે ભગવાન કપિલદેવજી આજ્ઞા કરે છે કે—

मद्गुणश्रुतिमात्रेण मयि सर्वगुहाशये ।
मनोगतिरविच्छिन्ना यथा गङ्गाम्भसोऽम्बुधौ ।
लक्षणं भक्तियोगस्य निर्गुणस्य ह्युदाहृतम् ॥

'મારા ગુણના શ્રવણમાત્રથી સર્વની ભીતર રહેલા એવા મારે વિષે, જેમ ગંગાજલ પર્વતાદિકનું ભેદન કરીને અવિચ્છિન્ન રીતે સમુદ્રમાં ગતિ

કરે છે, તેજ પ્રમાણે લૌકિક વૈદિક પ્રતિબન્ધોને દૂર કરીને મનની ગતિ કરવી તેનું નામ માનસી, એજ નિર્ગુણ ભક્તિ પણ કહેવાય છે.' અત્ર એક દૃષ્ટાન્ત દેવું ઉપયુક્ત થશે. 'એક બ્રાહ્મણ વૈષ્ણવ સકુટુમ્બ ભગવત્સેવા કરતો હતો, તેણે પોતાના પુત્રની વધૂને ગાંડી સમજી ભીતરની સેવા તેની પાસે ન કરાવતાં તેને આવ્યા ગયા વૈષ્ણવોની સેવામાં નિયુક્ત કરી હતી. વૈષ્ણવોની સેવાથી તે પુત્રવધૂ ઉપર ભગવત્કૃપા થઈ, એક દિવસ જ્યારે તેના શ્વશુર શૃંગાર કરી રહ્યા હતા ત્યારે મનમાં વિચાર કરવા લાગ્યા કે 'આજ રાજભોગ જલ્દી કરી લઈ જોડા પહેરવા જઈશ' તેટલાં કોઈ એક વૈષ્ણવે બહારથી આવી તેને હેલો પાડ્યો, ત્યારે પુત્રવધૂએ જવાબ આપ્યો કે "श्वशुरजी घरमें नहीं है, जूती पहरने गये हैं" આ સાંભળી બ્રાહ્મણ વૈષ્ણવ પુત્રવધૂને ધન્યવાદ આપવા લાગ્યો અને તેના ઉપર વિશેષ ભગવત્કૃપા જાણી બધી સેવા તેની પાસે કરાવવા લાગ્યો અને પોતે પણ ત્યારથી ચિત્ત એકાગ્ર રાખી ભગવત્સેવા કરવા લાગ્યો. તાત્પર્ય કે ભગવદેકતાન ચિત્ત કરવું તે માનસી. આ માનસી સેવા શ્રીગોપીજનોને યથાર્થ સિદ્ધ થઈ હતી. તેથીજ, સૂરદાસજીએ 'गोपी प्रेमकी ध्वजा जिन घनश्याम किए अपने बस उर धरि श्याम भुजा' આ પ્રકારે ગાન કર્યું છે. તેમજ ભગવાને પણ ઉદ્ધવજીને માનસી સેવાના ઉદાહરણ તરીકે ગોપીજનોનીજ સરાહના કહેલી છે કે—

ता नाविदन्मय्यनुषङ्गबद्धधियः स्वमात्मानमदस्तथेदम् ।
यथा समाधौ मुनयोऽब्धितोये नद्यः प्रविष्टा इव नामरूपे ॥भा. ११-१२-॥

"હે ઉદ્ધવ! જેમ મુનિલોકોને સમાધિ વખતે બ્રહ્મના અનુભવ સિવાય બીજા કશાનું પણ અનુસન્ધાન રહેતું નથી, જેમ નદીઓ સમુદ્રમાં પ્રવિષ્ટ થયા પછી પોતાનાં નામરૂપને જાણતી નથી તે પ્રકારે આસક્તિને લઈને જેઓની મનોવૃત્તિ મારે વિષે બંધાઈ ગયેલી છે તેવાં ગોપીઓને પોતાના દેહ વગેરે ઐહિક, પારલૌકિક કશાનું પણ અનુસન્ધાન ન રહ્યું." આ જ સેવા સર્વોત્કૃષ્ટ અને ફલરૂપા છે. તેથી શ્રીમદાચાર્યચરણોએ 'मानसी सा परा मता' 'માનસી સેવા શ્રેષ્ઠ મનાયેલી છે' આ પ્રકારની આજ્ઞા કરી. ભગવાનના જ્ઞાનાવતાર વ્યાસચરણ પણ સહકાર્યન્તરાધિકરણમાં ભગવત્પ્રાપ્તિ માટે માનસ સાધનની ઉત્તમતા પ્રતિપાદન કરે છે. ભગવતી શ્રુતિ પણ ઉદ્‌ઘોષ કરે છે કે मनसैवाप्तव्यम् 'મન વડેજ પ્રાપ્ત કરવા યોગ્ય છે.'

---

(૧) આ દૃષ્ટાન્ત પ્રભુને બરોબર ન લાગ્યું, કારણ કે સમાધિ ઉતર્યા પછી તો મુનિઓને બધાનું અનુસન્ધાન થવા લાગે છે જ્યારે ગોપીજનોની સ્થિતિ સદા એક રસ રહેતી તેથી બીજું નદીનું દૃષ્ટાન્ત આપ્યું.

તે માનસી ક્રમે કરી સિદ્ધ થાય છે. એટલે કે પ્રથમ ચિત્ત ભગવત્સન્મુખ થવાથી કંઈક નમ્ર બને છે, ત્યાર પછી પ્રભુને અધીન બને છે, અને ત્યાર પછી ભગવદેકતાન થાય છે. તે અવસ્થામાં ભગવદતિરિક્ત બાહ્યનું કંઈ અનુસન્ધાન રહેતું નથી. આ પ્રકારની ચિત્તની ત્રણ અવસ્થા થવાનું 'ભક્તિવર્ધિની'માં શ્રીમદાચાર્ય-ચરણોએ નિરૂપણ કરેલું છે કે—

ततः प्रेम तथासक्तिर्व्यसनं च यदा भवेत् ।

'તે શ્રવણાદિક કરતા રહેવાથી પ્રભુમાં પ્રેમ, આસક્તિ અને વ્યસન થાય છે' અને વ્યસનની દશામાં કૃષ્ણ સિવાય તે ભક્ત ક્ષણ માત્ર પણ રહી શકતો નથી, અને ભક્ત પ્રભુમય બની જાય છે. એજ માનસી.

ભગવદીયને બ્રહ્મજ્ઞાન માટે પ્રયાસ કરવાની કંઈ આવશ્યકતા નથી.

शिष्य—प्रश्न—'કૃપાનાથ ! આપે તનુવિત્તજાને સાધન અને માનસીને ફલ બતાવી, પરન્તુ 'ब्रह्मविदाप्नोति परम्' 'બ્રહ્મજ્ઞાની પરબ્રહ્મને પ્રાપ્ત થાય છે' આ શ્રુતિપ્રમાણે બ્રહ્મજ્ઞાન સિવાય પરપુરુષોત્તમની પ્રાપ્તિ તો થાય નહિ, અને બ્રહ્મજ્ઞાન તો વર્ષોસુધી નિયમાનુસાર ગુરૂપસત્તિ કરી વેદાન્ત શ્રવણ કરે ત્યારે પ્રાપ્ત થાય, પરન્તુ ભગવદીયે તો कृष्णसेवा सदा कार्या એ વાક્યાનુસાર સર્વ કાલમાં કૃષ્ણસેવાજ કરવાની છે એટલે તેને વેદાન્તશ્રવણ મનનાદિનો તો અવકાશ રહેશે નહિ તો તેને બ્રહ્મજ્ઞાન કેમ થશે ? અને બ્રહ્મજ્ઞાન વિના પરપ્રાપ્તિ તેમજ અજ્ઞાનકાર્ય—સંસાર—ની નિવૃત્તિ પણ કેમ થશે ? તે કૃપા કરી આજ્ઞા કરો.

गुरु—उत्तर—ભગવદીયને તનુજા વિત્તજા કરતા રહેવાથીજ અજ્ઞાનકાર્ય સંસારરૂપ દુઃખની નિવૃત્તિ તથા બ્રહ્મજ્ઞાન જે પરપ્રાપ્તિમાં આવશ્યક છે તે થઈ જાય છે, તે માટે ભગવત્સેવકે સ્વતન્ત્ર પ્રયાસ સર્વથા અકરણીય છે. બ્રહ્મજ્ઞાન એટલે अहं ब्रह्मास्मि નહિ, પરન્તુ પોતાના આત્મામાં તથા આ દૃશ્યમાન પ્રપંચમાં અક્ષર-બ્રહ્મત્વેન જ્ઞાન થવું, કે આ પ્રભુની ક્રીડાનું સ્થાન હોવાથી અક્ષરબ્રહ્માત્મક છે તેનું નામ ब्रह्मज्ञान. અને આ પ્રકારનું બ્રહ્મજ્ઞાન થયા પછી તે અક્ષર બ્રહ્મમાં રમણ કરનાર પૂર્ણ પુરુષોત્તમનાં દર્શન કરવાની ભક્તને તીવ્ર આર્તિ થશે, ત્યારે સેવા કરતાં કરતાં તેમનાં દર્શનરૂપ મુખ્ય ફલપ્રાપ્તિ તે ભક્તને થશે.

આત્મનિવેદનસમ્બન્ધી વિવિધ પ્રશ્નોત્તર.

शिष्य—प्रश्न—'કૃપાનાથ ! કોઈ વિતણ્ડાવાદી એવી શંકા કરે ત્યારે અમારે શો જવાબ આપવો. જેમકે—'

देहादेर्ब्रह्मसम्बन्धकरणं नाम किं मतम् ।
ब्रह्माध्यासोऽत्र देहादौ तदध्यासोऽथवा परे ॥
संयोगोऽथान्तरं वेति स्फुटमतन्निरूप्यताम् ।

'તમે પુષ્ટિમાર્ગીયો બ્રહ્મસમ્બન્ધ કરાવો છો તે (૧) **દેહાદિકમાં** બ્રહ્મને અધ્યાસ કરાવો છો? (૨) કે **બ્રહ્મમાં** દેહાદિકનો અધ્યાસ કરાવો છો? કિંવા (૩) દેહાદિક અને બ્રહ્મનો સંયોગ સમ્બન્ધ કરાવો છો? કે આ સિવાય બ્રહ્મસમ્બન્ધનો અર્થ કંઈ જુદોજ છે તે સ્ફુટ રીતે નિરૂપણ કરો.

गुरु-उत्तर—વિતણ્ડાવાદીના ઉપલા ત્રણેમાંથી એકેય વિકલ્પનું નામ બ્રહ્મસમ્બન્ધ નથી, પણ અમે પહેલાં કહી આવ્યા છીએ તેમ "સ્થૂલસૂક્ષ્મદેહ-વિશિષ્ટ જીવ, તથા તે જીવનાં સમ્બન્ધી સ્ત્રી, પુત્ર, ધન, ગૃહ વગેરે क्रीडार्थमात्मन इदं त्रिजगत्कृतं ते' આ ભાગવત વચનથી પ્રભુએ પોતાની ક્રીડા માટે બનાવેલાં હોવાથી તેના ઉપર સ્વામિત્વ પ્રભુનુંજ છે છતાં જીવ પોતાના અજ્ઞાનથી તે ભગવત્સ્વામિક પદાર્થો ઉપર પોતાનું સ્વામિત્વ માની બેઠેલો છે તે નિવૃત્ત કરી તે બધા ઉપર પ્રભુનું સ્વામિત્વ માનવું" એનુંજ નામ બ્રહ્મસમ્બન્ધ છે. હવે વાદીએ બ્રહ્મસમ્બન્ધના વિષયમાં કરેલા વિકલ્પો કેમ નિર્મૂલ છે તે તપાસીએ. વાદીનો પ્રથમ વિકલ્પ છે કે, (૧) '**દેહાદિકમાં** બ્રહ્મનો અધ્યાસ કરાવવો.' આ વિકલ્પ ઠીક નથી. કારણ કે અધ્યાસ એટલે જે વસ્તુ જેવી છે તેવી ન સમજતાં અન્ય પ્રકારની સમજવી. જેમ કે, જીવ એ દેહ નથી પણ અધ્યાસે કરીને દેહને જીવ સમજવામાં આવે છે તે દેહાધ્યાસ કહેવાય, પરન્તુ અત્ર તેમ નથી, કારણ કે 'सर्वं खल्विदं ब्रह्म' આ બધું બ્રહ્મ છે, આ શ્રુતિવાક્યાનુસાર બધું બ્રહ્મ હોવાથી દેહાદિક પણ બ્રહ્મજ છે, ત્યારે બ્રહ્મરૂપ દેહાદિમાં બ્રહ્મનો અધ્યાસ કેમ કરી શકાય? નજ કરી શકાય. દૃષ્ટાન્ત તરીકે—કળાં, કુંડલ વગેરે સુવર્ણજ છે તો તેમાં જેમ સુવર્ણનો અધ્યાસ કરી શકાતો નથી, તેમ અત્ર પણ સમજવું. દ્વિતીય વિકલ્પ છે કે, (૨) **બ્રહ્મમાં** દેહાદિનો અધ્યાસ કરાવવો તેનું નામ બ્રહ્મસમ્બન્ધ તો તે પણ યુક્ત નથી. કારણ કે અદૃશ્ય પદાર્થમાં દૃશ્ય પદાર્થનો અધ્યાસ થઈ શકે નહિ, ત્યારે **બ્રહ્મ** એ અદૃશ્ય પદાર્થ છે અને **દેહાદિક** એ દૃશ્ય પદાર્થ છે, તેથી બ્રહ્મમાં દેહાદિકનો અધ્યાસ પણ સંભવતો નથી. તૃતીય વિકલ્પ છે કે, (૩) દેહાદિક અને બ્રહ્મનો સંયોગ કરાવવો તે બ્રહ્મસમ્બન્ધ, તો તે પણ યુક્ત નથી, કારણ કે કારણરૂપ બ્રહ્મ અને કાર્યરૂપ દેહાદિકનો સંયોગ સમ્બન્ધ ઘટી શકે નહિ. જેમ સુવર્ણ અને કુણ્ડલનો સંયોગ [2]કહેવાય નહિ તેમ. આ પ્રકારે

---

(૧) अतस्मिन् तद्बुद्धिरध्यासः। (૨) જેમ સુવર્ણજ કુણ્ડલ બની ગયેલું હોવાથી સુવર્ણરૂપ અવયવી, કુણ્ડલરૂપ અવયવમાં **સમવાય સમ્બન્ધથીજ** રહી શકે, अवयवावयविनोः समवायात् એ નિયમ પ્રમાણે, તેમ બ્રહ્મજ જગત બની ગયેલું હોવાથી પોતાના અવયવરૂપ જગતમાં સમવાયથીજ રહી શકે તેથી સંયોગ સમ્બન્ધ સંભવે નહિ.

વાદિકલ્પિત ત્રણે વિકલ્પો અયુક્ત હોવાથી બ્રહ્મસમ્બન્ધનો અર્થ જવાબના પ્રારંભમાં અમે કહી આવ્યા છીએ તે પ્રમાણે સમજવો.

शिष्य–प्रश्न—' કૃપાનાથ ! કેટલાક માયાવાદીઓ આ પ્રમાણે પણ શંકા કરે છે કે—

> **समर्पिते गवाश्वादौ न ममेति यथा मतिः ।**
> **तथा देहार्पणान्तेस्ति न वेत्येतद्विमृश्यताम् ॥**
> **नास्ति चेदर्पणं जातमस्तीत्युक्तिस्तु वै मृषा ।**
> **लोकानुभवबाधेन किञ्चित्कर्तुं न शक्यते ॥**

" જેમ ગો, અશ્વ વગેરે પદાર્થો કોઈને આપી દીધા પછી તે પદાર્થો ઉપર આપનારનું મમત્વ રહેતું નથી, તેજ પ્રમાણે દેહ, સ્ત્રી, પુત્ર વગેરે નિવેદનમન્ત્ર ગ્રહણ કરી ભગવાન્‌ને અર્પણ કરી દીધા પછી તે પદાર્થો ઉપર નિવેદન કરનારની મમતા રહે છે કે નહિ ? જો કહો કે રહે છે, તો પછી ભગવાન્‌ને અર્પણ કરવાનો અર્થ શો ? અને જો કહો કે મમતા નથી રહેતી તો તે તમારૂં કહેવુંજ મિથ્યા છે. કારણ કે લોકના અનુભવમાં તો આત્મનિવેદન કરનાર પહેલાંની જેમજ સ્ત્રી પુત્રાદિકમાં મમતા રાખી બધો લૌકિક વ્યવહાર કરે છે. જો મમતા ન હોય તો સ્ત્રીપુત્રાદિક માટે આત્મનિવેદીથી કંઈ થઈ શકે નહિ ? આનો ઉત્તર શો આપવો તે કૃપા કરી આજ્ઞા કરો.

गुरु–उत्तर—આ પ્રશ્નનો જવાબ આપતાં પહેલાં માયાવાદીને પણ એક પ્રશ્ન પુછી લેવો આવશ્યક જણાય છે. સબબ કે તેણે કરેલા પ્રશ્નનો જવાબ તેમાં સમાયેલો છે. તે આ પ્રકારે—

> **सर्पमिथ्यात्वविज्ञाने न सर्प इति वै मतिः ।**
> **जगन्मिथ्यात्वविज्ञाने सास्ति नो वा विमृश्यताम् ॥**
> **नास्ति चेन्नाभवज्ज्ञानमस्तीत्युक्तिस्तु वै मृषा ।**
> **लोकानुभवबाधेन किञ्चित्कर्तुं न शक्यते ॥**
> **अथ चाभ्याससमये चाहार्यज्ञानमिष्यते ।**
> **शनैः शनैरिदं तत्त्वं ज्ञाने परिसमाप्यते ॥**
> **इत्युच्यते चेदस्माभिरर्पणेपि तथोच्यते ।**
> **न ममेति सदाऽहार्यमभ्याससमये भवेत् ॥**

જેમ દોરડામાં ભ્રમથી "આ સર્પ છે" એવું જ્ઞાન થાય છે, અને તેની નિવૃત્તિ થવાથી આ સર્પ નથી પણ રજ્જુ છે એવું નિશ્ચયાત્મક જ્ઞાન થાય છે, તેજ પ્રકારે તમારા

માયાવાદીના મતમાં પણ બ્રહ્મમાં જગતનું જ્ઞાન ભ્રમથી થાય છે, અને તેની નિવૃત્તિ એટલે કે "આ જગત્ મિથ્યા છે તેથી તે કંઈ પદાર્થજ નથી, બ્રહ્મજ સત્ય છે" એવું નિશ્ચયાત્મક જ્ઞાન ગુરુપદેશ કિંવા શાસ્ત્રથી થાય છે કે નહિ ? જો કહો કે નથી થતું તો તમારા જ્ઞાનનો પણ અર્થ શો ? અને જો કહો કે તેવું નિશ્ચયાત્મક જ્ઞાન થાય છે તો તમારૂં કહેવું પણ મિથ્યા છે. કારણ કે સ્ત્રીપુત્રાદિકમાં તમારી આસક્તિ પહેલાં હતી તેવીજ પછીથી પણ જોવામાં આવે છે. જો તમે એમ કહો કે "જે સમયથી અમને 'આ જગત્ મિથ્યા છે' એવો ઉપદેશ મળ્યો તે સમયથી 'આ જગત્ મિથ્યા છે' એમ કહેવાનો અમે પ્રારમ્ભ કર્યો, પરન્તુ અનાદિ સંસ્કારથી જામેલી મમતા 'આ જગત્ મિથ્યા છે' એટલા ઉપદેશ શ્રવણ કરવામાત્રથી નિવૃત્ત થતી નથી, એટલે કે શાસ્ત્રદૃષ્ટિથી જગત્માં મિથ્યાત્વ જ્ઞાન રહે છે, અને અનાદિ કાલથી ચાલ્યા આવતા સંસ્કારને લઈને બંધાયેલી વ્યવહાર દૃષ્ટિથી જગત્માં સત્યપણાનું જ્ઞાન પણ રહે છે, પણ તે આહાર્ય[1] છે, એટલે કે તે જ્ઞાન, (જગત્માં સત્યપણાનું જ્ઞાન) ઉપદેશથી પ્રાપ્ત થયેલ 'જગત્ મિથ્યા છે' એવા જ્ઞાનનો અભ્યાસ ચાલુ રાખવાથી નષ્ટ થાય છે, અને જગત્માં ખરેખરૂં મિથ્યાત્વ જ્ઞાન સિદ્ધ થાય છે." એમ કહો તો તમારા પ્રશ્નનો જવાબ પણ આ તમારા જવાબમાંજ આવી ગયો. અને તે આ પ્રકારે કે—'સમર્પણમન્ત્ર લીધા પછી પણ પહેલાના સંસ્કારને લઈને દેહાદિકમાં મમતા રહી આવે છે તે એકદમ નિવૃત્ત થતી નથી, પરન્તુ ગુરુના ઉપદેશથી 'દેહાદિકમાં મમતા ન રાખવી' એવું જ્ઞાન થયું છે, 'આ સર્વ ભગવાનનુંજ છે, મારૂં નથી' એવું જ્ઞાન પણ થયું છે છતાં થોડા કાળસુધી આત્મનિવેદીને પણ અહન્તામમતાત્મક આહાર્ય જ્ઞાન રહે છે, તે, નિવેદનના અભ્યાસથી દૂર થાય છે. આ બધું 'જેવો તમારો પ્રશ્ન તેવો અમારો જવાબ' એ ન્યાયે કહેવામાં આવ્યું છે. બાકી ખરી રીતે જોવા જતાં તો 'ગો, અશ્વ બીજાને આપી દીધા પછીથી તે ઉપર આપનારની સત્તા રહેતી નથી' આ દૃષ્ટાન્તજ અત્ર બંધબેસતું નથી. કારણ કે અત્ર તો નિવેદન કરવામાં આવે છે, દાન કરવામાં આવતું નથી અને દાન અને નિવેદનનો ભેદ અમે પહેલાં કહીજ આવ્યા છીએ.

શિષ્ય–પ્રશ્ન–કૃપાનાથ ! નિવેદનમન્ત્રમાં 'दार' 'पुत्र' આદિ પદ આવે છે અને દાર એટલે તો સ્ત્રી. તો જ્યારે સ્ત્રી બ્રહ્મસમ્બન્ધ લેવા આવે ત્યારે સ્ત્રીને તો સ્ત્રી હોય નહિ, તેમજ જેને સ્ત્રી, પુત્ર નથી તેવો બાલક અથવા કોઈ વિરક્ત બ્રહ્મસમ્બન્ધ-

---

(૧) बाधकालीनेच्छाजन्यं ज्ञानमाहार्यम् । બાધજ્ઞાનના સમયમાં એટલે કે 'આ જગત્ સત્ય નથી' એતત્પ્રકારક શાસ્ત્રશ્રવણપ્રાપ્ત જ્ઞાનના સમયમાંજ 'જગત્ સત્ય છે' એમ માનવાની ઇચ્છા થવી તજ્જન્ય જ્ઞાન તે આહાર્ય કહેવાય.

મન્ત્રોપદેશ લેવા આવે ત્યારે તેને પણ સ્ત્રી, તથા પુત્ર હોય નહિ, તો પછી તેઓએ એટલે કે સ્ત્રી, બાલક તથા વિરક્તે નિવેદન કરતી વખતે દાર અને પુત્ર પદને ઠેકાણે ક્યા પદનો ઉચ્ચાર કરવો? અને જો ઉચ્ચારમાં કશો ફરક ન રહે તો ત્યાં દાર અને પુત્ર પદનો અર્થ શો? એવી પણ લોકો શંકા કરે છે તેનો જવાબ શો આપવો?

गुरु–उत्तर—નિવેદનમન્ત્રમાં દાર તથા પુત્ર પદ ઉપલક્ષણવિધયાથી મન્ત્રોપદેશ લેનારનો જે કોઈ મમતાસ્પદ પદાર્થ હશે તેનો બોધ કરાવશે. એટલે કે સ્ત્રી નિવેદન કરે તે વખતે દારપદથી પતિ, તથા પુત્ર નિવેદન કરે તે વખતે પુત્ર પદથી માતા પિતા, તેમજ વિરક્ત નિવેદન કરે ત્યારે જે પારલૌકિક મોક્ષાદિ પદાર્થ ઉપર તેની મમતા હોય તેનો બોધ કરાવશે.

शिष्य–प्रश्न—'કૃપાનાથ! આવો પ્રકાર શાસ્ત્રમાં ક્યાં પણ લેવામાં આવ્યો છે? જો હોય તો આજ્ઞા કરો કે જેથી મારૂં હૃદય બિલકુલ નિઃશંક થઈ જાય.

गुरु–उत्तर—પૂર્વમીમાંસાંના પ્રથમાધ્યાયના ચતુર્થ પાદના સત્તાવીશમા સૂત્રમાં એક 'સૃષ્ટિન્યાય' છે. અને તે ન્યાયથી ભૂમનિબન્ધના ગૌણી શક્તિ માનવામાં આવી છે અને તે શક્તિથી અત્ર દારપદથી પતિ તથા પુત્રપદથી માતા-પિતાનો બોધ સિદ્ધ થશે.

शिष्य–प्रश्न–'કૃપાનાથ! આ ન્યાય જરા વિસ્તારથી સમજાવો.

गुरु–उत्तर–'सृष्टीरुपदधाति' 'સૃષ્ટિ' નામવાળી ઈંટોનું ઉપધાન કરે છે' આ વાક્ય સૃષ્ટિસંજ્ઞક ઈંટોના ઉપધાનનું વિધાન કરે છે. ત્યાં એવી આકાંક્ષા થાય છે કે 'સૃષ્ટિ'એવી સંજ્ઞા કોની સમજવી? તે આકાંક્ષાની પૂર્તિ માટે કહ્યું કે 'तद्वान् आसामुपधाने मन्त्रः' જેના ઉપધાનમાં 'સૃજ' ધાતુવિશિષ્ટ મન્ત્ર હોય તે ઈંટો 'સૃષ્ટિ' સંજ્ઞક જાણવી. 'ब्रह्मासृज्यत, भूतान्यसृज्यन्त' इत्यादि મન્ત્રો 'સૃજ્'ધાતુવિશિષ્ટ છે. આ મન્ત્રોથી જેનું ઉપધાન વિધાન કરાયેલું હોય તે 'સૃષ્ટિ'સંજ્ઞક કહેવાય. હવે ચાલુ બાબતમાં એમ સમજવું કે આ સૃષ્ટિસંજ્ઞક ઈંટોના ઉપધાન વિધાનના પ્રથમ મન્ત્રમાં 'સૃજ્' ધાતુને બદલે 'ધા' ધાતુ પ્રયુક્ત છે, જેમ કે 'एकयास्तुवत प्रजा अधीयन्ते'તિ, ત્યારે તે મન્ત્રથી જેનું ઉપધાન વિહિત હોય તે ઈંટો 'સૃષ્ટિ' સંજ્ઞક સમજવી કે કેમ? ઉપર કહ્યા પ્રમાણે 'સૃજ્' ધાતુવિશિષ્ટ તે મન્ત્ર નથી માટે શંકા. ત્યારે તે મન્ત્રથી ઉપધાન જેનું વિહિત હોય તે ઈંટો પણ સૃષ્ટિસંજ્ઞક સમજવી એ સમાધાન આપ્યું.

(૧) उप–समीपस्थस्य स्वसम्बन्धिनश्च–लक्षणं–ज्ञानं–यस्मादित्युपलक्षणम्। સમીપસ્થ અથવા સ્વસમ્બન્ધિનું જ્ઞાન કરાવનાર તે ઉપલક્ષણ. આનુંજ બીજું નામ अजहत्स्वार्थलक्षणा છે.
(૨) સમ્બન્ધ.

અને કારણમાં જણાવ્યું કે દ્વિતીય તૃતીય આદિ ઘણા મન્ત્રોમાં 'સૃજ્' ધાતુ પ્રયુક્ત છે તેથી પ્રથમ મંત્રમાં 'સૃજ્' ધાતુ પ્રયુક્ત નથી છતાં 'સૃજ્' ધાતુના બાહુલ્યથી 'સૃષ્ટિ' સંજ્ઞક ઈંટોમાં તે મન્ત્રથી જેનું ઉપધાન વિહિત હોય તેવી ઈંટોનું પણ ગ્રહણ કરવું. અર્થાત્ આ ન્યાયથી સૃષ્ટ્યસૃષ્ટિસંધનો બોધ થયો. હવે આ ન્યાયથી ભૂમનિબન્ધના ગૌણી આ પ્રકારે સિદ્ધ થાય છે કે—ઉત્તરમીમાંસામાં 'ભૂમાનું' સ્વરૂપ વર્ણવેલું છે તે ભૂમા ભગવાન્ ક્યાં રહે છે એવા નારદજીના પ્રશ્નના ઉત્તરમાં સનત્કુમારે જવાબ આપેલો છે કે તે પોતાના મહિમામાં રહે છે, અને તે મહિમા શું હશે એવી જીજ્ઞાસા નારદજીને થાય તેટલા માટે સનત્કુમારે ગાય, અશ્વ, હસ્તી, સુવર્ણ, દાસ, સ્ત્રી એટલું મહિમાનું સ્વરૂપ બતાવ્યું. પરન્તુ ભૂમાના મહિમાનું સ્વરૂપ ગાય વગેરે ઉપર બતાવ્યું તેટલુંજ સમજવું એવું સનત્કુમારનું તાત્પર્ય નથી પરન્તુ જેની પાસે જેટલો મહિમા હોય—બતાવ્યા કરતાં વિશેષ હોય યા ન્યૂન હોય—તે બધોજ મહિમા અત્ર તાત્પર્યવિષયીભૂત છે. શંકા–ગો, અશ્વ, હસ્તી, સુવર્ણ એમ નામ લઈને ભૂમાનો મહિમા વર્ણવ્યા પછી જેનો જેટલો મહિમા હોય તેનો બોધ શી રીતે થઈ શકે ? સમાધાન–ઉપલક્ષણવિધિથી, આનુંજ નામ ભૂમનિબન્ધના ગૌણી છે. તેમ અત્ર પણ 'इह' અને 'पर' આ બે પદનોજ વિસ્તૃત અર્થ 'दारागारपुत्राप्तवित्त' પદથી સમજાવેલો છે, એટલે કે ઐહિક પારલૌકિક જે કંઈ મમતાસ્પદ હોય તે બધું પ્રભુને અર્પણ કરાવવામાં અત્ર તાત્પર્ય છે. 'दार' એટલે માત્ર તદ્વાચ્ય અર્થજ નહિ, તેમજ પુત્ર એટલે પુત્રજ નહિ પરન્તુ ઉપલક્ષણવિધાથી જે જેનો મમતાસ્પદ પદાર્થ હોય તે અત્ર સમજવો.

સ્ત્રી પરૂષ એક ગુરૂ પાસેથી મન્ત્રોપદેશ લઇ શકે કે ?

शिष्य–प्रश्न—' કૃપાનાથ ! આપણા સમ્પ્રદાયમાં સ્ત્રીપુરૂષ એક ગુરૂપાસેથી પણ મન્ત્રોપદેશ ગ્રહણ કરે છે, પરન્તુ એક ગુરુ પાસેથી દીક્ષા લેનાર ગુરુભાઈ કહેવાય એમ મેં સાંભળ્યું છે તો એક ગુરુપાસેથી મન્ત્રોપદેશ ગ્રહણ કરનાર સ્ત્રીપુરુષ પતિપત્ની તરીકે કેમ રહી શકે ? તે કૃપા કરી આજ્ઞા કરો.

સ્ત્રી પુરુષ એક ગુરુપાસેથી મન્ત્રોપદેશ ગ્રહણ કરે તેમાં મહાફલ છે.

गुरु–उत्तर—આ કર્તવ્ય છે અને આ અકર્તવ્ય છે તેનો નિર્ણય શાસ્ત્રજ આપી શકે. જુઓ. ભગવાને અર્જુનને શું આજ્ઞા કરેલી છે કે 'तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ' "તેટલા માટે કર્તવ્ય અકર્તવ્યની વ્યવસ્થામાં તારે શાસ્ત્રને પ્રમાણ ગણવું જોઈએ" આ ભગવદાજ્ઞાપ્રમાણે શાસ્ત્રમાં પતિપત્નીએ એક ગુરુપાસેથી મન્ત્રોપદેશ ન લેવો તેવો નિષેધ ક્યાં પણ છે નહિ. જો આ વાત

નિષિદ્ધ હોતે તો તદર્થ પ્રાયશ્ચિત્ત પણ ધર્મશાસ્ત્રમાં ક્યાં પણ લખ્યું હોતે. જેમ કે ભગિની, શિષ્ય–સ્ત્રી, તથા ગુરુપુત્રીના ગમનમાં ગુરુતલ્પગનો અતિદેશ કરી તેનું પ્રાયશ્ચિત્ત ધર્મશાસ્ત્રમાં ઉપદિષ્ટ છે, તે પ્રમાણે એક ગુરુપાસેથી મન્ત્રોપદેશ ગ્રહણ કરનાર સ્ત્રીપુરુષ માટે પણ પ્રાયશ્ચિત્ત ધર્મશાસ્ત્રમાં ક્યાં પણ હોવું જોઈએ. પરન્તુ તેવું પ્રાયશ્ચિત્ત ક્યાં પણ છે નહિ. વળી, જેમ શિષ્યપાસે જનારી કે પતિને મારનારી સ્ત્રીનો ત્યાગ કરવાનું ધર્મશાસ્ત્રમાં લખ્યું છે, તેમજ પોતાની સ્ત્રી ઉપર ક્રોધ થવાથી "આજથી તું મારી મા છો" એમ કહી દીધા પછી તેની સાથે ગમન કરે તો પ્રકીર્ણ પ્રાયશ્ચિત્તોમાં તેનું પણ પ્રાયશ્ચિત્ત લખેલું છે, તેવી રીતે એક ગુરુના શિષ્ય થવાથી તે સ્ત્રીનો ત્યાગ કરવાનું, અથવા તો પ્રાયશ્ચિત્ત કરી તેનું ગ્રહણ કરવાનું ધર્મશાસ્ત્રમાં ક્યાં પણ હોવું જોઈએ. તેથી પતિ તથા સ્ત્રી એક ગુરુપાસેથી મન્ત્રોપદેશ ગ્રહણ કરે તેમાં કંઈ અયોગ્ય નથી. એટલુંજ નહિ પણ ઉલટું પતિ તથા સ્ત્રી એક ગુરુપાસેથી મન્ત્રોપદેશ ગ્રહણ કરે તેમાં વિશેષ ફલ પ્રાપ્ત થાય છે એવાં શાસ્ત્રનાં વચનો મલે છે. જેમકે 'પદ્મપુરાણ'ના ઉત્તરખણ્ડમાં લખ્યું છે કે—

> आचारो धर्ममार्गश्च गुरुमन्त्रश्च देवता ।
> दम्पत्यपत्यभृत्येषु एकीकृत्य महत् फलम् ॥

અર્થ—"આચાર, ધર્મમાર્ગ, ગુરુ, મન્ત્ર અને દેવતા આ બધાં સ્ત્રીપુરુષ તથા નોકરનાં એક હોય તો મ્હોટું ફલ પ્રાપ્ત થાય છે." આચાર, ગુરુ વગેરે ઘરનાં બધાં માણસોનાં એક હોવાથી કેટલું આનુકૂલ્ય રહે છે અને ભિન્ન ભિન્ન હોવાથી કેટલું આનુકૂલ્ય રહે છે તેની તુલના દરેકે પોતેજ કરી લેવી. તેમજ 'બ્રહ્મ-વૈવર્ત' પુરાણના બ્રહ્મખણ્ડના ઓગણીશમા અધ્યાયમાં મુનિ વશિષ્ઠજીએ ઉપબર્હણ-નામક ગન્ધર્વ તથા તેની સ્ત્રી માલતીને મન્ત્રોપદેશ કરી સ્તોત્ર પૂજાદિક શીખવ્યું હતું. તે બાબત નીચેનાં વચનોથી જણાય છે.

> महापुरुषस्तोत्रं च पूजां च कवचं मनुम् ।
> विस्मृतं बोधयामास स्वयं रहसि सुव्रता ॥
> पुरा दत्तं वशिष्ठेन स्तोत्रपूजादिकं हरेः ।
> गन्धर्वाय च मालत्यै मन्त्रमेकं च पुष्करे ॥

અર્થ—"પહેલાં મુનિ વશિષ્ઠજીએ પુષ્કરતીર્થમાં ઉપબર્હણનામક ગન્ધર્વ તથા તેની સ્ત્રી માલતીને શ્રીહરિનું સ્તોત્ર, પૂજાદિક તથા એક મન્ત્ર આપેલાં હતાં, તે, ઉપબર્હણ ગન્ધર્વ ભૂલી જવાથી એકાન્તમાં તેની સ્ત્રી માલતીએ તેને સંભારી

આપ્યા હતાં" આ વાત એટલે કે ઉપબર્હણનું ભૂલીજવું અને તેની સ્ત્રી માલતીનું મન્ત્રને સ્મરણ કરાવી આપવું ત્યારેજ ઘટી શકે કે જ્યારે બન્નેને એકજ મન્ત્રનો ઉપદેશ એકજ ગુરુપાસેથી થયો હોય.

વળી, 'નારદપઞ્ચરાત્ર' માં 'વિજ્ઞાનોપનિષત્સંહિતા'ના સોળમા પટલમાં કહેલ છે કે—

> विष्णुतत्त्वं परिज्ञाय एकं वाऽनेकभेदवत् ।
> दीक्षयेन्मेदिनीं सर्वां किं पुनश्चोपसन्नतान् ॥

અર્થ—'એક અથવા અનેક ભેદવાળું વિષ્ણુનું તત્ત્વ જાણીને સમ્પૂર્ણ પૃથ્વીને દીક્ષા આપવી જોઈએ, તો પછી શરણે આવેલાઓને ઉપદેશ આપવો તેમાં તો કહેવુંજ શું?' અર્થાત્ સ્ત્રી પુરુષ શરણ આવ્યાં હોય તો તેને મન્ત્રોપદેશ કરવો.

વળી, જો એક ગુરુપાસેથી મન્ત્રોપદેશ ગ્રહણ કરવાથી પતિપત્નીવચ્ચે ભાઈ બ્હેનનો સમ્બન્ધ બંધાતો હોય તો ગુરુપુત્રી તો બ્હેન થવીજ જોઈએ, તો પછી ઇતિહાસમાં ગુરુએ નિજપુત્રીના નિજ શિષ્ય સાથે વિવાહ કરાવ્યાના દાખલા મળે છે તે બાધિત થશે, પરંતુ ધર્મશાસ્ત્રનું સ્થાપન કરનારા ઋષિઓ તેવું અધર્મ્ય કર્મ કરે નહિ. તેથી પણ સિદ્ધ થાય છે કે એક ગુરુપાસેથી દીક્ષા લેનાર પતિપત્ની વચ્ચે ભાઈ બ્હેનનો સમ્બન્ધ થતો નથી. ગુરુએ પોતાની કન્યાને પોતાના શિષ્ય સાથે વિવાહ કરાવ્યાનો ઇતિહાસ 'મહાભારત'ના આશ્વમેધિક પર્વમાં છે. તેમાં ગૌતમ ઋષિએ નિજશિષ્ય ઉત્તંકને નિજપુત્રી આપ્યાની કથા છે. ત્યાં ગૌતમ ઋષિ કહે છે કે "હે ભૃગુકુલોત્તમ! આ પ્રકારે તું મને પ્રસન્ન થયેલો જાણ, તું સોળ વર્ષનો યુવા હવે થવાનો છે તેથી મારી કન્યા તુંને પત્ની તરીકે આપું છું, મારી કન્યા વિના તારા તેજનું સેવન કરવાને અન્ય કોઈ કન્યા યોગ્ય નથી, માટે આ યશસ્વિની કન્યાનું તું પાણિગ્રહણ કર." આ પ્રકારનાં ગૌતમનાં વચન સાંભળી યુવા ઉત્તંકે ગુરુની કન્યાનો સ્વીકાર કર્યો, તે કેમ કરી શકે? કારણકે ગુરુપુત્રી તો બ્હેનજ કહેવાય તો પછી તેનું પાણિગ્રહણ કેમ થઈ શકે, તેથી સિદ્ધ થાય છે કે જ્યારે ઇતિહાસમાં ગુરુપુત્રી જોડે શિષ્યે પાણિગ્રહણ કર્યાના દાખલા મોજુદ છે તો પછી મંત્રોપદેશ લેનાર સ્ત્રીસાથે તેના પતિને પત્ની તરીકેનો સમ્બન્ધ રાખવામાં દોષની સંભાવના પણ ક્યાં રહી.

બૃહસ્પતિના પુત્ર કચે ગુરુપુત્રી દેવયાની જોડે વિવાહ કાં ન કર્યો.

શિષ્ય–પ્રશ્ન–'કૃપાનાથ! તો પછી બૃહસ્પતિના પુત્ર કચે નિજગુરુ શુક્રાચાર્યની પુત્રી દેવયાની સાથે ઉદ્વાહ કરવાની ના કેમ પાડી. તેનું કારણ કૃપા કરી સમજાવો.'

ગુરુ—ઉત્તર—આ પ્રસંગ 'મત્સ્ય' પુરાણમાં વર્ણવેલો છે. તે જરા વિસ્તારથી કહેવો જોઇશે ત્યારે તે સમજાશે. ત્યાં કથા એવી છે કે—દેવતાઓના ગુરુ બૃહસ્પતિનો પુત્ર કચ સંજીવિની વિદ્યા ભણવા માટે શુક્રાચાર્ય પાસે ગયો, ત્યારે દૈત્યોએ વિચાર કર્યો કે એક તો દેવોના પક્ષમાં મહાસમર્થ ભગવાન્ વિષ્ણુ છે અને આ દેવોના ગુરુનો પુત્ર કચ પણ દેવપક્ષનોજ કહેવાય, તેમાં વળી જો તે સંજીવિની વિદ્યા શિખી જશે તો આપણને ઘણું કષ્ટ થશે, માટે કચને સમૂળગો મારીજ નાખવો, એમ વિચાર સ્થિર કરી કચ જ્યારે નિજગુરુ શુક્રાચાર્ય માટે વનમાં સમિધ્ પુષ્પ વગેરે લેવા ગયો ત્યારે દૈત્યોએ તેને મારી કુવામાં નાખી દીધો. રાત્રિ થઈ ભોજનનો વખત થયો ત્યારે શુક્રાચાર્યે નિજપુત્રી દેવયાનીને ભોજન કરી લેવા કહેતાં તેણીએ જવાબ આપ્યો કે 'કચ આવશે ત્યારે હું ભોજન લઈશ' આ જવાબ સાંભળી શુક્રાચાર્યજીએ વિચાર કર્યો કે દેવયાનીનો કચ સાથે ઘણો સ્નેહ બંધાયેલો હોવાથી જ્યાં પર્યન્ત કચ આવશે નહિ ત્યાંપર્યન્ત તેણી ભોજન લેશે નહિ માટે ધ્યાન ધરી જોઉં કે કચ ક્યાં છે. ધ્યાન ધરી જોતાં તેમને જણાયું કે કચ દૈત્યો વડે મારી નાખી કૂવામાં નાખી દેવામાં આવ્યો છે, તે ઉપરથી તેને કુવામાંથી બહાર કઢાવી સંજીવિની વિદ્યાના બલથી જીવતો કરી પોતાના ઘર આગળ લાવ્યા અને બધાંએ ભોજન કર્યું. આ વાતની દૈત્યોને જાણ થતાં તેઓએ વિચાર્યું કે 'શુક્રાચાર્યની પણ કચના ઉપર ઘણી કૃપા દેખાય છે તેથી તે તેને કોઈ રીતે મરવા દેશે નહિ, માટે હવે એવો ઉપાય કરવો જોઈએ કે તેને માર્યા પછી શુક્રાચાર્ય તેમને જીવાડી શકે નહિ.' એમ વિચારીને વનમાં ગયેલા કચને મારી તેનો દાહ કરી તેની ભસ્મને ખુબ બારીક વાટી [1]સુરા સાથે મેળવીને શુક્રાચાર્યને પાઈ દીધી. તેથી કચની ભસ્મ શુક્રાચાર્યજીના પેટમાં ગઈ. એટલે તે દિવસે પણ કચ સાંજ સુધી ઘેરે આવ્યો નહિ ત્યારે દેવયાનીએ પોતાના પિતા શુક્રાચાર્યને વિનતિ કરી કે 'ગમે ત્યાંથી કચને બોલાવો, કચ નહિ આવશે તો હું દેહનો ત્યાગ કરીશ' તે ઉપરથી શુક્રાચાર્યજીએ ધ્યાનાવસ્થિત થઈને જોયું તો જણાયું કે કચ તો પોતાનાજ પેટમાં છે, ત્યારે પોતાના ઉદરમાં રહેલા કચને સંજીવિની વિદ્યાથી સજીવન કરી શુક્રાચાર્યે પુછ્યું કે 'મારા ઉદરમાં તું શી રીતે આવ્યો' ઉદરમાંથી કચે જવાબ આપ્યો કે 'દૈત્યોએ મને મારી નાખીને આ ક્રિયા કરેલી છે." તે ઉપરથી ફરીને શુક્રાચાર્યજીએ ધ્યાન ધરી જોયું તો જણાયું કે કચને મારી નાંખી તેની

(૧) પહેલાં "સૌત્રામણિ" વગેરે યજ્ઞોમાં યજ્ઞોચ્છિષ્ટ તરીકે સુરાપાન થતું હતું તેથી શુક્રાચાર્યે પણ સુરાપાન કરેલું, પરંતુ તેમાં આવો અનર્થ થઈ જવાથી 'સુરાપાન કરનાર બેભાન થઇ જઇ આવા મ્હોટા અનર્થ કરે છે' એમ વિચારી સુરાપાન કરનાર ઉપર મહાપાતકનું પાપ તેણે ઠરાવ્યું અને સર્વ ઋષિઓએ પણ પોતપોતાની સ્મૃતિમાં તેને મહાપાતક ગણ્યું.

ભસ્મ સુરાપાનસાથે મને પીવરાવી દેવામાં આવી છે, ત્યાર પછી પોતાની પુત્રી દેવયાનીને પ્રસન્ન રાખવા કચને પોતાના ઉદરમાંથી બહાર કાઢવાનો નિશ્ચય કર્યો, પરન્તુ કચ બહાર આવતાં પોતાનો દેહ રહેશે નહિ એમ વિચારી કચને સંજીવિની વિદ્યા પણ ઉદરમાંજ ભણાવી દીધી અને પોતાનું ઉદર ચીરાવી કચને બહાર કાઢ્યો, બહાર નિકળી કચે ઉદરમાંજ ભણેલી સંજીવિની વિદ્યાથી શુક્રાચાર્યને સજીવન કર્યા. આ પ્રકારે સંજીવિની વિદ્યા ભણવા આવેલા કચે પોતે વિદ્યા ભણી લીધી એટલે ગુરુપાસે આજ્ઞા માંગવા ગયો ત્યારે દેવયાનીએ કહ્યું કે 'મારી સાથે લગ્ન કરો ત્યાર બાદ રજા મલશે' તેના જવાબમાં કચે કહ્યું કે—

यत्रोषितं विशालाक्षि त्वया चन्द्रनिभानने ।
तत्राहमुषितो भद्रे कुक्षौ काव्यस्य भामिनि ॥

અર્થ—'હે ચન્દ્રસમાન મુખવાલી તથા વિશાલ નેત્રવાલી ભામિની જે શુક્રાચાર્યના ઉદરથી તું જન્મેલી છો તેજ ઉદરમાં હું પણ રહેલો છું" તેથી આપણ બન્નેનો એક ઉદરમાં નિવાસ થયેલો હોવાથી આપણો ભાઈ બ્હેનનો સમ્બન્ધ થયો કહેવાય, કારણ કે છ કોશવાળા દેહમાં અસ્થિ વગેરે ત્રણ કોશનું ઉપાદાન કારણ પિતા મનાયેલ છે, તેથી હું તારૂં પાણિગ્રહણ કરી શકું નહિ. અહિં કચ પોતે શુક્રાચાર્યના ઉદરમાં રહ્યો તેથી પોતે દેવયાની સાથે ભ્રાતૃભાવ પ્રકટ કર્યો અને વિવાહ કરવાની ના પાડી, બીજું કંઈ પણ કારણ અત્ર નથી. તેથી એક ગુરુ-પાસેથી મન્ત્રોપદેશ ગ્રહણ કરનાર સ્ત્રીપુરુષમાં ભગિનીભ્રાતૃત્વ માનવું એ કોઈ રીતે પણ શાસ્ત્રથી સિદ્ધ થઈ શકતું નથી.

તેમજ "બ્રહ્મવૈવર્ત" પુરાણમાં લખેલું છે કે—

अन्नदाता भयत्राता पत्नीतातस्तथैव च ।
विद्यादाता जन्मदाता पञ्चैते पितरो नृणाम् ॥

અર્થ—"અન્ન આપનાર, ભયથી રક્ષા કરનાર, પત્નીનો પિતા, વિદ્યા-દાતા, અને જન્મ આપનાર, આ પાંચ મનુષ્યોના પિતા છે" આ વચનાનુસાર અન્ન આપનારને પણ પિતા કહેલ છે ત્યારે માનો કે કોઈ સ્ત્રીનો પતિ રાજા યા શેઠને ત્યાં નોકરી કરતો હોય એટલે બન્નેનો અન્નદાતા એક થયો, અને ઉપર લખેલાં વચનાનુસાર અન્નદાતા એ બન્નેનો પિતા પણ થયો ત્યારે તે સ્ત્રીપુરુષે પણ ભ્રાતૃભગિનીભાવ માની ગૃહસ્થાશ્રમનો વ્યવહાર બંધ પાડવો જોઈએ. તેમ સસરાને પણ પિતા માનેલો છે. એટલે સસરો એ સ્ત્રીનો તો બાપ છેજ, અને ઉપર્યુક્ત વચન પ્રમાણે તે પુરુષનો પણ બાપ થયો, ત્યારે આ પ્રકારે પણ ગૃહસ્થા-

શ્રમ વ્યવહાર થઈ શકશે નહિ. અને જો આવી માન્યતા ચાલે તો તો જગતનો ઉચ્છેદ થવાનો પ્રસંગ પણ આવે. માટે પોતાના જનક પિતા સિવાય જ્યાં પિતા તરીકેનો અતિદેશ કરેલો છે ત્યાં પૂજ્ય ભાવ રાખવા પુરતુંજ પિતૃત્વ સમજવાનું છે. અત એવ મન્ત્રોપદેષ્ટાનું પણ પિતૃત્વ પૂજ્ય ભાવ રાખવા માટે છે. તેથી એક ગુરુપાસેથી સ્ત્રીપુરુષ મન્ત્રોપદેશ લે તેમાં જરા પણ દોષની સંભાવના નથી.

ઘરમાંના દરેકે નિવેદન કરવાની આવશ્યકતા શી.

શિષ્ય-પ્રશ્ન—'કૃપાનાથ! ઘરમાં જે કોઈ એક મુખ્ય પુરૂષ હોય તેણે નિવેદન કરવાથી તેના સ્ત્રી, પુત્ર વગેરેનું પણ નિવેદન તો થઈજ જાય છે, એટલે કે તેઓનું પણ ભગવદીયત્વ સિદ્ધ થયું જ કહેવાય તો પછી દરેકે ભિન્ન ભિન્ન નિવેદન કરવાની આવશ્યકતા શી? તે કૃપા કરી આજ્ઞા કરો.

ગુરુ-ઉત્તર—અહન્તા મમતા દરેકની ભિન્ન ભિન્ન હોવાથી દરેકે જુદું જુદું નિવેદન કરવું આવશ્યક છે. ઘરના મુખ્ય માણસે નિવેદન કરી જેમ પોતાના દેહ, સ્ત્રીપુત્રાદિકમાંથી અહન્તા મમતા કાઢી બધું ભગવાનનું છે એમ માન્યું, તેજ પ્રકારે પુત્રાદિકને પણ પોતાના દેહમાં અહન્તા તથા માતાપિતાદિકમાં મમતા રહેલીજ છે. માટે પોતપોતાની અહન્તા મમતા નિવૃત્ત કરવા દરેકે નિવેદન કરવાની જરૂર છે. અતએવ શ્રીમદ્ભાગવત સ્કન્ધ ૭ અધ્યાય ૧૧ શ્લોક ૧૨ મામાં નારદજીએ યુધિષ્ઠિરના પ્રતિ કહેલું છે કે—

> सेवेज्यावनतिर्दास्यं सख्यमात्मसमर्पणम् ।
> नृणामयं परो धर्मः सर्वेषां [illegible] ॥

અર્થ—"સેવા, અર્ચન, વન્દન, દાસ્ય, સખ્ય અને **આત્મસમર્પણ** એ મનુષ્યોનો પરમ ધર્મ છે અને તે દરેક માટે જુદો જુદો મનાયેલો છે."

નિવેદન કર્યા પછી ધનાદિકનો ઉપયોગ સ્ત્રીપુત્રાદિક માટે કરવાથી બહિર્મુખતા થાય ખરી કે.

શિષ્ય-પ્રશ્ન—'કૃપાનાથ! નિવેદનમન્ત્રોપદેશ ગ્રહણ કરતી વખતે સ્ત્રી, પુત્ર, ધન, ઘર વગેરે બધું આપણે ભગવાનને નિવેદન કરી દઈએ છીએ, એટલે નિવેદન કર્યા બાદ તે બધાંનો વિનિયોગ કેવલ ભગવદર્થેજ થવો જોઈએ, છતાં દેહ, ધન, મન વગેરેનો વિનિયોગ સ્ત્રી, પુત્ર વગેરેમાં પણ આપણે કરીએ છીએ તો તે બહિર્મુખતા ન કહેવાય.

ગુરુ-ઉત્તર—શ્રીમહાપ્રભુજી 'નવરત્ન' ગ્રન્થમાં આજ્ઞા કરે છે કે—

> सर्वेषां प्र[illegible]सम्बन्धो न [illegible] स्थितिः ।
> अतोन्य[illegible]योगे चिन्ता का स्वस्य सोपि चेत् ॥

અર્થ—"પ્રભુનો સમ્બન્ધ સર્વને સાથેજ છે એક એકને નથી એવી નિવેદનની મર્યાદા છે, માટે દેહાદિનો અન્ય નિવેદીઓમાં વિનિયોગ થાય તેમાં ચિન્તા કર્તવ્ય નથી, કારણ કે જેમ સ્વયં નિવેદી છે તેમ તે પણ નિવેદી છે."

તાત્પર્ય કે આપણે એકલાએજ પ્રભુ સાથે સમ્બન્ધ કરેલો છે એમ નથીજ. પરન્તુ સ્ત્રી પુત્રાદિકનો પણ સમ્બન્ધ પ્રભુસાથે થયેલોજ છે એટલે તે બધાં પણ પ્રભુનાંજ થયાં છે. તેથી આભરણ વસ્ત્ર વગેરે પ્રભુસેવોપયોગી વસ્તુઓ સાચવવામાટે તિજોરી કબાટ પેટી વગેરેનો ઉપયોગ જેમ થાય છે, એટલે કે ત્યાં જેમ તિજોરી કબાટ વગેરે નિવેદિત પદાર્થ, આભરણ વસ્ત્ર વગેરે નિવેદિતપદાર્થ સાચવવામાટે ઉપયોગમાં લેવાતાં હોવાથી પ્રભુથી અન્યત્ર વિનિયોગ થવાનો દોષ પ્રાપ્ત થતો નથી, કારણકે આભારણાદિ ભગવદર્થ છે તેમ તિજોરી આદિ પણ ભગવદર્થજ છે, તેથી તેનો યથાયોગ્ય વિનિયોગ કરાય છે, તેમ અત્ર પણ સ્ત્રી પુત્રાદિક ભગવદીય હોવાથી તદર્થ દેહ, ધન વગેરેનો ઉપયોગ કરવામાં કોઈ પણ રીતે બહિર્મુખતા કહેવાય નહિ. બહિર્મુખતાનું બીજ માત્ર જીવની જુઠી મમતા છે. 'સ્ત્રી પુત્રાદિક મારા માટે છે' એમ સમજીને જો તેમાટે ધન વગેરેનો ઉપયોગ કરવામાં આવે તો જરૂર બહિર્મુખતા પ્રાપ્ત થાય. માટે સ્ત્રી પુત્રાદિકને પણ ભગવત્સેવોપયોગી સમજી તેમાં સ્નેહ કરવો. જેવો કે 'ममोत्तमश्लोके'ત્યાદિ શ્લોકથી વૃત્રાસુરે માગેલો છે.

અજ્ઞાનથી કરેલું નિવેદન ફળે કે ?

શિષ્ય-પ્રશ્ન—'કૃપાનાથ! નિવેદન કરવાનું તાત્પર્ય તો અહન્તા મમતાની નિવૃત્તિ કરવામાં રહેલું છે, અને તે, નિવેદનમંત્રના અર્થાનુસન્ધાનપૂર્વક નિવેદન કરી તેનો એક નિષ્ઠાથી દ્રઢ અભ્યાસ કરવામાં આવે ત્યારે બને. પરંતુ આપણા સમ્પ્રદાયમાં તો ન્હાના બાલકોને પણ મંત્રના બે બે અક્ષરનો ઉચ્ચાર કરાવી મન્ત્રોપદેશ કરવામાં આવે છે, અને જેઓ છેક ન્હાના છે તેના તો કાનમાં મન્ત્ર સંભળાવીને પણ નિવેદન કરાવવામાં આવેછે અને તેના હાથથી તુલસીપત્રનો સ્પર્શ કરાવી તે તુલસીપત્ર પ્રભુને અર્પણ કરવામાં આવે છે, તો આ પ્રમાણે નિવેદનમન્ત્રના અર્થજ્ઞાનવગરના તથા પ્રેમવગરના નિવેદનમન્ત્રોપદેશથી તે નિવેદન કરનાર બાળકને ફલની સંભાવના પણ શી રીતે રાખી શકાય. તે કૃપા કરી આજ્ઞા કરો.

મન્ત્રની તો પત્થર ઉપર પણ અસર થાય છે.

ગુરુ-ઉત્તર—મન્ત્રનો પ્રભાવ ઘણો જબ્બર હોય છે. જુઓ કે આઠ નવ વર્ષના બાલકને યજ્ઞોપવીત સમયે ગાયત્રીમન્ત્રોપદેશ કરવામાં આવે છે ત્યારે ગાયત્રી-

મન્ત્રના અર્થની તેને સમજણ હોતી નથી, તેમજ ગુરુના બતાવ્યા પ્રમાણે આચમન, પ્રાણાયામ, અર્ધ્યપ્રદાન, સૂર્યોપસ્થાન વગેરે ક્રિયાઓ પણ વિના સમજ્યેજ કરે છે. છતાં તેને તેનું ફળ મળે છે. તેજ પ્રમાણે છેક ન્હાના બાલકને કોઈ ગ્રહ નડતો હોય અને તેના માટે દાનાદિક કરવાનું હોય તો માતા પિતા સંકલ્પનો ઉચ્ચાર કરી ફક્ત બાલકના હાથનો સ્પર્શ કરાવી દાનાદિક કરાવે છે છતાં તે દાનનું ફળ બાલકને મળેજ છે, તેજ પ્રકારે કોઈ આસન્નમરણ થાય તે વખતે તેને તેના પુત્ર વગેરે ગોદાનાદિકનો સંકલ્પ કરાવે છે અથવા આતુર સન્યાસ કરાવે છે તો તેનું પણ ફળ તેને મળે છે. એ શાસ્ત્રસિદ્ધ વાત છે, તેજ પ્રમાણે અત્યન્ત અજ્ઞાની બાલકને પણ નિવેદનમન્ત્રોપદેશ કાનમાં સંભળાવવાથી તેનું ફલ તેને થાયજ છે.

જેમ અજામિલે ' નારાયણ ' એવું નામ ભગવન્નામ જાણી લીધું ન હતું પણ પોતાના પુત્રનું નામ જાણી લીધું હતું છતાં તે નામનાજ પ્રભાવથી વિષ્ણુપાર્ષદોએ આવીને યમદૂતોના પાશમાંથી તેને છોડાવ્યો હતો, કારણ કે ભગવન્નામમાં જ એવું સામર્થ્ય રહેલું છે. આવા ઘણા દાખલાઓ પુરાણોમાં પ્રસિદ્ધ છે. તેથી સિદ્ધ થાય છે કે નિવેદનમન્ત્ર જ્ઞાનથી કિંવા અજ્ઞાનથી ગ્રહણ કરવામાં આવે તો પણ તેનું ફલ થાયજ છે.

शिष्य–प्रश्न–'કૃપાનાથ ! અજ્ઞાનદશામાં ગ્રહણ કરાતા નિવેદનમન્ત્રથી પણ ફલપ્રાપ્તિ થતી હોય તો નિવેદનમન્ત્ર ગ્રહણ કર્યા પછી બીજા કોઈ પણ સાધન કરવાની જરૂર શી રહે ? તે કૃપા કરી આજ્ઞા કરો.

गुरु–उत्तर–મન્ત્રોપદેશ તો અધિકાર સિદ્ધ કરનારો હોય છે. જેમ કે ગાયત્રીમન્ત્રોપદેશ થવાથી બટુકનો વૈદિક કર્મ કરવાનો અધિકાર સિદ્ધ થયો, પરંતુ ગાયત્રીમન્ત્રોપદેશ ગ્રહણ કર્યા પછી સન્ધ્યાવન્દનાદિ વૈદિક કર્મ ન કરે તો ગાયત્રીમન્ત્રના ઉપદેશનું ફળ મળે નહિ, તેજ પ્રમાણે ભક્તિનો અધિકાર સિદ્ધ થવા માટે નિવેદનમન્ત્રનો ઉપદેશ છે, પરંતુ નિવેદનમન્ત્રોપદેશ ગ્રહણ કર્યા પછી સેવાસ્મરણાદિ ભાગવત ધર્મોમાં પ્રવૃત્ત થાય નહિ તો મન્ત્રોપદેશ ગ્રહણ કર્યાનું ફલ પ્રાપ્ત થાય નહિ. માટે નિવેદનમન્ત્રોપદેશ ગ્રહણ કર્યા પછી સેવા સ્મરણાદિ ભાગવત ધર્મોનું આચરણ તો અવશ્ય કરવું.

शिष्य–प्रश्न–કૃપાનાથ ! કેટલાકો એવી શંકા કરે છે કે તમારા અષ્ટાક્ષરાદિ મન્ત્રોમાં, બીજા મન્ત્રોમાં હોય છે તેમ છન્દ, ઋષિ તો હોતાં નથી તો પછી તે મન્ત્ર કેમ કહેવાય ! આનો જવાબ શો આપવો ! તે આજ્ઞા કરો.

गुरु–उत्तर–ઋષિ છન્દ જેમાં ન હોય તે મન્ત્રજ ન કહેવાય એવો શાસ્ત્રનો અભિપ્રાય નથી. કારણ કે 'શારદાતિલક' આદિ મન્ત્રશાસ્ત્રના ગ્રન્થોમાં લક્ષ્મી-

મન્ત્રમાં ઋષિ છન્દ વગેરે કહ્યા નથી છતાં તેનો જપ કરવાથી ફલસિદ્ધિ થવાનું લખેલું છે. એટલે ઋષિ છન્દના અભાવમાં મન્ત્રનું મન્ત્રપણું જતું રહેતું નથી. તેમજ ખાસ કરીને સકામ મન્ત્રોમાંજ ઋષિ છન્દ વગેરે હોય છે, જ્યારે આપણા સમ્પ્રદાયમાં અપાતા અષ્ટાક્ષર તેમજ પંચાક્ષર મન્ત્રો ભક્તિમાર્ગીય હોવાથી નિષ્કામ છે માટે તેના જપથી કોઇ ફલાકાંક્ષા રાખવામાં આવતી ન હોવાથી તેમાં ઋષિ તથા છન્દ કહ્યા નથી.

શિષ્ય–પ્રશ્ન–'કૃપાનાથ ! આત્મનિવેદનના વિષયમાં આપે વિસ્તૃત રીતે આજ્ઞા કરી કે દેહ ગેહાદિમાંથી અહન્તા મમતા છોડી ' આ સર્વ પ્રભુનુંજ છે, એમાં મારૂં કંઈ નથી ' એવી માન્યતા કરવી, પરન્તુ લૌકિક વ્યવહારમાં જીવ જ્યાં સુધી પોતાની અહન્તા મમતા ન રાખે ત્યાં પર્યન્ત કંઈ કાર્યજ ન કરી શકે, તો પછી લૌકિક વ્યવહાર ચલાવતી વખતે પ્રભુની સ્વામિભાવના કેવી રીતે રાખવી, તે કૃપા કરી આજ્ઞા કરો.

ગુરુ–ઉત્તર–લોકમાં શેઠને ત્યાં મુનીમ તથા રાજાને ત્યાં દિવાન હોય છે તે જો કે સઘળાં શેઠનાં કે રાજાનાં વ્યાવહારિક કાર્યો શેઠ કે રાજા તરફથી કરે છે, અને તે કાર્યો કરતી વખતે પોતાના માલેકનાં ગૃહ, દુકાન, વસ્ત્ર, આભૂષણ કે રાજ્ય, દ્રવ્ય, બાગ, બગીચા વગેરે પોતાનાં હોય એમ વાપરે છે, તેમજ, 'આ તો અમુકના મુનીમનું ઘર, મુનીમની ગાડી, દિવાનનો બંગલો, દિવાનની ગાડી એમ કહેવાય પણ છે. તેમ દિવાન તથા મુનીમ પોતેપણ એમ કહે છે કે ' આ મારૂં ઘર, મારી ગાડી, મારો બંગલો, મારી બગી વગેરે. પણ તે મુનીમ કે દિવાન પોતાના મનમાં સમજે છે કે આ બધું મારા શેઠનું અથવા રાજાનું છે, અને તેણે મહેરબાની કરી મને સોંપ્યું છે, અને તેની મહેરબાનીથીજ આ બધાનો હું ઉપભોગ કરૂં છું, વાસ્તવિક રીતે જોતાં તેમાં મારૂં કંઈ નથી, તેજ પ્રમાણે જીવે પણ અહન્તા મમતા છોડી દેહ, સ્ત્રી, પુત્ર, ધન વગેરે સર્વ પ્રભુનુંજ છે અને તે પ્રભુએ કૃપા કરી મને સોંપ્યું છે, અને તેમની કૃપાથીજ હું તેનો ઉપભોગ કરૂં છું એમાં ખરી રીતે મારૂં કંઈજ નથી. આ પ્રકારે સર્વ કાર્યોમાં પ્રભુની સ્વામિભાવના રાખી દરેક કાર્યો કરવાં.

શિષ્ય–પ્રશ્ન—' કૃપાનાથ ! ચોરાશી તથા બસો બાવન વૈષ્ણવની વાર્તા વાંચતાં જણાય છે કે આગળના સમયમાં નિવેદનમંત્રનો ઉપદેશ ગ્રહણ કરવા માત્રથી મન્ત્રગ્રહણ કરનારની ભગવત્સેવામાં પ્રવૃત્તિ થતી હતી, તથા સેવા કરતાં કરતાં પ્રભુ તેઓને સાનુભાવ પણ જતાવતા હતા તેવું હાલના સમયમાં જોવામાં

આવતું નથી, એટલુંજ નહિ પણ કેટલાકોની તો ભગવત્સેવામાં પ્રવૃત્તિયે થતી નથી, કદાચિત્ ભગવત્સેવામાં પ્રવૃત્તિ થાય છે તો તેને સાનુભાવ થવો તો દૂર રહ્યો પણ ઘણા ઓછાને સેવારસમાં જોઈએ તેવી આસક્તિ થાય છે તેનું કારણ શું હશે. તે કૃપા કરી આજ્ઞા કરો.

गुरु–उत्तर—આબાબત દશદિગન્તવિજયી શ્રીપુરુષોત્તમજીએ 'નવરત્નવિવૃતિ પ્રકાશ'માં તથા મહાનુભાવ લાલુભટ્ટજીએ 'સિદ્ધાન્તરહસ્ય' ની ટીકામાં નિવેદનના ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણ ભેદ પાડી ખુલાસો કરેલો છે, તે આ પ્રકારે—

ઉત્તમ—પ્રભુમાં શુદ્ધ સ્નેહ ઉદય થયા પછી તન્મયતાપૂર્વક નિવેદન કરવામાં આવે તે **ઉત્તમ નિવેદન** કહેવાય.

મધ્યમ—શાસ્ત્રાદિ વાંચીને કે ગુરુના ઉપદેશનું શ્રવણ કરીને અથવા ભગવદીયના સત્સંગદ્વારા ભગવત્સ્વરૂપ, પોતાનું સ્વરૂપ, તથા નિવેદનનું સ્વરૂપ યથાર્થ સમજીને જ્ઞાનપૂર્વક જે નિવેદન કરવામાં આવે તે મધ્યમ નિવેદન કહેવાય. કારણ કે તે નિવેદન પ્રભુમાં પ્રેમની ઉત્પત્તિ થયા પહેલાં તથા ભગવત્સ્વરૂપ, પોતાનું સ્વરૂપ, અને નિવેદનનું સ્વરૂપ જાણ્યા પછી કરવામાં આવે છે.

કનિષ્ઠ—પ્રભુમાં પ્રેમ ઉત્પન્ન થયો ન હોય તેમજ પ્રભુના સ્વરૂપનું જ્ઞાન, પોતાના સ્વરૂપનું જ્ઞાન અને નિવેદનના સ્વરૂપનું જ્ઞાન પણ થયું ન હોય પરન્તુ કોઈ વૈષ્ણવના સંગદ્વારા કે કુલપરંપરાવિગેરેના કારણથી પુષ્ટિમાર્ગીય ગુરુના મુખદ્વારા ગદ્યસહિત પંચાક્ષર મંત્રનું ઉચ્ચારણમાત્ર કરવામાં આવે તે કનિષ્ઠ નિવેદન કહેવાય.

આપ્રમાણે નિવેદનના ત્રણ પ્રકાર છે, તેમાં જે ઉત્તમ અધિકારીઓ છે તેમણે તો પ્રભુમાં ઉત્કટ પ્રેમ ઉત્પન્ન થયા પછી નિવેદન કરેલું છે તેથી તેમના દેહ પ્રાણાદિક સર્વે ભગવાનને અધીન હોવાથી તેમનું અન્તઃકરણ ભગવન્મય થઈ ગયું છે માટે તેવા ઉત્તમ અધિકારીઓને તો શ્રીપ્રભુનો સાનુભાવ થવો યોગ્યજ છે. તેથીજ ચોરાશી વૈષ્ણવ તથા બસો બાવન વૈષ્ણવોની નિવેદનમન્ત્રગ્રહણ કરવા માત્રથીજ ભગવત્સેવામાં પ્રવૃત્તિ તથા ભગવત્સાનુભાવતા થતી હતી. અને જે મધ્યમાધિકારીઓએ જ્ઞાનપૂર્વક નિવેદન કરેલું છે તેમને ભગવત્સ્વરૂપ, પોતાનું સ્વરૂપ તથા નિવેદનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન હોવાથી નિવેદનમંત્રોપદેશ લીધા પછી ભગવત્સેવામાં પ્રવૃત્તિ થાય છે અને ભગવત્સેવાના રસનો આનંદ પણ પ્રાપ્ત થાય છે તથા ક્રમે કરીને તેઓને શ્રીપ્રભુની સાનુભાવતા થવાનો પણ સંભવ છે. પરંતુ જેઓ કનિષ્ઠ અધિકારી

છે તેઓને તો ભગવત્સ્વરૂપનું, પોતાના સ્વરૂપનું, તથા નિવેદનના સ્વરૂપનું જ્ઞાન પણ ન હોવાથી નિવેદનમંત્રોપદેશ ગ્રહણ કર્યા છતાં પણ તેમની ભગવત્સેવામાં પ્રવૃત્તિ થતી નથી, તો પ્રભુની સાનુભાવતા તો ક્યાંથીજ થાય. છતાં ભગવાન્ કૃપા કરી સાનુભાવ જતાવે તો તેમાં અધિકાર વગેરે કંઈ આડે આવી શકતું નથી. તેમજ તે કરૂણાના સાગર કનિષ્ઠમાં કનિષ્ઠ ઉપર પણ કૃપાનું વર્ષણ કરેજ છે તેના દાખલા શાસ્ત્રમાં અનેક મલી આવે છે. તેથીજ શ્રીગુસાંઇજીએ 'વિદ્વન્મણ્ડન'માં આજ્ઞા કરી કે—'क्व वर्षिष्यतीति न जाने' તે કૃપાનું વર્ષણ કરનાર નવીન નીરદશ્યામ પ્રભુ કોના ઉપર કૃપાનું વર્ષણ કરશે તે જાણી શકાતું નથી' અર્થાત્ મેઘ જેમ પોતાની ઈચ્છા મુજબ વર્ષે છે તેમ શ્રી ઠાકોરજી પણ કૃપાનું વર્ષણ પોતાની ઈચ્છા મુજબ કરે છે તેમાં અધિકાર અનધિકાર જોવામાં આવતોજ નથી. માટે દરેક બ્રહ્મસમ્બન્ધ ગ્રહણ કરનારે દઢ વિશ્વાસ તથા પ્રેમપૂર્વક પ્રભુસેવા કરવી. જેથી પ્રભુ અવશ્ય કૃપાનું વર્ષણ કરશેજ અને દૈવજીવત્વ સફલ કરશેજ.

इति श्रीमद्गोस्वामिश्रीवल्लभात्मजश्रीजीवनाचार्य सङ्गृहीतः

उपदेशमीमांसा ग्रन्थः

सम्पूर्णः ॥

છપાય છે. **છપાય છે.** **છપાય છે.**

वल्लभ-वचन सुधा ।

(उपदेष्टा चि. गोस्वामी श्री-६ वल्लभलालजी महोदय.)

જેઓશ્રીની પ્રતિભાશાલિની વ્યાખ્યાનપ્રણાલિથી, પોરબંદર, રાજકોટ, જામજોધપુર, મહુવા, રાજુલા ધારી, સાવરકુંડલા કુંકાવાવ, બગસરા, તલાજા તરફનો કાઠીયાવાડ પ્રાંત છકક થઇ ગયો હતો તે વ્યાખ્યાનો, પુસ્તકાકારે પ્રકટ કરવાં એવી અનેક વૈષ્ણવો તરફથી વારંવાર આપશ્રીને પ્રાર્થના કરવામાં આવતાં તે બધાં પરિષ્કૃત રૂપમાં પ્રકટ કરવાં એવી આપશ્રીની ઇચ્છા થયેલી છે, અને તેથી તે થોડા સમયમાં પ્રકટ થશે. અને **લાલબાવામન્દિર, ભુલેશ્વર, મુંબાઇ નં.** ૨ એ ઠેકાણેથી મલશે.

પ્રિંટર—મંગેશ નારાયણ કુળકર્ણી, કર્નાટક પ્રિન્ટીંગ પ્રેસ, ૩૧૮ એ, ઠાકુરદ્વાર–મુંબઈ નં. ૨.
પબ્લિશર—હરીકૃષ્ણ વીરજી શાસ્ત્રી, લાલબાવા મંદીર, ભુલેશ્વર–મુંબઈ નં. ૨.

॥ श्रीः ॥

लालबावामन्दिराधीश्वरगोस्वामिश्रीरणछोडलालजिमहाराज-पादानां समादेशेन परिष्कृत्य सम्मुद्रय च प्रकटीक्रियमाणप्रबन्धावल्यां क्रयाय सज्जीकृतानां प्रबन्धानां नामानि ।

१	सेवाफलं, चतुर्विवरणसमेतम्, ...	१—०—०
२	निरोधलक्षणं, विवरणषट्कसहितं गुर्जरानुवादयुतं च	१—०—०
३	संन्यासनिर्णयः अष्टविवरणसहितः ,, ,, ...	१—०—०
४	चतुःश्लोकी सप्तटीकोपेता ,, ,, ...	०—८—०
५	अन्तःकरणप्रबोधः पञ्चटीकोपेतः ,, ,, ...	०—८—०
६	जलभेदः चतुर्विवरणसमेतः पञ्चपद्यानि विवरणद्वयसमेतानि सेवाफलं विवरणत्रययुतम्	१—०—०
७	भक्तिवर्धिनी चतुष्टीकोपेता	२—०—०
८	श्रीसुबोधिनी (जन्मप्रकरणीया, अ. १—२.) टिप्पण्यादिसकलपरिकरसहिता ...	५—४—०
९	,, (,, अ. ३—४.) टिप्पण्यादिसकलपरिकरसमेता	५—०—०
१०	श्रीवृत्रासुरचतुःश्लोकीविवृतिः श्रीमत्प्रभुचरणप्रणीता, टिप्पणीभ्यां प्रकाशेन गुर्जरानुवादेन च युता	०-१०-०
११	प्रस्थानरत्नाकरः दशदिगन्तविजेतृश्रीपुरुषोत्तमजिद्विरचितः ...	०—८—०
१२	विवृतिसमेतः प्रहस्तवादः पण्डितकरभिन्दिपालवादश्च	२—०—०

केवलभाषाप्रबन्धाः—

१	वैष्णवबृहदाह्निक बड़ा हिन्दीभाषा	१—०—०
२	मूर्तिपूजा ,, ...	०-१०-०
३	अवतारमीमांसा ,, ...	०-१०-०
४	वैष्णवसंक्षिप्ताह्निक गुजराती	०—४—०
६	आशौचनिर्णय हिन्दी, गुजराती माथे	०—३—०

पत्रप्रेषणसङ्केतः—लालबावामन्दिरम्,

भूलेश्वरः—बॉम्बे नं० २